# POLICE PATEL MANUAL

(Containing all Kathiawad Agency Notifications, Rules, and the new Village Police Rules sanctioned by the Government of Bombay for adoption in the Agency Villages.)

COMPILED

BY

DAMODERDAS BHUGVANDAS MEHTA.

AGENCY-PLEADER.

AND

(Author of the Kathiawad Political Agency Circulars, Rules and Notifications in two Volumes.)

1909



*Price Rs. 1-4-0 (including packing and postage.)*

(*Printed by the "Arya Vidya Prakash" Printing Press*

Wadhwan Camp.

*Registered Under Act XXV of 1867.*

# પોલીસ પટેલ માન્યુઅલ

અથવા

# પોલીસ પટેલના ધારાનો લઘુ સંગ્રહ.

(જેમાં અત્યાર સુધી પોલીસ પટેલને લગતી કાઠીઆવાડ એજન્સીની સઘળી જાહેર ખબરો તથા ધારાઓની સાથે એજન્સી તાબાના ગામોમાં સરકારે નવો વીલેજ પોલીસનો ધારો મંજુર કરેલો છે તે સુદ્ધાંત.)


રચનાર

**દામોદરદાસ ભગવાનદાસ મેહેતા.**

એજન્સી વકીલ

અને

કાઠીઆવાડ સરક્યુલર બુકના બે ભાગના

કર્ત્તા



સને ૧૯૦૯.

વઢવાણ સીવીલ સ્ટેશન

કાઠીઆવાડ.




કીંમત રૂ. ૧-૪-૦ (ટપાલ ખર્ચ તથા બાંધણુ સાથે.)


વઢવાણ કેમ્પ—"આર્ય વિદ્યા પ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસ,

# PREFACE.

My long practice in the Courts of Criminal Judicature, both of the Agency and of Native States, in the Province of Kathiawar has induced me to supply a long-felt want of a handy manual, consisting of all re-prints of important Rules of the Agency printed and published in the Kathiawar Agency Gazettes, for the use and guidance of the Village Police Patels in discharging their duties; and other village officers in the Thana Circle Villages, and others which are situate on their borders. Many Police-Patels, as we are all aware of, have no book or treatise as their guide in performing their ordinary village duties; and their lack in the initial proceedings, in investigation of cognizable offences, is entirely due not to their sense of knowledge in criminal matters, but for want of a book containing printed rules promulgated from time to time by the Agency, affecting their legitimate duties, which they are entrusted to perform—duties responsible and tedious, upon which the safety of the person and property of the villagers in every-day-life depend. There are many such patels, who are unable to distinguish between a cognizable and a non-cognizable offence; and very few understand the nature of inquiries they have to make, and in what way to use their powers in the detection of offences and reporting arrests of offenders to the nearest Police Thana having jurisdiction to investigate into the same. Since the introduction of the Village Police Rules of 1891 it is a happy circumstance that

the Police Patels and the Mukhis or head men of the village performing the duties of a Police Patel are generally literate having fair and sufficient knowledge of the vernacular. These can read, write, and explain to their subordinate village officers if they are supplied with all working rules applicable to their duties they are called upon to perform from time to time by their superior officers,

The present manual comprises all Circulars, Orders and Rules made applicable to all Offices of Police Patels and subordinate village police constitution *verbatim* in Gujarati, with notes showing the rule, circular or order superseded by other rules etc. For facility of use and reference I have given at the head of each circular, notification and rule the volume, page and date of the Kathiawar Agency Gazette wherein the same may be found printed and published. In addition to all Kathiawar Police Rules I have added for the information and guidance of the Police separate Appendices, containing the Bombay Village Police Act, Sections 46 to 67 and 149 to 153 of the Code of Criminal Procedure, the Cattle Trespass Act, the prevention of Gambling Act, the Act for the prevention of cruelty to animals, and a table specially prepared showing all cognizable offences of the Indian Penal Code with their respective sections under which the police is empowered to investigate or to interfere in the prevention of such offences or in suppression of the breach of public peace.

I may mention here that when the work had

almost got through the press, the new Village Police Rules and the Rules for the control of Mianas were printed and published in English in the Kathiawar Agency Gazettes dated 8th July 1909 and 15th July 1909, and after waiting for nearly a month in vain to get the authoritative Vernacular translation of the rules when printed and published in the Kathiawar Agency Gazette, I was compelled to translate them in Vernacular, and the translations, I am confident, will be found true and accurate on subjects treated in those Rules.

To this brief introduction attention of all Police Patels, Mukhis or village head men and the proprietors of the village for whom the work is specially designed, is drawn with a view that they would take a convenient survey at their leasure of all the subjects treated in the book and see their applicability or otherwise, when required in all questions concerning their village sanitation, and general protection of life and property against criminal offences breaking the public peace and offences bringing disagreements of unusual character in the village community.

I hope the manual will prove most useful as a a reference book in their daily work by Patels and others entrusted to perform the village Police duties.

*Wadhwan Civil Station.*

*1st September 1909.*

**Damoderdas Bhugvandas Mehta.**

# પ્રસ્તાવનાં.

કાઠીયાવાડ પોલીટીકાલ એજન્સીની ફોજદારી ઇન્સાફની કોર્ટોમાં અને દેશી રાજ્યોની કોર્ટોમાં વકીલાત કરવામાં મને મળેલા લાંબા અનુભવને લઈને થાણા સરકલના ગામો તથા તેની સરહદ ઉપર આવેલા ગામોના પોલીસ પટેલો અને ગામના બીજા વીલેજ પોલીસના માણસોને હમેશ તેઓનું કામ કરવામાં ઉપયોગી થઇ પડે એવા સઘળા કાઠીયાવાડ એજન્સી ગેઝેટમાં છપાયેલા અને પ્રસીદ્ધ થયેલા જરૂરના ધારાઓ ફરી છાપી એક સંગ્રહ કે જેની અત્યાર સુધી ઘણી ખોટ માલમ પડેલી છે તે ખોટ પુરી પાડવા મારા મનમાં ઉત્કંઠતા થવાથી આ ગ્રંથ રચવામાં આવ્યો છે. આપણા બધાના જાણ્યામાં છે કે ઘણાએક પોલીસ પટેલો પાસે પોતાનું હમેશનું ગામનુ કામ કરવા કોઇ ચોપડી અથવા પુસ્તક નથી અને આ ખોટને લીધે કાગ્નીઝેબલ ગુન્હાની તપાસ કરવામાં જે કાંઇ ભુલચુક ચાલે છે તે ફોજદારી કામમાં તેઓનું ગ્નાન ઓછું હોવાના કારણસર નહી પણ, તેઓનું કામ જે કે ગામના લોકોની સુખાકારી તથા મીલકતનું સંરક્ષણ જાળવવામાં ભારે જોખમ ભરેલું અને ગુંચવણ ભરેલું જે તેઓને સુપ્રત થએલું છે તે, એજન્શી તરફથી બહાર પડેલા ધારાની ચોપડી તેઓ પાસે નહી હોવાને લીધે ચાલેછે. કેટલાએક એવા પટેલોછે કે જેઓ, "કાગ્નીઝેબલ" અને "નોન કાગ્નીઝેબલ" ગુન્હાઓ વચેનો ભેદ સમજી શકતા નથી, અને કેટલાએક, હકુમતવાલા પોલીસ થાણાને ગુન્હો પકડવા બાબત તથા તોહોમતદારને પકડયાના રીપોર્ટ કરવામાં પોતે કયો અધીકાર વાપરવો તથા શું તપાસ કરવી તે તેઓ સમજી શકતા નથી. સારા ભાગ્યે સને ૧૮૯૧ નો **ગામની પોલીસનો ધારો** અમલમાં આવવાથી ગામના **પોલીસ પટેલો, મુખીઓ** અથવા ગામના મુખી માણસ કે જેઓ **પોલીસ પટેલનું** કામ કરે છે.તેઓ ઘણું કરીને ભણેલા અને ગુજરાતીનું સારૂં ગ્નાન ધરાવનારા છે. આ પોલીસ પટેલો વાંચી લખી શકે તથા પોતાના તાબાના વીલેજના નોકરોને, જો, તે પોલીસ પટેલને હમેશનું પોતાનું કામ વખતો વખત જે તેઓને કરવાનું છે તે કરવા માટે ધારાની ચોપડી તેઓને મળેલી હોય તો તે **પોલીસ પટેલ** તે ધારાઓ સમજાવી શકે એવા છે.

આ મારી ચોપડીમાં સઘળા સરક્યુલરો, હુકમો અને જાહેરખબરો જે કે પોલીસ પટેલો તથા તેના તાબાના નોકરોને લાગુ પડે તે સર્વે શબ્દેશબ્દ ગુજરાતીમાં મુકવામાં આવ્યા છે. તેની નીચે કયા ધારા, કયા સરકયુલર અથવા કયા હુકમથી તે સરકયુલર વીગેરે રદ થયેલા છે તે વીગેરે બતાવવામાં આવ્યું છે.

સરળતાની ખાતર અને સેહેલાઇથી મનન થવા માટે દરેક સરકયુલર, જાહેરખબર અને ધારાઓના મથાળે કાઠીયાવાડ એજન્સી ગેઝેટમાં તે છપાયા હોય તેનું વોલ્યુમ, પાનું અને તારીખ દર્શાવવામાં આવ્યા છે કે જેથી તે સરકયુલર વીગેરે તેમાં છપાયેલા અને પ્રસિદ્ધ થયેલા માલમ પડી આવે.

વધારામાં મેં આ ગ્રંથમાં પોલીસ પટેલની માહીતી માટે એક જુદા અંકમાં નીચે દરસાવેલા કાએદા સાહીલરૂપે દાખલ કરયા છે:—

(૧) મુંબાઇ ઇલાકાનો વીલેજ પોલીસ આકટ.

(૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ (ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા) ની કલમો. બાબ ૧–૩ તથા ૧૩ માંથી દાખલ કરી છે.

(૩) જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો.

(૪) જાનવર તરફ થતું ઘાતકીપણું અટકાવવા બાબતનો કાયદો.

(૫) ઢોરોના અતીક્રમણ બાબતનો કાયદો.

(૬) ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદામાં પરીશીષ્ટ ૨ જું જેમાં વગરવારંટે પોલીસ પકડીને કયા કયા ગુન્હાઓની તપાસ કરી શકે છે તેનું એક પત્રક કરી મુકયું છે કે જે ઉપરથી પોલીસ અધીકારીને પોતાનો અખીહાર વાપરવાની સમજ પડે.

આ જગ્યાએ મારે કહેવા જરૂર છે કે જેવારે આ મારી ચોપડી ઘણે ભાગે છપાઇ રહેવા આવી હતી તે વારે **વીલેજ પોલીસનો નવો ધારો** અને **મીયાણાનો** નવો ધારો કાઠીયાવાડ એજન્સી ગેઝેટમાં છપાઇ તારીખ ૮ મી જુલાઈ સને ૧૯૦૯ તથા તારીખ ૧૫ મી જુલાઇ સને ૧૯૦૯ થી બહાર પડેલા છે જેથી તે બંને ધારાઓનો ગુજરાતી તરજુમો એજન્સી ગેઝેટમાં છપાઇ બહાર પડશે એવી એક મહીના સુધી રાહ જોઇ પણ તે તરજુમા બહાર નહી આવવાથી અમોએ તે ધારાઓના તરજુમા ગુજરાતીમાં કરી છાપેલા છે, અને તે તરજુમા તે ધારાઓમાં દરસાવેલી બધી બાબતોમાં પુરણ રીતે ખરા અને વાજબી માલમ પડશે.

આ ટુંકી પ્રસ્તાવનાથી સઘળા **પોલીસ પટેલો, મુખી અને ગામના મુખી માણસ અને ગામના માલીક** કે જેઓને માટે આ ગ્રંથ ખાસ કરીને રચવામાં આવેલો છે તેઓનું ધ્યાન ખેંચવામાં આવે છે કે, તેઓ ફુરસદની વખતે આ ગ્રંથમાં જે જે પ્રકરણો સમાયેલા છે તે સુગમતાથી જોઇ જશે, અને તેઓ ખ્યાલ કરશે કે તે પ્રકરણો પોતાના ગામના સુખ શાંતીના કામમાં અને પોતાના ગામની માલમીલકત અને માણસના જાનની વીરૂદ્ધ સુખાકારીનો ભંગ નહી થતાં ગામના માણસો વચ્ચે અસાધારણ કુસંપથી જે ગુન્હાઓ થાય છે તે અટકાવવા આ ગ્રંથ કેટલી રીતે લાગુ પડે છે કે નહી તેની યોજના કરશો.

હું આશા રાખું છું કે આ મારો લઘુ ગ્રંથ **પોલીસ પટેલો** અને બીજાઓ કે જેઓને હમેશ ગામની પોલીસનું કામ કરવા સુપ્રત થયેલું છે તેઓને ઘણો ઉપયોગી તથા આધારવાળો થઇ પડશે.

તારીખ ૧ લી સપટેમ્બર સને ૧૯૦૯.
વઢવાણ સી. સ્ટેશન.

**દામોદરદાસ ભગવાનદાસ મેતા.**

## CONTENTS.

# અનુક્રમણિકા

# કાઠીયાવાડ
# પોલીટીકાલ એજન્સીમાં પ્રસિદ્ધ થએલાં
## પોલીસ પટેલના ધારા તથા કાએદા.

## ભાગ ૧ લો.

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૨૪ ડીસેમ્બર ૧૮૬૩ પુસ્તક ૧ પાને ૧૭૭)

### જાહેર ખબર.

આશરે પાંચ વર્ષ ઉપર "ગ્રેટ ટ્રીગનામેટ્રીકલ સરવે" ની માપણીનું કામ કાઠીયાવાડમાં ઘણે ખરે ઠેકાણે ચાલી ગયું છે.

હાલમાં તે કામ પાછું જારી કરવામાં આવ્યું છે અને ટોપોગ્રાફીકલ ઇઆને સ્થાનીક અને સરહદની માપણીનું કામ હાર પડવાની તઇયારી છે.

એવું માલમ પડે છે કે ઘણી ખરી જગોમાં જે છોબંધી કોઠા બનાવેલા હતા તે તોડી પાડી નીસાનના પથરો ઉખેડી નાંખવામાં આવેલાછે.

જે તાલુકદારોની હદમાં એ પ્રમાણે બન્યું હશે તાંહાંના તાલુકદારોએ એ નીસાનોની સંભાળ લેવી જોઇતી હતી, તે ન લીધાથી જે નુકશાન થયું હશે તે તેઓની પાસેથી વસુલ કરવામાં આવશે.

એ માપણીના અધીકારીઓને હરેક તરેહથી સરવેએ મદદ કરવી અને એજન્સી ખાતાના અધીકારીઓ જેવા સરકારી કામ પર છે તેવાજ તેઓ પણ સરકારી કામ પર છે એમ ગણવું ને જે કોઇ તેઓને વગર

કારણે હરકત કરશે તેને તે બાબત જવાબ દેવો પડશે તથા એ કામમાં ઢીલ કરવાથી સરકારને જે નુકશાન થશે તે આપવું પડશે એમ નકી સમજવું.

મુકામ માલીયા તારીખ ૨૦ ડીસેમ્બર સને ૧૮૬૩.

આર. એચ. કીટીંજ,
પોલીટીકલ એજંટ.

---

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૧૬ ફેબરવારી ૧૮૬૫ પુસ્તક ૩ પાને ૨૧)

**ના. ૫૫૭ સને ૧૮૬૪ નો—નામદાર હીંદુસ્થાન સરદારના રજવાડી ખાતાનો સરકયુલર નંબર ૧૫૩ તા. ૧૬ મે સન ૧૮૬૪ મુ. સીમલાનો પ્રસીદ્ધ કરવામાં આવે છે.***

તાજેતર એક હકીકતથી નામદાર વાઇસરાય અને ગવરનર જનરલ ઈન કૌન્સીલના સાહેબના લક્ષપર વાત આવી છે કે, કેટલીક વખત એવા દાખલા બને છે કે જેની અંદર બ્રીટીશ અમલદારો, સરકારના તેથી વીરુદ્ધ સપ્ત હુકમો છતાં પણ કાયદો પોતાના હાથમાં લેવાને તથા દેશીઓને દુઃખ દેવાને અથવા મારવાને કોશીશ કરે છે. કેટલીક વખત કે જેમ કહેલા દાખલામાં છે તેમ ફરીઆદનું કાંઈ કારણ હોય ત્યારે, બીજે વખતે નજીવા કારણને માટે, અને વખતે બીલકુલ કારણ વગરજ, એમ કરવામાં આવેછે. આવાં ગેરકાયદેસર અને જુલમી કામોનાં પરિણામ એમ થાય છે કે, માણસોના ઉપર ગેરઇનસાફ અને જુલમ થાયછે; એટલુંજ નહીં પણ સરકારના અમલદારોની જુલમી અને દુઃખદાયક વર્તણુકથી સરકારની પોતાની આબરૂને નુકશાન લાગેછે.

આવી વાંધાવાળી ચાલ માટે જેઓ સરકારના હુકમો જાણીજોઇને તોડશે તેમને યોગ્ય સીક્ષાએ પોહોચાડ્યા વીનાં રહેશે નહીં; જો કે આ અગત્યની બાબતપર સરકારના વારે ઘડીએ કરેલા હુકમો ક્રોધ ઉત્પન થવાથી કોઇ તોડશે અગર તેનો તીરસ્કાર કરશે તેને માટે માફી નહીં મળે,

---

*આ ગુજરાતી તરજુમો કાઠીઆવાડ ડીરેકટરી ભાગ ૨ જો ઉપરથી લેવામાં આવ્યો છે.

તોપણ નામદાર ગવરનર જનરલ સાહેબની એવી મરજી છે કે, સરકારી અમલદારો પોતાના મુલકમાં અગર દેશી સંસ્થાનોના મુલકમાં લસ્કરની ટુકડીઓ લઈ જતા હોય તેમને ક્રોધના વ્યાજબી કારણો આપતાં જેમ બને તેમ અટકાવવું.

આ મતલબ પાર પાડવા સારૂ કમાન્ડીંગ આફીસર સાહેબ કોઈ પણ થતી હરકત દુર કરવા માટે કહી શકે તેટલા માટે એક માણસ હમેશ હાજર રાખવું કે જ્યારે કાંઈ લુટ ચોરી અથવા નુકશાન થયું હોય ત્યારે તે વાત ઉપર તુરત લક્ષ આપવા તેને કહી સકે અને વખતસર ચોરીની મીલકત પાછી હાથ કરવાને, ગુન્હેગારને પકડવાને તથા વગર ઢીલે તેને ઇનસાફ થાય તેમ કરવાને, અને તાબાના સ્થાનીક અમલદારોની કાંઈ ગફ્લત અગર ગેરવર્તણુક થઈ હોય તે તે ઝાહેર કરવાને, તે શખસ ઉપર કમાન્ડીંગ આફીસર સાહેબ આધાર રાખી શકે.

આ કારણસર જ્યારે બ્રીટીશ મુલકની અંદરથી લસ્કરને પસાર થવું હોય ત્યારે ડીસ્ટ્રીકટના માજીસ્ત્રેટ સાહેબે એક પોલીસ અમલદારને સાથે મોકલવો. જે પ્રમાણે ખોરાકી વીગેરેનો બંદોબસ્ત કાળજીથી કરવામાં આવેછે. તેજ પ્રમાણે એક જીલ્લાની હદમાંથી બીજા જીલ્લામાં લસ્કર જાય ત્યારે પોલીસ અમલદારની બદલી કરવામાં પણ તેજ મુજબ કાળજી રાખવી.

દેશી સ્વસ્થાનોમાં બ્રીટીશ સરકારના પોલીટીકલ અમલદારોએ સમજવું જોઇએ કે, જ્યારે બ્રીટીશ લસ્કર દેશી રાજાઓના મુલકમાં જવાનું હોય ત્યારે તેમનાં દરબારો પોતાના હુશીયાર અને. અનુભવી અમલદારો, બ્રીટીશ ટુકડીની સાથે મોકલે. કે જે હદ ઓળંગીને લસ્કર બીજા મુલકમાં જાય ત્યાંહાં સુધી તેની સાથે રહે. એવો બંદોબસ્ત કરવો એ એક તેમની ફરજ છે. નામદાર ગવરનર જનરલ સાહેબના જાણવામાં છે કે, જ્યારે દેશી સ્વસ્થાનોમાં ઘણું મોટું લશ્કર જવાનું હોય છે ત્યારે ઘણીવાર આવો બંદોબસ્ત થાય છે; પરંતુ મોટા લસ્કર માટેજ ફક્ત આ રીત રાખવી એ બસ નથી, કારણ મોટા લસ્કર કરતાં નાના લસ્કર સાથે લુંટ અને ગેરસમજુતનાં કારણો થવાનો વધારે સંભવ છે; કેમકે મોટા લશ્કરની સાથે તો અનુભવી માણસો તથા અધીકાર અને દરજ્જાવાળા દરબારી વકીલો રહે

છે, આ રીત મોટા લશ્કરની બાબતમાં જેમ કાળજીથી અમલમાં લેવાય છે તેમ નાના લશ્કરની બાબતમાં પણ અમલમાં લાવવી જોઇએ. અને જ્યારે નાની ટુકડી યુરોપીયન લશ્કરની હોય ત્યારે ખાસ સંભાળ રાખવાની જરૂર છે.

નામદાર ગવરનર જનરલ સાહેબનો એવો મત છે કે, જ્યારે આવી રીત બરોબર દાખલ થશે ત્યારે ગેરસમજ થાય એવા પ્રસંગ ભાગ્યેજ આવશે, અને કેટલીક બાબતોમાં વારંવાર કમાન્ડીંગ ઓફીસરોને ઘણો ક્રોધ આવવાનું કારણ થઇ પડે છે તે અટકશે. દેશી સ્વસ્થાનોને ઘણાં ગુચવાડાવાળાં લખાણ અને દાવા કરવા નહીં પડે તેમજ કામકાજ કહેવા માટે જવાબદાર માણસ નજીક હોવાથી આર્મીના મીલીટીરી રેગ્યુલેશનની કલમ ૪૭ના પારેગ્રાફ ૨ જેને આધારે કુચ કરનાર તમામ અમલદારોને હુકમ થએલ છે કે અધીકારનો ગેરઉપયોગ અથવા ગેરકાયદેસર સતા ચલાવવાથી તેમના ઉપર જે જવાબદારી આવેછે તે તેમણે યાદ રાખવી, તો તે મુજબ વર્તવા માટે જે ચોખાં ફરમાન લખેલ છે તે તરફ ધ્યાન દેવા કમાન્ડીંગ આફીસરો વધારે શક્તિવાન થશે. અને દેશી પોલીસ અથવા મુલકી ખાતાના હલકા અમલદારો કાંઇ ગફલત કરે અગર ધ્યાન ન આપે તો તેવા દાખલાનો મુલકી અમલદારોને કમાન્ડીંગ આફીસરોએ રીપોર્ટ કરવો, પરંતુ કોઇ પણ રીતે તેમના કામનો દરમીઆન ન આવવું, અથવા તેમના પર કાંઈ અમલ ચલાવવો નહીં, અને સરકારનો નોકરીને નુકશાન અથવા વીલંબ થતો હોય અગર ફરીઆદ કરવાને મજબુત કારણો હોય તેવે પ્રસંગે દસ્તુર મુજબ કમાન્ડર ઇન-ચીફ સાહેબને તે હકીકત જાહેર કરવી.

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૨૪ જુન ૧૮૫૯ પુસ્તક ૭ પાને ૧૩૪).

## સરક્યુલર નંબર ૩૨ સને ૧૮૬૯.

કાઠીઆવાડ પ્રાંતના બધા રાજા, તાલુકદાર તથા ગ્રાસીઆઓ તરફ.

ઝાડનાં જંગલો રાખવાથી શા શા ફાયદા થાય છે તે પેસ્તર આપને બતાવવામાં આવેલું છે, અને વળી સડકોની બાજુ ઉપર ઝાડો વાવવા

તથા કોઇ જગો ઉપર નાહાંનાં ઝાડો રોપવાં તારીખ ૮મી નવેમ્બર સને ૧૮૬૬ તથા ફરીથી તારીખ ૧૦ મી જુનં સને ૧૮૬૮ ના રોજ આપને ધ્યાન દેવા ભલામણ કરવામાં આવી હતી, તોપણ આપના પોતાના દેશના ભલાને અર્થે આપેલી આ સલાહ પ્રમાણે કાંઈ થયું હોય, એમ અમે જાણતા નથી.

ઝાડો રોપવાની મોસમ હાલ પાછી આવીછે, તેથી આ બાબતનું આપનું પુરૂં લક્ષ દેવા ફરી આપને ભલામણ કરવામાં આવેછે; અને આશા રાખવામાં આવે છે કે, આ અમારી ભલામણ પ્રમાણે આગળ કરતાં વધારે અમલ થશે.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી, રાજકોટ, તારીખ ૧૯ મી જુન સને ૧૮૬૯.

ડબલ્યુ. ડબલ્યુ. આન્ડરસન,
પોલીટીકલ એજંટ.

---

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૨૨ જુન ૧૮૬૯ પુસ્તક ૭ પાને ૧૩૪.)

## સરક્યુલર નંબર ૩૩ સને ૧૮૬૯.

કાઠીયાવાડ પ્રાંતના બધા રાજા, તાલુકદાર તથા ભોમીયા જેને માજીસ્ટ્રેટનો કાંઇ પણ અખ્તીયાર છે, તે તથા એજન્સી ખાતાના બધા અમલદારો તરફ.

પોલીટીકલ એજંટ સાહેબના જાણવામાં આવ્યું છે કે, કુવાના કાંઠા બાંધેલા ન હોવાથી લોકો તેમાં પડી ન જાય, એવો બંદોબસ્ત ન કરી રાખવાથી ઘણી વખત માઠા અકસ્માત બનેછે. તેથી જેને પોલીસની દેખરેખ તથા માજીસ્ટ્રેટનો કાંઈ પણ અમલ ચલાવવા અખ્તયાર હોય. તે બધાનું ધ્યાન ખેંચવામાં આવેછે, કે તમારા મુલકમાં અથવા તમારી હકુમત નીચેના મુલકમાં જે જે કુવાના કાંઠા ઉપરથી બાંધેલા ન હોય તે ઉપર જમીનથી ત્રણ ત્રણ ફુટ ઉંચી દીવાલ અગર લોઢાની રેલીંગ બંધાવી લેવી, કે લોકોના જાનની એવા કુવાથી બીલકુલ હાની થવા ન પામે.

આ બાબત પુરી ખબર પડયા પછી જે કુવા જમીન ઉપરથી બાંધ્યા વગરના રેહે ને તેમાં બુડી જવાથી કોઇનું અકસ્માત મોત થાય તો જેની હકુમતમાં સદરહુ જમીન હોય તે અમલદારે પોતાની નોકરીમાં કસુર કર્યા બદલ તેને તે બાબતમાં જુમેદાર ગણવો જોઇએ.

ઉપર મુજબ બંદોબસ્ત કરવાની સાથે કુવાઓમાં લુગડાં ધોવા વગેરેથી કશી રીતે પાણીનો બીગાડ કરવામાં ન આવે એવો સાફ હુકમ સર્વેને દેશો. કુવાઓની આસપાસ ગંદકી હોયછે, તો તેની અસર તેના પાણીમાં ઉતરી પાણી બગડે છે, અને તેથી હરેક જાતના દરદોની ઉતપતી થાયછે, કુવા ઉપર પથરની પાટોથી કાંઠા બાંધી પછી તે ઉપર કઠેડા બનાવવા ને કુવાથી પચાસ પચાસ ફુટ અંદર કોઇને લુગડાં ધોવા કે નાહાવા દેવું નહીં. આ સાવચેતીઓ ઉપર પુરૂ લક્ષ દેતાં રેહેવાથી લોકોની તનદુરસ્તીમાં ઘણો વધારો થવાનો.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી, રાજકોટ, તારીખ ૨૨મી જુન સને ૧૮૬૯.

**ડબલ્યુ. ડબલ્યુ. આંડરસન.**

પોલીટીકલ એજંટ.

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૭ જુલાઇ ૧૮૭૦ પુસ્તક ૮ પાને ૧૭૧.)

## સરક્યુલર નંબર ૯ સને ૧૮૭૦.

પ્રાંત ખાતાના પોલીટીકલ આશીસ્ટંન્ટ સાહેબો તરફ.

પરાઈ હદના શીમાડાથી ૧૭૫૦ વારની અંદર ગામ નહીં વસાવવા મારજીનમાં લખેલ સરક્યુલર થએલ છે, તે નેસ બાંધવાના કામને પણ લાગુછે. નવો કરેલો નેસ ઉઠાવવા બાબતની ફરીઆદ બે વર્સની અંદર કરવી જોઇએ.

નંબર ૫૮૬ તારીખ ૨૧ માર્ચ સને ૧૮૫૧ જે ફરીવાર સરક્યુલર નંબર ૬૩૩ તારીખ ૫ મી આગષ્ટ સને ૧૮૬૩ ના એજન્સી ગેઝેટ પાને ૯૨ મે પ્રસીદ્ધ થએલ*

૨. વીડીઓમાંથી ઘાસ કાપવા સારૂ અથવા ઢોર ચરાવવા સારૂ લોકો થોડા દીવસને માટે ઝુંપડાં બાંધે ને મોશમ પુરી થએ પાછાં ઉઠાવી લે તેને આ ધારો લાગુ નથી.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી. રાજકોટ, તારીખ ૩૦ મી જુન સને ૧૮૭૦.

**એસ. શી. લા.**

આકટીંગ પોલીટીકલ એજંટ.

કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૨૦ ઓગસ્ટ ૧૮૬૩ પુસ્તક ૧ પાને ૯૨ નંબર ૩૬૩ નો સરક્યુલર નીચે પ્રમાણે છે

પરાયા શીમાડાથી નવું ગામ વાર ૧૭૬૦ ઉપર આબાદ કરવા બાબત સરેકયુલર શેરો તારીખ ૨૧ માર્ચ સને ૧૮૫૧ ના નંબર ૯૮૬ નો માજી પોલીટીકલ. એજંટ આજમ મેહેરબાન લાંગ સાહેબે કરેલ છે, તે કાયમ સમજી એ પ્રમાણે ચલાવવો તે સર્વેને ખબર થાવા કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટમાં છાપવા સારૂ આ શેરો આજમ મુકુંદરાએ સાહેબ પાસે મોકલવો, તારીખ ૫ ઓગસ્ટ સને ૧૮૬૩ ઇસ્વી.

## હજુર નંબર ૯૮૬.

સાયલાના ઝાલા કેશરીસંધ સાથે સુદામડાવાળાને કુંઢારલા ગામ આબાદ કરવા બાબત તકરાર તેમા સાયલાના સીમાડાંથી નવસેંહ કરમ દુર તે ગામ બાંધવા સરકારનો હુકમ તે કરમ કોઇ જગે સાડાત્રણ હાથ ને કોઇ જગે ચાર હાથ ગણતરીએ ગણાય છે; નાહાનાં મોટાં ભરવાની તાણ ને અધગાઉ દુર ગામ બાંધવાનો બંદોબસ્ત તે ઝાલાવાડના ગામોનો સુમાર જોતાં કહ્યા પ્રમાણે ભરતરે તે ગામ પુરાં થતાં નથી, સરકારે ૧૭૬૦ વારનો એક મૈલ ઠરાવેલ છે, તેમાં કોઇ એવી તકરાર કરી શકે, તેવો મારગ દીઠામાં નહીં, વાસ્તે છેલ્લી હદ સાયલાની હોય તાહાંથી ૧૭૬૦ વાર ભરીને સુદામડાની હદમાં ગામ બાંધે તો બાંધવા દેવા જમીદારને લખવું ને હવેથી કોઇ જગે એવી તકરાર પડે તો તે ઠરાવ પ્રમાણે ચલાવવા સર્વ તાલુકાના વકીલને આ શેરો બતાવવો ને તેહેની નકલ આસીસ્ટંટ સાહેબને બંગલે પણ સહી સુધાંત મોકલવી.

તારીખ ૧૫ માર્ચ સને ૧૮૫૧. પોલીટીકલ એજંટ.

લાંગ સાહેબની ઇંગ્રેજી અક્ષરે સહી.

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૧૬ જુન ૧૮૭૦ પુસ્તક ૮ પાને ૧૫૫).

## જાહેર ખબર.

નંબર ૧૭ સને ૧૮૭૦.

શીમાડા કમીટી તરફથી જે શીમાડા કાઢવામાં આવે છે તેની દડી જે પક્ષકારો વચે તકરાર હોય છે તેઓ પોતાની મેલે નાંખે એવો હાલ રીવાજ ચાલેછે; પરંતુ તેણે કરીને એટલી બધી તકરારો ઉઠે છે કે નીચે લખેલ ધારો કરવાની જરૂર પડે છેઃ—

શીમાડા કમીટીના પ્રેસીડેન્ટોએ એક જુદા અમલદારની મારફત પોતાના હુકમ મુજબ વગર ઢીલે શીમાડા ઉપર દડી નખાવી દેવી. ને તેહેનું ખરચ પક્ષકારો તરફથી નીમો નીમ લેવું.

આવી દડીની જગોએ એકલા પથર ઉભા કરવાથી હરકત જેવું છે કારણ, કોઇ પથર કાઢી નાંખે તો તેની ખબર ન પડે માટે હમેશાં ઇંટો ને ચુનાથી અથવા પથરાને ચુનાથી ચણીને દડી ઉભી કરવી તે દડી એક સરખી હોવી જોઇએ, એટલે તેનો પાયો બે ફુટ ઊંડો તથા જમીન ઉપર બે ફુટ ઊંચો અને બે ફુટના ચોરસ એહેવી ચણી તેના માથાં ગોળ બાંધવા.

રાજકોટ, તારીખ ૧૪મી જુન સને ૧૮૭૦. એસ. શી. લા.

આકટીંગ પોલીટીકલ એજંટ.

---

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૧૭ મી જુન ૧૮૭૫ પુસ્તક ૧૩ પાને ૧૨૨).

## જાહેરનામું.

કાઠીયાવાડના કેટલાક ધોરી રસ્તા ઉપર હાલમાં વધારે લુંટ થવાથી પોલીટીકલ એજંટ સાહેબ રાજાઓને ફરમાવે છે કે વગર ચોકીએ કીમતી મીલકત સહીત મુસાફરી કરવાની તેઓએ તેઓની રૈયતને મને કરવી, અને મુસાફરો માગે ત્યારે તેમને ગામનો પોલીસ પટેલ એક અથવા વધારે પસાઅતાનું વલાવું આપે તેવો બંદોબસ્ત કરી તેમને જણાવવું કે જે મુસાફર વલાવો માગશે નહીં અને લુંટાશે તેને તેના માલના નુકસાનનું વલતર મળશે નહીં.

## સરકયુલર. નંબર ૪. સને ૧૮૬૫.

## (સગડ કાઢવાનાં ધારા.)

કાઠીયાવાડ પ્રાંતના આસીસ્ટંટ સાહેબે તરફ.

તારીખ ૬ અગસ્ટ સને ૧૮૬૩ ના કાઠીયાવાડ એજન્સી ગેજીટમાં જે કાયદા લખ્યાં છે, તેમાં થોડો ફેરફાર કરી બધાની જાણુ માટે ફરીથી છાપ્યા છે.

૧. કોઈ જગો ગુનોહ બન્યાથી તે બાબતનો સગડ કાહાડવામાં આવે ત્યારે હમેશાં એવો ધારો રાખવો, કે તે સગડ કહાડવામાં તે ફરીઆદીને સાથે રાખવો.

૨. જ્યારે જખમ થયથી અથવા બીમારી અથવા અશક્તપણાને લીધે, અથવા કાંઈ જરૂરી કામ સારૂ જવું પડયાથી તે ફરીયાદી સાથે આવી ન સકે, તો તેની તરફથી તેણે એક માણસ મુકરર કરી મોકલવું.

૩. જે ગામમાં ગુનોહ બને ત્યાંના પગીએ સગડ કાહાડનારની સાથે હમેસાં જવું, અને જે તાલુકામાં ગુનોહ બને ત્યાંની હદ પુરી થયા પછી શગડ બરાબર છે, કે નહીં તે બાબતની તકરાર પડે, તો તેની સફાઈ કરવા સારૂ તે પગી ઘણો કામનો છે.

૪. હવે સગડ સરૂ થાય ત્યાંથી તે બંધ થાય ત્યાં સુધીના વચમાના સઘળા ગામોના પગીઓએ જ્યાં સુધી પોતાના પાસેના બીજા ગામની હદ પાર સગડ જાય ત્યાં સુધી સગડ કાહાડનારની સાથે રહેવું.

૫. ઉપલા ધારા મુકરર કરવાનું કારણ એ છે, કે તે સગડ આખરે કઈ જગો અને કેવી રીતે બંધ થયો, તે માલમ પડવાને સારૂ ત્રાહિત શાક્ષી મલી શકે, એ ધારા કંઇ નવાજ છે એમ નથી પણ ઘણી વાર એ રીતે અમલ થતો નથી.

૬. જ્યારે કોઇ ગામનો અધીકારી સગડ આગળ ચલાવવાની ના કહે અથવા કોઇ ગામમાં પગી ન હોય તો છેલ્લા ગામમાં તથા જે ગામમાં ગુનો બન્યો હોય તે ગામના પગીઓ મલીને સગડ આગળ ચલાવવો.

૭. સાધારણુ કામોમાં તો હરેક ગામમાંથી ફક્ત ત્રણુ ચાર માણુસોએ પોતાના ગામની હદ પાર જવું. પણ જ્યાં એવું માલુમ પડે, કે

ચોરોનાં હથીઆરબંધ ઘણાં માણસો, નજદીકમાં છે, તો તે વખત ઘણાં માણસો જાય, તો ફીકર નહીં.

૮. જ્યારે સગડ આગળ ચાલે નહીં ત્યારે ફરીઆદીએ તથા છેલા ગામના અને સરૂ જે ગામમાં ગુનોહ થયો હોય, તે ગામના પગીએ, તાલુકદારની પાસે અથવા તે જગેનાં બીજા કોઈ જુનેદાર અધીકારી, કે જે પાંચ માઈલ કરતાં વધારે દુર રહેતો ન હોય તેની પાસે જઇને તેને તે બાબતની ખબર આપવી.

૯. જો તાલુકદાર કે તેનો કોઈ અમલદાર ઉપર કહેલા છેટાની અંદર ન હોય તો તે માણસે ત્યાંથી પાસેમાં પાસે જે ગામ હોય ત્યાં રહી પોતાની હકીકતના ખબર એક નોખા માણસ સાથે મોકલવા.

૧૦. એ રીતે કરવાની ઘણી જરૂર છે, કેમકે એવી રીતે ખબર આપ્યા શીવાએ તે તાલુકદાર અથવા બીજો અધીકારી પોતાની હદમાં તપાસ કરી શકતો નથી.

તારીખ ૨૩ મી માહે મે સને ૧૮૬૧ મુકામ રાજકોટ.

આર. એચ. કીટીંજ.
પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ. તારીખ ૨૨ મી મે સને ૧૮૭૩.
પુસ્તક ૧૧ પાને ૧૧૯).

## જાહેરનામું. નંબર ૨૧ સને ૧૮૭૩.

કાઠીયાવાડના રાજાઓને આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ જણાવવાને ખુશી છે કે, પોલીસનો બંદોબસ્ત સુધારવા બાબતમાં દરબારોએ આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ સાથે જે બંદોબસ્ત કરયા છે (કે જે સરકારની મરજી મુજબ છે) તે તમામ નામદાર ગવરનર ઇન કૌંસીલ સાહેબે તેમના નંબર ૨૮૨૫ તારીખ ૩ મે સને ૧૮૭૩ ના ઠરાવથી પસંદ કરયા છે, અને કાઠીયાવાડમાં સમાધાની રાખવા બાબત જે ઉપાયો

જરૂરના જણાયા તે ઉપાયોને પુરતો ટેકો આપવા સર્વે રાજાઓ તૈયાર છે તે વાત નામદાર સાહેબે ઘણા સંતોષથી જાણી તે બાબત તેઓ સાહેબની તરફનો સંતોષ દરબારો તરફ જણાવવા તેઓ નામદાર સાહેબે આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબને ફરમાવ્યું છે.

બંદોબસ્તના જે ભાગ બાબત માહારાજા ગાએકવાડ સરકાર તથા કચ્છના માહારાજા રાવ સાહેબની મદદની જરૂર છે, તે બાબત તેઓના તરફ સરકારે લખાણ કર્યું છે અને તેઓની સંમતી આવ્યા બાદ સદરહુ બંદોબસ્ત અમલમાં લાવવા બાબત નામદાર સરકાર તરફથી વધારે સુચના આપવામાં આવશે.

દરમીઆનમાં આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ કાઠીયાવાડના રાજાઓને જણાવે છે કે, તેઓના તાલુકાની અંદરના પોલીસના બંદોબસ્તનો સુધારો કે જે કરવા તેઓએ કબુલ કર્યું છે, અને જે ખુલી રીતે તેઓની રઈયતના જાનમાલને વધારે સલામતી આપનાર છે તે કરવો મુલતવી રાખવાની જરૂર નથી.

૧. તેમાનો પેહેલો સુધારો એ હતો કે દરેક સ્વસ્થાને પોતાની પોલીસના ઉપરી તરીકે એક હુશીયાર અમલદાર નીમવો કે જેની પાસેથી પ્રાંતના પોલીટીકલ આસીસ્ટંટ સાહેબ એકદમ હકીકત (ખબર) મગાવી અથવા પુછી શકે, અને જેને સ્વસ્થાનની પોલીસના બંદોબસ્ત બાબત તથા ગુનેગારનો તાકીદે પીછો લેવાનો જુમેદાર ગણી શકાય.

૨. બીજો સુધારો એ હતો કે દરેક ગામે એક આબરૂદાર દરબારી નોકરને લખેલી શનદથી મુખી અથવા પોલીસ પટેલ નીમવો, પસાયતાઓ, હવાલદારો અને ગામના બીજા પોલીસને તેના તાબામાં રાખવા, ગામમાં જે ગુના બને તથા સકવાલા માલમ પડે તેના તાબડતોબ ખબર આપવાની તથા ગામની હદમાં જે ગુનેગારો આવે તેનો પીછો લેવાની તથા તે પીછો લેવાનું કામ બરાબર કરવામાં આવે છે, તે જોવાની જવાબદારી તેના ઉપર રાખવી.

તમામ સ્વસ્થાનોના દરેક ગામમાં પોલીસની નોકરી કરવાની સરતે જમીન ખાનારા જીવાઇદાર અને પસાયતા છે, જો આ લોકો કાંઇપણ નોકરી કરયા શીવાએ જમીન ખાય તો તે સ્વસ્થાનને ઘણો તોટો છે, આવી

તમામ જમીનની ચોકશીથી નોંધ કરવી અને તેના ખાનારા પાસેથી પોલીસનું કામ કરાવવું સનદી પટેલને જોઇતી જમીન કાઢી આપવી.

સનદી પટેલોએ ફોજદાર સાથે અને ફોજદારે પોલીસના ઉપરી સાથે લખાણુ કરવું, કે તેથી ગુના થવાની તથા ડાકાએટો અથવા બારવટીઆ તાલુકામાં છે, તેની તરત ખબર પડી શકે.

૩. ત્રીજો સુધારો એ હતો કે હથીયાર લઇ લેવાનું કામ પોલીટીકલ અમલદારો સાથે વીચાર કરી શરૂ કરવું. તમામ લોકોના હથીઆર લઇ લેવાનો ઇરાદો નથી. તમામ ગામોમાં રક્ષણુ માટે જોઇતા હથીયાર રાખવાં, પણ તે જાણીતા અને આબરૂદાર માણસો પાસેજ ફક્ત સનદી પટેલના ઉપરીપણા નીચે રેહેવાં દેવાં. હથીયારો ખપ પડે તારે હમેશાં તૈયાર હોવા જોઇએ પણ તે હમેસાં પાસે રાખવા નહીં, હરામખોરી કરનારા ગામો, હરામખોરી કરનારા લોકો, ખરાબ ચાલના લોકો, તથા પાસ વના ભમનારા લોકો પાસેથી હથીયાર પડાવી લેવા. જુના પાસ પાછા લઇ નવા પાસ આપવા, નવા પાસમાં તે પાસે રાખનાર માણસના શરીરનું વરણુન તથા જે કામ માટે તે હથીયાર ધારણુ કરી ચાલતો હોય તે કામની વીગત લખવી; અને હથીયાર બનાવવાનું કામ થોડા ખાસ પરવાનગી મળેલ સખશોને કરવા દેવું કે જેઓ પરવાના વાલા માણસોનેજ તે વેચે.

સાદરહુ ઉપાયો બાબત નામદાર ગવરનર ઇન કૌંશીલના સાહેબની પસંદતા જાણવામાં આવી છે, માટે પ્રાંતના પોલીટીકલ આસીસ્ટંટ સાહેબો હવે તજવીજ કરવી શરૂ કરશે કે, જુદા જુદા સ્વસ્થાનોમાં ઉપર લખેલો સુધારો કેટલે દરજ્જે દાખલ કરવામાં આવી ચુકયો છે અને જે બાબત તેઓ સાહેબ સલાહ આપશે.

કાઠીઆવાડના તમામ રાજાઓના દીલ ઉપર આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ એવું ઠસાવવા ચાહે છે કે નાહાનાથી તે મોહોટા સુધી તમામ રાજાઓ ઇંગ્રેજ સરકાર સાથેના તેમની કોલ કરારથી ધોરી રસ્તા હરામખોરોથી સાફ રાખવા તથા તેઓને પોતાના તાલુકામાં આસરો ન લેવા દેવા બંધાયા છે. આ ઘણી મોટી જવાબદારી છે, અને તેમાં કસુર થાય તો તે બાબત બારેમાંબારે નુકશાન ભરી લેવાની સતા તે સરકારના હાથમાં સોંપે છે. ઇંગ્રેજ સરકારને એ વાત ઘણીજ સંતોષ પમાડનારી છે કે રાજાઓ તેમની ફરજ બજાવી નુકશાની આપવાને લાયક થવાથી દુર રહે.

હોશીયાર ચંચળ, અને પ્રમાણીક પોલીસ અમલદારો રાખી તથા પ્રગણાં અને ગામની પોલીસનો સારો બંદોબસ્ત કરી મોહોટા રાજસ્થાનના રાજાઓ પોતાની ફરજ બજાવશે. અને નાહાના તાલુકદારો પોતાની જામીનનાં એક અથવા બે ગામો જે હોય તેની પોલીસની દેખરેખ પોતે જાતે રાખી તથા પસાયતા અને બીજા નોકરો હોશીયાર છે એવું જાતે જોઇ પોતાની ફરજ બજાવશે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્ટ સાહેબની આફીસ,
મુકામ બાલાચડી, તારીખ ૧૬ મી મે સને ૧૮૭૩.

જે. બી. પીલ.
આક્ટીંગ પોલીટીકલ એજંટ.

---

( કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૧૮ મી ડીસેમ્બર સને ૧૮૭૩ પુ. ૧૧ પાનું ૩૪૧ ).

## ( પોલીસ પટેલનો ધારો. )

### જાહેર ખબર. નં. ૬૯ સને ૧૮૭૩.

પોલીસના કામ સારૂ દરેક ગામમાં મુખી અથવા પોલીસ પટેલ નીમવાનું રાજાઓ તથા તાલુકદારોએ કબુલ કરેલું છે, માટે નીચેના મજમુન પ્રમાણે એક ધારો કરી દરેક પોલીસ પટેલને આપવો જોઇએ કે, તે પ્રમાણે ચલાવવાનો જવાબદાર તેને ગણી શકાય.

૧. દરબારની સનંદથી મોજે............માં જે પટેલ નીમાએલ છે, તેણે પોતાનું કામ નીચેના ધારા* પ્રમાણે કરવું જોઇએ.

૨. પસાયતા તથા જીવાઇદાર વીગેરે જેઓને પોલીસનું કામ કરવાનું છે તેમને પટેલના હુકમ નીચે રાખવામાં આવ્યા છે, અને પટેલને પોતાની કામગીરી બજાવવામાં જે જે મદદ જોઇએ, તે તેણે એ લોકો પાસેથી લેવી.

---

નોટ*—આ બાબતમાં જાહેર ખબર નંબર ૨૫ સને ૧૮૯૧ ની જુવો કે જે કાઠીયાવાડ એજન્સી ગેઝીટ પુસ્તક ૨૯ પાને ૧૪૦ માં પ્રસીદ્ધ થઇ છે, તથા તેમાં નામદાર મુંબાઇ સરકારે મંજુર કરેલી ગામનો પોલીસ પટેલ તથા ગામની પોલીસના કર્તવ્ય કામનાં ધોરણો છાપવામાં આવ્યાં છે.

૩. ગામમાં કોઇ માણસ ભારે જબરી કીધા બાબત અથવા ભારે ગુનોહ કીધા બાબતનો તકસીરવાન છે, તેમ માનવાનું પટેલને કારણ હોય તો તેણે તેને પકડવો અને પુરાવામાં કામ લાગે એવા સાહેદો તથા ચીજ સાથે એ માણસને તેણે નજીકના પોતાના ઉપરી અમલદાર પાસે મોકલી દેવો.

૪. ગામમાં કોઇ ગુનોહ થાય અને ગુનેહગાર નાશી જાય કે જણાય નહીં તો તે બાબતના ખબર નજીકના અમલદારને પટેલે એકદમ દેવા; અને પછી તજવીજ કરી પૂરાવો મેળવવો; ને તે પણ એ અમલદારને મોકલી દેવો.

૫. ગામમાં ચોરી વીગેરે ગુનાહ ન થાય તેવી રીતે પસાયતા વીગેરેની ગોઠવણ પટેલે કરવી. તેઓ પોતાની નોકરીમાં ગફલત કરે તો તે બાબત પટેલે રીપોર્ટ કરી તેમને શીક્ષાએ પોચાડવા.

૬. ગામમાં કોઇ માણસ પોતાની પાસે અથવા ઘરમાં પરવાના વગર હથીયાર રાખતો નથી એવી દેખરેખ પટેલે રાખવી.

૭. ગામના રક્ષણ સારૂ જે હથીયાર રાખવામાં આવ્યાં હોય તે હાજર છે, તથા દુરસ્ત છે તથા બીજા કામ માટે લઇ જવામાં આવ્યાં નથી એવી દેખરેખ પટેલે રાખવી.

૮. પોલીસ સુપરીન્ટેન્ડેટના હુકમ પ્રમાણે ઠરાવેલી વખતે તથા ઠેકાણે પસાયતા પોતાના હથીયાર સહીત ચોકી ઉપર છે એવી દેખરેખ પટેલે રાખવી.

૯. ગામની હદમાં કોઇ સક પડતો માણસ માલમ પડે તો પટેલે તેને પુછગાછ કરવી; અને તે બરાબર ખુલ્લાસો ન કરે તો તેને રોકવો. એવા માણસની પાસે પરવાના વગરના હથીઆર હોય તો પટેલે તે હથીઆર લઇ લેવાં, કોઇ શક પડતું માણસ કે માંણસો આવે તે બાબતનો રીપોર્ટ નજીકના અમલદારને એકદમ કરવો.

૧૦. ડાકાઇટોની ટોળી અથવા ડાકાયેટા છે એમ માનવાને વાજબી કારણ હોય એવા લોકોની ટોળી ગામની હદમાંથી નીકળે તો પટેલે તેમની પછવાડે વાર ચડાવવી; અને નજર બાહાર જવા દેવા નહીં; અને તેના ખબર નજીકના અમલદારને એકદમ દેવા.

૧૧. કોઇ ખરાબ ચાલનું માણસ ગામમાં રહેતું હોય તેના ઉપર પટેલે નજર રાખવી, અને પાડોશમાં કોઇ ગુનોહ થવાના ખબર આવે કે તરત એવા માણસ કયાંહાં છે તેની પટેલે તજવીજ કરવી; અને ગેરહાજર જણાએ તો તેની સોધ કરવી ને તે બાબતનો રીપોર્ટ નજીકના અમલદારને કરવો.

૧૨. કોઇ ગુન્હેગાર માણસ અથવા ચોરાયલી મીલકત ગામમાં સંતાડેલી છે, એમ માનવામાં આવે તો તેના ખબર પટેલે નજીકના અમલદારને આપવા; અને માણસ ભાગી જશે અથવા મીલકત ખસેડી દેવામાં આવશે એવી બીહીક લાગે તો તે બાબત તેણે એકદમ સોધ કરવી.

૧૩. ગામમાં કે શીમમાં કોઇ શક પડતું કે અકસ્માત મોત થાય અથવા મુડદું માલમ પડે તેના ખબર નજીકના અમલદારને એકદમ આપવા; અને બે ડાહ્યા માણસને પંચ નીમી મુડદું તપાસવું, અને તમામ હકીકતની તજવીજ કરવી. પંચે એ લાસ ઉપરની તમામ નીશાનીઓ વીગેરે એકદમ નોંધી લેવી કે જેથી તે મરદ છે, કે ઓરત, તેની ઉમર, હીંદુ, મુસલમાન કે બીજી જાત જણાઈ આવે; શીવાય જે જબરી કરવાથી મોત થવાનો સંભવ હોય તેની તમામ નીશાનીઓ નોંધવી; અને અજાણ્યા માણસની લાસ હોય તો દાંત, વાળ વીગેરે નીશાનીઓ જેથી ઓળખાણ પડે તેવી નીશાનીઓ નોંધવી; પોતાના ઉપરી અમલદારની રજા થાય નહીં ત્યાં સુધી એ લાસને પટેલે ઊપાડી જવા દેવી નહીં.

૧૪. ડાકાયટો ગામમાં ધાડું નાખે તો પટેલે પસાયતાને તેમનાં હથીઆર સહીત ભેલા કરવા; અને લુંટારાને સામે થવું, પરંતુ સર્વથી પહેલાં તેણે ગીસ્તના નજીકના અમલદારને ઉતાવળા ખબર પોંચાડવાને પછી ડાકાયટોને રોકવાની અને તેમાના ઓછામાં ઓછા એક જણને તો ધવરાવવાની કે પકડવાની પટેલે પેરવી કરવી. ડાકાયટો ભાગવા માંડે તો પટેલે તેની વાંસે ચડવું અને તેઓ કઇ તરફ જાય છે તેના ખબર બીજી વાર સદરહુ અમલદારને મોકલાવવા કોઈપણ વખતે એ ડાકાયટોને પટેલે નજર બાહેર થવા દેવા નહીં.

૧૫. ગુનેહગારનો પીછો લઇ કોઈ ગીસ્ત ગામની શીમમાં આવે તો ધારા પ્રમાણે પગી તથા પસાયતાને પગલાં સાથે પટેલે મોકલવા; અને એ

પીછો લેવાના કામમાં પોતાના ગામ તરફથી પોતાની ફરજ બજાવે તેનો જવાબદાર પટેલને ગણવામાં આવશે.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્ટસ ઓફીસ,
મુકામ ઘણાા, તારીખ ૧૨ ડીસેમ્બર સને ૧૮૭૩.

જે. બી. પીલ,
આકટીંગ પોલીટીકલ એજંટ.

---

( કાઠીઆવાડ પોલીટીકલ એજન્શી ગેઝીટ તારીખ ૨૦ મી નવેમ્બર સને ૧૮૭૩, પુ. ૧૧ પાનું ૧૭૧ ).

**જાહેરનામું. નંબર ૬૦ સને ૧૮૭૩.**

સને ૧૮૭૩ ના જાહેરનામાં નંબર ૩૭ લગત કાઠીયાવાડના રાજ્યસ્થાનોની માહેતી માટે આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ ખુશીથી પ્રસીદ્ધ કરે છે કે, કાઠીઆવાડના રાજ્યસ્થાનોની પોલીસની ટુકડીઓ જ્યારે હરામખોરોની વાંસે હોય ત્યારે પોતાની હદ મુકી માહારાજા રાઓ સાહેબના મુલકમાં જાય એવું કચ્છના મહારાજા રાઓ સાહેબે કબુલ કરયું છે.

તેજ પ્રમાણે જ્યારે માહારાજા રાઓ સાહેબની પોલીસ હરામખોરોની વાંસે હશે ત્યારે પોતાની હદ ઉતરી કાઠીઆવાડના રાજ્યસ્થાનોની હદમાં આવશે.

ઉપર કહ્યા પ્રમાણે જે પોલીસની ટુકડી હદ ઉતરે તે પોલીસની ટુકડી એ નજીકના ગામના મુખી અથવા પોલીસ અમલદારને તાબડતોબ ખબર આપવી જોઈએ, તથા પીછો લેવામાં તેમની મદદ મેળવવી જોઇએ.

એવું ફરમાવવામાં આવે છે કે, આ સરત પ્રમાણે વર્તવામાં વધારે સાવધ રહેવા પોલીસ અમલદારોને હુકમ દેવો.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટસ ઓફીસ,
મુકામ મોરબી, તારીખ ૧૧ નવેમ્બર સને ૧૮૭૩.

જે. બી. પીલ.
આકટીંગ પોલીટીકલ એજંટ.

( કાઠીયાવાડ પોલીટીકલ એજન્શી ગેઝીટ તારીખ ૧૭ મી જુન સને ૧૮૭૫. પુ. ૧૩ મું પાનું ૧૨૨ ).

## જાહેર ખબર. નંબર ૧૯ સને ૧૮૭૫.

કાઠીયાવાડના કેટલાક ઘોરી રસ્તા ઉપર હાલમાં વધારે લુંટ થવાથી પોલીટીકલ એજંટ સાહેબ રાજાઓને ફરમાવે છે કે વગર ચોકીએ કીંમતી મીલકત સહીત મુસાફરી કરવાની તેઓએ તેઓની રૈયતને મને કરવી, અને મુસાફરો માગે ત્યારે તેમને ગામના પોલીસ પટેલ એક અથવા વધારે પસાઅતાનું વલાવું આપે તેવો બંદોબસ્ત કરી તેમને જણાવવું કે જે મુસાફર વલાવો માગશે નહીં અને લુંટાશે તેને તેના માલના નુકશાનનું વલતર મળશે નહીં.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી, જે. બી. પીલ,
રાજકોટ, તારીખ ૧૫ જુન સને ૧૮૭૫. પોલીટીકલ એજંટ.

## જાહેર ખબર. નંબર ૪૪ સને ૧૮૭૫.

નામદાર ગવરનર ઈન કૌંશીલના સાહેબના ફરમાન મુજબ આ ઉપરથી જાહેર કરવામાં આવે છે કે, નામદાર ગવરનર ઇન કૌંશીલના સાહેબે મુકરર કરેલ રસ્તા શીવાય બીજે રસ્તે હેડલ દરસાવેલી શીમાડાની લેન ઉતરી પરવાના વના જે મીઠું લઇ જવામાં આવશે તે, તથા સદરહુ લેનની અંદર તથા તેની પૂર્વમાં જે મીઠું કુદરતથી બને છે તે વગર પરવાનગીએ ખસેડવામાં આવશે તો તે મીઠું આ જાહેર ખબરની તારીખથી સને ૧૮૭૩ના મુંબઇ આકટ ૭માં બયાન કર્યાં પ્રમાણે દાણચોરીનું મીઠું ગણવામાં આવશે: અને એવું મીઠું લઈ જવામાં, તથા ખશેડવામાં, અથવા લઇ જવા દેવામાં, અથવા લેવામાં અથવા રાખવામાં જે સખસો સામેલ હશે તેઓ, અને તે બધું મીઠું, અને જે વાસણો, જાનવરો અને વાહનો તે મીઠું લઇ જવામાં વાપર્યાં હશે અથવા વાપરવા ઇરાદો હશે તે સઘળાં વાસણો, વાહનો અને બધો માલ, બાંધણ અને

ઢાંકણુ જેમાં તે મીઠું મુક્યું હશે તે બધું સદરહુ આક્ટના ભાગ ૬ માં જે શીક્ષા ફરમાવી છે તેને લાયક થશે.

૨. જે લોકોના ખપ માટે જેટલું મીઠું ખરેખરૂં જોઇએ તે કરતાં વધુ સદરહુ શીમાડાની લેનથી દસ માઇલની અંદર ભરી રાખશે તે તમામ આ જાહેરખબરની તારીખથી દાણુ ચોરીનું ગણી જે બાંધણુ અથવા ઢાંકણુમાં તે રાખ્યું હશે તે બાંધણુ તથા ઢાંકણુ તથા બધા માલ સહીત ખાલસા કરવામાં આવશે.

## રાંધનપરની સરહદથી દક્ષીણમાં મીઠા ખાતાની સરહદની લેનની મર્યાદાઃ—

રાંધનપરના મુલકની સામે રણ છે ત્યાંહાંથી શીમાડાની લેન રણના કીનારાથી ત્રણ માઇલ છેટે તેની સામાંતરમાં સુલતાનપર અને ઓડુના ગાડા મારગ સુધી ચાલી ત્યાંહાંથી પાટડી બજાણાના સીમાડાનું ચુનામછેનું પશ્ચીમમાં છેલું નીસાન છે ત્યાંહાં સુધી સીધા જશે ત્યાંહાંથી તે પુર્વમાં ગોરીયાની સામે વીરમગામ તાલુકાને સીમાડે પોહોંચે ત્યાંહાં સુધી જશે અને તેની ઉત્તરમાં બજાણા તાલુકાના સવલાસ, સલા અને ઉપરીયાલાના ગામ ટીંબા રહેશે, ત્યાંહાંથી તે ધંધુકા પ્રગણાને આંટો દઈ સુંદરાઇની ખાડીએ ખંભાતના અખાતને મલતાં સુધી કાઠીઆવાડ અને સરકારી જીલ્લાના મુલકને શીમાડે જશે.

આ કામ બાબત નીચે લખ્યા ધારાઓ નામદાર ગવરનર ઈન કૌસીલના સાહેબે પસંદ કર્યાછેઃ—

૧. કાઠીયાવાડમાં પ્રીવેન્ટીવ લાઇન (દાણ ચોરી અટકાવવાની લેન) રાખવા સારૂ મીઠા ખાતાના કલેકટર સાહેબની શુચના ઉપરથી જે ગામો અથવા જગ્યાઓમાં મીઠા ખાતાના અમલદારોનાં થાણાં રાખવા પોલીટીકલ એજંટ સાહેબ મુકરર કરે ત્યાંહાં રાજાઓએ તેમને દખલ આપવો; અને તે ગામો અને જગ્યાઓમાં તેઓને રહેવાની જગ્યા સોધી આપવામાં બધી તરેહથી મીઠા ખાતાના અધીકારીઓને વાજબી મદદ આપવી.

૨. દાણુ ચોરી કરવાનો પીછો લેવા તથા તેઓને પકડવા અને શકવાળું મીઠું તથા તે લઇ જવા સારૂ ગાડી જાનવર, ગુણો વાપરી હોય

તે, તથા જે બાંધણુમાંથી તે સંતાડેલું નીકળે તે બાંધણુમાં જે કાંઈ હોય તે તમામ પકડવા મીઠા ખાતાના અંમલદારને કાઠીઆવાડમાં હરકત કરવી નહીં, અને જે અમલદાર એ પ્રમાણે કોઈ ગુન્હેગારને પકડે અથવા મીઠું વગેરે અટકાવે તેની ફરજ છે કે, જે તજવીજદાર (ઇન્સ્પેકટર) ના તાબામાં તે હોય તેની પાસે કેદીઓ તથા માલ તરત લઇ જવો, તે ઇન્સ્પેકટર જરૂરીયાત પ્રથમ ચોકશી કરી (જે ચોવીસ કલાકમાં પુરી કરવીજ જોઇએ) જે કેદીઓએ આ જાહેરનામા પ્રમાણે શજા થઇ શકે તેવો ગુનોહ કર્યાનું હકીકત ઉપરથા જણાશે . તેને યોગ્ય કોરટમાં મોકલશે, અને જે કેદીઓ ઉપર તેઓને કોરટમાં મોકલવા જેવો પુરાવ અથવા સકનાં કારણ પુરતાં બસ નહીં હોય તો તે બાબતનો રીપોર્ટ હુકમ મલવા પોતાના ઉપરીને કરી કેદીઓને છોડી મુકશે. મીઠા ખાતાના ઇન્સ્પેકટરોએ આ ધારા પ્રમાણે જેઓને કેદમાંથી છોડયા હશે તે શખશો "પ્રીવેન્ટીવલેન" ના ઇન ચાર્જ મીઠા ખાતાના આસીસ્ટંટ કલેકટર સાહેબ તરફની પ્રાંતના ઈન ચાર્જ પોલીટીકલ અમલદાર પાસે દરખાસ્ત આવેથી ફરીથી પકડાવવા તથા ઈનસાફ થવા લાયક થશે.

૩. લાગતા વલગતા સંસ્થાનોની ફરજ છે, દાણુ ચોરી કરનારા વીગેરેનો પીછો લેવામાં તથા તેઓને પકડવામાં પોતાના અમલદારો બાગ લે તેમ કરવું તથા સાતમી કલમથી વીરૂદ્ધ મીઠું ભરી રાખવાનું અટકાવવું, તથા બધી તરેહથી મીઠા ખાતાના અમલદારને મદદ આપવી. મીઠા ખાતાના અમલદારથી અલગ રાજાઓના અમલદારો કાંઇ મીઠું વીગેરે પકડે તો તેના ખબર તે જગ્યામાં મીઠા .ખાતાનો મુખ્ય અમલદાર હોય તેને આપવા; અને તેને મીઠું તથા પકડેલ માલ સોંપવો, અને પકડેલો માલ ખાલસા થવા લાયક છે કે શી રીતે તે નકી કરવાની ચોકશી કરવાની તક આપવી.

૪. દાણુ ચોરી કર્યાનું જે સખસો ઉપર તોહોમત હોય . તે બધા સખસો ઉપર એજન્સી અથવા રાજાની સ્થાનીક કોરટમાં મીઠાખાતાવાળાએ કામ ચલાવવું. જે સ્થાનીક કોર્સ્ટ ઉપર પોલીટીકલ એજંટ સાહેબની હકુમત હશે તે કોરટનો ફેંસલો ગમે તેવો હશે તો પણ ફરીયાદી તથા તોહોમતદારોને અપીલ કરવા છુટ છે.

૫. દાણ ચોરીનું મીઠું વીગેરે ખાલસા કરવા બાબતના સવાલનો નીરણય મીઠાખાતાના કલેક્ટર સાહેબ કરશે અને તેમના ફેંસલા ઉપર સરકારમાં અપીલ ચાલી શકશે.

૬. મુંબઈ આકટ ૭ સને ૧૮૭૩ની કલમ ૬૧માં લખ્યા કારણ-સર વ્યવસ્થા કરવા સારૂ દંડ અને ખાલસા થયેલા માલની ઉપજ નામ-દાર ગવરનર ઈન કૌંશીલના સાહેબના અખ્તીયારમાં રહેશે.

૭. લોકોના ખપ માટે જેટલું મીઠું જોઇએ તેથી વધારે મીઠું ("પ્રીવેનટીવ") લેનથી દસ માઈલની અંદર ભરી રાખવા મના કરવામાં આવે છે, કેમકે તેમ કરવું એજ દાણ ચોરી કરવાના ઇરાદાનો પુરાવ છે આ બંધી તુટી છે કે શી રીતે તે નકી કરવાના કારણસર મીઠા ખાતાના અમલદારો કાઠીયાવાડના ગામોમાં જાય ત્યારે તેમને માન અને મદદ મળ-વી જોઈએ. આસીસ્ટંટ ઈન્સ્પેકટર અથવા એથી ઊંચા દરજ્જાના મીઠા ખાતાના અમલદારને જણાય કે બંધી ઉપરાંત મીઠું ભરી રાખવામાં આવ્યું છે તો તે અમલદારની દરખાસ્તથી ગામના પટેલ અને સંસ્થાનના મોટા અમલદારોએ એવા મીઠા બાબત ચોકસ શોધ કરવી તથા તે શોધનું પરી-ણામ તેજ વખતે રીપોર્ટમાં લખી સંસ્થાનના જે અમલદારો તે વખતે હાજર હોય તેઓ બધાએ સહી કરવી એમ તેઓની ફરજ છે. જો એવું મીઠું નીકળે તો જે જગ્યામાંથી તે નીકળ્યું હોય તે જગ્યા જે પોલીટીકલ અમલદારના તાબામાં હોય તેના ઠરાવ માટે તે મીઠું તેઓએ રોકી રાખવું. તે પોલીટીકલ અમલદારની નજરમાં આવે કે જે મીઠું નીકળ્યું છે તે ત્યાંહાંના લોકોના ખપ માટે ખરેખર જોઇએ તે કરતાં વધુ છે તો તે મીઠું તથા બધો સામાન બાંધણુ ઢાંકણુ જેમાં કે જે ભેગુ તે મુકયું હોય તે એકદમ ખાલસા કરવાનો તે અમલદાર હુકમ કરશે.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,
મુકામ સ્વારી જુનાગઢ, તારીખ ૨૩ ડીસેમ્બર સને ૧૮૭૫.

જે. બી. પીલ.
પોલીટીકલ એજંટ.

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ, તા. ૨૪ મી અગષ્ટ સને ૧૮૭૬. પુસ્તક ૧૪ મું. પાનું ૧૬૯.)

## જાહેરનામું. નંબર ૩૪ સને ૧૮૭૬.

સને ૧૮૭૩ માં કાઠીયાવાડ તથા કચ્છ વચ્ચે એમ ઠરાવ થયો હતો કે કોઇ ગુનેહગારનો પીછો લેવામાં જે દરબારની પોલીસ લાગી હોય તે પરાયા ઇલાકામાં દાખલ થાય તે બાબતના ખબર જે સંસ્થાનની હદમાં દાખલ થયા હોય તેના નજીકના અમલદારને તરત તેમણે દેવા. સદરહુ કરારને વધારે વીસ્તારવાળો કરવા સારૂ કચ્છ તથા કાઠીઆવાડના સંસ્થાનોએ હવેથી વધારે એમ કબુલ કરેલું છે કે,

પીછો લેનાર પોલીસ એ ગુનેહગારને પારકા સંસ્થાનની હદમાં પકડે તો—

૧. જો તે ગુનેહગાર સદરહુ પીછો લેનાર પોલીસના સંસ્થાનની રૈયત હોય તો જે સંસ્થાનની હદમાંથી તેને પકડયો હોય તેના નજીકના ફોજદારી અમલદારને તે બાબતના ખબર કરી તે ગુનેહગારને એ પોલીસવાળા તરતજ લઇ જશે.

૨. જો તે ગુનેહગાર બીજા કોઇ સંસ્થાનની રૈયત હોય તો પકડનાર પોલીસે જે સંસ્થાનની હદમાંથી તેને પકડયો હોય તે સંસ્થાનના નજીકના ફોજદારી અમલદારને તેની સાથેની ચોરીની મીલકત સહીત તેને સોંપી દેવો ને ત્યારપછી પોતા તરફ તેને સોંપાવવા સારૂ યોગ્ય અધીકારીની મારફત માગણી કરવી.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,
તારીખ ૧૭ અગસ્ટ સને ૧૮૭૬, મુ. રાજકોટ.

જે. બી. પીલ.
પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ તા. ૨૦ મી મેઓ સને ૧૮૮૦. પુસ્તક ૧૮. પાનું ૧૩૭ મું.)

## જાહેરખબર. નંબર ૨૭ સને ૧૮૮૦.

કાઠીઆવાડમાં શીકારની જાળવણી માટે નીચે લખેલા ધારા સ્વસ્થાનો

તરફથી કબુલ રાખવામાં આવ્યા છે તે સર્વેને ખબર થવા માટે પ્રગટ કરવામાં આવે છે:—

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની આફીસ,
તા. ૧૧ મે. સને ૧૮૮૦, મુ. બાધાચડી.

**એલ. સી. બારટન.**
પોલીટીકલ એજંટ.

## શીકારની જાલવણી માટે કાઠીયાવાડમાં થએલી સભા.

પ્રેશીડેન્ટ.

પોલીટીકલ એજંટ સાહેબ.

મેમ્બરો.

તમામ રાજાઓ, ઈંગ્રેજ શીકારીઓ તથા નીચેના ધારા પ્રમાણે વરતવા જે દેશી ગૃહસ્થો ખુશી હોય તેઓ.

૧. નીચે લખેલાં જાનવરો હર વરસ તારીખ ૧૫ મી જુનથી તારીખ ૧૫ મી સપટેમ્બર સુધી બીલકુલ મારવાંજ નહીં;

રોઝ.
તમામ જાતના હરણ તથા સાબર.
સસલાં.
કાલાં તથા કાબરચીતરાં તીતર.
ઘોરાડ.

૨, સભાના તમામ મેમ્બરો એવી કબુલત આપે છે કે, બંધીના વખતમાં ઉપર કહેલા કોઈપણ જાનવરનો શીકાર કરવો નહીં પાસલા નાંખવા નહીં તથા કોઇપણ રીતે તે જાનવરોને હરકત કે ઇજા કરવી નહીં. તેમજ બીજા કોઇને તેમ કરવામાં મદદ દેશે નહીં અથવા તેમ કરવા દેશે નહીં, તેમજ બંધીના વખતમાં એવા કોઇ જાનવરને કોઇ મરેલ કે જીવતું લઈ આવશે તો બક્ષીસ દાખલ કે વેચાથી રાખશે નહીં.

૩. સભા તરફથી કબુલ કરવામાં આવે છે કે, ખુલી મોસમમાં પણ સીકારના ધારાને અનુસરીનેજ તેઓ શીકારની પછવાડે લાગશે અને શીકારીઓને છાજે નહીં તેવા ઉપાયોવડે જાનવરો કે પક્ષીઓનો શીકાર કરવાની વાતને પોતાથી બનતી રીતે તોડી પાડશે.

૪. આ સભાના મેમ્બરો જે રાજા તથા તાલુકદારો છે તેઓ કબુલ કરે છે કે પસંદ કરેલા લોકો શિવાય પોત પોતાના હદમાં કોઇને પણ શીકાર કરવા દેવામાં નહીં આવે; અને ફક્ત પસંદ કરેલા એવા લોકોનેજ શીકાર કરવા બાબતના પરવાના આપવામા આવશે તથા તેવા પરવાનાના રજીસ્ટર રાખવામાં આવશે, અને તે પરવાંના જે વરસમાં આપવામાં આવ્યા હશે તે વરસને માટેજ ચાલશે.

૫. જેને પરવાનો આપવામાં આવ્યો હશે તેવા કોઇ લોકને બંધીની મોશમમાં શીકાર કરવા દેવામાં નહીં આવે તથા ખુલી મોસમમાં પણ શીકારીને છાજે નહીં તેવી રીતના ઉપાયથી શીકાર કરવા દેવામાં નહીં આવે.

**એલ. સી. બારટન.**
પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ એજન્સી ગેજેટ, તારીખ ૨૪ મી ફેબરવારી સને ૧૮૮૧. પુસ્તક ૧૯. પાનું ૪૭).

(તારીખ ૩ ફેબરવારી સને ૧૮૮૧ ના એજન્સી ગેજેટમાં ઝાડ વાવવા બાબત છપાએલી જાહેરખબરનો તરજુમો)

**જાહેર ખબર. નંબર ૨ સને ૧૮૮૧.**

નામદાર એલ. આર. આશબરનર સાહેબ સી. એસ. આઇ., જ્યારે ઉત્તર પ્રાંતના કમીશનર હતા ત્યારે ઝાડ વાવવા બાબત તેમણે નીચે મુજબ ધારા કાઢયા હતા, તે સર્વેને ખબર થવા માટે પ્રગટ કરવામાં આવે છે.

અમે આશા રાખીએ છીએ કે પ્રાંતના સાહેબો એ ધારાઓનો અમલ પોત પોતાના પ્રાંતના સ્વસ્થાનો તથા તાલુકાઓમાં કરાવશે; અને તમામ સ્વસ્થાન તથા તાલુકાઓ પણ શડકની બાજુએ ઝાડ વાવવાની બાબતમાં તે ધારાઓ ગ્રહણ કરશે.

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,
તારીખ ૧૮ મો જાનેવારી સને ૧૮૮૧, મુકામ ધોરાજી.

**એલ. સી. બારટન.**
પોલીટીકલ એજંટ.

૧. પાંચ હજાર કે તેથી વધારે કુંડા તૈયાર કરવાં. દરેક કુંડું અઢાર ઈંચ ઉંડું અને નવ ઇંચ ઘેરાવમાં હોવું જોઇએ. એ કુંડાઓ માટીથી ભરવાં, તે માટી જે શડક ઉપર ઝાડ વાવવાનાં હોય તે જગોની માટી જેવી હોવી જોઈએ. પરંતુ તે કાળી માટી હોય તો તેમાં મોરમ અથવા હલકી માટી એટલી ભેળવવી કે જ્યારે કુંડાની માટી સુકાય ત્યારે ફાટી જાય નહીં.

કુંડાંને તળીએ કાણું પાડવાની જરૂર નથી.

૨. જે સડક ઉપર ઝાડ વાંવવાનાં હોય તેને કાંઠે બે ત્રણ વખ પડતી જગોએ આ કુંડાંઓ એવી રીતે મુકી દેવા કે કોઇ નદી, નાળું કે તલાવમાંથી સેહેલાઇએ તેને પાણી પાઇ શકાય, એ પાણી જો કુવામાંથી કાઢવું પડતું નહીં હોય તો એક માણસ ૨,૫૦૦ કુંડાની દેખરેખ રાખી શકશે. કેમકે જેમ બને તેમ ઓછું પાણી પાવું અને ઝાડ બરાબર ઉછરે એ તેની મતલબ છે જો ઘણું પાણી પાવામાં આવે તો ઝાડ ઉગે ઉતાવળાં, પણ ઉભાં રહી સકે નહીં; અને એમ થાય ત્યારે તેને ટેકા મુકી ઉભાં રાખવાં નહીં, પણ વગર ટેકે ઉભાં રહી શકે તેમ કરવા માટે જરૂર લાગે તેટલી નીચાઇએથી કાપી નાંખવાં.

૩. મે અથવા જુન મહીનામાં આ કુંડાઓમાં નીચે લખેલાં ઝાડનાં ત્રણ કે ચાર બી રોપવાં.

આંબો, લીંબડો, આંબલી.

રાયણ, કુંજીયા } ઉત્તર ગુજરાત માટે.

ભેંડી, કોકણ માટે.

અને તેમને ઉગ્યાને આશરે એક મહીનો થાય ત્યારે સારામાં સારા બે છોડ સીવાય બાકીના બધા કાઢી નાખવા. કોઇ ખાશ મુલકમાં બીજા કોઈ ઝાડ સરસ ઉગતાં હોય તેવાં ઝાડો આ કુંડામાં રોપવાને કાંઇ હરકત નથી. જેમકે આસોપાલવ એ ઘણું સુંદર ઝાડ છે અને તેને માફક આવે તેવી માટીમાં તે રોપવામાં આવે તો સડક ઉપર ઘણાં સારાં લાગે, પરંતુ બકાન જેવાં ઝાડ જે ઉગે ઝડપથી અને ટકે થોડા દીવસ તેવાં નહીં વાવવાં જોઇએ.

૪. રેપાઓની જગ્યાની આસપાસ થોરની ઝાડી વાડ કરી લેવી, અને આવતી સાલનું ચોમાસું આવે ત્યાંહાં સુધી વખતે વખતે એ રેપાઓને પાણી પાતાં રહેવું. તેટલામાં તે ઝાડ બે ત્રણ ફુટ ઉંચા થઇ જશે, તેથી પણ જો તે વધારે ઊંચાં થઇ જાય તો તેને ઘણું પાણી પાયું હશે એમ સમજવું. અને જેને જોતું જોતું પાણી પાવામાં આવ્યું હશે તેવાં ઝાડની બરોબર આ ઝાડ ઉછરશે નહીં.

૫. પહેલા બે મહીના પછી દર દશ કે પંદર દિવશે એ કુંડાને હેરવવાં ફેરવવાં, કેમકે કુંડાંને તળીએ કાણાં ન હોય તોપણ કુંડામાં થઇને તેના મુળ ધરતીમાં પેસે છે તેથા તેમાંથા કાહાડીને જમીનમાં વાવતી વખત હરકત આવે.

૬. જે શાલમાં કુંડામાં બી વાવ્યા હોય તે સાલનાં ચોમાસામાં પહેલો વરસાદ પડ્યા પછી તરતજ રસ્તા ઉપર ઝાડ વાવવાનાં હોય રસ્તાને કાંઠે કાંઠે ચાલીસ ચાલીસ ફુટને અંતરે દશ દશ ફુટના ઘેરાવાની વાડો કરી લેવી. એ વાડો થોરની કરવી. હાથલા થોર નહીં, અને આવતા ચોમાસા સુધી તેને ઉગવા દેવી, દસ ફુટથી ઓછા ઘેરાવની વાડ ન કરવી. પહેલાં આ બાબતની મેહેનત તથા ખરચ લાગશે ખરૂં, પરંતુ નાનાં નાનાં ઝાડોને ઢોર તથા ઊંટની થતી હરકત તેણે કરીને બચશે તેથી તેનો બદલો સારી પેઠે વળી રહેશે.

૭. કુંડામાં એ રોપાઓને એક વરસ રાખ્યા પછી વરસાદથી જમીન સારી પેઠે તર થાય ત્યાંહાંસુધી ખમી પછી જે વાડો તૈયાર કરી રાખેલી હોય તેમાં એ રોપાને કુંડાં સહીત રોપી દેવા. એ કુંડાંનું ફક્ત તળીયું ભાંગી નાંખવું, અને તળીયું ભાંગતી વખત કુંડાંનાં પડખાં ભાંગી જાય તો પડખાં પાછાં ચોટાડી દેવાં, અને રોપાની સાથેજ તેને જમીનમાં દાટવાં. તેણે કરીને માટી ભેજી રહેશે અને ઉનાળામાં તરડાઇ નહીં જાય.

૮. રોપાને જમીનમાં રોપ્યા પછી તેને મુદલ પાણી રેડવું નહીં. મહીનો કે દોઢ મહીનો થયાં છતાં મુદલ વરસાદ ન પડે તો ઘણાખરા ઝાડ કરમાઈ જશે, અને થોડાંક સુકાઈ જશે, તોપણ ભીસ્તી કામે લગાડવાનો વિચાર કોઇ દીવસ કરવો નહીં. ઝાડો સુકાઇ જઇ બીજા વરસમાં નવાં વાવવામાં થોડું ખરચ છે, શીવાય પાણી પાયા વગરનાં જે ઝાડ રહે તેના

કરતાં પાણી પાએલાં ઝાડો વધારે સુકાઇ જશે, અને જે સુકાઇ ગયેલાં દેખાય તેમાંનાં ઘણાં ખરાં તો ચોમાસા દરમીયાન પાછાં ઉછરશે. આ કહેવું દેખીતું ન મનાય તેવું છે તેથી તે બાબત થોડો ખુલાસો કરવો જોઇએ. કોઇ ઝાડને વખતો વખત પુષ્કળ પાણી પાવામાં આવે તો જેને મુદ્દલ પાણી ન મળ્યું હોય તેના કરતાં સરસ રીતે ઉછરશે એ વાત બેશક છે. પરંતુ અનુભવથી શીદ્ધ થયું છે કે, લાંબા રસ્તાની લાઇનમાં ભીસ્તીઓ ઉપર દેખરેખ બરોબર રહી શકશેજ નહી. કદાચ ચંચલ અને મેહેનતુ ભીસ્તી હોય સોપણ વેહેલો મોહોડો એવો વખત આવે કે જ્યારે ભીસ્તી કે તેનો બળદ માંદો પડે અને તેની જગોએ બીજો નીમવા બાબતનું લખાણ પઢાણ ચાલે તે દરમીયાન થોડા દીવસ સુધી ઝાડ પાણી વીનાનાં રહે, અને નવો ભીસ્તી આવે ત્યાંહાં બધાં સુકાઇ ગયા હોય, એવા સુકાઇ ગએલાં ઝાડોની તપાસણી ઉપરથી ઉપયોગી ધડો મળશે કે તેમના મુળીઆં જમીનની ભેજ ગોતવા માટે ઉંડા ઉતારવાને બદલે જમીનની સપાટીથી થોડા ઇંચ ઉપરજ રોકાઇ રહ્યાં હોયછે, કેમકે ત્યાંહાં રહ્યાં તેને ભીસ્તીથી પાણી મળતું હતું અને તે ઉપરજ તેમનો આધાર હતો એટલે તે આધાર બંધ થયો કે તરત સુકાઇ ગયાં.

૯. એક વખત ઝાડને જમીનમાં વાવ્યા પછી ફક્ત વાડ દુરસ્ત રાખવાનુંજ ખરચ રેહેવાનું. જે મુલકમાં ખેતી સરસ થતી હોય ત્યાંહાં શડકની બાજુ ઉપરની આ વાડો દુરસ્ત રાખવાનું કામ ગામના પટેલો કરી શકેછે, પરંતુ તેનો વધુ આધાર આસીસ્ટંટ પોલીટીકલ એજંટ સાહેબોની પોતાની હોંશ ઉપર રહેશે, કેમકે કોઇ એક માણસના કહેવાથી પટેલો ઝાડની સંભાળ બરાબર રાખે, અને તે સંબંધી ખરી હોંશ રાખે, અને કોઈ બીજો માણસ કહે તો તેને ગણકારે નહીં એમ બને છે. આસીસ્ટંટ સાહેબો ઝાડોનું એક લીસ્ટ કરે, અને એક ખેડુની સંભાળમાં છ કે સાત ઝાડ સોંપે, તો ખેડુઓ આવી બાબતમાં કેવી હોંશ લેછે તથા એક બીજાથી કેવી ચડશા ચડશી કરેછે, તે તરત તેમના જાણવામાં આવતાં ખુશી થવાના. ઝાડ વાવવાં એ હીંદુઓને માટે ધરમનું કામ છે, અને તે રસ્તે ઘણી ખરી વાર કામ લેવું જોઇએ. જે પટેલની સંભાળ નીચે ઝાડ ઉછરે તેમને એક એક પાગડી આપવામાં આવશે એમ તેને

કહેવું જોઇએ. અને દરસાલ જમાબંધીને વખતે મોહોડેથી ખુશી જણાવી એ પાગડીઓ આપવી જોઇએ. એક પ્રસીદ્ધ જગોમાં પાણાનો એક લેખ ઉભો કરવો, તેમાં તે શડક ઉપર કઇ સાલમાં ઝાડ વાવ્યાં તે, તથા કણ્યા કણ્યા પટેલે તેમાં ઘણી હોંશ લીધી તેનાં નામ લખવાં જોઇએ આથી કરીને ઝાડ વાવવાની બાબતમાં ઘણું ઉત્તેજન મળશે.

૧૦. ધારોડ જગા ઉપર આંબાં વાવવા નહીં. ગમે એવી પાતળી જમીન હશે તોપણ તેમાં આંબલી તથા લીંબડો ઉગશે, વાસ્તે ધારોડ તથા મોરમવાલી જગોમાં એ ઝાડ વાવવાં. પીપળ, પીપળો અને વડ બીમાંથી તરત ઉગતાં નથી, પણ એક વરસાદ પડી ગયા પછી એ ઝાડો ની નીચેથી નાહાના નાહાના છોડવા ઘણા મલી શકે અને ઘણી સહેલાઇથી કુંડામાં રોપી શકાય. એ ઝાડોના બી પક્ષીના પેટમાંથી બહાર નીકળ્યા પછી ઉગે છે. અમદાવાદ અને ખેડાની હલકી જમીનમાં પીપળ, પીપળો અને વડની ડાળો ઠીક ઠીક ઉગેછે; પરંતુ બીમાંથી જેવાં સરસ ઉગેછે તેવાં ઉગતાં નથી; તો પણ મુદ્દલ ઝાડ નહીં તેનાં કરતાં સારાં ને તેવી ડાળો વાવવામાં આવે ત્યારે તેને વળગેલાં લટકતાં મુળીયા સહીત લેવી. તે બાર ફુટથી ઓછી લાંબી ન જોઇએ, ને તેને ઢોર પોહોચી ન શકે એવી હોવી જોઇએ. આવી ઉંચાઇ વાળી ડાળો જમીનમાં ઉંડી વાવી હોય તો તેની આસપાસ વાડ કરવાની જરૂર નથી. ઢોર તેને ઘસે નહીં એટલા માટે થોડા કાંટા બાંધી દીધા હોય તો બસ. નંદરૂખ ઝાડની ડાળો સરસ ઉગેછે, અને સડકની બાજુએ તે સારૂં લાગે છે, પણ તે કોક કોક ઘાટના મુલકમાં મલે છે. એવું એક ઝાડ ખાનદેશમાં અરવી પાસે હીંડરૂણમાં છે; અને આગ્રાની સડક ઉપર હાલ જે નંદરૂખનાં ઝાડ ઉભેલાં છે, તે તમામ એ ઝાડમાંથી વાવેલાં છે. અને આગ્રાની સડક ઉપરનાં સદરહુ ઝાડોમાંથી ડાળો લેવી હોય તો લઇ સકાય તેમ છે.

૧૧. નાહાનાં ઝાડોની આસપાસ જે વાડ કેરી હોય તે એ ઝાડને દાબી દીએ એવી મોહોટી થવા દેવી નહીં. તેમજ સડકને પડખે એવું ઉંચું ઘાંસ હોય તેને પણ સંભાળથી બાળી નાંખવું. એવું ઘાસ ખુબ સુકાય ગયા પેહેલાં એટલે માર્ચ મહીનામાં જે દહાડે પવન ન હોય તે દીવસે તે ઘાંસ બાળવામાં આવે તો એક માણુસ એ આગની સંભાળ

રાખી શકે તથા ઝાડને આગ પોહોચતી અટકાવી શકે. આ બાબતમાં સુસ્તી કરવામાં આવે તો ઉનાળામાં અચાનક આગ થઇ ઝાડને ઇજા પોહોંચે.

૧૨. નાહાનાં ઝાડને ઉંદરની રંજાડ હોય તો ઉંદરનાં ખાડામાં સોમલ નાંખવો, પણ આખે રસ્તે એકજ દીવસે એ કામ કરવું જોઇએ, કેમકે નહીં તો જે ઉંદરો બચ્યાં હશે તે ફરીવાર તે ઝેરને અડશે નહીં. ચાર પાંચ વર્ષનાં ઝાડ થયા પછી કોઇ કોઇ વાર શેહાઇ તેને નુકશાન કરે છે, પણ તેના બચાવનો સરસ ઉપાય એછે કે, વાડોમાં બોરડીના કાંટા નાખવા.

૧૩. જ્યાંહાં સડક ધોધા અમદાવાદની સડકની પેઠે ખાર જમીનમાં ચાલતી હોય ત્યાંહાં સડકની પાળના પડખાં ઉપર ઝાડ રોપવાં અને જે સડકને પાળ ન હોય અથવા થોડી હોય ત્યાંહાં પીલુનાં ઝાડ રોપવાં. ખારી જમીનમાં એ ઠીક ઉગે છે.

૧૪. એક કુંડાનું ખરચ આશરે દોઢ આનો થાય (ખાનદેશમાં તો એ પ્રમાણે ખરચ થતું) અને તે ખરચ તથા કુંડામાં ઝાડને રોપવાનું ખર્ચ તથા તેમાં એક વર્ષ સુધી રાખવાનું ખર્ચ અને પછી વાડ સહીત જમીનમાં વાવવાનું ખર્ચ દર ઝાડે શરાશરી ચાર આના થયું હતું.

(કારભારીઓની સભા તારીખ ૨૦ મી જુલાઈ સને ૧૮૮૦ ના રોજે રાજકોટમાં ભરાઈ તેનાં રોજ કામ મધ્યેથી નીચે દરસાવેલો ઇન્તેખાબ લેવામાં આવ્યો છે).

## શીમાડાનાં નીશાન બાબત.

૧૫. "રાજ્યસ્થાનીક કોર્ટના અધ્યક્ષ સાહેબે મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ તરફ લખીને ખબર આપેલ કે, શીમાડા કમીટી મારફત તથા બીજી રીતે તાલુકાઓ વચ્ચે શીમાડાનાં નીશાનો પેસ્તર નંખાઇ ચુકેલ છે, તેમાં કેટલીક જગો નીશાન ભાંગી ગયેલાં તથા નીકળી ગયેલ માલુમ પડેછે, તો તે દુરસ્ત થવા માટે તથા આયંદે તે પ્રમાણે ન થાય તેની દેખરેખ માટે કાંઈ બંદોબસ્ત થવાની જરૂર છે. આ દરખાસ્ત પોલીટીકલ એજંટ સાહેબે સભામાં મુકતાં તમામ કારભારીઓએ એકમત થઇ કબુલ

કર્યું કે દર વરસ તાલુકદારો પોતાના તાલુકાની આસપાસનાં તમામ નીશાનો તપાસે, ને જ્યાં નીશાન ભાંગી કે નીકળી ગયું હોય ત્યાંહાં સામા તાલુકદારને ખબર દઇ તેના માણસ સાથે રાખી નીશાન પાછાં નાંખી તમામ નીશાન દુરસ્ત છે એમ પ્રાંતના સાહેબને દરસાલ તમામ તાલુકદાર રીપોર્ટ કરે. જે નીશાન બાબત બે તાલુકદાર વચ્ચે તકરાર પડે તે બાબતમાં પ્રાંતના સાહેબને જાહેર કરવું, એટલે એક પ્રાંતમાં તે બે તાલુકા હશે તો તે પ્રાંતના સાહેબ પંડે અથવા એ બે જુદા જુદા પ્રાંતમાં હશે, તો બંને પ્રાંતનાં સાહેબ મળી આગલા ઠરાવ કે નકશા પ્રમાણે અસલ જગોએ નીશાન નંખાવી આપશે."

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તા. ૧૨મી આગષ્ટ સને ૧૮૮૦ પુસ્તક ૧૮મું પાનું ૨૨૯મું).

શીમાડાનાં નીશાન બાબત.

૧૯. "રાજસ્થાનીક કોરટના મેહેરબાન અધ્યક્ષ સાહેબે મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ તરફ લખીને ખબર આપેલ કે, શીમાડા કમીટી મારફત તથા બીજી રીતે તાલુકાઓ વચ્ચે સીમાડાના નીશાનો પેસ્તર નખાઇ ચુકેલ છે, તેમાં કેટલીક જગો નીશાન ભાંગી ગએલ તથા નીકળી ગયેલ માલમ પડે છે, તો તે દુરસ્ત થવા માટે તથા આયંદે તે પ્રમાણે ન થાય તેની દેખરેખ માટે કાંઇ બંદોબસ્ત થવાની જરૂર છે. આ દરખાસ્ત પોલીટીકલ એજંટ સાહેબે સભામાં મુકતાં તમામ કારભારીઓએ એકમતે કબુલ કર્યું કે દર વરસ તાલુકદારો પોતાના તાલુકાની આસપાસના તમામ નીશાનો તપાસે, ને જ્યાં નીશાન ભાંગો કે નીકળી ગયું હોય ત્યાંહાં સામા તાલુકદારને ખબર દઈ તેના માણસને સાથે રાખી નીશાન પાછાં નાખી તમામ નીશાન દુરસ્ત છે એમ પ્રાંતના સાહેબને દરસાલ તમામ તાલુકદારો રીપોર્ટ કરે. જે નીશાન બાબત બે તાલુકા વચ્ચે તકરાર પડે તે બાબતમાં પ્રાંતના સાહેબને જાહેર કરવું. એટલે એક પ્રાંતમાં તે બે તાલુકા હશે તો તે પ્રાંતના સાહેબ પંડે અથવા એ બે તાલુકા બે જુદી જુદી પ્રાંતમાં હશે, તો બંને પ્રાંતના સાહેબ મલી આગલા ઠરાવ કે નકસા પ્રમાણે અસલ જગોએ નીશાન નખાવી આપશે".

## રૂમાં થતો દગો અટકાવવા બાબત.

૨૦. "સોરઠ પ્રાંતના મેહેરબાન આશીસ્ટંટ સાહેબે લખીને જાહેર કરેલું કે, વેરાવલ વીગેરે બંદરેથી રૂનાં ધોકડાં પરદેશ ચડે છે, તેમાં ઘણીકવાર પથર, રેતી વીગેરે નાખી દગો કરેલો હોય છે, માટે તેના અટકાવ માટે કાંઈ બંદોબસ્ત થવો જોઇએ. આ દરખાસ્ત સભામાં મુકતાં તમામે કબુલ કર્યું કે, જે સ્વસ્થાન તથા તાલુકાને બંદરો છે, તેમણે રૂમાં થતો દગો અટકાવવા માટે જો કે બંદોબસ્ત અગાઉથી કરેલો છે, તોપણ વધારે બંદોબસ્ત માટે કબુલ કીધુ કે, જે જે બંદરેથી કાચાં ધોકડાં ચડતાં હોય તે તમામ બંધ કરવાં. કોઇ પણ બંદરેથી ધોકડાં ચડવા દેવાં નહીં પણ જે ધોકડાં બંદરે આવે ને તમામને પ્રથમ બરાબર તપાશી જોવાં કે, તેમાં કાંઈ પણ રીતનો દગો થએલો નથી. ને ત્યારપછી તે ધોકડાની પાકી કે કાચી ગાંસડીઓ બંધાવવી. ને તેવી ગાંસડીયો બંધાયા પછી ફક્ત ગાંસડીઓજ વાહાણે ચડવા દેવી. ધોકડાં બીલકુલ વહાણે ચડવાં દેવાં નહીં.

## રેઢીયાર ઢોરની ખાધ ખર્ચ બાબત.

૨૨. 'એક તાલુકાની વસ્તીનાં ઢોર બીજા તાલુકાના ડબામાં પુરાય ત્યારપછી તેનો માલીક જણાયા પછી તે લઈ જાય છે, પરંતુ ડબામાં જાનવર રહ્યાં તેની ખોરાકી ખરચ બાબત સ્વસ્થાનો તથા તાલુકાઓમાં એક સરખો નીયમ નથી, ને તેથી ઘણીક વખત લાંબી તકરારો ઉઠે છે, વાસ્તે તે સંબંધી એક સરખો રીવાજ રાખવાની જરૂર જણાય છે તો તે બાબત કાંઇ ધારા થવા જોઇએ. તેમાં જે જાનવર દુઝણું હોય તેના દુધની કીમત ખોરાક ખરચ પેટે કાંઇ મુજરા મળવી જોઇએ કે કેમ, ને મળવી જોઇએ તો કેટલી તે પણ નકી થવું જોઇએ, એવી દરખાસ્ત પોલીટીકલ એજંટ સાહેબે સભામાં મુકતાં તમામ એક મત થઈ ઠરાવ કીધો કે, એ બાબત તમામ તરેહથી વીચાર કરી ધારા ઘડવા માટે નીચે લખ્યા ગૃહસ્થોની કમીટી નીમવી:—

૧. આજમ મગનલાલ બાપુભાઇ, કારભારી નવાનગર.
૨. „ સામલદાસ પરમાનંદદાસ, કારભારી ભાવનગર.
૩. „ હરીશંકર પ્રાણજીવન, નાયબ કારભારી ધ્રાંગધરા.

૪. „ ગોપીનાથ સદાશીવ, કારભારી પાલીતાણા.
૫. „ હરીલાલ અંબાશંકર, કારભારી લીંબડી.
૬. „ હરીદાશ વીહારીદાસ, કારભારી વઢવાણ.

**ભાયાતના ગરાશ બાબત.**

૨૭. પોલીટીકલ એજંટ સાહેબે સભાને જાહેર કીધું કે, ભાયાતને ગગાસમાં જમીન આપવા કાઠીયાવાડમાં રીવાજ છે તે હાલના જમાના પ્રમાણે જમીનજ આપવી કે, તે બદલ રોકડા પઈશા આપવા તે તમામે વીચાર કરવાની બાબત છે, તે વીચારમાં કદી પઈશા આપવા બધી જગે ઠરાવ થાય તો પઈશા બરાબર દર સાલ મલે જાય તેની ખાત્રી માટે તાલુકદારોએ તેટલી રકમ દરશાલ વ્યાજની આવે એવી સરકારી લોન નોટો ખરીદ કરી સરકારી ત્રીજોરીમાં અનામત મુકવી જોઈએ, કે જેથી તે સંબંધી પછવાડેથી તકરાર ઉઠેજ નહીં, તો પણ આ મોટી વાત છે તો તમામે પોતપોતાના રાજા સાથે વાતચીત કરી તે બાબત પોતાનો અભીપ્રાય હવે પછીની સભામાં જણાવવો જોઈએ. ઉપર પ્રમાણે વીચાર કરી હવે પછી જાહેર કરવા તમામે કબુલ કીધું."

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ, તા. ૧૬મી સપટેમ્બર સને ૧૮૮૦. પુસ્તક ૧૮ મું. પા. ૨૬૫ મું.)

**જાહેર ખબર**

તા. ૨૦ મી જુલાઈ સને ૧૮૮૦ ને રોજ કારભારીઓની સભા અમારા રૂબરૂ ભરાએલી હતી તે બાબતનું ગુજરાતી પ્રોસીડીંગ ચાલતી સાલના એજન્સી ગેજેટ આંક ૩૩માં પ્રગટ થએલ છે, તેની ૨૨ મી કલમમાં લખ્યા પ્રમાણે રેઢીઆર ઢોરની ખાઈ ખર્ચ બાબતના ધારા તેમાં લખેલી કમીટી તરફથી હાલમાં અમારા તરફ આવ્યાછે, અને તે અમારા તરફથી પસંદ કરવામાં આવ્યાછે વાસ્તે આયંદેથી તે ધારા પ્રમાણે તમામ સ્વસ્થાનો તથા તાલુકાઓમાં અમલ થાવા માટે આ નીચે સદરહુ કમીટીનો રીપોર્ટ પ્રગટ કરવામાં આવે છે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી.

રાજકોટ, તારીખ ૯ મી સપટેમ્બર સને ૧૮૮૦.

**એલ. સી. બારટન.**
**પોલીટીકલ એજંટ.**

ચાલી કાઠીઆવાડ પ્રાંતના પોલીટીકલ એજંટ આજમ મેહેરબાન કરનલ બારટન સાહેબ તરફ મોકલવાની નીચે સહી કરનાર કમીટી તરફથી.

આપ સાહેબની રૂબરૂ ભરાએલી મીટીંગમાં અમારી કામેટી દરવી નીચેની બાબતનો ધારા તરીકે ઠરાવ કરી આપવા રૂબરૂમાં ફરમાવ્યું તે સંબંધી જાહેર કરવામાં આવે છે કે,—

એક સંસ્થાન અથવા તાલુકાની રૈયતનું હરકોઇ જાનવર રેઢીઆર થઇને બીજા સંસ્થાન અથવા તાલુકાની હદમાં ગએલું હોય અથવા કોઇ હરામખોર ચોરી કરીને કોઇ પણ જાનવર લઇ જતાં જે સંસ્થાન કે તાલુકા તરફથી પકડી લીધું હોય એ જાનવરને ડબામાં રાખવામાં આવેલું હોય તેની ખોરાકી ખર્ચ લેવાનો તથા ગાય, ભેંશ દુઝણી હોય તો તેના દોઝનો બદલો આપવો કે શી રીતે એ બાબતનો કાંઇ ચોકસ નીયમ નથી તેથી તેનો એક સરખી રીતે ધારો કરવા સારૂ પેસતર એજન્સીમાં થયેલા સરક્યુલર હુકમો તથા હાલ સુધી સંસ્થાનો વીગેરેમાં ચાલતો આવેલો રીવાજ ધ્યાનમાં લઇ એ બાબતમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છેઃ—

૧. ડબામાં પુરાએલાં જાનવરોને દર રોજ ખોરાક આપવો તથા તેને પાણી પાવું તે બાબત નીમાએલા ડબાના ઉપરીને નીચે પ્રમાણે અપાવવું જોઇએ.

| | દર રોજ લેવાનો દર. રૂ. આ. પા. |
|---|---|
| ૧ ભેંસ અથવા પાડો દરેક જાનવરને........... | ૦—૬—૦ |
| ૨ ઘોડો, ઘોડી, ટટુ, વછેરો, વછેરી, ખચ્ચર, સાંઢ, બળદ, ગાય અથવા ઊંટ દરેક જાનવરને...... | ૦—૪—૦ |
| ૩ ગધેડો, ગધેડી, ડુકર અથવા ગાયનો વાછડો કે વાછડી અથવા પાડાં દરેક જાનવરને...... | ૦—૨—૦ |
| ૪ ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં, બકરાં અથવા તેના બચ્ચાં દરેક જાનવરને.................. | ૦—૧—૦ |

સદરહુ પ્રમાણે દરરોજનું ખરચ ગણી જે તારીખે એ જાનવર ડબામાં પુરાએલું હોય તે તારીખથી તે જ્યારે ડબામાંથી તેના માલેક આસામીને પાછું તે જાનવર સોંપવામાં આવે ત્યાં સુધીનું ખરચ તે માલેકની પાસેથી મુજરે લેવું.

૨. રૈદીઆર જાનવર થઇને અથવા કોઇ પ્રકારનો બીગાડ કરીને કે કોઇ હરામખોર પાસેથી પકડાવી લીધેલું જાનવર ડબામાં પુરાએલું હોય તે બાબત ડબાની ફી બદલ એક વખતને માટે તેના માલધણી પાસેથી નીચેના દર મુજબ લેવું જોઇએ.

ખરચ બદલ એક વખતને માટે લેવું.

| | રૂ. આ. પા. |
| --- | --- |
| ૧ ભેંસ અથવા પાડો અથવા ઊંટ અથવા ઘોડો કે ઘોડી | ૦—૮—૦ |
| ૨ ઘોડા તથા ટટ્ટુ, વછેરો, વછેરી, ખચ્ચર, સાંઢ, બળદ, ગાય દરેક જાનવરના | ૦—૪—૦ |
| ૩ ગધેડાં, વાછડાં, પાડાં દરેક જાનવરના | ૦—૨—૦ |
| ૪ ઘેટાં, ઘેટાંનાં બચ્ચાં, બકરાં અથવા તેના બચ્ચાં દરેક જાનવરના | ૦—૧—૦ |

૩. ડબામાં પુરાએલી ગાય અથવા ભેંસ દુઝણી હોય તો તેના દોઝની કીંમત મજરે લેવાનો ઉલટો તકરાર વધી પડતાં એ બાબતમાં શું અપાવવું તે કોઇ રીતે નીશ્ચે થઇ શકે તેમ નથી, કારણ કે ડબામાં આવેલી ગાય અથવા ભેંસ સર્વે એક સરખી રીતે એટલું દુધ દરરોજ આપે છે તેની કોઇ રીતે ખાત્રી થઇ શકે તેમ નથી, અને કદાપી એવું દુધ આપનાર જાનવર ડબામાં આવેલું હોય તો વધારે ખડ ખાણુ આપવું જોઇએ, ત્યારેજ તેઓ દુધ આપી શકે છે, એટલે તેના જાસ્તી ખર્ચનો બદલો એ દોઝની કીંમત અપાવવાનું વાજબી આવતું નથી.

૪. એવું જાનવર ડબામાં દાખલ થયા બાબતની જાહેર ખબર પ્રસીદ્ધ થયા પછી પંદર દીવસની અંદર તેનો માલેક હાજર થાય નહીં તો તે જાનવરને હરરાજ કરી વેચી નાખવું. હરરાજીની તારીખ પછી એક મહીનાની અંદર માલ ધણી હાજર થાય તો ઉપજેલી કીંમતમાંથી ખરચ વાળા લઇ બાકીનું માલધણીને દેવું, ને તે પ્રમાણે હાજર ન થાય તો ઉપજેલી કીંમત સ્ટેટ ખાતે જમા કરી દેવી.

ઉપર પ્રમાણે અમારી નજરમાં આવે છે તે સાહેબ મેહેરબાનને જાહેર થવા લખ્યું છે.

તારીખ ૨૨ જુલાઇ સને ૧૮૮૦ ઇસ્વી.

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તા. ૧૩ મી એપ્રીલ સને ૧૮૮૨. પુસ્તક ૨૦ મું પાનું ૬૭ મું.)

## જાહેર ખબર. નંબર ૩ સને ૧૮૮૨.

સને ૧૮૭૩ ની જાહેર ખબર નંબર ૫ ની શરતો જે ગામો થાણા સરકલ તાબામાં છે અને જેમાં થાણદાર હકુમત ભોગવે છે તેવા તમામ ગામોને લાગુ કરવામાં આવે છે.

જે પ્રાંતોમાં હાલ એવો રીવાજ દાખલ ન હોય ત્યાં દરેક થાણા સરકલ તાબાના તમામ બીન અખત્યારી ગામોમાં અફીણ અને દારૂના વેચાણના ઇજારા થાણદારે દર વરસે ઇજારે આપવા, અને તેની ઉપજ થાણા ફંડમાં જમા કરવી.

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ
તારીખ ૩૦ માર્ચ સને ૧૮૮૨, મુકામ વેરાવળ.

એલ. સી. બારટન,
પોલીટીકલ એજંટ.

---

(કારભારીઓની સભા તારીખ ૧-૨ આગસ્ટ સને ૧૮૮૨ નાં રોજે રાજકોટમાં ભરાઈ તેનાં રોજ કામમાંથી નીચે દરસાવેલો ઇન્તેખાબ લેવામાં આવ્યો છે.)

## જમીનના માલેકને વજે ભાગ આપ્યા શીવાય ખેડુત ઉપજ ઘેર લઇ જાય તે બાબત.

જમીનના માલેકને વજે ભાગ આપ્યા શીવાય ખેતરની ઉપજ ખેડુત ઘેર લઈ જાય તે બાબત કાઠીયાવાડમાં શું રીવાજ ચાલે છે, તે બાબત પોલીટીકલ એજંટ સાહેબે સવાલ પુછતાં કારભારીઓએ એકમતથી જણાવ્યું કે, તમામ તાલુકાઓમાં આવી બાબતમાં એવો રીવાજ છે કે ગુન્હેગાર ખેડુતને બેસાડી અથવા તેની મીલકત જપ્ત કરી વજે ભાગ વસુલ કરવામાં આવે છે, અને તે ખેડુતનો જરૂર પડે તો દંડ પણ કરવાનો રીવાજ છે. જ્યાંહાં જમીનના માલીક ભાયાત અથવા ગરાશીયા હોય છે ત્યાંહાં વજે ભાગ વસુલ લેવામાં તાલુકા તરફથી તેને બધી મદદ આપવામાં આવે છે. આવી બાબતમાં રેવન્યુ ખાતા તરફથી રસ્તો લેવામાં આવે છે.

(કારભારીઓની સભા તારીખ ૧-૨ ઓગસ્ટ સને ૧૮૮૨ ના રોજ રાજકોટમાં ભરાઈ તેનાં રોજ કામ મધ્યેથી નીચે દરસાવેલો ઇન્તેખાબ લેવામાં આવ્યો છે).

## જમીનમાંથી વગર માલીકીનું દાટયું ધન નીકળવા બાબત.

આ પ્રાંતમાં જમીનમાંથી અજાણ્યું તથા વગર માલીકીનું દાટયું ધન, નીકળવા બાબતમાં શું રીવાજ છે, તે બાબત પોલીટીકલ એજંટ સાહેબે સવાલ પુછવા ઉપરથી કારભારીઓએ જણાવ્યું કે, આ બાબતમાં એક રીત નથી, પણ જુદા જુદા તાલુકાઓમાં જુદી જુદી રીતો છે.

પોલીટીકલ એજંટ સાહેબે દરખાસ્ત કરી કે, આ બાબત એક રીવાજ થવાની જરૂર છે, જેથી સરવેના એકમતથી નીચે પ્રમાણે આ પ્રાંતોમાં હવે પછી અમલમાં આવવા સારૂ ધારા કરવામાં આવ્યા.

૧. જ્યારે કોઇ ઘરમાંથી અજાણ્યું અગર વગર માલીકીનું ધન નીકળે તો તે ઘરનો કબજો બીન હરકતેથી ૫૦ વરસ અગર તે ઉપરાંતથી તેના માલીક અથવા રહેનારના કુંટુંબના તાબામાં હોય તો તે ધન લેવાને હકદાર તે છે. નહીંતો એટલે કે જો તે ઘર ૫૦ વરસ કરતાં ઓછી મુદતથી તેના કુંટુંબના કબજામાં હોય તો તે ધનના માલીક તાલુકદાર થાય.

૨. ખેતરમાંથી કોઇ અજાણ્યું તથા વગર માલીકીનું ધન માલમ પડે તો જે તાલુકાની હદમાં તે ખેતર હોય તે તાલુકાના દરબાર તેના માલીક છે, પરંતુ જો તે ખેતર કોઈ ગરાશીયાની સુવાંગ માલીકીનું હોય તો તે ધનનો માલીક ગીરાશીયો થાય.

(કાઠીયાવાડ એજન્સી ગેઝીટ, તારીખ ૧૧ મી જાન્વેવારી સને ૧૮૮૩. પુસ્તક ૨૧. પાનું ૫).

## જાહેર ખબર. નંબર ૩૫ સને ૧૮૮૨.

મીઠાના અગરો જે જે તાલુકદારોની હદમાં છે તેમના તરફથી મીઠું જે જે લોકોને વેચાણ આપવામાં આવે તે બાબતના પરવાનામાં દરેક ખ

લીદનારને મીઠું કેટલું વેચાથી આપ્યું છે તેનું તોલ હમેશાં લખતાં રહેવું જોઇએ.

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,
તારીખ ૨૮ ડીસેમ્બર સને ૧૮૮૨, મુ. ભાવનગર.

એલ. સી. બારટન,
પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ, પુસ્તક ૨૧ મું તા ૧ લી અને ૩ જી આગષ્ટ સને ૧૮૮૩).

તા. ૩ જી અગસ્ટ સને ૧૮૮૩ ના રોજ રાજકોટ મુકામે કારભારોની મીટીંગ મળી હતી તેનો ઠરાવ.

## ચોરાઉ તથા રખડતાં જાનવર.

૩૯. અમદાવાદ જીલ્લાના મેહેરબાન કલેકટર તથા માજીસ્ટ્રેટ મીસ્તર રીચી સાહેબના તરફથી તેમના પત્ર નંબર ૨૫૫૯ તારીખ ૭ નવેમ્બર સને ૧૮૮૨ માં નીચેની દરખાસ્ત લખાઇ આવતાં તે દરખાસ્ત સંબંધી વિચાર કરવા માટે કમીટી આગળ મુકવામાં આવી. સાહેબ મોસુફ લખે છે કે " ગાય, ભેંસ, બળધ વીગેરે જાનવરોની ચોરી સરકારના મુલકમાંથી થતા સદરહુ માલ દેસી સંસ્થાનમાં છનો થાય છે અને તેવીજ રીતે દેશી સંસ્થાનમાંથી ચોરાએલ જાનવરો સરકારના મુલકમાં છતાં થાય છે ત્યારે ગુન્હેગાર ઊપરનો પ્રાયમાફેશી કેશ સાબીત થઇ તેને સોંપવામાં ઘણો વખત લાગે છે, દરમીયાનમાં સદરહુ જાનવરો પોલીસના તથા બીજા અમલદારોના હવાલામાં રહે છે, અને તેઓને એ જાનવરોને ખવરાવવું પડેછે, તથા તેમની સંભાળ રાખવી પડેછે, અને તેમના માલીકને તેમની ચાકરીનો તથા તેમાંથી થતી પેદાશનો ફાયદો મળતો નથી. સરકારી અમલદારોની મેહેનત તથા એવાં જાનવરોના માલીકને નુકશાનમાંથી બચાવવા ખાતર અમે એવી દરખાસ્ત કરીએ છીએ કે, જે અધીકારીના હવાલામાં સદરહુ જાનવર હોય તેના માલ ધણી એવી ખાત્રી કરી આપે છે કે, તે જાનવરનો માલીક પોતે છે, અને તે જાનવરને

કોરટ રૂબરૂ તજવીજ ચાલતી વખતે રજુ કરવા સારૂ તથા તેની માલીકીનાં નથી એમ સાબેત થાય તો પાછા સોંપી દેવાને માટે સારા જામીન આપે તો સરકાર અગર દરબાર જેની હકુમતમાં સદરહુ પ્રકારનાં જાનવરો છતાં થાય તેણે તેના માલીકને સ્વાધીન કરવાં જોઇએ આ દરખાસ્તને કબુલ રાખવાને માટે આપને કાંઇ હરકત નહીં હશે તો તે પ્રમાણે અમલ કરાવવાનો આપ મેહેરબાનોના રાહે બંદોબસ્ત કરાવશો."

"આપનો ઉતર આવેથી આ જીલ્લાના લાગતા વળગતા અમલદારોને આ બાબત યોગ્ય હુકમ આપવામાં આવશે."

૪૦. જીલ્લા તરફથી આ ઠરાવ પ્રમાણે અરસપરસ વરતવાની સરતે સર્વાનુમતે આ દરખાસ્ત પસંદ કરવામાં આવે છે.

૪૧. આ વીશયના સંબંધમાં અમરેલીના આસીસ્ટંટ એજંટ ટુ ધી ગવરનર જનરલ મેહેરબાન મેજર જાકશન સાહેબ તરફથી મુદા માલના ઢોરોનું ખાઈ ખરચ વસુલ લેવા સંબંધી સવાલ ઉઠાવ્યો હતો, તેનો પણ વીચાર કર્યા બાદ એવી રીતે ઠરાવ થયો કે, ઇનસાફની કોરટમાં જ્યારે જરૂર પડે ત્યારે સદરહુ જાનવરો રજુ કરવા હું તૈયાર છું, એવી મતલબના જામીન માલ ધણી જે તારીખે આપે અગર આપવા તૈયાર થાય તે તારીખ સુધીનું ખાઇ ખરચ સને ૧૮૮૦ની સાલના એજન્સી ગેજેટને પાને ૨૬૫ મે તથા ૨૬૬ મે છાપી પ્રસિદ્ધ કરેલા દર પ્રમાણે માલ ધણી પાસેથી વસુલ લેવું જોઇએ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ. તારીખ ૮ મી નવેમ્બર સને ૧૮૮૩. પુસ્તક ૨૧ મું પાનું ૨૬૫.)

## જાહેર ખબર. નંબર ૩૩ સને ૧૮૮૩.

આ જાહેર ખબર છપાયાની તારીખથી અને ત્યારપછી થાણા સરકલ માંહેના ગામોમાં તથા માણેકવાડા, રાજકોટ, વઢવાણ અને સોનગઢનાં સીવીલ સ્ટેશનોમાં સનદ ધારણ કરનારા સક્ષો તથા તેઓની તરફથી જેમને રીતસર સત્તા મલી હશે તે શીવાયના સક્ષોને ગાંજો વેચવાની મના છે એમ સમજવું. આ હુકમ જે કોઇ તોડશે તેને નામદાર મુંબઇ સરકારે

મંજુર કર્યા પ્રમાણે સને ૧૮૫૭ ના ૨૧ મા ધારા તથા સને ૧૮૭૮ના મુંબઇના આકટ નંબર ૫ ને આધારે સજા કરવામાં આવશે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૫ મી નવેમ્બર સને ૧૮૮૩.

ઈ ડબ્લ્યુ વેસ્ટ, લેફટનંટ કરનલ,
પોલીટીકલ એજંટ.

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝેટ તા. ૨૨ મી નવેમ્બર સને ૧૮૮૩. પુસ્તક ૨૧. પાનું ૨૮૪ મું.)

**જાહેર ખબર.** નંબર ૩૭ સને ૧૮૮૩.

પોલીટીકલ એજંટ સાહેબને એમ જાહેર થયું છે કે, મેહેરબાન પીલ સાહેબની સને ૧૮૭૫ ની નંબર ૧૯ ની જાહેર ખબરમાં લખેલી બાબતો બરાબર રીતે પ્રસીદ્ધ કરવામાં આવી નથી, તેથી સદરહુ જાહેર ખબર હાલની જાહેર ખબર સાથે ફરીથી પ્રસીદ્ધ કરતાં અખત્યારવાળા રાજાઓ તથા તાલુકદારોને ફરમાવવામાં આવે છે કે, મુસાફરોને ખબર થવા તથા તે મુજબ વર્તવાને માટે દરેક રાજાએ તથા તાલુકદારે પોત પોતાના સંસ્થાન યા તાલુકામાં દરેક ધર્મશાળા તથા મુસાફરી બંગલામાં સદરહુ જાહેર ખબરની મતલબની નોટીસો મેહેરબાનીના રાહે ચોહોડાવવી જોઇએ.

પ્રાંતના મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ સાહેબોએ પોત પોતાના તાબાના થાણા સરકલો માહેની ધર્મશાળા તથા મુસાફરી બંગલાઓમાં એવીજ મતલબની ઇંગ્રેજીમાં તથા ગુજરાતીમાં નોટીસો ચોહોડાવવાની મેહેરબાની કરવી.

જે સીપાઇઓના હવાલામાં બંગલા તથા ધર્મશાળાઓ હોય તેમને સખ્ત તાકીદ આપવી જોઇએ કે, જ્યારે આ ચોડેલી નોટીસો પૈકી કોઇનો

નાસ થાય અથવા ખોવાઈ જાય ત્યારે તેઓએ તુરત જાહેર કરવું, એટલે બાજી નકલો તેમને આપવામાં આવશે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૧૫ મી નવેમ્બર સને ૧૮૮૩.

એડવર્ડ વેસ્ટ, લેફ્ટનંટ કરનલ,
પોલીટીકલ એજંટ.

## જાહેરનામું. નંબર ૧૯ સને ૧૮૭૫.

કાઠીયાવાડના કેટલાક ધોરી રસ્તા ઉપર હાલમાં વધારે લુંટ થવાથી પોલીટીકલ એજંટ સાહેબ રાજાઓને ફરમાવે છે કે વગર ચોકીએ કીમતી મીલકત સહીત મુસાફરી કરવાની તેઓએ તેઓની રૈયતને મને કરવી, અને મુસાફરો માગે ત્યારે તેમને ગામનો પોલીસ પટેલ એક અથવા વધારે પસાઅતાનું વલાવું આપે તેવો બંદોબસ્ત કરી તેમને જણાવવું કે જે મુસાફરો વલાવો માગશે નહીં અને લુંટાશે તેને તેના માલના નુકસાનનું વલતર મળશે નહીં.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ તારીખ ૧૫ જુન સને ૧૮૭૫.

(સહી) જે. બી. પીલ.
પોલીટીકલ એજન્ટ,

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ, તારીખ ૧૩ મી માર્ચ સને ૧૮૮૪ પુસ્તક ૨૨ મું પાનું ૫૮).

## જાહેર ખબર નંબર ૪ સને ૧૮૮૪.

નીચેના અપીલ સંબંધી ધારા જે સને ૧૮૮૩ના આગસ્ટ માસમાં રાજકોટ મુકામે સંસ્થાનો તથા તાલુકાઓના કારભારીઓએ કબુલ રાખેલા હતા અને જે અજમાયસ તરીકે દાખલ કરવાને માટે સરકારે પોતાના નંબર ૭૯૯, તારીખ ૧૧ મી ફેબ્રુઆરી સને ૧૮૮૪ વાળા

હાતથી મંજુરી આપી છે, તે સર્વેને ખબર થવા શારૂ છાપી પ્રસીદ્ધ કરવામાં આવ છે. અખત્યારવાળા રાજા તથા તાલુકદારોએ પોત પોતાનાં સંસ્થાન તથા તાલુકાઓમાં સદરહુ ધારાઓ પ્રસીદ્ધ કરવા; અને પોલીટીકલ એજંટ સાહેબને સંપૂર્ણ ભરૂસો છે કે, દાણુ ચોરીનું અફીણ લઈ આવનારનો પીછો લઈ આવનારા તથા બ્રીટીશ હદીઆમાંથી દગલબાજીથી અફીણુ આવ્યું છે એવું માની તેની સાથમાં આવનારા પ્રોવેન્ટીવ ખાતાના અમલદારોને રાજાઓ તથા તાલુકદારો તરફથી સંપૂર્ણ મદદ મળશે.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ.
મુ. ધ્રાંગધરા, તા. ૧૮ મી ફેબરુઆરી સને ૧૮૮૪.

એડવર્ડ ડબલ્યુ વેસ્ટ લેફટેનંટ કરનલ.
પોલીટીકલ એજંટ.

---

## કાઠીયાવાડના સંસ્થાનો તથા તાલુકાઓમાં ચલાવવાના અફીણુ સંબંધીના ધારા.

૧. અફીણુ આ શબ્દમાં ખસખસના લીલાં ઝીંડવાંનો તથા અફીણુનો અથવા અફીણુમાં મેળવણી કરીને તૈયાર કરેલા પદાર્થનો અને ખસખસના ઝાડથી તૈયાર કરેલાં કેફ લાવનારાં વસાણાનો સમાસ થાય છે.

૨. દરબાર પોતાના મુલકમાં ખસખસનું વાવેતર કરવાની અથવા અફીણુ તૈયાર કરવાની પરવાનગી આપશે નહીં; પણુ દરબાર પોતે દવા સારૂ તથા નજરબાગ તરીકે બંદોબસ્ત કરીને ખસખસ વાવી શકે

૩. સંસ્થાનની હદ બહાર કોઇપણુ જગોએથી સંસ્થાનની અંદર પોલીટીકલ એજંટ સાહેબની સહીના પરવાના શીવાય અફીણુ કોઇએ લાવવું નહીં.

૪. સંસ્થાનની હદ બહાર કોઇપણુ જગોએ અફીણુ મોકલવું નહીં.

૫. સંસ્થાનની હદમાં એક જગોએથી બીજી જગોએ દસ તોલા કરતાં વધારે અફીણુ અખત્યારવાળા દરબારી અમલદારની પરવાનગી ચીઠી શીવાય લઈ જવું નહીં, પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે, એક સંસ્થાનને બીજા સંસ્થાનની હદમાં થઇને પોતાનાં છેટેનાં પ્રગણાઓમાં અફીણુ મોકલવું હોય તો યોગ્ય બંદોબસ્તની સાથે તે મોકલી શકે.

૬. સાતમી તથા આઠમી કલમમાં કહ્યું છે તે સીવાય બીજી રીતે દરબાર અથવા ઇજારદાર અથવા સનંદી વેચનાર પાસેથી ખરીદ કરેલ ન હોય તેવું અફીણ કોઈ પણ માણસે પોતાના કબજામાં રાખવું નહીં તથા ઇજારદાર અથવા સનંદી વેચનાર સીવાય બીજા કોઇ શખસે પોતાના કબજામાં દસ તોલા કરતાં વધારે અફીણ રાખવું નહીં.

૭. પાંચમી કલમમાં લખેલ પરવાનગી ચોઠીથી એક જગોએથી બીજી જગોએ લઇ જવામાં આવતાં અફીણને તથા રૂલ પ્રમાણે બહારથી લાવેલું અફીણ જે જગોએ જવાનું ત્યાંના રસ્તામાં હોય ત્યારે તેને અથવા કાઠીયાવાડની હદમાં મુસાફરી કરનાર રાજાઓને છઠ્ઠી કલમ લાગુ નથી.

૮. હરકોઇ "મેડીકલ પ્રેકટીશનર" (વૈદ્ય) ને ઓસડના કામ સારૂજ અફીણ કબજામાં રાખવાની સનંદ આપવામાં આવશે તથા હરકોઇ શખસને દસ તોલા કરતાં આટલું વધારે અફીણ ખાનગી ખરચ સારૂજ પોતાના કબજામાં ફલાણી મુદત સુધી રાખવાનો અધીકાર છે, એવી ખાસ પરવાનગી ચીઠી આપવામાં આવશે.

૯. કોઈ માણસે સનંદ વગર પરચુરણ રીતે અફીણ વેચવું ઠરાવ્યું છે કે, જે કોઇ "મેડીકલ પ્રેકટીશનર" (વૈદ્ય) ને આઠમી કલમમાં કહ્યા પ્રમાણે સનંદ આપી હશે તેને એક પ્રસંગે ઓસડ તરીકે અથવા તૈયાર કરેલા ઔષધી પદાર્થમાં મેળવી ઘણામાં ઘણું દસ તોલા સુધી અફીણ વેચવાનો અધીકાર છે.

૧૦. જે માણસને દસ તોલા કરતાં વધારે અફીણ કબજામાં રાખવાનો કાયદાસર રીતે અધીકાર મળ્યો નહીં હોય તેવા કોઇ માણસને કોઇએ દસ તોલા કરતાં વધારે અફીણ વેચાતું આપવું નહીં.

૧૧. સનદી વેચનાર અથવા ઇજારદાર અથવા "મેડીકલ પ્રેકટીશનર" અથવા આઠમી કલમમાં કહ્યા પ્રમાણે દરબારે આપેલી ખાસ પરવાનગી ચીઠી ધારણ કરનાર શીવાય બીજા કોઇ શખસને કોઈ પરચુરણ વેચનારાએ ખસખસના ઝાડનો જાડો થએલો રસ અથવા તેનો તૈયાર કરેલો પદાર્થ અથવા તે ભેળીને તૈયાર કરેલો પદાર્થ અથવા ખસખસના ઝાડમાંથી તૈયાર કરેલું કેફ લાવનારૂં કંઇ પણ વસાણું દસ તોલા કરતાં વધારે અથવા ખસખસના ડોડવા પાંચશેર કરતાં વધારે વેચવાં નહીં.

૧૨. અફીણનું પરચુરણ વેચાણ કરવાની સનદો ફક્ત દરબાર તરફથીજ આપવામાં આવશે, અને આ સનદમાં નીચે લખી સરતો નાંખવામાં આવશે. તે એકે નીચે બતાવેલી વીગતનો નોંધ રાખવો:—

૧. સંસ્થાન તરફથી વખતો વખત જેટલું અફીણ તેઓને મળે તેનું વજન.

૨. અફીણ ખરીદ કરનારનું નામ તથા રેહેવાનું ઠેકાણું.

૩. જેટલું અફીણ વેચવામાં આવ્યું તેનું વજન.

૪. દરેક તોલા ઉપર લીધેલો ભાવ.

જુદા જુદા આસામોને અરધા તોલા સુધી એક દીવસની અંદર જેટલું અફીણ પરચુરણ રીતે વેચવામાં આવે તેનો કુલ આંકડો તે દીવસના મેળમાં એક રકમે લખવો, ને તેવા પરચુરણ ખરીદદારોનાં નામ ઠામ લખવાની જરૂર નથી.

૧૩. સદરહુ પ્રકારની સનંદ લેનાર દરેક શખસે કરારમાં લખેલી સઘળી સરતો પ્રમાણે પળવા બાબત તે કરારનો સામો લેખ સહી કરીને આપવો જોઇએ, તથા પોતાના કરાર પ્રમાણે ચાલવા બદલ સનંદ આપનારો દરબારી અમલદાર ફરમાવે તેવો જામીન આપવો, અથવા જામીનને બદલે સદરહુ અમલદાર ફરમાવે તેટલો અવેજ અનામત રાખવો.

૧૪. અફીણ પરચુરણ રીતે વેચવાની સનંદ દરબાર તરફથી એક વરસને માટેજ આપવી, અથવા પરચુરણ વેચાણ કરવાના હકનો ઇજારો આપવામાં આવે તો તે પાંચ વરસ કરતાં વધારે મુદતને માટે આપવો નહીં. તમામ સનંદી વેચનારાઓએ તથા ઇજારદારોએ પોતાને જોઇતું અફીણ દરબાર પાસેથીજ લેવું.

૧૫. આ ધારાથી વીરૂદ્ધ ચાલીને જે શખસ (અ) અફીણનું વાવેતર કરશે, (બ) અથવા અફીણ તૈયાર કરશે. અથવા (ક) અફીણ કબજામાં રાખશે, અથવા (ડ) અફીણ એક જગોએથી બીજી જગાએ મોકલશે, (ઇ) અથવા અફીણ બહારથી લાવશે, અથવા બહાર મોકલશે, અથવા (ફ) અફીણ વેચશે, અથવા (જી) સદરહુ ધારાથી વીરૂદ્ધ હરકોઇ બીજી રીતે વરતશે તેની ઉપર યોગ્ય સત્તાવાળા દરબારી અધીકારી રૂબરૂ સાબેતી થએથી સદરહુ પ્રકારના દરએક ગુન્હા બદલ ઘણામાં ઘણી

એક વરસ સુધીની આસાન અથવા સખ્ત મજુરી સાથેની કેદની શીક્ષા થશે. અથવા ઘણામાં ઘણા બે હજાર રૂપીયા સુધી દંડ થશે, અથવા આ બેઉ શીક્ષા થશે, અને દંડ કર્યો હોય ત્યારે દંડ આપવામાં નહીં આવે તો ગુન્હેગારને ઘણામાં ઘણી છ મહીના સુધી કેદમાં રાખવા બાબતનો હુકમ ગુન્હો સાબેત ઠરાવનાર અધીકારીએ કરવો. સદરહુ કેદ આસન અથવા સખ્ત મજુરી સાથેની થઈ શકે, અને બીજી કંઇ પણ કેદની શીક્ષા તેને કરવામાં આવી હશે તે ઉપરાંત છે, એમ સમજવું.

૧૬. છેવટની કલમ પ્રમાણે ફરીઆદ થાય ત્યારે જ્યાં સુધી બીજી રીતે સાબેત કરવામાં આવે ત્યાં સુધી જે અફીણ બાબત તોહોમતદાર ખાત્રી લાયક જવાબ દઇ શકતો નથી તે સઘલું અફીણ જેને માટે આ ધારા પ્રમાણે તેણે ગુન્હો કર્યો છે તેવું અફીણ છે એમ સમજવું.

૧૭. જે કામમાં ૧૫ મી કલમ પ્રમાણે ગુન્હો થયો હોય તેમાં.

(અ) સદરહુ પ્રમાણે વાવેતર કરેલ ખસખસનાં ઝાડો તથા,

(બ) જે અફીણ બાબત તેજ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો કર્યો હશે તે અફીણ.

(ક) તેજ કલમની (ડ) અથવા (ઇ) રકમ પ્રમાણે ગુન્હો કર્યાના કામમાં ગુન્હેગાર પોતાને જેટલું અફીણ એક જગોએથી બીજી જગોએ મોકલવાની અથવા લાવવાની અથવા બહાર મોકલવાની પરવાનગી ( જો એવી પરવાનગી તેને હોય તો ) તેને હશે તેથી વધારે અફીણ એક જગોએથી બીજી જગોએ મોકલતો હશે, અથવા બહાર મોકલતો હશે ત્યારે પ્રસંગ પ્રમાણે તે જે અફીણ એક જગાથી બીજી જગાએ મોકલતો હશે, અથવા લાવતો હસે અથવા બહાર મોકલતો હશે તે સઘલું અફીણ તથા,

(ડ) તેજ કલમની (ફ) રકમ પ્રમાણે ગુન્હો કર્યાના કામમાં જે અફીણ બાબત ગુન્હો કર્યો હશે તે અફીણ શીવાય બીજું અફીણ ગુન્હેગારના કબજામાં હશે ત્યારે તે સઘલું બીજું અફીણ દરબાર તરફથી ખાલસા કરવાને પાત્ર થશે.

આ કલમ પ્રમાણે ખાલસા કરવાને પાત્ર થતું હશે તે અફીણ જે

વાસણોમાં તથા બીંદડીયોમાં અને બારદાનમાં મલ્યું હશે તે વાસણો, બીંદડીયો તથા બારદાનો અને જે વાસણોમાં અથવા બીંદડીયોમાં સદરહુ પ્રકારનું અફીણ સંતાડયું હશે તેમાં બીજો કાંઇપણ પદાર્થ હશે તો તે તથા તે અફીણ લઈ જવાના ઉપયોગમાં લાવેલ જાનવરો તથા વાહનો પણ દરબાર તરફથી ખાલશા કરવાને પાત્ર થશે.

૧૮. ગુન્હેગાર તકશીરવાન ઠરે ત્યારે, અથવા હરકંઇ અફીણ બાબત ગુન્હો કરવાનું તોહોમત જે માણસ ઉપર મુકયું હોય તે બીન તકશીરવાન છે એવો ઠરાવ થાય, પણ તે અફીણ ખાલસા કરવાને પાત્ર છે, એવું દરબારી ઈનસાફ કરનાર અધીકારી ઠરાવે ત્યારે તે અફીણ ખાલસા કરવાનો હુકમ આપવાનો તેને અધીકાર છે.

આ ધારા વીરૂદ્ધ ગુન્હો થયો હશે પણ ગુન્હેગારની ખબર નહીં હોય, અથવા મળતો નહીં હોય ત્યારે, અથવા કોઈ માણસના કબજામાં નહીં હોય એવા અફીણ બાબત ખાત્રી થાય એવી હકીકત જણાતી નહીં હોય ત્યારે તે કામની ચોકસી કરીને હરકોઇ દરબારનો અખત્યાર મળેલો અધીકારી સદરહુ અફીણ ખાલશે કરવાનો હુકમ આપી શકશે.

૧૯. કલમ ૨૦ મીમાં કહ્યા પ્રમાણે જે ઇનામો આપવાનો હુકમ કરવામાં આવે તેની સાથે તથા ખાલસા કરેલ અફીણ ઉપરની પાસ ફી લેણી હશે તો તે પાસ ફીની બે તૃતીયાંસ રકમ સુદ્ધાં પોલીટીકલ એજંટ સાહેબની હજુરમાં દરેક કેસની હકીકતનો સવીસ્તર રીપોર્ટ તુરત કરી મોકલવો જોઇએ. બીજા તમામ દાગીના જે ખાલસા કરયા હશે તેનો નીકાલ દરબાર હુકમ કરશે તે પ્રમાણે થશે.

૨૦. હરકોઈ સતાવાલો દરબારી અધીકારી જે આ ધારાની કલમ ૧૫ માં કહ્યા મુજબ ગુન્હેગારને તકશીરવાન ઠરાવે, અથવા તો કલમ ૧૭ માં લખ્યા મુજબ અફીણ ખાલસા કરવાનો હુકમ આપે તે તેની નજરમાં યોગ્ય લાગે તેવા પ્રમાણમાં ચોરાઉ અફીણ સંબંધી બાતમી આપનારાને તથા બીજા જે સખસોએ સદરહુ અફીણ પકડવામાં અથવા ગુન્હેગારને માથે ગુન્હો સાબીત કરી આપવામાં મદદ આપી હોય તેમને ઇનામ આપી શકે છે, પણ સદરહુ ઇનામની રકમ ખાલસા કરેલ અફીણની કીમતના અરધ ભાગ કરતાં વધારે અને ત્રીજા ભાગ કરતાં ઓછી ન હોવી જોઇએ,

પરંતુ એવું ઠરાવવામાં આવે છે કે, હરકોઇ ખાસ કામમાં સંસ્થાનની હદની અંદર બાતમી આપનારાઓને તથા બીજાઓને યોગ્ય જણાયા પ્રમાણે દરબારથી વધારે રકમનું ઇનામ આપવામાં આવશે.

૨૧. (અ) અમુક મકાનમાં આ ધારા પ્રમાણે ખાલસા કરવાને પાત્ર અફીણ તૈયાર થાય છે, અથવા રાખ્યું છે, અથવા છુપાવ્યું છે એમ માનવાનું તેને કારણ હોય ત્યારે ગમે તે વખતે તે મકાનમાં પેસવાની તથા તેની ઝડતી લેવાની તથા સદરહુ પ્રકારનું અફીણ તથા તે તૈયાર કરવામાં જે જે જનસો ઉપયોગમાં લેવામાં આવી હોય તે સર્વ પકડવાની અને,

(બ) સદરહુ અફીણના સંબંધમાં હરકોઈ પ્રકારનો ગુન્હો અમુક શખસે કરેલો છે, એમ માનવાનું તેને કારણ હોય તેની ઝડતી લેવાની અને તેને પકડવાની અને,

(ક) આ ધારાની કલમ ૧૭ મી મુજબ જે અફીણ, અથવા બીજી ચીજ ખાલસા કરવાને પાત્ર છે એમ માનવાનું તેને કારણ હોય તે રસ્તે જતાં અથવા કોઇ ખુલી જગોમાંથી પકડવાને હરકોઈ દરબારી અખત્યારવાળા અમલદારને અધીકાર છે.

૨૨. કોઇ માણસે આ અફીણ સંબંધી ધારા તોડયાછે, એમ માનવાનું તેને કારણ હોય તો તેને પકડવાનું વારંટ કાઢવાનો અથવા ખાલસા કરવા લાયક અફીણ સંસ્થાનની હદમાં અમુક મકાનમાં રાખ્યું છે, અથવા સંતાડયું છે એમ માનવાનું તેને કારણ હોય તે મકાનની ઝડતી લેવાનો હરકોઇ દરબારના અખત્યારવાળા અમલદારને અધીકાર છે.

૨૩. પકડેલા શખસો અથવા ચીજો સંબંધી આગલ કામ ચલાવવાને માટે દરેક સંસ્થાનમાં સામાન્ય રીતે ચાલતા ફોજદારી કામ સંબંધી ધારાને અનુસરીને વર્તવું.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ, તારીખ ૩ જી એપ્રીલ સને ૧૮૮૪ પુસ્તક ૨૨ મું પાનું ૮૨.)

## જાહેર ખબર નંબર ૧૪ સને ૧૮૮૪.

આ આફીસની જાહેર ખબર નંબર ૪, તારીખ ૧૫મી માર્ચ સને ૧૮૮૪ ની સાથે અફીણના ધારા પ્રગટ કરવામાં આવ્યા છે તેના સંબં-

આમાં પોલીટીકલ એજન્ટ સાહેબ ભરોસાની સાથે આશા રાખે છે કે, બ્રીટીશ સરહદની નજીક જે સ્વસ્થાનો તથા તાલુકાઓનો મુલક આવેલો છે, તેઓ સદરહુ ધારાની કલમ ૨૦ મુજબ અમલ કરતી વખતે શરહદથી દસ માઇલની અંદર દાણુ ચોરીનું અફીણુ પકડાયું હોય તેવા કામમાં મેહેરબાન કરનલ કીટીંજ સાહેબની તારીખ ૨૩ મી એપ્રીલ સને ૧૮૬૪ વાળી જાહેર ખબર ધ્યાનમાં રાખી સદરહુ અફીણુ સંબંધી ખબર આપનારને અથવા બીજા શખસો જેઓએ સદરહુ અફીણુ પકડવામાં મદદ આપી હોય તેમને ખાલસા કરેલ અફીણુની અરધ ઉપજ કરતાં ઓછું (ઇનામ) આપશે નહીં.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્ટ સાહેબની ઓફીસ.
તારીખ ૨૬ મી માર્ચ સને ૧૮૮૪, મુકામ બાલાચડી.

એડવર્ડ ડબલ્યુ. વેસ્ટ, લેફટેનન્ટ કરનલ.
પોલીટીકલ એજન્ટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ તારીખ ૨૪ મી જુલાઇ સને ૧૮૮૪ પુસ્તક ૨૨ પાનું ૧૯૫ મું.)

## જાહેર ખબર. નંબર ૩૨ સને ૧૮૮૪.

જાહેર ખબર નંબર ૪૪ તારીખ ૨૩ ડીસેમ્બર સને ૧૮૭૫ ની એજન્સી ગેજેટને પાને ૨૫૭ તારીખ ૩૦ ડીસેમ્બર સને ૧૮૭૫ ને રોજ પ્રગટ કરવામાં આવેલ છે, તેના સંબંધમાં બ્રીટીશ સરહદ ઉપર કાઠીયાવાડમાં મીઠાની વખાર રાખવા બાબત તથા મીઠાનું શી રીતે વેચાણુ કરવું તે બાબતની ગોઠવણુ કરી સરકારના ફરમાનથી સર્વેને ખબર થવા માટે નીચે લખી જાહેર ખબર પ્રગટ કરવામાં આવે છે:—

૧. જાહેર ખબર નંબર ૪૪ સને ૧૮૭૫ ના પારીગ્રાફ બીજામાં બતાવેલી દસ માઇલની સરહદ ઉપર આ સાથેના પત્રકમાં દરસાવ્યા પ્રમાણે ફકત વખારો રાખવામાં આવશે.

૨. મીઠાના અગરો અથવા જે જગોએ મીઠું પાકે છે, તે શીવાયની મીઠાની વખારોમાં કેટલું મીઠું રાખવું તે દરેક માણસ દીઠ બાર

પાઉંડ પ્રમાણે હીસાબ ગણી જે ગામડાઓને સદરહુ વખારોમાંથી મીઠું પુરૂં પાડવામાં આવતું હશે તેના છેલા વસ્તી પત્રક થયા છે તે ઉપરથી મુકરર કરવામાં આવશે.

૩. વરસાદની મોસમમાં એટલે તારીખ ૧ જુનથી તે તારીખ ૧ અકટોબર સુધી મીઠું ચાર મહીનાને માટે જેટલું જોઇએ તેટલું વખારમાં ભરી રાખવું, અને બીજી મોસમમાં બે માસને માટે જેટલું મીઠું જોઇએ તેના કરતાં વધારે મીઠું વખારમાં રાખવું નહી.

૪. બનતાં સુધી દરએક ગામડામાં એક ઇજારદાર નીમવો, કે જેણે તેના ગામડાને માટે જે વખારમાંથી મીઠું પૂરૂં પાડવામાં આવતું હોય ત્યાંથી પાસ લઇને મીઠું લઇ જવું, કોઇ પણ ઇજારદાર બીજે કયાંથી મીઠું લાવશે તો તે સને ૧૮૭૩ ના મુંબઇ આક્ટ ૭ પ્રમાણે સજાને પાત્ર થશે. જ્યાં ઇજારદાર ન હોય ત્યાં ચાલતા રીવાજ પ્રમાણે ચનંદી ફેરીઆ મીઠું પૂરૂં પાડશે.

૫. કોઈ પણ માણસ પાસ વગર વેચવાને માટે અથવા પોતાના ખપ શીવાય બીજા હરકોઈ કારણને માટે મીઠું લાવશે તો તે ઉપર કહેલા કાયદાની કલમ ૫૧ ને આધારે શીક્ષાને પાત્ર થશે.

૬. જ્યાં જ્યાં મીઠું કુદરતી રીતે જામે છે તે બધી જગોએ કાઠીયાવાડમાં જેટલું મીઠું ખરેખરી રીતે ખપને માટે જોઈએ તેટલું એકઠું કરવું, અને વખારમાં રાખવું. આ શીવાયનું વધારાનું સઘળું મીઠું અથવા જે ઉતરતી જાતનું હોવાથી વખારમાં ભરાય એવું ન હોય તેવું મીઠું નાસ કરવું.

૭. ઉપરના ધારા પ્રમાણે ચાલવાની જુમેદારી જે સ્વસ્થાનો તથા તાલુકાઓ હકુમત ભોગવે છે ત્યાં તે સ્વસ્થાન તથા તાલુકાના દરબારો ઉપર, અને થાણા સરકલોમાં થાણાના ઈનચાર્જ સરકારી અમલદારો ઉપર રેહેશે. સદરહુ રૂલો તોડનારને મુંબઇના મીઠાના કાયદાને આધારે સજા કરવામાં આવશે.

૮. આ ધારો કોઇ તોડશે અથવા તેમાં ગફલત કરશે તો તેણે સને ૧૮૭૫ ની જાહેર ખબર નંબર ૪૪ ની શરતો તોડી અથવા તેમાં કસુર કરી એમ ગણવામાં આવશે. અને તે પ્રસંગે ઉપર કહેલી જાહેર ખબરની કલમ ૭ મુજબ અમલ કરવામાં આવશે.

પત્રક.

| | | | |
|---|---|---|---|
| ભજાણા. | વીઠલગઢ. | તલસાણા. | જાંબુ. |
| રલોલ. | બલોલ. | કમાલપર. | નાગનેસ. |
| કારોલ. | લીંબડી. | ચુડા. | સુદામડા. |
| ધાંધલપર. | પાલીઆદ. | | |

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,

રાજકોટ, તારીખ ૧૧ જુલાઈ સને ૧૮૮૪.

એડવર્ડ. ડબ્લ્યુ. વેસ્ટ, લેફ્ટનંટ-કરનલ,
પોલીટીકલ એજંટ.

---

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૬ નવેમ્બર ૧૮૮૪ પુસ્તક ૨૨ પાને ૩૧૬).

## જાહેર ખબર.

નંબર ૩૦ સને ૧૮૮૪.

મેહેરબાન મીસ્તર પીલ સાહેબે તૈયાર કરેલી નીચેની સમરી જેમાં કાઠીયાવાડમાં વળતર સંબંધી ધારો બતાવવામાં આવ્યોછે તે બધાને ખબર થવા માટે પ્રસીદ્ધ કરવામાં આવ્યોછે:—

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી, રાજકોટ. તારીખ ૪ જુલાઇ સને ૧૮૮૪.

એડવર્ડ ડબ્લ્યુ. વેસ્ટ, લેફ્ટેનંટ કરનલ,
પોલીટીકલ એજંટ.

કાઠીયાવાડના સંસ્થાનોની વળતર બાબતમાં જવાબદારી તેઓએ કરી આપેલ ટીટીના કરાર મુજબ તથા પાછળથી પોલીટીકલ કોર્ટોની સમજુતી માટે સરકારે જે જે ઠરાવો કરેલા છે તેને આધારે પોલીટીકલ અમલદારો મુકરર કરેછે.

૧. ફેલ જામીન ખતના ઇંગ્રેજી તરજુમાની ૩ જી કલમથી રાજાઓ કોઈ મુસાફરોને રસ્તા ઉપર લુંટ થવાથી કાંઇ નુકસાન થાય તો તેનો બ-

દશો વાળી આપવાને બંધાએલ છે, અને ત્યારપછી સદરહુ રાજાઓની ફરજ એછે, કે તેઓએ તેની તજવીજ પુરી કરવી અને જો તજવીજ કરવામાં તે ફતેહ પામે અને ચોરોના પગલાં બીજા તાલુકામાં બતાવી આપવામાં આવે તો તે તાલુકાનો તાલુકદાર જે તાલુકાની હદમાં લુંટ થઈ હોય તે તાલુકાના તાલુકદારને વળતર અથવા કંપેન્શેશન આપવા બંધાએલ છે.

આ પ્રમાણે પીછો લેવાનો હુકમ છે, અને જો પીછો લેવામાં ફતેહ ન પામે તો જે તાલુકાની હદમાં લુંટ થઇ હોય તે તાલુકો પુરેપુરૂં વળતર આપવા જવાબદાર રહે છે.

૨. ફેલ જામીન બાંડના ઇંગ્રેજી તરજુમા પ્રમાણે અમલ ઘણા વરસ થયાં થાય છે તેને આધાર તરીકે ગણવામાં આવેછે પણ ગુજરાતી લખત (જે કે તાલુકદારોએ લખી આપેલ અસલ દસ્તાવેજ છે તેમાં) કાંઇક વધારે છે તે એ કે "જે દરબારના મુલકમાં મુસાફર લુંટાયો હોય તે તાલુકદાર ચોર અથવા ચોરોને પકડી આપે તો વળતર આપવાને જવાબદાર નથી" આ પણ કબુલ રાખવું જોઇએ.

૩. પ્રથમ એમ સમજવામાં હતું કે જો એક તાલુકદારના પગી પીછો લેતાં બીજા તાલુકામાં સગડ લઇ જાય તો તેથી પ્રથમ કહેલા તાલુકદાર પોતાની જુમેદારી બીજા તાલુકા ઉપર નાખેછે. મેહેરબાન કરનલ કીર્ટીંજ સાહેબે પોતાના લેટર નંબર ૨૦ ડબલ્યુ તારીખ ૧૮ જાનેવારી સને ૧૮૮૬ માં સરકારને એવો અભીપ્રાય બતાવ્યો હતો કે, પગીયોથી હરામખોરોના સગડ ચલાવવાની જે રીત છે તે બગડી ગઇ છે, અને વીશ્વાસ રાખવા લાયક નથી, અને એવી દરખાસ્ત કરી હતી કે, પગીઓના અભીપ્રાય (એક્ષપર્ટ) એવા કામમાં ખાસ વાકેફગાર માણસ તરીકે કબુલ રાખવો ન જોઇએ, પણ સગડની વાત પોલીસે લીધેલા પુરાવા તરીકે ગણવી જોઇએ, અને અમુક ગામની જમીનમાં તેણે સગડ પોહોચાડયો છે એવી ફક્ત પગીનીજ જુબાની ઉપરથી વળતર અપાવવું ન જોઇએ. આ દરખાસ્તો સરકારે રદ કરી નહીં, અને તેથી તે મંજુર કરી છે, એમ ગણીએ સારાંશ બીજા તાલુકામાં સગડ લઇ જવાથી તથા ત્યાં છોડી દેવાથી નહીં, પણ ચોરનો પતો લગાડી તેમને પકડવાથીજ જે તાલુકદાર પેહેલે દરજે જવાબદાર છે તે પોતાની જવાબદારીમાંથી મુક્ત થાય છે.

૪. તેના જવાબમાં સરકાર પોતાની તારીખ ૯ જુલાઇ સને ૧૮૬૬, નંબર ૧૫૧૮ (રાજ્ય પ્રકરણી ખાંતાના) કાગળમાં જણાવ્યું હતું કે, રાજાઓએ જે કરાર કરી આપ્યો છે તે સામાન્ય રીતે કાયમ રાખતાં તેને આધારે સરકારે બ્રીટીશ રૈયતને માટે નીચેને પ્રસંગે ફક્ત વળતર માગવાનો દાવો રાખે છે:—

અ.—જ્યારે તે પ્રગણામાં ગુન્હાઓ વારંવાર બનતા હોય,

બ.—લુંટાએલ માણસને મદદ કરવાની ગફલત સાબીત થએલ હોય ત્યારે,

ક.—દરબારના અમલદારોએ લુંટારાઓને મદદ કરવાનું અથવા તેમના કૃત્ય સામે ચશ્મપોશી કરવાનું સાબીત થાય ત્યારે.

જ્યારે એક સ્ટેટની રૈયત બીજા સ્ટેટ ઉપર દાવો કરે ત્યારે આજ ફેસલો લાગુ કરતાં પોલીટીકલ આફીસરની કોર્ટને છેવટની અપીલ કોર્ટ ગણવી એમ બલામણ કરવામાં આવી હતી.

આ ધારાઓ હમણા અમલમાં છે.

૫. સગડના ધારાઓ કાઠીઆવાડ ડીરેકટરીને પાને ૩૨૯ મે પ્રસીદ્ધ થએલા છે. સ્ટેટના અમલદારો પોતાને માથેથી જવાબદારી દુર કરવા માગતા હોય તો તેઓએ તથા ફરીયાદીઓએ અમુક શરતો પ્રમાણે વર્તવું એમ તેમાં ફરમાવ્યું છે, પણ ફક્ત સદરહુ શરતો પ્રમાણે વર્તવાથીજ કસુર કરનારની વીરૂદ્ધ કેસ ફેસલ કરવાનો નથી. પોલીટીકલ અમલદારોની નજરમાં વાજબી જણાયા પ્રમાણે તે હકીકતનું તેઓ વજન આપશે.

૬. પોતાની લુંટાએલી મીલકત કેવા પ્રકારની હતી તથા તેની કીમત કેટલી હતી તથા સદરહુ મીલકતની ડાહાપણ ભરેલી રીતે વ્યવસ્થા તેણે રાખી હતી તે સંબંધી પુરતો અને સ્પષ્ટ પુરાવો ફરીયાદીએ રજુ કરવો જોઇએ.

૭. વળતરના કામમાં ધારો નીચે પ્રમાણે છે—ફરીયાદી જે તાલુકાની હદમાં લુંટાઓ હોએ તે તાલુકામાં તેણે પ્રથમ ફરીયાદ કરવી જોઇએ, અને ત્યાંહાંથી જો તે નારાજ થાય તો તે આસીસ્ટંટ પોલીટીકલ એજંટ સાહેબને અપીલ કરી શકેછે. જેઓ સાહેબ પોતાની કોરટના પોલીટીકલ દાવા તરીકે સદરહુ અપીલ સાંભળશે "ફરીયાદી વાદી અને દર-

બાર પ્રતીવાદી" તે ઉપર બીજી અપીલ 'પોલીટીકલ એજંટ સાહેબની હજુર કોરટમાં થઇ શકે છે.

૮. નીચેના કેસોમાં વળતરનો દાવો ચાલી શકતો નથી:—

અ—ઘર ફોડવાના અથવા ખાતર પાડવાના કેસોમાં, ટ્રીટીની શરતો ફક્ત મુસાફરોને ધોરી રસ્તા ઉપર લુંટે તેને માટેછે.

બ.—કાઠીયાવાડની રૈયત કાઠીયાવાડની બહાર જઇને લુંટ કરી આવે તેવા કેસોમાં સરકારના ઠરાવ નંબર ૩૩૦૮, તારીખ ૩૦ મેએ સને ૧૮૭૩ માં ફરમાવેલું છે કે, કરાર મુજબ ઇલાકાની હદમાંજ લુંટ થઈ હોય ત્યારેજ વળતરનો દાવો થઇ શકે, અને તાલુકદારોની રૈયત પર-હદમાં જઇને કાંઇપણ કૃત્ય કરી આવે તેને માટે તે-ઓની (તાલુકદારની) પાસેથી વળતરની માગણી કરવી એ ગેરવાજબી છે.

૯. પરંતુ તાલુકદારોએ બીજો એવો એક કરાર કર્યો છે કે, અમારે ચોરોને રાખવા નહીં અને જો તેમાં કસુર થાય તો સરકાર માગે તેવો જવાબ દઇએ. જુઓ ફેલ જામીન બોન્ડની કલમ ૧ તથા ૪. પોલીસના બંદોબસ્તની ખામી માટે દરબારોનો દંડ આ આધારે થઈ શકે છે. આ કરારની રૂએ બીજા કેટલાએક પ્રસંગો જેવા કે નીચે જણાવેલા છે, તેવામાં પોલીટીકલ રીતે દંડ થઇ શકેછે:—

અ. એક તાલુકદારના ગામ ઉપર ચોરોના સગડ આવ્યા હોય તે આગળ ચલાવી આપવાની કસુર બદલ,

બ. ઘરમાં ખાતર પડ્યાના, લુંટના, અથવા ચોરોની પાછળ લાગવાના પ્રસંગમાં પોલીસની ખામી બદલ.

ક. જ્યારે ચોખી રીતે એમ સાબીત થાય કે જે હરામખો-રોએ બીજા ઇલાકામાં લુંટ કરીછે, તે કાઠીઆવાડમાંથી પ્રથમ આવલા તથા પાછા કાઠીઆવાડના તાલુકામાં ગયા છે તેવા ચોરોને આશરો આપવા માટે.

કેસ ફેંસલ કરનાર પોલીટીકલ ઓફીસરની નજરમાં યોગ્ય જણાય

તો નુકશાન પામે તે શખશને દંડનો ભપો અથવા થોડો ભાગ વળતર તરીકે આપી શકે છે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,                જે. બી. પીલ,
રાજકોટ, તારીખ ૭ ડીસેમ્બર સને ૧૮૭૫.        પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૯ મી સપ્ટેમ્બર સને ૧૮૮૬
પુસ્તક ૨૪ પાનું ૨૫૬).

(કારભારીઓની સભા સને ૧૮૮૪ના રોજે રાજકોટમાં ભરાઇ
તેના રોજ કામમાંથી નીચે દરસાવેલો ઇન્તેખાબ
લેવામાં આવ્યો છે.)

## સાક્ષીઓને હાજર કરવા માટે વારંટ.

૧૯. નીચેના સવાલોની પણ સ્વસ્થાનોના કારભારીઓ સાથે ચરચા કરવામાં આવી:—

(૧). એજન્સી કોરટમાં સાક્ષીને હાજર થવાનો સમન પ્રથમ માનવામાં આવ્યો ન હોય તો તે સાક્ષીને હાજર કરવા સારૂ એજન્સી કોરટ જે વારંટ કાઢે તેનો અમલ કાઠીયાવાડના સ્વસ્થાનોએ કરવો કે કેમ ?

(૨). આવી રીતે એજન્સી કોરટોએ પણ અરસ પરસ અમલ કરવો કે કેમ ?

૨૦. સ્વસ્થાનોનાં કારભારીઓ જાહેર કરે છે કે, એજન્સીની કોઈ કોરટો તરફથી કાઢેલું રીતસર વારંટ બજાવી આપવાને હરકત છે, પણ તેઓ એકમતે કબુલ કરેછે કે, જે એજન્સી કોરટોને કોઈ સાક્ષીની જરૂર પડે અને તે હાજર થવામાં કસુર કરે તો તેને પોતાની કોર્ટોના ધારાને અનુસરીને હાજર કરાવવાનો બંદોબસ્ત કરી આપશું, અને તેઓ વીનંતી કરે છે કે, એજન્સીની હકુમતમાં કોઈ સાક્ષી રહેતો હોય અને તેને કોઇ સ્વસ્થાનોની કોરટમાં હાજર થવાની જરૂર પડે તો એજન્સીની કોરટોએ તેવીજ રીતે બંદોબસ્ત કરી આપવો જોઇએ.

૨૧. આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ ઉપર પ્રમાણે કરવામાં કાંઈ હરકત જોતા નથી.

### ગાડા ભાડું. *

૨૨. વેઠીઆ ગાડાનું ભાડું આપવાં બાબતમાં જે ધારા છે તે પ્રમાણે કેટલીક વખત બરોબર વર્તવામાં આવતું નથી તથા કેટલીક

---

નોટ.—*ગાડાં વિગેરે ભાડે લેવાના નીચે લખેલા ધારાઓ પ્રથમ કાઠીયાવાડમાં સને ૧૮૬૪ માં નામદાર કીટીંજ સાહેબે દાખલ કર્યા હતા.

તાલુકદારો પાસેથી જે ગાડાં મંગાવવામાં આવે છે, તેના ભાડાનો ચાલતો દર ફેરવવાનું સ્વસ્થાનોના વકીલો સાથેની બેઠકમાં ઠરતાં, નીચે મુજબ દર ઠરાવવામાં આવ્યો છે, અને તે તારીખ ૧ માર્ચ સને ૧૮૬૪ થી લાગુ પડશેઃ—

તારીખ ૧ અકટોબરથી તારીખ ૧૫ જુન સુધી નીચે મુજબ.

૧. બે અથવા વધારે બળદ વાળા ગાડામાં ૨૦ મણ ( ૪૦ સેરનો એક મણ ) સુધી ભાર ભરવો અને તેનું ભાડું દર કોશે ( બે માઇલ ) ૩ આના મુજબ આપવું, પણ પાંચ કોશ અગર તેથી ઓછું ચાલ્યા હોય, ત્યારે એક ગાડાનું ભાડું એક રૂપીયાથી કોઈ પણ પ્રકારે કમી આપવું નહીં. અને એકનું એક ગાડું વાજબી મજલ સુધી લઈ જવું.

૨. શીગ્રામ અથવા ગાડી સારૂ બે બળધો ( ગાડા શીવાએ ) નું ભાડું ઉપર મુજબ આપવું.

૩. બેગારી ૧ને દર કોશે એક આના મુજબ આપવું.

૪. રસ્તાના ભોમીયાને દર કોશ ૧ની ૯ પાઇ મુજબ આપવું.

૫. પગી અથવા રાતની ચોકી વાળાને એક રાતના ૩ આના આપવા.

તારીખ ૧૬ જુનથી તારીખ ૩૦ સપટેંબર સુધી.

૬. પેહેલી તથા બીજી કલમમાં જેને વાસ્તે જે દર ઠરાવ્યો છે, તેથી બમણા દર મુજબ આપવું.

બાબતમાં મુકરર કરેલો દર સખત માલમ પડે છે એવી વાત મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબના ધ્યાન ઉપર આવવાથી તે ધારામાં ફેરફાર કરવા આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબને યોગ્ય જણાય છે, અને સ્વસ્થાનોના કારભારીઓની સાથે વીચાર કરી આ પ્રાંતમાં હવે પછી નીચેનો દર ઠરાવે છે.

| | ઉઘાડી મોસમમાં દર ગાઉએ | ચોમાસામાં દર ગાઉએ |
|---|---|---|
| ચોકીઆ ગાડાના......... | ૩ આના.............. | ૪ આના |
| બેડીઆ ગાડાના......... | ૨ આના.............. | ૩ આના |
| બળદની જોડ (ગાડા સીવાય). | ૨ આના.............. | ૩ આના |

૭. કોઇ ગાડાને બાર કલાક રોકયું હોય તો, તેને દર ગાડે આઠ આના મુજબ ભથું આપવું.

૮. મુકામસર થયા પછી ચાર કલાકની અંદર સઘળા ગાડાનું ભાડું ચુકવી આપવું. જો કોઈ ગામે રાત પડી ગયા પછી પોહોંચાય તો વલતે દીવસે સુર્ય ઉગ્યા પછી એક કલાકની અંદર આપવું, અને તે ઉપરાંત જેટલા વખત સુધી રોકી રાખે તેનું દર કલાકે દર ગાડે ૧ આનો વધારે આપવો.

૯. કોઈ ગાડાને કાંઇ પણ કારણથી એક વાજબી મજલથી વધારે લઇ જવું નહીં.

૧૦. એક ગામે આવી પોહોંચ્યા પછી જેટલાં ગાડાં જોઈતાં હોય તેના ખબર તુરતજ દેવા. અને તે પ્રમાણે વાજબી મુદતની અંદર પુરાં પાડવાને તાલુકદાર તરફના અધીકારીની ફરજ છે; એ પ્રમાણે પુરા પાડવામાં તેઓ કસુર કરશે તો તેની પોલીટીકલ એજંટ સાહેબને નકી ખબર મલેથી તેઓનો દંડ થાશે અને તે દંડ જેટલી ઢીલ કરવામાં આવી હશે, તેના પ્રમાણમાં કરવામાં આવશે.

દાર ઓછામાં ઓછો દર એક રૂપીઓ અપાય છે તેને બદલે આઠ આના ઠરાવવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે ગાડા ભાડાના દરમાં ફેરફાર કરતાં આકટીંગ પોલીટીકલ એજંટ સાહેબ એવી આશા રાખે છે કે, આ પ્રાંતના તમામ અમલદારો ઉપર બતાવેલા નવા દર મુજબ ગાડાવાળાઓને બરાબર પૈસા અપાવવા માટે સંભાળ રાખશે

---

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૧૧ મી આગષ્ટ સને ૧૮૮૭, પુસ્તક ૨૫, પાનું ૧૭૦).

**જાહેર ખબર. નંબર ૧૮ સને ૧૮૮૭.**

પોલીટીકલ ખાતાના સરકારના ઠરાવ નંબર ૪૫૪૨, તારીખ ૩ જી આગષ્ટ સને ૧૮૮૭ વાળામાં મંજુરી ફરમાવ્યા પ્રમાણે સર્વેને ખબર આપવામાં આવે છે કે, મારજીનમાં લખ્યા થાણાઓ તથા સીવીલ સ્ટેશનોમાં જુગાર રમવાના ગુન્હાઓનો ઇનસાફ સને ૧૮૬૬ના આકટ ત્રીજાના "સ્પીરીટ" ઉપર સુરત રાખી કરવામાં આવશે, અને સ્થાનીક કાયદા કરનારી કાંઉન્સીલમાં સદરહુ આકટમાં સુધારો કરવાનો વીચાર ચાલે છે, તે ઉપરથી જે સુધારો થશે તેનો "સ્પીરીટ" પણ સદરહુ થાણા તથા સ્ટેશનોને લાગુ થશે, એમ સમજવું.

| | |
|---|---|
| સોનગઢ | સીવીલ સ્ટેશન. |
| જેતલસર | સદર. |
| બગસરા | થાણું. |
| ચોટીલા | સદર. |
| ધરાફા. | સદર. |
| બાબરા | સદર. |

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૬ ઠી આગષ્ટ સને ૧૮૮૭.

જી. ઈ. હેનકોક, લેફ્ટેનંટ-કરનલ,
આકટીંગ પોલીટીકલ એજંટ.

---

કારભારીઓની સભા તારીખ ૪ થી અકટોબર સને ૧૮૮૭ ના રોજ એજન્સીમાં ભરાઇ તેનાં રોજ કામ મધેથી નીચે દરસાવેલો ઇન્તેખાબ આ જગાએ લેવામાં આવ્યાં છે:—

૨૭. **અફીણ બાબત**—ગોહીલવાડ પ્રાંતના મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ સાહેબ બતાવે છે કે, અફીણના ધારાના છઠ્ઠા પારીગ્રાફની પહેલી કલમમાં ફરમાવ્યું છે કે કોઇ માણસ પાસે દસ તોલા સુધીનું અફીણ દરબાર અથવા ઇજારદાર અથવા સનંદી વેચનાર પાસેથી ખરીદ કરેલું હોય તો હરકત નહીં, 'પણ તેમાં ખુલ્લું બતાવ્યું નથી કે જે સ્વસ્થાનનો રહીશ તે સખસ હોય તે સ્વસ્થાનનોજ સદરહુ ઇજારદાર અથવા સનંદી વેચનાર હોવો જોઇએ, માટે બીજા સ્વસ્થાનના સનંદી અથવા ઇજારદાર પાસેથી ખરીદ કરેલું દસ તોલા સુધીનું અફીણ 'જેની પાસે હોય તેવા માણસે અફીણના ધારા ઉલંઘન કર્યા એમ કહી શકાય નહીં. ભાવનગર સ્વસ્થાન આ વીચાર વીશે વાંધો લે છે, અને કહે છે કે જો સદરહુ વીચાર બહાલ રાખવામાં આવે તો તેથી પોતાની મહેસુલના હકને મોટો ધકકો લાગે તથા દાણચોરીમાં પણ વૃદ્ધી કરશે.

સભાનો એવો અભીપ્રાય થાય છે કે, કોઇપણ જગોએ જકાત આપી હોય એવું દસ તોલા સુધીનું અફીણ કોઇ સખસની પાસે હોય તો તે બીજા સ્વસ્થાનમાં ખરીદ કર્યું છે, તે સબબથીજ કાયદા વીરૂદ્ધ થયું એમ કહી સકાય નહીં, અને તેનો માલીક ગેરકાયદાસર અફીણ રાખવાને પાત્ર થતો નથી; પરંતુ સ્વસ્થાનોની મેહેસુલના રક્ષણ માટે તથા દાણચોરીના અટકાવને માટે એવો ધારો કરવાની જરૂર જણાય છે કે અફીણ ખાનારાએ પોતાના ખપ જેટલું અફીણ જે સ્વસ્થાનનો તે રહોશ હોય તે સ્વસ્થાનના ઇજારદાર અથવા સનંદી વેચનાર શીવાય કોઈ બીજા પાસેથી ખરીદ ન કરવું, અને આ ધારાનું જે કોઇ ઉલંઘન કરશે તેની પાસેથી દરબાર અફીણ છીનવી નહીં લે પણ તેને દંડની શીક્ષા કરે. કારભારીઓ એમ ધારે છે કે થોડા થોડા અફીણની દાણચોરી કરવાનું હાલ અસાધારણ નથી તેવી દાણચોરીનો મોટો અટકાવ કરતાં આ ધારો થઈ પડશે.

સંધ બુદ્ધીથી મુસાફરી કરનારાઓ પોતાની મુસાફરીમાં અફીણ પોતાની પાસે રાખે અથવા ખરીદ કરે તેને આ ધારો લાગુ પડતો નથી. (તારીખ ૪ થી અકટોબર સને ૧૮૮૭)

## હથીયારનાં પરવાના.

૩૧. "સ્વસ્થાનો તરફથી જાહેર કરવામાં આવ્યું કે, સને ૧૮૮૦* માં ધારો થયો છે કે, કોઇ માણસને હથીયાર બાંધવાને પરવાનો આપ્યો હોય તે ખોવાય તો તેને એક વરસ સુધી હથીયાર ન બાંધવા દેવા. આ ધારાથી સ્વસ્થાનોની જાથુની સીરબંધીના માણસો, પેદળ અને સ્વાર બંને-ને, ઘણી અગવડ અને હરકત પડે છે તેથી એવી સુચના કરે છે કે, જો તે પરવાનો ગફલતથી ખોવાયો હોય તો તે ખોનાર સખસનો એક મહીના સુધીના પગારનો દંડ કરવો. પણ કદાપી એમ જણાય કે તે પરવાનો કોઈ બીજા માણસને વાપરવાને માટે જાણી જોઇ સદરહુ સખસે આપ્યો છે તો તેને વધારે યોગ્ય સજા કરવી.

**નોટ.***—કારભારીની સભાના રોજકામમાંથી નીચેના ઈન્તેખાબો લક્ષમાં લેવા જરૂર જાણી આ જગાએ નોંધેલાં છે :—

૨૧. **હથીયારના પરવાના બાબત.**—સોરઠ પ્રાંતના મેહેરબાન આસીસ્ટંટ સાહેબ તરફથી લખીને જાહેર થયું કે, સ્વસ્થાન જુનાગઢ ઉપરના કેટલાક બહારવટીઆ હાલમાં પકડાણા તે હરામખોરો પાસેથી બીજા તાલુકાના પસાયતા વીગેરેને મળેલા હથીઆરના પરવાના હાથ આવેલા છે, આ ઉપરથી મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબે તજવીજ કરાવી તો દરસાલ તમામ સ્વસ્થાન તથા તાલુકામાં મળી આશરે સાડા-ત્રણસો પરવાના ખોવાય છે, ને તે બાબત ઉપાય ફકત એટલોજ થાય છે, કે એજન્સી ગેઝેટમાં જાહેર ખબર છપાવે છે, પરંતુ તેણે કરી પરવાના જાળવવાની ખરી ચીવટ રહેતી નથી તેમ તે બીજા લોકો વાપરી ન શકે તેમ પણ બનતું નથી. વાસ્તે પરવાના ખોવાય નહીં તે માટે સખ્ત બંદોબસ્ત કરવાની જરૂર છે, એવી દરખાસ્ત મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબે મુકતાં તમામે એકમત થઇ કબુલ કીધું કે, જે સખસ પરવાનો ખુએ તેનો હાલમાં ઘટારત દંડ કરવામાં આવે છે તે સાથે બીજો એવો ઠરાવ કરવો કે જેણે પરવાનો ખોયો હોય તે સખસ ગમે તેવો હોય તેને એક વરસ સુધી હથીયાર રાખવા દેવા નહીં. તમામ પરવાનામાં મુખ્ય કારભારી કે તેની દેખરેખ નીચે નીમા-યેલો બીજો એકજ અમલદાર સહી કરે. તમામ પરવાનાની એક રજીષ્ટર

તેઓ જાહેર કરે છે કે, આ ધારામાં સને ૧૮૮૩ ની સાલમાં પરવાનાની બાબતમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે એટલે કે, એક વરસ સુધી હથીયાર નહીં રાખવા દેવાને બદલે રૂપીયા પાંચની દંડની સજા કરવાનું ઠર્યું છે, અને તેજ પ્રમાણે જાથુ સીરબંધીના માણસની બાબતમાં પણ એવીજ રીતનો ફેરફાર કરવાની જરૂર છે.

---

બુક રાખેલી હોય તે પ્રમાણે તળ સ્વસ્થાન તથા તાલુકામાં તથા તાબાના તમામ ગામોમાં ૭ ૭ મહીને રજીષ્ટર બુક પ્રમાણે તમામ અસલ પરવાના જોઈ મેળવી જવા, તેમાં જે પરવાના ખોવાયા માલમ પડે તે બાબત તથા નોંધ પ્રમાણે બરાબર મળી રહે તો તે બાબત કારભારી તરફ ૭ ૭ મહીને તાબાના અમલદારોએ રીપોર્ટ કરવો તેમાં કોઈ રીતે કસુર થવા દેવી નહીં. બીન અખ્તયારી તાલુકાઓમાં એજ પ્રમાણે બંદોબસ્ત પ્રાંતના સાહેબોએ થાણુદારો મારફત રખાવવો. (તારીખ ૨૦ મી જુલાઇ સને ૧૮૮૦.)

૨૪. તારીખ ૨૦મી જુલાઇ સને ૧૮૮૦ ની સભાના પ્રોસીડીંગની ૨૧ મી કલમમાં જે ઠરાવ થયો છે, તે સબંધી કારભારીઓ તરફથી જાહેર કરવામાં આવ્યું કે, પરવાનો ખોનાર માણસની કાંઇ ગફલત કે કસુર વગર પરવાનો ખોવાયો હોય તેવા કામમાં તેને એક વરસ હથીયાર બાંધવા નહીં દેવાની શીક્ષાની માફી થવી જોઇએ. આ વીશે વીચાર કીધા પછી ઠરાવ થયો કે, તેવા કોઈ કેશ બને તેના ખબર પ્રાંતના સાહેબને દેવા ને તેમની નજરમાં પરવાનો ખોનારની ગફલત નહીં માલમ પડે તો ઉપર કહેલી શીક્ષા તેને નહીં કરવા પોલીટીકલ એજંટ તરફ લખશે. (તારીખ ૩ જી ઓગષ્ટ સને ૧૮૮૧).

૩૩. મેહેરબાન મેજર સ્ટેસ સાહેબે એવી દરખાસ્ત કરી કે, થાણા તાબાના થોડા અખ્તીયારવાળા તથા બીન અખ્તીયારી તાલુકદારોને કાઠીઆવાડની હદમાં હથીયાર લઇ જવાના પરવાના એજન્સી ગેઝેટની જાહેર ખબર નંબર ૩૯, તારીખ ૧૫ મી સપટેંબર સને ૧૮૮૦ મુજબ આપવાની મને છે. તે કાઢી નાંખી સદરહુ તાલુકદારોને બરાબર સાવચેતી રાખી પરવાના રાખવાનો અખ્તીયાર આપવો જોઇએ.

૩૪. આ ઉપરથી એવો ઠરાવ કરવામાં આવ્યો કે, થાણુદારની દેખ-


પોલીટીકલ એજંટ સાહેબ પ્રાંતના અધીકારી સાહેબો જે હાજર

રેખ નીચેના થોડા અખ્તીયારવાળા તાલુકદારોની બાબતમાં ઉપરનો મનાઇ હુકમ.રદ કરવો, અને અમુક સરતે તેઓ એવા પરવાના આપે એવી તેમને પરવાનગી આપવાની પ્રાંતના સાહેબોને સત્તા આપવી. તે સરતો એવી કે, કેટલા પરવાના આપવાના તેની સંખ્યા મુકરર કરવી તથા એ બાબતનું એક રીતસર રજીષ્ટર રાખી એ રજીષ્ટર ઓછામાં ઓછું વરસમાં એકવાર પ્રાંતના સાહેબને તપાસવા મોકલવું. તથા સારી ચાલના માણસોનેજ પરવાના અપાય તેને માટે જુમ્મેદારી તાલુકદાર ઉપર રાખવી વીગેરે.

૩૫. સને ૧૮૮૦ ના સપટેંબર માસની જાહેર ખબરમાં આટલે દરજજે ફેરફાર કરવામાં આવે છે.

૩૬. તારીખ ૨૦ મી જુલાઇ સને ૧૮૮૦ ને રોજ કારભારીઓની સભા બરાઇ તેના પ્રોસીડીંગના ૨૧ મા પારીગ્રાફમાં એમ ઠરાવ થયો કે, કોઇ માણસ તેની પાસેનો હથીયાર બાંધવાનો પરવાનો, અથવા પાસ ખોઇ નાંખે તો તેને એક વરસ સુધી હથીયાર નહીં બાંધવા આપવાં. પસાયતા તથા બીજા નોકરીની સરતે જીવાઇમાં જમીન ખાનારા નોકરો જેમને પોતાની કામગીરી બજાવવામાં હથીયાર બાંધવાની જરૂર પડે છે, તેવાઓને માટે આ ધારો સંતોષકારક નથી, એમ હવે જણાય છે, તેથી સરવાનુમતે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે કે:—

આવા નોકરોને પાસને બદલે પીતળનાં બકલ આપવાં; અને તેઓ જ્યારે હથીયાર બાંધી નોકરી ઉપર જાય તે વખતે સદરહુ બકલ કમરે બાંધે. માર્જીનમાં બતાવેલ નમુનામાં લખ્યા પ્રમાણે ગુજરાતી અક્ષરે બકલ ઉપર લખવું. સદરહુ બકલ આપવાની અગાઉ અને આ હુકમ પ્રસીદ્ધ થયાની તારીખથી એક માસમાં દરેક સ્વસ્થાને પોતાને ત્યાંહાં જે નમુનામાં બકલો કરવાનાં હોય તે પસંદ કરવા માટે પ્રાંતમાં મોકલવા.




(૨). બકલ અપાયા પછી કોઇ પસાયતો અથવા એવા પ્રકારનો કોઇ હથીયારબંધ માણસ બકલ વગર હથી-

હતા તેમની સાથે વીચાર કરીને આ સુચવેલા ફેરફારમાં કાંઈ હરકત જોતા નથી, માટે તે પ્રમાણે ધારો સુધારવામાં આવે છે."

---

(કાઠીયાવાડ એજન્સી ગેજેટ, તારીખ ૨૪ મી મેએ સને ૧૮૮૮ પુસ્તક ૨૬. પાનું ૧૧૮)

**જાહેર ખબર.** નંબર ૩૪ સને ૧૮૮૮.

ઘણી દીલગીરીની વાત છે કે, આ પ્રાંતમાં હજુ સુધી કોલેરાનો મરજ ચાલે છે. સદરહુ મરજ કોઇ જગોએ ઘણો જોસમાં નથી એ વાત ખરી છે. તો પણ તે પસરતો જાય છે, અમે સારી પેઠે જાણીએ છીએ કે, દરબારોએ દવા તથા બીજા ઈલાજો કામે લગાડવામાં ઘણું કર્યું છે. અને હજુ કરે જાય છે તથા તેઓએ આ કામમાં ઘણી ધર્મ બુદ્ધિ બતાવી છે, તોપણ તારીખ ૩જી જુલાઇ સને ૧૮૮૪* કાઠીયાવાડ એજન્સી ગેજેટના પાને ૧૯૭ મે જે સુચનાઓ છપાવી પ્રગટ કરવામાં આવી છે, તે ઉપર ફરીથી લક્ષ ખેંચવું એ અમોને દુરસ્ત જણાય છે.

અમારી નજરમાં એમ આવે છે કે, શદરહુ સુચનાઓની એક એક નકલ અથવા વધારે નકલો દરેક ગામના પટેલ તથા બીજા સમજુ માણસોને આપવી, અને મજકુર શખસોએ ઠેકાણે ઠેકાણે ફરી ફરીને ગામડાંનાં લોકોને તેની મતલબ સમજાવી તાકીદ આપવી કે તેમના દર-

---

યાર લઇ જતો માલમ પડે તો, અથવા ગફલતથી સદરહુ નકલ ખોઇ નાંખે તો તેના પાંચ રૂપીયા દંડ કરવો. આ રકમ સ્વસ્થાન તરફથી રોકડ વસુલ કરે અથવા બીજી રીતે ઠીક લાગે તે રીતથી વસુલ કરી લે.

૩૭. આ ધારો બધા સ્વસ્થાનોને તથા તાલુકાઓને અને એજન્સી તાબાના બધા થાણાને લાગુ છે પ્રાંતના સાહેબોએ પોતાના તાબાના થાણા સરકલોમાં આ હુકમનો જેમ અને તેમ તરત અમલ થાય તેવી ગોઠવણ કરવી. (તારીખ ૧ લી તથા ૩ જી ઓગષ્ટ સને ૧૮૮૩)

*કોગળીયુ અટકાવવાનાં અગત્યનાં ઉપાઓ લેવાં બાબતની સમજુતની ચોપડી પુરત પોલીસ પટેલ પાસેછે તેથી આ બુકમાં લીખી નથી.

બારની ઇચ્છા એવી છે કે, સદરહુ સુચનામાં બતાવેલા ઇલાજો બની શક્યા પ્રમાણે અમલમાં લાવતા ઘણાં સ્ટેટોમાં આ સુચનાઓ સને ૧૮૮૪ ની સાલમાં બધી જગોએ ફરવી પ્રસીદ્ધ કરવામાં આવી હશે, એમ સંભવ છે, પરંતુ તે ઉપરથી કોઇ પ્રકારે એમ સીદ્ધ થતું નથી, કે કદાપી તે વખતે તે લોકોના સમજવામાં બરાબર રીતે આવી હોય તો પણ આજ ચાર વરષ વીતી ગયા પછી હમણાં તેમાં લખેલી બાબત સૌને યાદ હોય. જો આખા કાઠીયાવાડ પ્રાંતમાં એકજ વખતે અને ઘણીખરી જગોએ હાલ સદરહુ મુજબ કરવામાં આવે તો વ્યાજબી રીતે એમ ઉમેદ બાંધી શકાય છે કે કોલેરાના દરદનો ફેલાવ થતો અટકશે તથા ઘણાં ગામો જે તેમ કર્યા શીવાય સદરહુ દરદના હુમલ્લામાં સપડાઇ જવાનો સંભવ છે તે બચી જશે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૧૫મી મેએ સને ૧૮૮૮.

સીં. વુડહાઉસ કર્નલ.
આકટીંગ પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૭મી માર્ચ સને ૧૮૮૯, પુસ્તક ૨૭ પાનું ૪૩.)

**જાહેર ખબર. નંબર ૭ સને ૧૮૮૯.**

નામદાર સરકારના હુકમ અનુસાર મારજીનમાં લખેલી એજન્સીની જાહેર ખબરોના સંબંધમાં આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જે સંસ્થાનો તથા તાલુકાઓ વળાવાના ધારાનો ફાયદો લે છે તેમના ઉપર તે ધારાનો જેટલો બને તેટલો વધારે ફેલાવો કરવાની અને મુસાફરો વળાવું લેવાને ચાહતા હોય તો તેમને માટે વળાવો તૈયાર છે એમ ચોખ્ખી રીતે બતાવી આપવાને ફરજ રહેલી છે.

નંબર ૧૯, તારીખ ૧૫ મી જુન સને ૧૮૭૫.
નંબર ૩૭, તારીખ ૧૯મી નવેમ્બર સને ૧૮૮૩.
નંબર ૩, તારીખ ૨જી ફેબરવારી સને ૧૮૮૯.

જ્યારે જ્યારે કોઇ મુસાફર વળાવું માગે ત્યારે ત્યારે તે તુરત પુરૂં પાડવાને માટે પણ તેમના ઉપર ફરજ છે.

દરેક ગામના પોલીસ પટેલને તાકીદ આપવી જોઇએ કે આ બાબતમાં તેઓએ ઘણીજ સાવધાના રાખવી, અને જો વળાવુ આપવામાં તેઓ કંઈ પણ ઢીલ કરે તો તેઓને તુરત સખ્ત શીક્ષા કરવી જોઇએ.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,

રાજકોટ, તારીખ ૧ લી માર્ચ સને ૧૮૮૯.

જે. ડબલ્યુ. વાટસન કરનલ.

પોલીટીકલ એજંટ.

(કાઠીઆવાડ એજન્સી ગેઝીટ તા. ૨૫ સપટેમ્બર ૧૮૮૯ પુસ્તક ૨૭ પાને ૧૬૪).

**જાનવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવવા માટે ધારા.**

૨૫. પોલીટીકલ એજંટ સાહેબે સ્ટેટોના પ્રતીનીધીઓને જણાવ્યું કે, કાઠીઆવાડમાં જાનવરો ઊપર થતું ઘાતકીપણું અટકાવવા ઊપાયો લેવા એ ઘણું મુનાસબ છે. કારભારીઓએ સને ૧૮૬૯ ના બંગાલાના ૧ લા આકટની કલમો ઉપર વીચાર કરયા બાદ આ પ્રાંતને અનુકુલ પડે તેવા પોતાના અભીપ્રાય મુજબ ધારાઓ ઘડી રજુ કરયા અને તે તુરતજ પોત પોતાના મુલકમાં પ્રસીદ્ધ કરવા, અને એજન્સી ગેજેટમાં પણ પ્રગટ કરાવવા કબુલ કરયું.

એફ. એસ. પી. લેલી,

પોલીટીકલ એજંટ.

---

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૧૭ મી અકટોબર સને ૧૮૮૯, પુસ્તક ૨૭, પાનું ૨૦૭).

**જાહેરનામું. નંબર ૩૭ સને ૧૮૮૯.**

અમુક જાનવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવવા બાબતના નીચેના

રાજકોટ–વઢવાણ. રાજકોટ–વેરાવલ. રાજકોટ–નવાનગર.
રાજકોટ–ભાવનગર. ધોલા–ધંધુકા. વઢવાણ–ધ્રાંગધરા.
સોનગઢ–પાલીતાણા.

ધારા નામદાર સરકારે મંજુર કર્યા છે તે સઉની માહેતી માટે પ્રસીદ્ધ કરવામાં આવે છે. સદરહુ ધારા આ જાહેરના-

માની તારીખથી થાણા શરકલોમાં અમલમાં આવશે, અને તે મારજનમાં બતાવેલ સડકોનો જે ભાગ થાણાની હદમાં છે તેને પણ લાગુ પાડવામાં આવે છે.

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,
તારીખ ૯ મી અક્ટોબર સને ૧૮૮૯, મુકામ વેરાવળ.

એફ. એસ. પી. લેલી,
પોલીટીકલ એજંટ.

---

## નામદાર સરકારના નંબર ૬૩૭૬, તારીખ ૨૧ મી સપટેમ્બર સને ૧૮૮૯ ના ઠરાવથી થાણા સરકલોને લાગુ પાડેલા અમુક જનાવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવવા બાબતના ધારા.

કાઠીઆવાડમાં અમુક જનાવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવવાના નીયમ* કરવાની જરૂર છે માટે નીચે મુજબ ધારા કરવામાં આવે છેઃ—

૧. આ ધારામાં જનાવર એ શબ્દના અર્થમાં બળદ, ઘોડાં, ગધેડાં, ઊંટો, ભેંશો અને બીજાં જનાવરો જેને વાહન ખેંચવાના અને બોજા વેહેવાના કામમાં વાપરવામાં આવે છે તેને ગણવામાં આવશે.

૨. જે શખસ કોઇ પણ જનાવરને ઘાતકીપણાથી અને જાણી જોઇને મારશે અથવા દુઃખ દેશે અથવા રીબાવશે અથવા હદ ઉપરાંત મંજલ કરાવશે કે ભાર ભરશે અથવા તો બીજા પાસે મરાવશે અથવા દુઃખ દેવરાવશે અથવા રીબાવશે અથવા હદ ઉપરાંત મંજલ કરાવશે કે ભાર ભરાવશે તે શખસ રૂપીયા પચાસ સુધીના દંડની શીક્ષાને પાત્ર થાશે અને તે દંડ આપી ન સકે તો દોઢ મહીના સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદની શીક્ષાને પાત્ર થાશે.

---

*કારભારીઓની મીટીંગના પ્રોસીડીંગ મધ્યેથી નીચેના ઈન્તેખાબો લેવામાં આવ્યા છે અને તે ઉપરથી જણાશે કે અમુક જાનવરો ઉપર ઘાતકીપણું અટકાવવા નામદાર સરકારે જે ધારા મંજુર કરેલા છે તેવાજ ધારા કાઠીયાવાડના સઘળા હકુમત ચલાવનારા રાજાઓએ પણ પોતાના રાજ્યોમાં દાખલ કરેલા છે.

૩. કોઈ શખસ પોતાના હવાલાનું કોઈ જનાવર જેને ઉડતો અ-ચવા ચેપી રોગ થયો હોય અથવા કોઈ રોગ અથવા જખમ અથવા અશક્તી વગેરે કારણથી કાંઈ ઉપયોગમાં આવી શકે તેવું રહેલું નહી હોય તેવા જનાવરને જાહેર શેરી અથવા રસ્તામાં કે શીમમાં જાણી જોઇને રખડતું મુકશે તો તે શખસ ત્રીશ રૂપીયા સુધીના દંડની શીક્ષાને પાત્ર થાશે અને દંડ ન આપી શકે તો એક મહીના સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદની શીક્ષાને પાત્ર થાશે.

૪. જે શખસ કોઈ રોગ, અશક્તી, જખમ અથવા સોજાથી કોઈ જનાવર કાંઇ કામ કે મજુરી કરવાને લાયક રહેલું નહી હોય તેવાને કાંઇ કામ કે મજુરીમાં વાપરશે અથવા બીજા પાસે વપરાવશે તે શખસ પચીશ રૂપીયા સુધીના દંડની શીક્ષાને પાત્ર થાશે અને દંડ આપી ન શકે તો પનર દીવસ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદની શીક્ષાને પાત્ર થાશે.

૫. આ ધારાઓમાં ઠરાવેલું છે તે વીરૂદ્ધ કોઈ ગુન્હો કર્યાની ફરી-યાદી જે ઠેકાણે આ ધારાઓ લાગુ પાડવામાં આવ્યા હશે તે ઠેકાણાના કોઈ પણ વર્ગના માજીસ્ટ્રેટ સાંભલી સંક્ષેપ રીતે નીકાલ કરી શકશે.

૨૭. "જનાવરો ઉપર ક્રૂરતાનો અટકાવ કરવા સારૂ આ પ્રાંતમાં એક મંડળી સ્થાપવી જોઇએ, એવી મોરબીના કુમાર હરભમજી સાહેબ તરફથી આવેલી દરખાસ્ત વીચારમાં લેવામાં આવી."

૨૮. "સ્વસ્થાનોના કારભારીઓ આ બાબતમાં દયા બતાવવાની સાથે આ વીશય ઉપર ધ્યાન આપવાનું તથા તે કામ સારૂ પોતાની મેળે ધારા બાંધવાનું વચન આપી આવી મંડળી સ્થાપવાની તુરતમાં જરૂરીયાત નથી એમ ધારે છે." (તારીખ ૯ મી ઓગષ્ટ સને ૧૮૮૬).

૨૫. "પોલીટીકલ એજંટ સાહેબે સ્ટેટોના પ્રતીનીધીઓને જણાવ્યું કે કાઠીવાવાડમાં જાનવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવવા ઉપાયો લેવા એ ઘણું મુનાસબ છે. કારભારીઓએ સને ૧૮૬૯ ના બંગાળાના ૧ લા આકટની કલમો ઉપર વીચાર કર્યા બાદ આ પ્રાંતને અનુકુળ પડે તેવા પોતાના અભીપ્રાય મુજબ ધારાઓ ઘડી રજુ કર્યા અને તે તુરતજ પોત પોતાના મુલકમાં પ્રસીદ્ધ કરવા, અને એજન્સી ગેઝેટમાં પ્રગટ કરાવવા કબુલ કર્યું." (તારીખ ૨૩ મી ઓગષ્ટ ૧૮૮૯).

૬. પોલીસના કોઈ પણ અમલદાર અથવા આ ધારાને સંબંધે જે માણસને પોલીટીકલ એજંટ સાહેબે રીતસર ખાસ અધીકાર આપ્યો હોય તેનો કોઇ પણ માણસ પોતાની નજર આગળ આ ધારા વીરૂદ્ધ જે કોઈ શખસ વર્તે તેને તેમજ જે જનાવરો અથવા જનાવરના સંબંધમાં આ ધારાના ઠરાવ વીરૂદ્ધ થાતું હોય તે જનાવરો અથવા જનાવરને પણ વગર વારંટે પકડી શકશે.

૭. જે કસબામાં ગમે તે વર્ગનો માજીસ્ટ્રેટ રહેતો હોય તે કસબાને તેમજ જે ધોરી રસ્તાને કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝેટમાં વખતો વખત જાહેર ખબર છપાવી આ ધારા લાગુ કરવામાં આવશે તે ધોરી રસ્તાઓને આ ધારા લાગુ પડશે.

૮. ઉપરના ધારાઓ અનુસાર જે દંડ કરવામાં આવેલ હોય તે નહીં આપેલ હોય તો એ દંડની રકમ એ ગુન્હેગારની જંગમ મીલકત જપ્ત કરી વેચી વસુલ કરવામાં આવશે. અને જો એ ગુન્હેગારને કરેલા દંડની રકમ વસુલ થઇ શકે એટલી તેની મીલકત હશે અથવા તે દંડ અમુક વ્યાજબી મુદતના અંદર આપવાના જમાન વીગેરેથી એ ગુન્હેગાર માજીસ્ટ્રેટની ખાત્રી કરી આપશે તો દંડ બદલ કેદની શીક્ષા કરવામાં આવી હશે તેનો અમલ કરવામાં આવશે નહીં.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝેટ, તારીખ ૨૩ મી જાનેવારી સને ૧૮૯૦, પુસ્તક ૨૮, પાનુ ૨૧.)

## જાહેર ખબર. નંબર ૧ સને ૧૮૯૦.

તારીખ ૩જી અકટોબર સને ૧૮૮૯ના કાઠીયાવાડ એજન્સી ગેઝેટને પાને ૧૯૨ મે પ્રસીદ્ધ થએલ નંબર ૩૪ સને ૧૮૮૯ ની જાહેર ખબરમાં બતાવેલ સરતોમાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

(૩) મુસાફર અથવા મીલકતના રક્ષણને માટેજ બે કરતાં વધારે માણસ વળાવા તરીકે ન હોય ત્યારે.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ.
મુકામ ગોંડળ, તારીખ ૧૪ મી જાનેવારી સને ૧૮૯૦.

એફ. એસ. પી. લેલી.
પોલીટીકલ એજંટ.

(કાઠીઆવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૨૪મી એપ્રીલ સને
૧૮૯૦ પુસ્તક ૨૮. પાનુ ૮૨.)

**જાહેર ખબર. નંબર ૧૬ સને ૧૮૯૦.**

નામદાર સરકારની મંજુરીથી આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબની અગાઉથી મંજુરી લીધા વગર થાણાઓની હદમાં નવું ગામ અથવા વાસ વસાવવાની આ ઉપરથી મનાઈ કરવામાં આવે છે.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,
તારીખ ૧૨મી એપ્રીલ સને ૧૮૯૦, મુકામ કુડા.

**એફ. એસ. પી લેલી.**
પોલીટીકલ એજંટ.

---

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૨૫મી
જુન સને ૧૮૯૧. પુસ્તક ૨૯, પાનુ ૧૬૬.)

**જાહેર ખબર. નંબર ૧૯ સને ૧૮૯૧.**

થાણા તાબાના બીન અખત્યારી તાલુકદારોના ગામોમાં વીલેજ પોલીસ સંબંધી નીચેના ધારાઓ જે નામદાર સરકારે મંજુર કરયા છે તે સર્વની માહેતી માટે પ્રસીદ્ધ કરવામાં આવે છે:—

૨. એક વરસ વીત્યાબાદ ડીસ્ટ્રીક્ટ ઓફીસર સાહેબોએ આ ધારાઓના અમલ બાબતનો રીપોર્ટ કરવો. જે વખતે આ ધારાઓમાં ફેરફાર કરવા બાબતની સુચનાઓ ધ્યાનમાં લેવામાં આવશે.

૩. આ ધારાઓનો સંભાળથી અમલ કરવા માટે સઘળા થાણદારો અને પોલીસ ઓફીસરો તરફ હવે સખ્ત તાકીદ આપવી જોઇએ.

૪. સઘળા રાજાઓ અને અખત્યારી તાલુકદારોનું ધ્યાન આ ધારા તરફ ખેંચવામાં આવે છે, અને તેમના પોતાના પ્રગણામાં આ ધારાને બની શકે તેવા મળતા ધારા અમલમાં લાવવા ભલામણ કરવામાં આવેછે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૧૯ મી જુન સને ૧૮૯૧.

ઇંગ્રેજીમાં હેનકોક સાહેબની સહી,
આકટીંગ પોલીટીકલ એજંટ.

ધારા.*

૧. તાલુકદારો અગર ગીરાસીયાઓ જેઓ અદ્યાપી સુધી વીલેજ પોલીસ પટેલ તથા વીલેજ પોલીસ (પસાયતા તથા પગીઓ) નીમવાનો હક ભોગવે છે તેઓ પ્રાંતના મેહેરબાન ઓફીસર સાહેબની મંજુરીથી તેઓની નીમણુંક કરી શકશે, અથવા મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબો પોતે ખાસ લેખીત કારણોથી તેઓની નીમણુંક કરશે.

. સદરહુ માણસોને ડીસ્ટ્રીકટ પોલીસ ઈન્સપેકટરો તથા ચીફ કોન્સ્ટેબલો વખતો વખત તપાસશે, અને કોઈ ખાસ કારણ જણાય તો તેમની નાલાયકી બાબત રીપોર્ટ કરશે.

૨. જે તાલુકદારોએ તેમની નીમણુંક કરી હોય તેઓ તેમની ગેરવર્તણુંક અથવા નોકરીમાં કસુર બદલ તેમનો દંડ (તેઓની વાર્સીક જીવાઈના ચોથા ભાગથી વધારે નહી) કરી સકશે, તથા સસપેન્ડ, અગર બરતરફ કરી સકશે, અથવા ખાસ કારણો હશે તો તેની લખેલી નોંધ કરી મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબો પોતે તે મુજબ કરી સકસે; પણ તે ઉપર મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબ હજુર અપીલ ચાલશે.

૩. (૧) તેઓની સંખ્યા અને તેમની જમીન તથા રોકડ જીવાઈ મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબ નકી કરશે, અને તેઓ સાહેબ જો જરૂર જણાય તો તેમનો પગાર થાણા વરાડ સાથે આગળથી વસુલ લેવાનો હુકમ કરી સકશે. જીવાઇનો ઓછામાં ઓછો અરધ ભાગ રોકડ રકમ હોવી જોઇએ. સંખ્યા અને જીવાઇ મુકરર કરવા સંબંધીના મેહેરબાન પ્રાંત ઓફીશર સાહેબના હુકમ ઉપર અપીલ મેહેરબાન પોલીટીકલ એજંટ સાહેબને ત્યાં ચાલશે.

૩. (૨) પુરતી તપાસ કરયા બાદ મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબને એમ જણાય કે કોઇ ગીરાસીયાએ અથવા તાલુકદારે કોઈ ગુન્હો છુપાવવાની કોશીશ કરી છે, અગર પોલીસ પટેલને તેમ કરવા લલચાવેલ છે, અથવા તો ન્યાયના રસ્તામાં કોઈ પણ રીતે હરકત નાખીછે તો તે તકસીરવાન તાલુકદાર અથવા ગીરાસીયાનો પોતાની હકુમતમાં વીલેજ પો-

* જુયો આ ગ્રંથના પાને ૧૩ જેમાં જુનો ધારો છાપવામાં આવ્યોછે.

લીસ નીમવાનો હક, મેહેરબાનં પોલીટીકલ એજંટ સાહેબ તરફથી મંજુરી મળવાની શરતે, હમેશ માટે પેચી લેવાં હુકમ કરી શકશે.

૪. પોલીસ પટેલની ફરજો નીચે મુજબ છેઃ—

૫. પસાયતા અથવા બીજા ગામના ચોકીયાતો બરોબર રીતે ગામમાં ફેરો દે છે, અને તેની ફરજ બજાવવામાં તેનો હુકમ તેઓ માને છે કે નહીં તે બાબત તેણે તપાસ રાખવી. જો તેઓ તેમની ફરજમાં કસુર કરે તો તેણે તાલુકદારને રીપોર્ટ કરી તેમને શીક્ષા ઠરાવવી.

૬. મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબના ફરમાનનુંસાર તેણે થાણદારના હુકમ મુજબ વર્તવું, અને તેમના માગ્યા મુજબ પત્રક મોકલવાં, તથા ખબર આપવા, તથા ગુન્હાની હકીકત વીલેજ પોલીસને લગતી તમામ બાબત, તથા ગામડાના લોકોની તનદુરસ્તી તથા તેમની સાધારણ સ્થીતી વીશે હમેશ ખબર આપતા રહેવી.

૭. પોલીસ ખાતાના તમામ અમલદારો પોતાની ફરજ બજાવવામાં જે જે મદદ માગે તે બની શક્યા મુજબ તેણે આપવી.

૮. માજીસ્ત્રેટ અથવા પોલીશ ઓફીસરે કાઢેલા સઘળા હુકમો અને વારંટોનો ઝડપથી અમલ કરવો. સાર્વજનીક સુલેહને લગતા ખબર મેળવીને એજન્સી પોલીસને તે ખબર આપવા, પોતાના ગામની હદમાં થતા ગુન્હા અટકાવવા તથા તે ગુન્હેગારોને પકડીને ઇનસાફે પોહોંચાડવા.

૯. જો પોતાના ગામમાં ભારે ગુન્હો બન્યો હોય તો તેના ખબર એકદમ તેણે થાણદાર તથા નજીકના પોલીસ થાણામાં આપવા, અને તે દરમીયાન બની શકે તો ગુન્હેગારોને પકડવા, અને મળી શકે તેટલો તમામ પુરાવો એકઠો કરી તે ઉડી ન જાય તેમ સંભાળ રાખવી, ને ૨૪ કલાકની અંદર એજન્સી પોલીસને સ્વાધીન કરવો.

૧૦. જો કાંઇ શક પડતું, અથવા અચાનક મૃત્યુ થાય, અથવા પોતાના ગામની હદમાં કોઇ લાસ માલમ પડે તો તેણે તે ખબર એકદમ થાણદાર તથા નજીકના પોલીસ થાણામાં આપવા, અને (બેથી ઓછા નહીં) ડાહ્યા માણસને પંચ તરીકે બોલાવવા, અને તેમની હાજરીમાં અને તેમની મદદથી લાસ તપાસવી, અને તમામ હકીકતની તપાસ કરવી. તેણે શરીર

ઉપરની તમામ નીશાનીઓ વીગેરે જે ઉપરથી તેની જાતી, ઉમર, હીંદુ છે કે મુસલમાન, અથવા તે ગુજરનાર કયા વર્ગનો હતો, તેના ઉપર ગુજરેલી જાસ્તીના ચીન્હો, તેનાં દાંત અને વાળ વીગેરેની સઘળી નીશાનીઓ કે જે ઉપરથી તેને ઓળખી શકાય એવી નીશાનીઓ જણાય તે સઘળાની નોંધ કરી લેવી. જે પ્રગણાની હદમાં તે ગામ આવેલ હોય તે પ્રગણાના પોલીસ અમલદારં* (પોલીસ સ્ટેશનના હવાલામાં હોય તેવા અમલદારથી નીચેના દરજાનો નહીં) અથવા માજીસ્ટ્રેટ, અથવા થાણુદાર તરફથી જ્યાંહાં સુધી પરવાનગી ન મળે ત્યાંહાં સુધી તે લાસને બાળવા કે દાટવા દેવી નહીં.

૧૧. જો ગામની હદમાં કોઇ શકદાર માણસ માલમ પડે તો તેણે તેને પુછગાછ કરવી, અને જો તે પોતાનો હેવાલ બરાબર રીતે ન આપી શકે તો તેને પકડીને પુરાવા તરીકે ઉપયોગી થાય એવી કોઇ ચીજો હોય તો તે સાથે પોલીસ થાણામાં મોકલી આપવો.

૧૨. પોતાના ગામમાંની સઘળી બીન વારસી મીલકત તેણે સંભાળી લેવી, અને તે બાબત થાણુદારના હુકમ માટે રીપોર્ટ કરવો.

૧૩. હથીઆર રાખવાના પરવાનાનું રજીસ્ટર તેણે રાખવું, અને ગામમાં કોઇ બીજી રીતે હથીઆર રાખવા હક મલ્યા શીવાય અગર પરવાના શીવાય કોઇ હથીઆર બાંધતો કે રાખતો નથી તે બાબત તપાસ રાખવી. ગામના રક્ષણાર્થે રાખેલાં હથીઆરો સારી સ્થીતીમાં છે, અને તે કોઇ બીજા કામમાં વપરાતાં નથી તે બાબત તપાસ રાખવી.

૧૪. સઘળા શકદાર લોકોનાં નામ વીગેરે હકીકતનું હાજરી પત્રક અને પ્રસીદ્ધ બદમાસ લોકોનું રજીસ્ટર રાખવું. તેણે શકદાર અને બદમાસ લોકોને નજરમાં રાખવા, અને દર સાંજે નીયમીત રીતે તેમની હાજરી લેવી. નજીકમાં કોઈ ગુન્હો બન્યાની ખબર પડે તો તેણે આ લોકોની તુરત હાજરી લેવી, અને કોણ કોણ ગેરહાજર છે તે નોંધવું, તથા તેઓ ક્યાં છે તે બાબત ખાત્રી કરવી.

---

*આ કલમના અર્થને અનુસરીને ચમારડી, દાઠા, લાખાપાદર, સુલીઆ અને વીઠલગઢના હેડ કોન્સ્ટેબલોને પોલીસ થાણાના પોલીસ અમલદારો તરીકે ગણવામાં આવશે.

૧૫. તેણે વળી નીચે મુજબ રજીસ્ટર અને બુકો રાખવી.

૧. પેટ્રોલ બુક (રોન ફરવાની નોંધ બુક.)

૨. વીઝીટીંગ બુક.

૩. ગામમાં આવનાર પરદેશીનું રજીસ્ટર.

૪. ગામમાં બનેલા અગર ગામના લોકોએ કરેલા ગુન્હાનું રજીસ્ટર.

૧૬. પરદેશી લોકો ગામમાં આવે તેના રજીસ્ટરમાં તેનું નામ, વર્ણન, અને ટુંકો હેવાલ લખવાં જોઇએ, અને પોલીસ પટેલે તેઓની હીલચાલની તપાસ રાખવી, અને તે બાબતના ખબર થાણુદારો અને એજન્સી પોલીસને આપવા.

૧૭. આ સઘલી ઉપર કહેલી બુકો અને રજીષ્ટરો થાણુદારો અને હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના નહીં એવા પોલીસ ઓફીસરોને તપાસવાની છુટ છે, અને તે થાણુદારોએ દરેક મહીનામાં ઓછામાં ઓછી એકવાર તપાસવી, અને ચીફ અને હેડ કોન્સ્ટેબલો પોતાની સદરહુ બાબતની ફરજ બરાબર બજાવે છે કે નહીં તે બાબત ઇન્સ્પેકટરે પણ તપાસ રાખવી.

૧૮. જરૂરીઆતના કારણુસર ગામમાંથી ગેરહાજર હોવાથી, કે અચાનક બંદગીથી, અથવા બીજા કાંઈ કારણુસર પોલીસ પટેલ પોતાની કામગીરી ઉપર હાજર રહી શકે તેમ ન હોય તો પોતાની જગોનું કામ લાયક માણુસને સોંપવું, અને થાણુદારને તરત રીપોર્ટ કરવો. આવી રીતે જે માણુસને કામ સોંપવામાં આવ્યું હોય તેણે જ્યાં સુધી તેથી વીરૂદ્ધ હુકમ ન આવે ત્યાંસુધી પોલીસ પટેલની સઘળી ફરજો બજાવવી.

૧૯. વળાવાના કામમાં જવાથી, અગર કોઇ બીજા કારણુસર ગેરહાજર હોય તેવે વખતે પસાયતાઓની અવેજી જરૂર પડે તો કામ ચલાઉ રીતે કોઇ બીજા લાયક માણુસને રાખી લેવાનો પોલીસ પટેલે બંદોબસ્ત કરવો.

૨૦. તમામ દરબારોએ ડાકાયટી અને બીજા ભયંકર ગુન્હા અટકાવવા માટે એક બીજાને મદદ આપવા માટે જે બંદોબસ્ત કરેલ છે તેની શરતો થાણુદારોએ દરેક પોલીસ પટેલને કાળજીથી સમજાવવી, અને તે ઉપર જો ધ્યાન નહીં રાખવામાં આવે તો સખ્ત શીક્ષા કરવામાં આવશે.

૨૧. જે પોલીસ પટેલને એ બાબત મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબે ખાસ અખત્યાર આપેલ હોય તે પોલીસ પટેલોને જે સખશો.—

જાહેરાંત કુવા, તળાવ, અગર ટાંકીનું પાણી જે કામ માટે રાખેલ હોય તે કામ માટે ઓછાં ઉપયોગી થાય એવી રીતે તેમાં નાહાય અથવા કપડાં ધુવે કે બીજી રીતે બીગાડ કરે અગર કરાવે.

મનાઇ કરેલ જગો ઉપર ધુળ અગર કચરો નાખે અગર ગંદકી કરે;

જાહેરાંત શેરી અથવા સરીયામ રસ્તા ઉપર દીશાએ જઇ ગંદકી કરે, અથવા નીશો કરીને ફીસાદ કરે, કે બેહદ રીતે કાંઇ કૃત્ય કરે, કે પોતાનાની મેળે પોતાની સંભાળ ન રાખી શકે તેવા બને.

પુરતા કારણ શીવાય જાણી જોઇને ગંધ નીકળે તેવી ચીજો, ખાળ કુવામાં, ઉકરડામાં, કે તેવી બીજી જગોએ એકઠી થવા દે, કે જેથી પડોશીને કે રસ્તે ચાલનારને હરકત થાય,

અથવા પુરતા કારણ શીવાય કોઇ ઘરમાંથી, કે ફેકટરી (કારખાના) માંથી, કે તબેલામાંથી, કે પાયખાનામાંથી કે એવી બીજી જગોએથી જાણી જોઇને ગંધ નીકળે તેવી નુકશાનકારક ચીજ બહાર જવાદે,

અથવા જે નાળા અથવા નીકમાં થઇને ચોમાસાની રૂતુમાં પીવાના પાણી માટે રાખેલ તલાવ, કે ટાંકીમાં પાણી જતું હોય તેવા નાળા અથવા નીકમાં, અગર તો એવી કોઇ જગોમાં, કે જ્યાં તેવો લાસ કે કચરો રાખવાથી લોકોને હરકતકારક હોય તેવી જગામાં મુએલ જાનવરનો લાસ અગર કોઇ પણ જાતનો કચરો ભેગો કરે.

તેવા સખસોનો એક રૂપીઆ સુધી દંડ કરવાની પણ સત્તા આપવામાં આવે છે.

ઉપર પ્રમાણે પોલીસ પટેલને આપેલ અખત્યાર મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબ થોડા વખત સારૂ મોકુફ કરી શકશે, અથવા ખેંચી લઇ શકશે, પરંતુ આ હુકમ સામે પોલીટીકલ એજંટ સાહેબને ત્યાં અપીલ ચાલશે.

૧૨. જે ખરાબીની સાંમે સાવચેતી રાખવાની છે તેમાં મોકરીમાં ઢીલાપણું રાખવું એ મુખ્ય ખરાબી છે, અને તે બાબત ગુન્હા તરીકે સજા કરવી જોઈએ.

૨. એક વરસના અનુભવ ઉપરથી તે વીષેનો રીપોર્ટ થાય ત્યાં સુધી આ ધારા મંજુર કરયા છે.

ડબલ્યુ. લી-વારનર.
ગવરમેન્ટના સેક્રેટરી.

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૧ લી ફેબરવારી સને ૧૮૯૧, પુસ્તક ૩૨, પાનું ૨૭)

## જાહેર ખબર. નંબર ૩ સને ૧૮૯૪.

એજન્સી ગેઝેટને પાને ૧૪૦ મે છપાયેલ તારીખ ૧૯ મી જુન સને ૧૮૯૧ નંબર ૧૯ની જાહેર ખબરથી પ્રસીદ્ધ કરેલ વીલેજ પોલીસના ધારાની કલમ ૧૦ માં નીચે મુજબ વધારો કરવામાં આવે છેઃ—

"પરંતુ જ્યારે પોલીસ પટેલ અને પંચને ખાત્રી થાય કે સરપ ડંસથી અથવા બીજાં સ્વભાવીક કારણોથી મૃત્યુ થયેલ છે, પણ શક પડતી હકીકતને લીધે થયું નથી; ત્યારે મજકુર પોલીસ પટેલે આવી પરવાનગી લીધા સીવાય લાસને દાટવા અથવા બાળવાની પરવાનગી આપવી અને થાણદારને અને ચીફ કોન્સ્ટેબલને તેમ કર્યાનો રીપોર્ટ કરવો."

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,
મુકામ મેથાન, તારીખ ૧૯ મી જાનેવારી સને ૧૮૯૪.

ઇંગ્રેજીમાં હેનકોક સાહેબની સહી,
આકટીંગ પોલીટીકલ એજંટ.

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેજેટ, તારીખ ૧૧ મી અકટોબર સને ૧૮૯૪, પુસ્તક ૩૨, પાનું ૨૩૭.)

જાહેર ખબર. નંબર ૫૮ સને ૧૮૯૪.

તારીખ ૧૦ મી સપટેંબર સને ૧૮૯૪ના રોજ મળેલી કારભારીની સભાના પ્રોસીડીંગનો નીચેનો ૧૩ મો ઠરાવ લોકોની જાણ માટે અને તે પ્રમાણે વરતવા માટે પ્રસીદ્ધ કરવામાં આવે છેઃ—

"૧૩. રાજ્યોના પ્રતીનીધીઓની સુચના ઉપરથી નીચેની બાબતો ચર્ચાઇ અને ઠરાવ કરવામાં આવ્યો કેઃ—

૧. એજન્સી અમલદારો પાસેથી પરવાનો મેળવવાની ફરજ પાડયા વીના એજન્સી થાણા સરકલોની હદમાં રાજાઓ અને તાલુકદારો શીકાર કરે.

૨. જ્યાંથી પાણી ભરાતું હોય તેવી જગાની નજદીક, ગામના પાદરમાં, અને ધર્મની અથવા લોકોપયોગી મકાનમાં શીકાર કરવાનો અને માંછલા મારવાનો અટકાવ કરવો.

૩. દરબાર મારફત જે ઘેટાં આયંદે લેવામાં આવે તેનું ચામડું પાછું આપવામાં આવે તો દરેકની કીંમત રૂપીયા ૨ ( અને જો પાછું ન આપવામાં આવે તો રૂપીયા ૩) ઠરે. અને જ્યાં કસાઈની દુકાન બહુ દુર ન હોય ત્યાં ખોરાકને માટે ઘેટાં પુરાં પાડવા દરબાર આગળ માગણી ન કરવી.

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,

તારીખ ૩ જી અકટોબર સને ૧૮૯૪, મુકામ ગોંડલ.

ઇંગ્રેજીમાં હેનકોક સાહેબની સહી,

આકટીંગ પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજંસી ગેજેટ, તારીખ ૨૩ મી મેએ સને ૧૮૯૫, પુસ્તક ૩૩ મું, પાનું ૧૦૭.)

જાહેર ખબર. નંબર ૨૩ સને ૧૮૯૫.

સને ૧૮૯૪ નંબર ૫૮ ની જાહેરખબરના કલોઝ બીજામાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવ્યો છે :—

"૨. જ્યાંથી પાણી ભરાતું હોય તેવી જગાની અને ધર્મના અથવા લોકોપયોગી મકાનની નજીકમાં શીકાર કરવાની અને માછલાં મારવાની મનાઇ છે."

જે જગ્યાઓએ અત્યાર સુધી માછલાં મારવા તથા જંગલી પક્ષીઓનો શીકાર કરવાના રીવાજ સામે ત્યાં રહેતા ગામડીઆઓ તરફથી કંઇ વાંધો લેવામાં આવ્યો નથી, ત્યાં આ મનાઇ લાગુ પાડવા એવો ઇરાદો નથી.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબની ઓફીસ,

તારીખ ૧૫ મી મેએ સને ૧૮૯૫.

ઇંગ્રેજીમાં હેનકોક સાહેબની સહી,

આકટીંગ પોલીટીકલ એજંટ.

---

(કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી ગેઝેટ, તારીખ ૪થી માર્ચ સને ૧૮૯૭,
પુસ્તક ૩૫. મું, પાનું ૫૭.)

**જાહેર ખબર.** નંબર ૧૬ સને ૧૮૯૭.

આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જે દરબારી અમલદારો દરબારી કામ અર્થે બ્રીટીશ હીંદુસ્થાનમાં થઇ પસાર થાય છે તેઓ આરમ્સ એકટ મુજબ જે સાધારણ મનાઇઓ છે તેમાંથી મુકત છે, તો પણ સરકારી અમલદારો તેઓને એવી છુટનો લાભ આપી શકે તેટલા માટે દરબારોએ તેવા અમલદારોને મુકરર કરેલા નમુના પ્રમાણે સરટીફીકેટ આપવા, જેમાં તે અમલદારનું નામ તથા જે કામ ઉપર તે જતા હોય તે વીગેરે બતાવવું જોઇએ. અગર એક કરતાં વધારે અમલદારો એકજ કામ અર્થે સાથે મુસાફરી કરતાં હોય તો બધાનાં નામ એકજ સરટીફીકેટમાં લખવા.

આ પ્રમાણે આપેલા સરટીફીકેટની નકલો તરતજ પોલીટીકલ એજંટ સાહેબ અને પ્રાંતના સાહેબોને જાણ થવા માટે મોકલવી.

ફારમ ગવરમેંટ સેંટ્રલ પ્રેસમાંથી પ્રાંતના સાહેબની મારફત મળી શકશે.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૨૬ મી ફેબરવારી સને ૧૮૯૭.

ઇંગરેજીમાં હંટર સાહેબની સહી,
આકટીંગ પોલીટીકલ એજંટ, કાઠીઆવાડ.

---

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝેટ, તારીખ ૧૦ મી ફેબરવારી સને ૧૮૯૮, પુસ્તક ૩૬મું, પાનુ ૩૫૦).

## જાહેર ખબર. નંબર ૫ સને ૧૮૯૮.

અહીંની જાહેર ખબર નંબર ૩૭, તારીખ ૬ઠી આગસ્ટ સને ૧૮૭૭ ના અનુસંધાનમાં વડોદરા સરકારની સંમતીથી પ્રસીદ્ધ કરવામાં આવે છે કે, ગુનેહગારોનો પીછો લેવા તથા પકડવા બાબત તથા તેઓને મારે પોહોંચ આપવા બાબતમાં વડોદરા સરકાર અને કાઠીઆવાડના સ્વસ્થાનો તથા એજન્સી પોલીસે નીચેના ધારા પ્રમાણે અમલ કરવો:—

(૧) બંને હદના પોલીસ અમલદારો ગુન્હેગારોનો પીછો લેવા નીકળેલ હોય ત્યારે તેઓ એક બીજાની હદ ઓળંગી શકે પણ તેઓએ નજીકમાં નજીક ગામના મુખીને અથવા તો નજીકમાં નજીકના પોલીસ ઓફીસરને તુરત ખબર આપવા અને ગુન્હેગારનો પીછો લેવામાં તેમની મદદ લેવી. જે જે પોલીસ ઓફીસરો ઉપર દરસાવ્યા મુજબ હદ ઓળંગે તેઓએ સદરહુ શરત પ્રમાણે વર્તવા ઘણુંજ સાવચેત રહેવું.

(૨) જ્યારે ગામના મુખીની અથવા તો સ્થાનીક પોલીસની તુરતમાં મદદ લેવી અશકય હોય ત્યારે ગુન્હેગારને એકદમ પકડી લઇ શકાય.

(૩) આવી બીના હોઇને જ્યારે ગુન્હેગારને પકડયો હોય ત્યારે જે પોલીસ ઓફીસરે ગુન્હેગારને પકડયો હોય તેણે નજીકમાં નજીકના સ્થાનીક પોલીસ ઓફીસરને અગર તો માજીસ્ત્રેટને તે બાબતના ખબર તુરત આપવા. અને જ્યાં સુધી રીતસર તોહોમતદારની માગણી કરવામાં આવે ત્યાં સુધી અટકાયતમાં રાખવા તેમને સોંપી દેવો.

(૪) જ્યારે ગુન્હેગારોને પોલીસ ઓફીસરોએ પકડેલા હોય અગર તો તેમના કહેવાથી પકડવામાં આવેલ હોય ત્યારે જે અધીકારીને તોહોમતદાર સોંપવામાં આવે તેણે રીતસર પોહોંચ આપવાનો રીવાજ રાખવો.

(૫) જ્યારે ગુન્હેગારોને ખાનગી માણુસોના કહેવાથી પકડવામાં આવેલ હોય ત્યારે તે હકીકતના ખબર ઓફીશીયલ રીતે રીતસર જેની હદમાં ગુનોહ બન્યાનું કહેવામાં આવતું હોય ત્યાંના અધીકારીને તુરત મોકલી આપવા. જે માણુસના કહેવાથી ગુન્હેગારને પકડવામાં આવેલ હોય તેને ગુન્હેગારને પકડનાર અધીકારીએ કેસ ચલાવનાર સત્તાધીશ પાસે ફરીયાદ કરવા સુચના આપવી કે જેથી કરી જો ગુન્હેગારની માગણી કરવા માટે પુરતો પુરાવો મળી આવતો હોય તો તેની માગણી કરવા ઉપાયો વેળાસર લઇ શકાય. આવા કેસોમાં જ્યાં ગુનોહ બન્યાનું કહેવામાં આવતું હોય ત્યાંના અધીકારીને ઓફીસીયલ રીતે ખબર આપવામાં આવે તેની સાથે ફરીયાદીને ગુન્હેગારને પકડ્યા બાબતનું સરટીફીકેટ આપવું.

કાઠીઆવાડ પોલીટીકલ એજંટ સાહેબનો મુકામ,
તારીખ ૨૦ મી જાનેવારી સને ૧૮૯૮.

ઇંગ્રેજીમાં હંટર સાહેબની સહી,
પોલીટીકલ એજંટ, કાઠીઆવાડ.

(કાઠીઆવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૧૦ મી આગસ્ટ સને ૧૮૯૯, પુસ્તક ૩૭. પાનું ૨૩૫).

## જાહેર ખબર. નંબર ૭ સને ૧૮૯૯.

એજન્સીની સીધી દેખરેખ નીચેના ભાગમાં હથીઆરો, યુદ્ધ સામગ્રી તથા લશ્કરી સ્ટોર (સામાન) તૈયાર કરવાનું, તેમનું રૂપાન્તર કરવાનું, વેચવાનું, આયાત કરવાનું, બહાર મોકલવાનું, એક જગાએથી બીજી જગાએ મોકલવાનું અને કબજામાં રાખવાનું, નીયમન કરવા બાબતની નીચેની કાનુનો જેકે નામદાર મુંબઈ સરકારના નંબર ૫૮૧૫ તારીખ ૧૭ અકટોબર સને ૧૮૯૮ના ઠરાવમાં ટાંકેલ નામદાર હિંદુસ્તાનની સરકારના નંબર ૨૪૮૫ આઈ. એ. તારીખ ૧૬ સપટેંબર સને ૧૮૯૮ના કાગળથી મંજુર

કરવામાં આવી હતી તે કાનુનોને સર્વ લોકોને લાગુ થવા માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આવતા માર્ચ મહીનાની પહેલી તારીખથી અમલમાં આવશે.

કાઠીઆવાડની અંદર હથીયારની આયાતના તથા કાઠીઆવાડની બહાર નીકાસ સંબંધી જે નીયમો આ ધારામાં કરેલા છે તે ઈન્ડીયન આર્મ્સ એકટ ૧૧ સને ૧૮૭૮ અનવય નામદાર ગવર્નર જનરલ ઇન કાઉંસીલના સાહેબે બ્રિટીશ ઇન્ડીયાની અંદર હથીયારની આયાતનું તથા ત્યાંથી નીકાસનું નીયમન કરવાના જે ધારા ઘડેલ છે તેને બાધ કરતા નથી.

કાઠીયાવાડ પોલીટીકલ એજંટ સાહેબનો મુકામ,
તારીખ ૨૧ જાન્યુઆરી સને ૧૮૯૯.

ઈંગ્રેજીમાં હંટર સાહેબની સહી,
પોલીટીકલ એજંટ, કાઠીયાવાડ.

## કાઠીયાવાડ પોલીટીકલ એજન્સીના કેટલાક ભાગોમાં હાથયારો, યુદ્ધ સામગ્રી તથા લશ્કરી સ્ટોર (સામાન) તૈયાર કરવાનું, તેમનું રૂપાન્તર કરવાનું, વેચવાનું, આયાત કરવાનું, બાહાર મોકલવાનું, એક જગા એથી બીજી જગાએ મોકલવાનું અને કબજામાં રાખવાનું નિયમન કરવા બાબતની કાનુનો.

---

### ૧.—પ્રથમ નિયમો.

૧. આ કાનુનો—

લાગુ થવા બાબત—

(અ) રાજકોટ, વઢવાણ, જેતલસર અને સોનગઢના એજન્સિ

સ્ટેશનોને તથા સરકારના અધિકારથી કાઠીયાવાડમાં બીજું જે કોઈ એજન્સિ સ્ટેશન હવે પછી સ્થપાય તેને;

(ખ) કાઠીયાવાડ પોલિટિકલ એજન્સિનાં સઘળાં થાણાં, સરકલો, તથા તેના તાબા માહેનાં નાનાં હકુમત ચલાવનારાં સ્ટેટોને;

(ક) કાઠીયાવાડ પ્રાંતમાંની જે હદ ઉપર (સ્ટેશનો સારૂ ઉપગ્રહો સારૂ અથવા રેલવે સંબંધી બીજા કામ સારૂ રોકાયલી જમીન સુદ્ધાં) બ્રિટીશ સરકારને પુરેપુરી ફોજદારી હકુમત આપવામાં આવી છે અથવા આપવામાં આવે તે હદની અંદરની હમણાં હોય તે સઘળી રેલવેઓને અથવા હવે પછી બાંધવામાં આવે તે રેલવેઓને; લાગુ પડશે.

શરૂઆત.

અને તે, પોલીટીકલ એજંટ કાઠીયાવાડ પોલિટિકલ એજન્સિમાં ગેઝેટમાં પ્રસિદ્ધ કરે તે તારીખથી અમલમાં આવશે, અને તે તારીખથી તે બાબતના જે બીજા હુકમો, જાહેરનામાં, કાનુનો અથવા ઠરાવો અમલમાં હશે તે સઘળા રદ્દ થશે: પણ એવું ઠરાવ્યું છે કે તે તારીખે અમલમાં હોય એવા જે ચાલુ હુકમો, પરવાનગીઓ, લૈસન્સો તથા માફી આ કાનુનોને અનુસરતાં હોય તે સઘળાં આ કાનુનોની રૂએ આપવામાં આવ્યાં છે તથા કાહાડયાં છે એમ સમજવું.

વ્યાખ્યા.

૨. આ કાનુનોમાં "તોપ" આ શબ્દમાં સઘળા હાવિટઝરો, ગરનાળા, વૉલ પીસિસ, મિટ્રેલૂસ, તથા બીજા પ્રકારની તોપો તથા મશીન ગન્સનો તથા તેઓના સઘળા ભાગોનો તથા તે ચઢાવવાની તથા એક જગાએથી બીજી જગાએ લઈ જવાની તથા તેમના કામમાં ઉપયોગી પડવાની સઘળી ગાડીઓનો પ્લાટફાર્મોનો તથા સાધનોનો પણ સમાસ થાય છે.

"હથિયારો" આ શબ્દમાં અગ્નિ શસ્ત્રોનો, સંગિનોનો, તરવારોનો તથા ખંજીરોનો તથા તોપ તથા હથિયારોના ભાગોનો અને હથિયારો અથવા હથિયારના ભાગ તૈયાર કરવાનાં અથવા તેમની મરામત કરવાના યંત્રોનો પણ સમાસ થાય છે.

"યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર" આ શબ્દોમાં ટારપિડોના કામમાં ઉપયોગી પડવા સારૂ અથવા સમુદ્રની હેઠળ સુરંગ મારવા સારૂ ખસૂસ યોજેલા સઘળા પદાર્થો, બાણો, ગનકૉટક, ડેનમેટ, લિથોફ્રેકટર તથા અવાજ સાથે ફુટનારા તથા ધક્કો લાગવાથી અથવા ઘસાવા વગેરેથી મ્હોટો અવાજ થઇને ફુટનારા બીજા પદાર્થો, બંદુકની ચકમક, ગનવૉડસ, તોટો, ફ્યુઝિ તથા ફ્રિકશન ટયુબોનો, યુદ્ધ સામગ્રીના સઘળા ભાગોનો તથા યુદ્ધ સામગ્રી બનાવવાના સઘળા યંત્રોનો સમાસ થાયછે, તથા તેમાં ૧૦ રતલ વજન કરતાં વધારે ગંધકનો, એકી વખતે એક હન્ડ્રેડવેટ કરતાં વધારે સીસાની બર્ડશોટ તથા ગોળીઓનો સમાસ થાય છે, પણ સીસાનો અથવા સુરાખારનો સમાસ થતો નથી.

"આયાત કરવુ" એ શબ્દોનો અર્થ આ કાનુનો લાગુ હોય એવી હદની બાહારની કોઇ પણ જગાએથી આ કાનુનો લાગુ હોય એવી હદની અંદરની કોઇ પણ જગાએ મોકલવું એવો થાય છે.

"બાહાર મોકલવુ" એ શબ્દોનો અર્થ આ કાનનો લાગુ હોય એવી હદમાંની કોઇપણ જગાએથી તે લાગુ હોય તેવી હદની અંદરની કોઈ પણ જગાએ મોકલવું એવો થાય છે.

"એક જગાએથી બીજી જગાએ મોકલવુ" એ શબ્દોનો અર્થ જે હદને આ કાનુનો લાગુ હોય તે હદમાં થઇને જે જગાએ તે લાગુ ન હોય તે જગાએથી તેવીજ બીજી જગાએ મોકલવું એવો થાય છે.

"લૈસન્સ" એ શબ્દનો અર્થ આ કાનુનોની રૂયે આપેલું અથવા હિંદુસ્તાનના હથિયાર બાબતના આકટની રૂયે યોગ્ય અધિકારીએ આપેલું લૈસન્સ એવો થાય છે.

"પાસ" એ શબ્દનો અર્થ જે બદલ લૈસન્સ ન હોય એવાં હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આ કાનુનોની રૂએ એક જગાએથી બીજી જગાએ મોકલવા માટે આપેલી લેખી પરવાનગી એવો થાય છે.

"પરવાના" આ શબ્દનો અર્થ હથિયાર કબજામાં રાખવાની અથવા હથિયાર લઇને જવાની રજા ચિઠ્ઠિ એવો થાય છે.

## ૨.—તૈયાર કરવું, રૂપાન્તર કરવું તથા વેચવું.

૩. કોઇ પણ માણસે કોઇ પણ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આ કાનુનોની રૂયે આપેલા લૈસન્સના આધાર વગર તથા તે લૈસન્સ ઉપરથી જે રીતની તથા જેટલી હદ સુધીની પરવાનગી આપી હશે તે શિવાય બીજી રીતે તથા તે કરતાં વધારે હદ સુધી તૈયાર કરવાં નહી, તેમનું રૂપાન્તર કરવું નહીં, મરામત કરવી નહીં, તે વેચવાં નહીં, વેચવા સારૂ કાહાડવાં નહી અથવા માંડી મુકવાં નહીં. પણ જે કોઇ માણસે જે કોઇપણ હથિયારો અથવા યુદ્ધ સામગ્રી શુદ્ધ બુદ્ધિથી પોતાના ખાનગી ઉપયોગ સારૂ કાયદાસર રીતે રાખ્યાં હશે તે, જે કોઈ માણસને તે કબજામાં રાખવાની મના હશે નહીં તેને વેચવાની આમાંના કોઈપણ મચકુર ઉપરથી મના છે એમ સમજવું નહીં પણ હમેશને માટે એવું ઠરાવ્યું છે કે આસીસ્ટન્ટ પોલીટીકલ એજંટની પરવાનગી મેળવવામાં આવે નહીં ત્યાં સુધી આવું વેચાણ થઇ શકશે નહીં.

લૈસન્સ વગર તૈયાર કરવાની, રૂપાન્તર કરવાની, મરામત કરવાની તથા વેચવાની મના:

૪. હથિયારો તૈયાર કરવાનાં અથવા તેમનું રૂપાન્તર કરવાનાં, અથવા યુદ્ધ સામગ્રી તૈયાર કરવાનાં લૈસન્સ પોલીટીકલ એજંટની પસંદગીને પાત્ર, પ્રાંતના આસીસ્ટંટ પોલીટીકલ એજંટને આપવાનો અધિકાર છે. પણ આવી રીતે તૈયાર કરવાનું અથવા રૂપાન્તર કરવાનું કામ ફક્ત એજન્સી સ્ટેશનોની હદમાંજ થઇ શકશે, અને કોઇ પણ કારણસર કોઇપણ થાણા સરકલમાં કરવા દેવામાં આવશે નહીં.

તૈયાર કરવાનું અથવા રૂપાન્તર કરવાનુ લૈસન્સ.

૫. હથિયારો અથવા યુધ્ધ સામગ્રીની મરામત કરવાનાં અથવા વેચવાનાં અથવા વેચવા સારૂ રાખવાનાં, કાહાડવાનાં અથવા માંડી મુકવાનાં લૈસન્સ પ્રાંતના આસીસ્ટંટ પોલીટીકલ એજંટને આપવાનો અધિકાર છે. પણ આવી રીતે વેચવાનું અથવા મરામત કરવાનું કામ એજન્સી સ્ટેશનોની હદમાંજ થઇ શકશે, અને કોઇ પણ કારણસર કોઈ પણ થાણા સરકલમાં કરવા દેવામાં આવશે નહીં.

આ લૈસન્સો આ કાનુનોને જોડેલા નમુના મુજબ હોવાં જોઇએ.

૬. આસીસ્ટન્ટ અથવા ડેપ્યુટી આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટે આપેલા લૈસન્સના આધાર શિવાય કોઇપણ શખસે એકી વખતે ૧૦ રતલ કરતાં વધારે ગંધક તૈયાર કરવો નહીં અથવા પોતાના કબજામાં રાખવો નહીં અથવા વેચવો નહીં.

ગંધક તૈયાર કરવાનાં, વેચવાનાં અથવા રાખવાનાં લૈસન્સ.

૭. ૪ થી, ૫ મી તથા ૬ ઠી કાનુનોની રૂયે લૈસન્સ ધારણ કરનાર દરેક શખસે (આ કાનુનોને) જોડેલા નમુના પરિશિષ્ટ બ મુજબનું એક ભુલચુક વગરનું ખરેખરૂં રજીસ્ટર રાખવું અને તેમાં પોતાના કબજામાંનાં હથિયારો તથા યુદ્ધ સામગ્રી અથવા ગંધકનો કેટલો સ્ટૉક છે, તથા તે કેટલાં બનાવ્યાં તથા તે કેટલાં આવ્યાં તથા કેટલાં વેચ્યાં તે સઘળી વાત ખરેખરી બતાવવી જોઇએ. કોઇપણ માજીસ્ટ્રેટ અથવા ચીફ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો નહીં હોય એવો કોઇપણ પોલીસ અમલદાર આ રજીસ્ટર બતાવવાનું તેને કહે એટલે તેણે તેને તે બતાવવું જોઇએ.

સ્ટૉક (દાસ્તાન) નું રજીસ્ટર.

૮. કોઇપણ માજીસ્ટ્રેટને અથવા ચીફ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા દરજ્જાનો નહીં હોય એવા પોલીસ અમલદારને, સઘળે વાજબી વખતે, આ કાનુનોની રૂએ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા ગંધક તૈયાર કરવાનું, તેમનું રૂપાન્તર કરવાનું, વેચવાનું અથવા રાખવાનું લૈસન્સ જેને મળ્યું હોય તે શખસના મકાન અને તેની હદમાં દાખલ થઇને તે તપાસવાનો અધિકાર છે, અને એવો દરેક શખસ પોતાના કબજામાં અથવા પોતાના તાબામાં હથિયાર, યુદ્ધ સામગ્રી અથવા ગંધકનો જે સ્ટૉક હોય તે સઘળો સ્ટૉક તથા તેને લગતા હિસાબ તથા કાગળ પત્રો બતાવવાને બંધાયેલો છે.

મકાન અને તેની હદની તપાસ.

*લેસન્સવાળા વેચનારાઓએ દુકાન ઉપર પાટીયું મારવું.*

૯. આ કાનુનોની રૂએ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા ગંધક તૈયાર કરવાનું, તેમનું રૂપાન્તર કરવાનું, તેમની મરામત કરવાનું અથવા તે વેચવાનું લેસન્સ જેને મળ્યું હોય તે દરેક શખસે પોતાની દુકાનના અથવા ધંધો કરવાની હમેશની જગાના દેખાવ આવે એવા ભાગ ઉપર એક પાટીયું મારવું જોઇએ. અને તેના ઉપર મ્હોટા હરફોથી અંગ્રેજી તથા ગુજરાતીમાં પોતાનું નામ તથા "હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા ગંધક તૈયાર કરવાનું લેસન્સ ધારણ કરનાર" અથવા "હથિયારો, યુદ્ધ સામગ્રી અને ગંધકનો વેપાર કરવાનું લેસન્સ ધારણ કરનાર" એટલા શબ્દો રંગવતી લખાવવા.

*લેસન્સ રદ કરવું.*

૧૦. પોલિટિકલ એજન્ટને અથવા પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટને, આ કાનુનની રૂએ કોઇપણ તૈયાર કરનાર અથવા વેચનારનું લેસન્સ, ગમે તે વખતે, રદ કરવાનો અથવા તે સસ્પેંડ કરવાનો અધિકાર છે અને તેણે તેમ કરવાનાં કારણ લખી રાખવાં જોઇએ.

*લેસન્સવાળા વેચનારાઓએ કરેલું વેચાણ.*

૧૧. કોઇપણ તૈયાર કરનારે અથવા લેસન્સવાળા વેચનારે, વૈદકીય કામ સારૂ ૧૦ રતલથી વધારે વજન નહીં હોય એવા વાજબી પરિમાણના ગંધક સિવાય હથિયારો અથવા યુદ્ધ સામગ્રી, પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટની લેખી પરવાનગી વગર હવે પછી ૨ કમી કાનુનમાં જણાવેલી જાતના પરવાનામાંનો પરવાનો ન હોય એવા કોઇપણ શખસને વેચવાં નહીં. અને ઉપર લખેલે પ્રસંગે પણ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ અથવા ડેપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ મંજુર કરે તેટલીજ હદ સુધી તે વેચવાં.

## ૩—આયાત કરવું, બાહાર મોકલવું તથા એક જગાએથી બીજી જગાએ મોકલવું.

૧૨. હિંદુસ્તાનના હથિયાર બાબતના આક્ટની રૂયે પોલિટિકલ એજન્ટે અથવા બ્રીટીશ હિંદુસ્તાન માંહેના યોગ્ય અધિકારીએ આપેલા લૈસન્સના આધાર શિવાય કાઠિયાવાડ બાહારની જગાઓથી હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આયાત કરવાની સર્વે પ્રકારે મના છે.

કાઠિયાવાડની બાહારથી લૈસન્સ.વગર આયાત કરવાની મના.

•૧૩. પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટે આપેલા લૈસન્સના આધાર શિવાય, કાઠિયાવાડ માંહેની પણ જે હદને આ કાનુનો લાગુ પડતી હોય તેની બાહારની જગાઓથી હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આયાત કરવાની સર્વે પ્રકારે મના છે.

કાઠિયાવાડ માંહેની બીજી જગાએથી લૈસન્સ વગર આયાત કરવાની મના.

૧૪. રેલવે મારફત આયાત કરેલાં હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર કોઇપણ આયાત કરનારને અથવા કન્સાઇનિને નિચે પ્રમાણે કરવામાં ન આવે તો સ્વાધીન કરવાં નહીં, એટલે—

રેલવે મારફત આયાત કરવું.

(અ) સદરહુ આયાત કરનાર અથવા કન્સાઇનિ સદરહુ પદાર્થો આયાત કરવાની પરવાનગી આપનારૂં યોગ્ય અધિકારીએ આપેલું અસલ લૈસન્સ હાજર ન કરે તો,

અને

(બ) જે સ્ટેશને માલ મોકલ્યો હોય ત્યાંના વરિષ્ટ પોલીસ અમલદારે તે કન્સાઇનમેન્ટ લૈસન્સ સાથે સરખાવીને તે સ્વાધીન કરવાનો સ્ટેશન માસ્તરને અધિકાર આપ્યો ન હોય તો,

સ્વાધીન કરવાં નહીં.

રકમ (બ) મુજબ સરખામણી કરવા સાૅરૂ સદરહુ પોલીસ અમલદારને જે કોઇપણ પૅકેજ શક ભરેલું જણાય તે ઉઘાડવાની તેને સત્તા છે.

૧૫. ઉપરની કાનુનની રકમ (બ) માં લખેલા અમલદારને દરેક

સ્ટેશન માસ્તરની ફરજ.

સ્ટેશન માસ્તરે, આયાત કરેલાં હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોતાને સ્ટેશને આવ્યાની ખબર આપવી જોઇએ.

૧૬. કાઠિયાવાડની બાહાર આવેલી જગાઓએ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પોલિટિકલ એજન્ટે

કાઠિયાવાડની બહાર આવેલી જગાઓએ લૈસન્સ વગર મોકલવાની મના.

આપેલા લૈસન્સના આધાર શિવાય મોકલવાની સર્વ પ્રકારે મના છે.

૧૭. કાઠિયાવાડની અંદર પણ આ કાનુનો લાગુ હોય તે હદની

કાઠિયાવાડ માંહેની બીજી જગાઓએ લૈસન્સ વગર મોકલવાની મના.

બાહાર આવેલી જગાઓએ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટે આપેલા લૈસન્સના આધાર શિવાય બીજી રીતે મોકલવાની સર્વ પ્રકારે મના છે.

૧૮. જે હદને આ કાનુનો લાગુ હોય તે હદમાં થઇને આ કાનુનો

લૈસન્સ અથવા પાસ શિવાય એક જગાએથી બીજી જગાએ મોકલવાની મના.

લાગુ ન હોય એવી એક જગાએથી બીજી જગાએ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર મોકલવા બદલ સતર પ્રકારનું લૈંસન્સ ન હોય તે સઘળે પ્રસંગે તે પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટે આપેલા પાસના આધાર શિવાય મોકલવાનો સર્વ પ્રકારે મના છે.

૧૯. જે સ્ટેશન માસ્તરોને હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી

રેલવે મારફત બાહાર મોકલવું તથા એક જગાએથી બીજી જગાએ મોકલવું.

સ્ટોર, ૧૬ મી, ૧૭ મી, તથા ૧૮ મી કાનુનોની રૂયે લૈસન્સ આપ્યાની વાત બાબતના પુરાવા વગર મોકલવા સારૂ આપવામાં આવે તે સઘળાઓએ તે અટકાવી રાખવાં અને તે બાબતનો રિપોર્ટ રેલવે પોલીસની મારફત પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટના હુકમ સારૂ કરવો.

૨૦. રેલવે ઉપર કામે લાગેલો દરેક શખસ, જે સ્ટોર બાબત આ કાનુનો વિરૂદ્ધ ગુન્હો કર્યો છે અથવા કરવામાં આવે છે તે સ્ટોર રસ્તે જતી જે કોઇ પેટીમાં, પેકેટમાં અથવા ગાંસડીમાં છે એવું માનવાનું પોતાને કારણ હોય તે પેટી, પેકેટ અથવા ગાંસડી બાબતની ખબર, વાસ્તવીક સબબ ન હોય તો, છેક પાસેના પોલીસ અમલદારને આપવાને બંધાયેલો છે, એવો સબબ સાબિત કરવાનો બોજો તે શખસના ઉપર રહેશે.

રેલવે નોકરોની ખબર આપવાની ફરજ.

૨૧. તેમજ સઘળા મુલકી તથા ગામના અમલદારો પણ, આ કાનુનોના ઠરાવની વિરૂદ્ધ કોઇપણ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આયાત થયાના, બાહાર મોકલ્યાના તથા એક જગાએથી બીજી જગાએ મોકલ્યાના સંબંધમાં પોતાને જે કંઇપણ ખબર મળે તે, અથવા પોતાને જે કાંઇપણ વાસ્તવિક શક હોય તે છેક પાસેનાં પોલીસ અમલદારને જણાવવાને બંધાયલોછે.

મુલકી તથા ગામના અમલદારોની ખબર આપવાનો ફરજ.

## ૪.—હથિયાર સજ્જ થઇને જવું તથા હથિયાર કબજામાં રાખવાં વિગેરે.

૨૨. આની સાથે જોડેલા આ પરિશિષ્ટમાં કહ્યું છે તે ઉપરાંત હેઠળ ઠરાવેલા પરવાના શિવાય હથિયારો અથવા યુદ્ધ સામગ્રી કબજામાં રાખવાં નહીં અથવા લઇને જવું નહીં.

જેઓને માફી મળી હોય તે શિવાયના શખસોને પરવાના વગર હથિયાર સજ્જ થઇને જવાની અથવા હથિયાર કબજામાં રાખવાની મના.

૨૩. પરવાના ચાર જાતના છે—

(અ). લીલા, જે ઉપરથી તે ધારણ કરનાર જે તાલુકાનો રેહેવાસી હોય તેની હદમાં તેને હથિયાર કબજામાં રાખવાનો તથા તે લઇને જવાનો અથવા તેનો ઉપયોગ કરવાનો હક પ્રાપ્ત થાય છે.

પરવાનાની જાત.

(બ). રાતા અથવા હંગામી પાસ, જે ઉપરથી તે ધારણ કરનારને કાઠિયાવાડના જે જે ભાગને આ કાનુનો લાગુ હોય તેમાં, અથવા તેના કોઈ નિર્દિષ્ટ કરેલા ભાગમાં, એક વરસ કરતાં વધારે નહીં હોય એટલી નિયમિત મુદત સુધી હથિયારો લઇને જવાનો હક પ્રાપ્ત થાય છે.

(ક). પીળા અથવા જાથુના પાસ, જે પોલીસ પટેલોને, પસાયતાઓને, નાના તાલુકદારોને, મુલગિરાસીઆઓને, કામદારોને, તથા તાલુકદારોના પોતાના બીજા પેશકારોને તેમજ બીજા આબરૂદાર તથા ખરી વફાદારીવાળા માણસોને આપી શકાશે; અને તે ઉપરથી તે ધારણ કરનારઓને કાઠિયાવાડના કોઇ પણ ભાગમાં હથિયાર લઇને જવાનો હક પ્રાપ્ત થાય છે.

(ડ). પીતળના બ્યાંજ, જે હથિયાર સજજ થઇને કામ ઉપર હોય ત્યારે કમ્મરે બાંધવામાં આવે છે, અને જે પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટની નજરમાં આવે તે પ્રમાણે, પસાયતાઓને તથા ગામની પોલીસના હલકા દરજ્જાના માણસોને જેમને પોતાની કામગીરી બજાવવાસારૂ હથિયારો ધારણ કરવાની જરૂર પડે છે તેમને આપવામાં આવશે.

**ટીપ.**—બ્યાજ ઉપરાંત પીળા પાસ પણ હોવા જોઇએ.

પરવાનાસારૂ અરજી કરવા બાબત તથા તે આપવા બાબત.

૨૪ (અ) ૨૩ મી કાનુનમાં લખેલા પરવાના સારૂ અરજી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટને પરભારી અથવા થાણદાર, તાલુકદાર અથવા ચીફ કૉન્સ્ટબલની મારફત કરી શકાશે.

(બ). આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટને પોતાની નજરમાં આવે તે પ્રમાણે પરવાનો આપવાનો અથવા પાછો લઈ લેવાનો પૂર્ણ અધિકારછે, અને તેણે પોતાનો હુકમ એજન્સિ પોલીસના સુપરિન્ટેન્ડેન્ટને તથા અરજદાર જે થાણદાર અથવા તાલુકદારની હદમાં રહેતો હોય તે થાણદાર અથવા તાલુકદારને લખી જણાવવો.

(ક) કાનુન ૨૩ (ડ) માં કહેલા બ્યાજ માટેની અરજી જે તાલુક-

દાર અથવા થાણુદારની હકુમતની હદની અંદર સદરહુ પોલીસ કામ કરતી હોય તે તાલુકદાર અથવા થાણુદારે આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટને કરવી, અને તેને તે બ્યાજ આપવાનો અથવા કંઈપણ કારણસર આપવાની તદ્દન ના પાડવાનો અથવા માંગેલા પૈકી થોડા આપવાનો અધિકાર છે, અને તેણે તેમ કરવાનાં કારણો લખી રાખવાં.

પરવાનો ખોવાયા બાબતનો રિપોર્ટ કરવો.

૨૫. ૨૩મી કાનુનમાં જણાવેલા કોઈપણ પ્રકારનો પરવાનો જે કોઈ શખસને આપ્યો હોય તે શખસ તે ગુમાવે તો, તેણે તે બાબત, પ્રસંગ પ્રમાણે જે થાણુદાર અથવા બીજા માજીસ્ટ્રેટ અથવા તાલુકદારની હકુમતની અંદર તે રેહેતો હોય તેને જાહેર કરવું. જે અમલદારને આ પ્રમાણે જાહેર કરવામાં આવ્યું હોય તેણે, છેલ્લા પરવાનામાં લખેલું હથિયાર અથવા લખેલા હથિયારો તેનો માસિક નવો પરવાનો હાજર કરે ત્યાં સુધી અટકાવી રાખવાં. અસલ પરવાનો ગુમાવ્યાની તારીખથી ૧૨ મહિનાની અંદર નવો પરવાનો હાજર કરવામાં ન આવે, તો એવી રીતે અટકાવી રાખેલાં હથિઆર સરકાર દાખલ થશે.

પરવાનો ધારણ કરનારના કબજામાંથી હથિયારો જતાં રહે તો તેની ફરજ.

૨૬. જે હથિયારો અથવા યુદ્ધ સામગ્રી સારૂ કોઈ શખસ આ કાનુનોની રૂયે આપેલો પરવાનો ધારણ કરતો હોય તે તેના કબજામાંથી કોઈપણ રીતે જતાં રહે, તો તેણે તે બાબતની નોટીસ થાણુદારને અથવા બીજા માજીસ્ટ્રેટને અથવા તાલુકદારને તાબડતોબ આપવી અને તેણે પોતાનો પરવાનો રદ કરાવવો અથવા તેમાં જરૂર જણાય તેવો ફેરફાર કરાવવો.

કાનુનો અમલમાં આણવાની અમલદારોની ફરજ.

૨૭ (અ) દરેક ગામમાં આપેલા પરવાનાઓના તથા તે ગામોમાં રહેનારા અને ૨૨ મી કાનુનની રૂયે આ કાનુનોના અમલમાંથી જેઓને માફી આપી હોય તે શખસોના કબજામાંનાં હથિયારોના રજીસ્ટરની એક નકલ પોલીસ પટેલે રાખવી, અને સદરહુ રજીસ્ટરમાં જણાવેલાં હથિયારો પરવાના ધારણ કરનારાઓના

કબજામાં ન હોય એવા, અથવા પરવાના શિવાય કોઇ શખસોના કબજામાં હથિયારો અથવા યુદ્ધ સામગ્રી હોય એવા જે દાખલા, અથવા સાધારણ રીતે આ કાનુનોના ઠરાવોનો ભંગ કીધો હોય એવા જે દાખલા તે પોલીસ પટેલના તથા (હેડ કૉન્સ્ટેબલથી ઉતરતા દરજ્જાના નહીં હોય એવા) જે સઘળા પોલીસ અમલદારોના જાણ્યામાં આવે તે બાબત રિપોર્ટ કરવાની તેઓની ફરજ છે.

(બ) એજન્સિ સ્ટેશનોમાં અથવા રેલવેની હદમાં રેહેનારાઓને આપેલા પરવાનાઓનાં રજીસ્ટરની નકલ દરેક પ્રાન્તમાંના પોલીસ ઇન્સ્પેકટરે તથા સંબંધ ધરાવતા હોય એવા રેલવે પોલીસ ઇન્સ્પેકટરોએ રાખવી, તથા તે રજીસ્ટરમાં જણાવેલાં હથિયારો પરવાના ધારણ કરનારાઓના કબજામાં ન હોય એવા, અથવા જેઓને ખસુસ કરીને માફી આપી ન હોય તેવા શખસોના કબજામાં પરવાના શિવાય હથિયારો અથવા યુદ્ધ સામગ્રી હોય તેવા જે દાખલા અથવા સાધારણ રીતે આ કાનુનોના ઠરાવોનો ભંગ કીધો હોય એવા જે દાખલા તેઓના જાણ્યામાં આવે તે બાબત રિપોર્ટ કરવાની ફરજ છે.

## ૫.—શિક્ષા.

૨૮. જે કોઈ હેઠળ લખેલા ગુન્હા પૈકી કોઇપણ ગુન્હો કરશે, એટલે:—

કાનુનો ૩થી ૫, ૭ થી ૯, ૧૧ થી ૧૩, ૧૬ થી ૧૮ અને ૨૨ અને ૨૩ નો ભંગ કર્યા બદલ.

(અ) ૩ જી કાનુનના ઠરાવો વિરૂદ્ધ કોઇપણ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર તૈયાર કરશે, તેમનું રૂપાન્તર કરશે, તેમની મરામત કરશે, તે વેચવા સારૂ રાખશે, કાહાડશે અથવા માંડી મુકશે, અથવા ૪થી અથવા ૫ મી કાનુનોની રૂએ આપેલા લૈસન્સની કોઈપણ શરતનો ભંગ કરશે,

અથવા

(ખ) ૭મી કાનુનની રૂયે જે કોઇપણુ રજીસ્ટર રાખવાની તેને જરૂર હશે તેમાં જાણી જોઇને કોઈ પણ ખોટી નોંધ કરશે,

અથવા

(ક) ૭ મી અથવા ૮ મી કાનુનની રૂયે જે કંઇ પદાર્થ તેણે બતાવવાની જરૂર હશે તે પદાર્થ બતાવવાને તે જાણી જોઇને ચુકશે અથવા ના પાડશે અથવા ૯ મી કાનુનની રૂયે તેના મકાનમાં જે પાટીયું મારવાની જરૂર છે તે મારવાની જાણી જોંઇને ચુકશે અથવા ના પાડશે,

અથવા

(ડ) ૧૧મી કાનુન વિરૂદ્ધ હથિયારો અથવા યુદ્ધ સામગ્રી વેચસે,

અથવા

(ઇ) ૧૨મી, ૧૩મી, ૧૬મી, ૧૭મી અથવા ૧૮મી કાનુનોના ઠરાવો વિરૂદ્ધ કોઇપણુ હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર આયાત કરશે, બાહાર મોકલશે અથવા એક જગાએથી બીજી જગાએ મોકલશે,

અથવા

(ફ) ૨૨મી અથવા ૨૩મી કાનુનો વિરૂદ્ધ હથિયારો અથવા યુદ્ધ સામગ્રી પોતાના કબજામાં રાખશે અથવા લે લઇને જશે, અથવા પોતાના નિબંધમાં રાખશે,

અથવા

(ગ) જે હથિયારો અથવા યુદ્ધ સામગ્રી બદલ પોતે પરવાનો ધારણ કરતો હોય તે હથિયારો અથવા યુદ્ધ સામગ્રી પોતાના કબજામાંથી એવી રીતે જવા દેશે કે જેથી તેની શુદ્ધ બુદ્ધો વિશે વાજબી શક ઉત્પન્ન થશે,

તેના ઉપર બીજા વર્ગથી ઉતરતા દરજ્જાના નહીં હોય એવા માજિસ્ટ્રેટની રૂબરૂ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી તે ત્રણ વર્ષ સુધીની મુદતની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે, અને જે હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોરના

સંબંધમાં તે ગુન્હો કરવામાં આવ્યો હશે તે, તેમજ તે લઈજવા સારૂ ઉપયોગમાં લીધેલું ગાડું અથવા ભારવાહી જનાવર સરકાર દાખલ થવાને પાત્ર થશે.

૨૫મી તથા ૨૬મી કાનુનોનો ભંગ કર્યા બદલ.

૨૯. જે કોઇ શખસ ૨૫મી કાનુનમાં ફરમાવ્યા મુજબ પરવાનો ખોવાયા બદલ રિપોર્ટ કરવાની અથવા ૨૬મી કાનુનમાં ફરમાવ્યા મુજબ કોઇપણ હથિયારો અથવા યુદ્ધ સામગ્રી ખોવાયા બદલ રિપોર્ટ કરવાની કસુર કરશે, તેના ઉપર કોઇ માજીસ્ટ્રેટ અથવા હકુમતવાળા તાલુકદારની આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી તે દશ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે, અને તેનો પરવાનો એક વર્ષ સુધીની ગમે તેટલી મુદ્દત સુધી નવો નહીં કરી આપવાનો અધિકાર છે.

જે કાનુનોનો ભંગ કર્યા બદલ બીજી રીતે ઠરાવ કર્યો નથી તેમનો ભંગ કર્યા બદલ.

૩૦. જે કોઇ શખસ આ કાનુનોમાંની જે કોઇપણ કાનુનનો ભંગ કરવા સારૂ આ કાનુનોમાં કંઈ શિક્ષા ઠરાવી હશે નહીં તેવી કોઇપણ કાનુનનો ભંગ કરશે તેના ઉપર કોઇપણ માજીસ્ટ્રેટની આગળ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયેથી તે ૧ મહિનાની મુદ્દત સુધીની કેદની અથવા બસેં રૂપીયા સુધીના દંડની અથવા આ બન્ને શિક્ષાને પાત્ર થશે.

## ૭.—પરચુરણ.

શકવાળાં મકાન તથા તેમનો ઝાડો લેવા બાબત.

૩૧. જ્યારે કોઈપણ માજીસ્ટ્રેટને એમ માનવાનું કારણ હોય કે કોઇપણ લેસન્સ ન ધારણ કરનારા શખસના કબજામાં વેચવા સારૂ હથિયારો અથવા યુદ્ધ સામગ્રી છે, અથવા તે પોતાની જગામાં પરવાનગી વગર ૪૦ રતલ કરતાં વધારે ગંધક રાખેછે, ત્યારે તેને, તે પ્રમાણે માનવાનાં કારણ દફતરમાં લખીને, જે ઘર અથવા મકાન વિગેરેમાં તેવાં હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા ગંધક હોવાનું તે માનતો હોય તે ઘર અથવા મકાન વિગેરેનો ઝાડો લેવડાવવાનો અને જો તે તેમાં જડે તો તે પકડીને સરકાર દાખલ કરવાનો અધિકાર છે.

૩૨. જો કોઇ શખસ આ કાનુનોનો ભંગ કરીને હથિયારો, યુદ્ધ સામગ્રી અથવા લશ્કરી સ્ટોર લૈસન્સ વગર આયાત કરતો હશે અથવા બાહાર મોકલતો હશે અથવા તે પાસ વગર એક જગાએથી બીજી જગાએ મોકલતો હશે અથવા પરવાના વગર હથિયારો અથવા યુદ્ધ સામગ્રી પોતાના કબજામાં રાખતો હશે, તો કોઇપણ માજિસ્ટ્રેટને, પોલીસ અમલદારને, પોલીસપટેલને અથવા તેમના હુકમ મુજબ કામ કરનાર કોઇ પણ શખસને તે પકડવાનો અધિકાર છે.

પકડવું.

૩૩. (અ) જે માજીસ્ટ્રેટે તે મુકદ્દમાનો ઈનસાફ કર્યો હોય તેને, અથવા તે બીજા જે માજીસ્ટ્રેટના હાથ હેઠળ હોય તેને, ગુન્હો સાબિત થયાનો ઠરાવ થઇ શકે એવી ખબર જે કોઇપણ શખસે આપી હોય તેને, આ કાનુની રૂયે કરેલા દંડની અડધી રકમ સુધીનું તથા આ કાનુનોની રૂયે સરકાર દાખલ થયલા પદાર્થોની અડધી કિંમત સુધીનું ઈનામ આપવાનો અધિકાર છે.

ખબર આપનારાઓને ઇનામ.

(બ) જે મુકદ્દમામાં દંડ કરવામાં આવ્યો ન હોય અથવા જેમાં ઉપર ઠરાવ્યા કરતાં વધારે ઈનામ આપવાનું ઇષ્ટ જણાતું હોય તે મુકદ્દમા પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટે અથવા તેની મારફત પોલિટિકલ એજન્ટના હુકમસારૂ મોકલવા.

૩૪. પ્રાન્તના આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટના હુકમ અથવા મંજુરી શિવાય આ કાનુનોની રૂયે કોઇના ઉપર ફોજદારીમાં કામ ચલાવવું નહીં.

ફોજદારીમાં કામ ચલાવવા સારૂ મંજુરીની જરૂર.

૩૫. પોલિટિકલ એજન્ટને વખતો વખત, એજન્સિ ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કયા નમૂના મુજબ તથા કઇ શરતોએ અને કઈ શરતોને પાત્ર રહીને કોઈપણ લૈસન્સ, પાસ અથવા પરવાનો આ કાનુનો મુજબ આપવો તે નકી કરવા સારૂ, આ કાનુનોની વિરૂદ્ધ ન

પુરવણી કાનુનો કરવાનો અધિકાર.

હોય એવી કાનુનો કરવાનો અધિકાર છે, અને તેને એવી કાનુનોમાં બીજી બાબતો ઉપરાંત—

(અ) લૈસન્સો, પાસો અથવા પરવાના કેટલી મુદ્દતસુધી અમલમાં રહેશે તે ઠરાવવાનો,

(બ) સદરહુ લૈસન્સો, પાસો અથવા પરવાનાસારૂ સ્ટાંપના રૂપમાં અથવા બીજી રીતે કેટલી ફી આપવી તે નક્કી કરવાનો;

(ક) લૈસન્સ ધારણ કરનારે ઠરાવેલા નમૂના મુજબ નોંધ અથવા હિસાબ રાખવો અને સરકારનો કોઇ અમલદાર તે બતાવવાનું કહે ત્યારે તે બતાવવો એવું ફરમાવવાનો,

(ડ) તેને હથિયારો અથવા યુદ્ધ સામગ્રી હાજર કરવાનું અથવા તેમનો હિસાબ બતાવવાનું કહેવામાં આવે ત્યારે તેણે તે હાજર કરવા અથવા બતાવવો એવું ફરમાવવાનો, અધિકાર છે.

કાયમ રાખવા બાબતની કાનુન.

૩૯. મુંબઇ સરકારના અધિકાર ઉપરથી આ બાબત પ્રસિદ્ધ કરેલા કોઇપણ હુકમ અથવા જાહેરનામાં જે હમણાં અમલમાં હોય અથવા જે હવે પછી અમલમાં આવે તેમને આ કાનુનોમાંના કોઇપણ મજકુર ઉપરથી બાધ આવશે નહીં.

## પરિશિષ્ટ અ.

તોપો, ટૉરપેડોના કામમાં ઉપયોગી પડનારા પદાર્થો, લડાઇના બાણ તથા હથિયારો તથા યુદ્ધ સામગ્રી તૈયાર કરવાના યંત્રસંબંધી કાનુનો શિવાયની હથિયારો તથા યુધ્ધ સામગ્રી સંબંધી કાઠિયાવાડ પોલિટિકલ એજન્સિમાંની કાનુનોની ૨૨ મી કાનુનમાં ઠરાવેલા પ્રતિબંધમાંથી બાતલ કરેલા શખસોની અથવા બાતલ કરેલા વર્ગોના શખસોની યાદી:—

(૧) જેઓ બ્રિટિશ હિંદુસ્તાનમાં હોય તો હિંદુસ્તાનના હથિયાર બાબતના આક્ટના અમલમાંથી બાતલ થાય તે સઘળા શખસો.

(૨) સઘળા માજીસ્ટ્રેટો તથા થાણદારના દરજ્જાના તથા થાણદારથી ચહડતા દરજ્જાના સઘળા અમલદારો.

(૩) ખંડણી આપનારાઓની પ્રલાવદી યાદીમાં જેઓના નામ હોય એવા કાઠીયાવાડના સઘળા હકુમતવાળા તથા હકુમત વગરના તાલુકદારો.

(૪) પોલિટિકલ એજન્ટે વખતો વખત એજન્સિ ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને ખરી વફાદારીવાળા તથા સારા દરજ્જાના જે કોઇપણ જમીન ધારણ કરનારાઓને, સ્ટેશન કમિટિના મેંબરોને તથા બીજા માણસોને વિશેષ કરીને બાતલ કર્યા હોય તેઓ.

(૫) યોગ્ય બ્રિટિશ અમલદારની સહીવાળી યોગ્ય નમૂનાની પરમિટમાં સમાસ થતો હોય તેટલાં હથિયારો અથવા યુદ્ધ સામગ્રી લઇને જનારા સઘળા મુસાફરો.

(કાઠીયાવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૭મી ફેબરવારી સને ૧૯૦૧.

પુસ્તક ૩૯. પાનું ૬૨).

## જાહેરખબર.*

### નંબર ૬૭ સને ૧૮૯૯.

કાઠીયાવાડના સ્વસ્થાનો અને ઇંગ્રેજ સરકાર વચ્ચે જે સંબંધ ચાલે છે તેની રૂઇએ સદરહુ સ્વસ્થાનોમાં ખસખસનું વાવેતર અને અફીણની બનાવટ અને ત્યાંથી અફીણની નીકાસ તદન બંધ કરવામાં આવીછે અને સદરહુ સ્વસ્થાનોમાં પોલીટીકલ એજન્ટ સાહેબની સહીવાળા પરવાના સીવાય અફીણની આયાત બંધ કરવામાં આવી છે તેથી કરીને પોલીટીકલ એજન્ટ સાહેબની જાહેરખબર નંબર ૪ તારીખ ૧૫–૨–૯૪થી પ્રસિદ્ધ કરેલા ધારા રદ કરીને નીચેના ધારા આખા કાઠીયાવાડમાં યોગ્ય રીતે અમલ થવા માટે તથા સરવેને ખબર થવા માટે નામદાર મુંબઈ સરકારના

* અફીણનો ધારો પ્રથમ પાને ૪૦ મે છાપવામાં આવ્યો છે તે એવાં હેતુથી કે બંને ધારામાં શું ફેરફાર થયો છે તે ડીસ્ટ્રીક્ટ પોલીસના તથા આમના અધીકારીનાં જાણ્યામાં આવે.

હુકમથી હાલ પ્રગટ કરવામાં આવેછે. અખતીયારી રાજાઓ તથા તાલુકદારોએ પોત પોતાના સ્વસ્થાનમાં આ ધારા પ્રસિદ્ધ કરી તેનો અમલ કરાવવો જોઇએ અને દાણ ચોરી કરનારને પીછે લાગનાર અથવા દાણ ચોરીના અફીણની શોધમાં લાગેલા પ્રેવેન્ટીવ ખાતાના અમલદારોને અસરકારક મદદ આપવી જોઇએ.

૨. પોલીટીકલ એજન્ટ સાહેબ દરબારોને એમ પણ જણાવે છે કે આ ધારા પૈકી કોઇ નીયમનો અમલ કરવામાં કોઇ નિષ્ફળતા થશે તો જકાત માફ કરવાના અથવા પાછી આપવાના તમામ હક નાબુદ થશે અને કેટલા પ્રમાણમાં જકાત માફ કરવી અગર પાછી આપવી એ અંગ્રેજ સરકારની તદન મરજી ઉપર છે તોપણ જ્યાંસુધી દરબારો આ ધારાનો અમલ કરવામાં વફાદારીથી સરકારને મદદ કરશે ત્યાંસુધી જકાતનો જે ભાગ અગર પ્રમાણ તેમના પાસેથી હાલમાં મુકી દેવામાં આવેલ છે તેમાં ફેરફાર કરવાનો ઈંગ્રેજ સરકારનો ઇરાદો નથી.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી, રાજકોટ,

તારીખ ૨૨ અગસ્ટ સને ૧૮૯૯.

ઈંગ્રેજીમાં હંટર સાહેબની સહી,

પોલીટીકલ એજન્ટ.

## કાઠીયાવાડ માંહેના દેશી સંસ્થાનોમાં લાગુ કરવાના અફીણ બાબત નિયમો.

૧. અફીણ આ શબ્દમાં ખસખસના લીલા જીંડવાનો તથા અફીણમાંથી અથવા અફીણમાં મેળવણી કરી તૈયાર કરેલા પદાર્થોનો અને ખસખસના ઝાડમાંથી તૈયાર કરેલાં કેફ લાવનારાં વસાંણાનો પણ સમાસ થાયછે.

૨. સંસ્થાનના મુલકમાં ખસખસનાં ઝાડનું વાવેતર કરવાની અથવા અફીણ તૈયાર કરવાની મનાછે.

૩. પોલિટિકલ એજન્ટની સહીવાળી પાસ હોયા શિવાય, સંસ્થાનની હદ બાહારની કોઈપણ જગાએથી અફીણુ અંદર લાવવાની મનાછે.

૪. સંસ્થાનની હદ બાહારની કોઇપણુ જગાએ અફીણુ મોકલવાની મના છે.

૫. દશ તોલા કરતાં વધારે અફીણુ, સંસ્થાનના યોગ્યરીતે અધિકાર મળેલા અમલદારે આપેલી પરવાનગી ચિઠી તે સાથે હોયા શિવાય, સંસ્થાનની હદની અંદર એક જગાએથી બીજી જગાએ મોકલવાની મનાછે. પણ હમેશનેમાટે એવું ઠરાવ્યું છે કે તે સંસ્થાન, પોલિટિકલ એજન્ટ પસંદ કરે તેવા યોગ્ય બંદોબસ્તથી બીજા સંસ્થાનના મુલકોમાં થઇને પોતાના બાહારના પ્રાંતો પૈકી કોઇપણુ પ્રાંતમાં અફીણુનો જથો મોકલી શકશે.

૬. ૭મી અને ૮મી રકમમાં ઠરાવ્યું છે તે શિવાયને પ્રસંગે, (૧) કોઇપણુ માણુસે, દરબાર પાસેથી અથવા ઈજારદાર અથવા લૈસેન્સવાળા વેચનારા પાસેથી ખરીદ કરેલાં અફીણુ શિવાય બીજું કાંઇ અફીણુ પોતાના કબજામાં રાખવું નહિ; (૨) જે માણુસ ઇજારદાર અથવા લૈસેન્સવાળો વેચનારો નહિ હોય તેણે, દસ તોલા કરતાં વધારે અફીણુ પોતાના કબજામાં રાખવું નહિ.

૭. ૬ઠ્ઠી રકમ—

(૧) ૫મી રકમ પ્રમાણે જે અફીણુ બાબત પરવાનગી-ચિઠી મળી હોય તે અફીણુ રસ્તે જતું હશે તેને,

(૨) કાનુન પ્રમાણે અંદર આણેલું જે અફીણુ નિમેલી જગાએ જતું હશે તેને.

(૩) કાઠીયાવાડમાં પ્રવાસ કરનારા કોઈ રાજ્ય કરતા રાજાના કબજામાં જે અફીણુ માત્ર પોતાના ખાનગી વાપરસારૂ હોય અથવા તેમની સાથેના માણુસો અથવા મેમાનોના ઉપયોગ માટે હોય તેને લાગુ પડતી નથી.

૮. (અ) કોઇપણુ મેડિકલ પ્રાક્ટિશનરને માત્ર ઓસડનાંજ કારણુ

સાર અફીણ કબજામાં રાખવાનું લૈસેન્સ આપી શકાય, (બ) દસ તોલા કરતાં અમુક વધારે પરિમાણ સુધીનું અફીણ માત્ર ખાનગીજ વાપરસાર અમુક મુદતસુધી કબજામાં રાખવાનો જેના ઉપરથી અધિકાર મળતો હોય એવી વિશેષ પરવાનગી ચિઠી હરકોઈ માણસને આપી શકાય.

૯. જે કોઇપણ માણસ પાસે અફીણ વેચવાનું લૈસન્સ ન હોય તેણે અફીણ વેચવું નહિ. પણ એવું ઠરાવ્યું છે કે, જે કોઇપણ મેડિકલ પ્રાક્ટિશનરને ૮ મી રકમ પ્રમાણે લૈસન્સ આપ્યું હોય તેને, કોઇપણ એક આપ લેમાં દસ તોલા કરતાં વધારે ન હોય એવાં પરિમાણમાં અફીણ ઔષધ તરીકે અથવા તૈયાર કરેલા ઔષધોમાં વેચવાનો અધિકારછે.

૧૦. દસ તોલા કરતાં વધારે પરિમાણમાં અફીણ કબજામાં રાખવાનો જે માણસને કાયદાસર રીતે અધિકાર ન હોય તેવા કોઈ માણસને તેવું વધારે અફીણ કોઇ શખસે વેચવું નહિ.

૧૧. કોઇપણ લૈસન્સવાળા વેચનારાએ, દસ તોલા કરતાં વધારે પરિમાણમાં ખસખસનાં ઝાડનો જાડો થયેલો રસ, અથવા તેનો બનાવેલો અથવા તે ભેળીને તૈયાર કરેલો કાંઇપણ પદાર્થ, અથવા ખસખસનાં ઝાડમાંથી તૈયાર કરેલું કેફ લાવનારૂં કાંઇપણ વસાણું, અથવા ૫ શેર કરતાં વધારે ખસખસનાં જીંડવાં, લૈસેન્સવાળા વેચનાર અથવા ઇજારદાર શિવાય અથવા મેડિકલ પ્રાક્ટિશનર અથવા ૮મી રકમ પ્રમાણે દરબારે આપેલી વિશેષ પરવાનગી ચિઠી ધારણ કરનાર માણસ શિવાય બીજા માણસને વેચવાં નહિ.

૧૧. (અ) મજકુર લૈસેન્સવાળા વેચનારાઓમાંના કોઇને કીંમત આપ્યા શીવાય કંઇપણ અફીણ આપવું નહિ આ કીંમત પાસેના બ્રીટીશ ડીસ્ટ્રીકટમાં તે વખતે લૈસેન્સવાળા વેચનારાઓને જે કીંમતે આપવામાં આવેછે તેથી કમી હોવી ન જોઇએ.

૧૧. (બ) સંસ્થાનમાં લૈસેન્સવાળા વેચનારાઓને, પાસેના બ્રીટીશ ડીસ્ટ્રીકટમાં તે વખત ઓછામાં ઓછી જે

કીંમતે અફીણ વેચવાનો લૈસેન્સવાળા વેચનારાઓને અખત્યાર આપવામાં આવ્યો હોય તે કીંમત કરતાં હલકી કીંમતે અફીણ વેચવાની પરવાનગી કોઇ વખત આપવી નહીં.

૧૨. અફીણ વેચવાનું લૈસેન્સ માત્ર દરબારેજ આપવું જોઇએ; એવા લૈસેન્સમાં હેઠળ લખેલી શરતો હોવી જોઇએ:– એક રજીસ્ટર રાખીને તેમાં–

(૧) તેઓએ સંસ્થાનમાંથી વખતે વખતે કેટલું અફીણ લીધું તે;

(૨) ખરીદનારનું નામ તથા રેહેવાનું ઠેકાણું;

(૩) અફીણ કેટલું વેચ્યું તે;

(૪) દર તોલે કેટલી કીંમત લીધી તે,

એ તપસીલ લખવી જોઇએ.

દરેક માણસને દિવસમાં અડધા તોલાથી વધારે નહિ એટલું અફીણ વેચ્યું હોય તેનું એકંદર પરિમાણ ખરીદદારોનાં નામો વિગેરે ન લખતાં, દાખલ કરવું જોઇએ.

૧૩. સંસ્થાને અફીણ વેચવાના લૈસન્સ ફક્ત એક વરસને માટે આપવાં જોઇએ; અથવા અફીણ વેચવાનો હક્ક વત્તામાં વત્તા પાંચ વરસની મુદ્દત સુધી ઇજારે આપી શકાય. સઘળાં લૈસન્સવાળા વેપારીઓએ અથવા ઇજારદારોએ પોતાને જોઇતું અફીણ માત્ર દરબાર પાસેથી મેળવવું જોઇએ.

૧૪. જે કોઇપણ માણસ આ નિયમો વિરૂધ્ધ, (અ) ખસખસનાં ઝાડનું વાવેતર કરશે, (બ) અફીણ તૈયાર કરશે, (ક) અફીણ કબજામાં રાખશે, (ડ) અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલશે, (ઇ) અફીણ અંદર લાવશે અથવા બાહાર મોકલશે, (ફ) અથવા અફીણ વેચશે, (ગ) અને જે કોઇ માણસ બીજી રીતે આ નિયમો તોડશે તેની ઉપર દરબારે યોગ્ય રીતે અધિકાર આપેલા કોઇપણ અમલદારની રૂબરૂ ગુન્હાની સાબિતી થશે તો તેને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બદલ એક વરસની મુદ્દતસુધી

આસાન અથવા સખ્ત મજુરી સાથે કેદની શિક્ષા થશે, અથવા બે હજાર રૂપીયાસુધી દંડ થશે, અથવા આ બેઉ શિક્ષા થશે; અને દંડ કર્યો હોય તે પ્રસંગે, ગુન્હાની સાબિતી કરનારા અમલદારે દંડ આપવામાં નહિ આવે તો ગુન્હેગારને છ મહિનાની મુદતસુધી કેદમાં રાખવા બાબત હુકમ કરવો, અને સદરહુ પ્રકારની કેદ કાંતો આસન અથવા સખ્ત મજુરીની હોવી જોઇએ અને બીજી કોઇપણ કેદની શિક્ષા કરી હશે તે ઉપરાંત છે એમ સમજવું.

૧૫. ઉપરની રકમ પ્રમાણે ફરિયાદી થાય તેમાં ઉલટું સાબીત કરવામાં આવે ત્યાં સુધી, જે અફીણ બાબત તોહોમતદાર સંતોષકારક જવાબ આપી શકતો ન હોય તે સઘળા અફીણના સંબંધમાં તેણે આ નિયમો પ્રમાણે ગુન્હો કર્યો છે એમ અનુમાન કરવું.

૧૬. જે કોઇપણ કામમાં ૧૪ મી રકમ પ્રમાણે ગુન્હો કર્યો હશે તે કામમાં—

(અ) સદરહુ પ્રમાણે વાવેતર કરેલાં ખસખસનાં ઝાડો,

(બ) જે અફીણ બાબત તેજ રકમ પ્રમાણે કાંઇપણ ગુન્હો કર્યો હશે તે અફીણ,

(ક) તેજ રકમના (ડ) અથવા (ઇ) સદરની રૂયે થયેલા ગુન્હાની બાબતમાં ગુન્હેગાર પ્રસંગ પ્રમાણે, પોતાને જેટલું અફીણ, એક જગાએથી બીજી જગાએ મોકલવાની, અંદર લાવવાની અથવા બાહાર મોકલવાની પરવાનગી હશે તેથી વધારે અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલતો હશે, લાવતો હશે અથવા બાહાર મોકલતો હશે ત્યારે, તે જે અફીણ એક જગાએથી બીજી જગાએ મોકલતો હશે, લાવતો હશે અથવા બાહાર મોકલતો હશે તે સઘળું અફીણ,

(ડ) તેજ રકમના (ફ) સદરની રૂયે થયેલા ગુન્હાની બાબતમાં જે અફીણ બાબત ગુન્હો કર્યો હશે તે શિવાયનું બીજું

અફીણ ગુન્હેગારના કબજામાં હશે ત્યારે, તેવું બીજું સઘળું અફીણ,

દરબાર તરફથી જપ્ત થવાને પાત્ર થશે.

તેમજ આ રકમ પ્રમાણે જપ્ત થવાને પાત્ર હોય એવું કાંઇપણ અફીણ જે પાત્રોમાંથી, ગાંસડીઓ (પ્યાકેજો) માંથી, અને બારદાનમાંથી મળ્યું હશે તે પાત્રો, ગાંસડીઓ તથા બારદાનો અને પાત્રમાં અથવા ગાંસડીમાં એવું અફીણ સંતાડયું હશે તે પાત્રમાં અથવા ગાંસડીમાં બીજા જે જે પદાર્થ હશે તો તે પદાર્થ તથા તે અફીણ લઈ જવા સારૂ ઉપયોગ કરેલાં જાનવરો અથવા વાહનો પણ દરબાર તરફથી જપ્ત થવાને પાત્ર થશે.

૧૭. જ્યારે તોહોમતદારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય ત્યારે અથવા જ્યારે હરકોઇ અફીણ બાબત ગુન્હો કર્યાનું તોહોમત જે માણુસની ઉપર મુકયું હોય તે માણુસને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હોય પણ તે અફીણ જપ્ત થવાને પાત્ર છે એવું તે મુકદ્દમાનો ઇનસાફ કરનારો સંસ્થાનનો અમલદાર ઠરાવે ત્યારે, તે અફીણ જપ્ત કરવા બાબત હુકમ કરવાનો તેને અધિકાર છે. જ્યારે આ નિયમો વિરૂદ્ધ ગુન્હો થયો હોય, પણ ગુન્હેગારની ખબર નહિ હોય અથવા મળતો નહિ હોય ત્યારે, અથવા જ્યારે કોઈ પણ માણુસના કબજામાં નહિ હોય એવા અફીણ બાબત ખાત્રી લાયક હકીકત જણાતી નહિ હોય ત્યારે, સંસ્થાનના અધિકારવાળા કોઇપણ અમલદારને, યોગ્ય ચોકશી કર્યા પછી, એવું અફીણ જપ્ત કરવા બાબત હુકમ કરવાનો અધિકાર છે.

૧૮. દરેક મુકદ્દમાનો સંપૂર્ણ રિપોર્ટ પોલીટીકલ એજંટ સાહેબ તરફ તાબડતોબ મોકલવો જોઈએ અને તેની સાથે ૧૯ મી રકમ પ્રમાણે બક્ષીસો આપવા બાબત હુકમ થયો હોય તેની યાદી અને જપ્ત કરેલાં અફીણ ઉપર પાસ બદલ ફી લેહેણી થઇ હોય તો તેની બે તૃતીયાંશ રકમ મોકલવી જોઇએ. ઉપર પ્રમાણે જપ્ત કરેલી સઘળી બીજી જનસોની વ્યવસ્થા દરબાર હુકમ કરે તે પ્રમાણે કરવી જોઇયે.

૧૯. અધિકાર મળેલો સંસ્થાનનો જે કોઇપણ અમલદાર આ નિયમોની ૧૪ મી રકમ પ્રમાણે ગુન્હેગાર ઉપર ગુન્હાની સાબિતીનો ઠરાવ કરશે અથવા ૧૬ મી રકમ પ્રમાણે અફીણ જપ્ત કરવાનો હુકમ કરશે તે અમલદાર બાતમી આપનારાઓને અને જે કોઇપણ બીજા માણસોએ અફીણ પકડવાના કામમાં અથવા ગુન્હેગાર ઉપર ગુન્હાની સાબિતી કરવાના કામમાં મદત કરી હોય તે માણસોને, પોતાને યોગ્ય લાગે તે પ્રમાણમાં, તે મુકદમામાં જપ્ત કરેલા અફીણની કિંમત તથા પાસ બાબતની ફી મળીને જે રકમ થાય તેના એક દ્વીતીયાંશથી વધારે નહિ એટલી રકમ બક્ષિસ તરીકે આપવાને મુખત્યાર છે: પણ હમેશને માટે એવું ઠરાવ્યું છે કે દરબારે વિશેષ પ્રસંગે પોતાને યોગ્ય દેખાય તેવી જાસ્ત બક્ષિશ નાણાના રૂપમાં બાતમી આપનારાઓને અને બીજાઓને આપવી.

૨૦. સંસ્થાનના અધિકાર મળેલા કોઇપણ અમલદારને—

(અ) આ નિયમો પ્રમાણે જપ્ત થવાને પાત્ર હોય એવું અફીણ જે કોઇ જગાએ તૈયાર કરવામાં આવે છે અથવા રાખ્યું છે અથવા સતાડયું છે એવું માનવાનો તેને સબબ હશે તે જગામાં જઇને તેનો ઝાડો લેવાનો અને એવું કોઇપણ અફીણ અને તે તૈયાર કરવામાં ઉપયોગ કરેલી સઘળી જણસો પકડવાનો,

(બ) એવા અફીણના સંબંધમાં જે કોઈ માણસે કાંઇ ગુન્હો કર્યો છે એવું માનવાનો તેને સબબ હશે તેને અટકાવી રાખવાનો, તેનો ઝાડો લેવાનો અને તેને પકડવાનો,

(ક) આ નિયમોની ૧૬ મી રકમ પ્રમાણે જે કાંઈ અફીણ અથવા બાજી જણસ જપ્ત થવાને પાત્ર છે એવું માનવાનો તેને સબબ હોય તે અફીણ અથવા જણસ કોઇ ખુલ્લી જગામાં અથવા રસ્તે જતી હોય ત્યારે પકડવાનો,

અખત્યાર છે.

૨૧. સંસ્થાનનો જે કોઇપણ અમલદાર, વેહેમના વાજબી સબબો

વગર, હરકોઈ ઇમારતમાં, વહાણમાં અથવા જગામાં પેસશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેમાં કોઇને પેસાડશે અથવા તેનો ઝાડો લેવડાવશે,

અથવા આ નિયમો પ્રમાણે જપ્ત થવાને પાત્ર હોય એવું કાંઇ અફીણ અથવા બીજી જણસ પકડવાનાં અથવા તેને સારૂ ઝાડો લેવાના બહાના ઉપરથી કોઇ માણસનો માલ તેને ત્રાસ થાય એવી રીતે તથા વગર કારણે પકડશે,

અથવા હરકોઇ માણસને ત્રાસ થાય એવી રીતે તથા વગર કારણે અટકાવી રાખશે અથવા તેનો ઝાડો લેશે અથવા તેને પકડશે,

તેને સદરહુ પ્રકારના દરેક ગુન્હા બાબત ૫૦૦ રૂપિયા સુધી દંડ થશે.

૨૨. સંસ્થાનના અધિકાર મળેલા કોઇપણ અમલદારને, જે કોઇ માણસે અફીણ સંબંધી આ નિયમોનું ઉલ્લંઘન કર્યું છે એવું માનવાનો પોતાને સબબ હોય તે માણસને પકડવા સારૂ, અથવા જપ્ત થવાને પાત્ર હોય એવું અફીણ સંસ્થાનની હદની અંદર જે કોઇપણ જગામાં રાખ્યું છે અથવા સંતાડ્યું છે એવું માનવાનો પોતાને સબબ હોય તે જગાનો ઝાડો લેવા સારૂ પોતાનું વારંટ કાહાડવાનો અધિકાર છે.

૨૩. પકડેલા માણસોના અને પકડેલી જણસોના સંબંધમાં આગળ કામ ચલાવવું તે સંસ્થાનમાં ફોજદારી કામ ચલાવવાની સાધારણ જે રીત અમલમાં હશે તેજ રીતે ચલાવવું જોઇયે.

જે. એમ. હંટર, કર્નલ,
પોલીટીકલ એજન્ટ, કાઠીયાવાડ.

(કાઠીયાવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૧૨મી એપ્રીલ સને ૧૯૦૦.
પુસ્તક ૩૮. પાનું ૭૩).

## જાહેર ખબર.

### નંબર ૧૭ સને ૧૯૦૦.

ટપાલ ખાતાના નિચેના નોકરો જ્યારે કામગિરિ ઉપર હોય ત્યારે

તેમને તરવારો તેમની સાથે રાખવાની આ ઉપરથી પરવાનગી આપવામાં આવે છેઃ—

હલકારાઓ, ઓવરસીયરો, વિલેજ પોસ્ટમેન.

ટપાલ ખાતાની ચપરાસો તેઓ પેહેરેછે તે સદરહુ હથિઆર રાખવાને માટે પુરતો પરવાનો ગણવો જોઇએ.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, તારીખ ૭મી એપ્રીલ સને ૧૯૦૦.

ઇંગ્રેજીમાં હંટર સાહેબની સહી,
પોલીટીકલ એજંટ.

મુંબાઇ સરકારી ગેઝેટ ભાગ ૧ લો તારીખ ૨૨મી મેએ સને ૧૯૦૨ના પાને ૭૯૬ થી ૭૯૮ મધ્યેથી ઈન્તેખાબો.

## જાહેરખબરો.

## રાજ્ય પ્રકરણી ખાતું.

કિલ્લે મુંબાઇ, તારીખ ૨૧મી મેએ સને ૧૯૦૨.

નંબર ૩૭૯૪—પરરાજ્ય ખાતાની હિન્દી સરકારની નીચે લખેલી જાહેરખબર સર્વેને જાણુ થવા માટે ફરી પ્રસિદ્ધ કરવામાં આવેછેઃ—

"સીમલા, તારીખ ૧૬ મી મેએ સને ૧૯૦૨.

નંબર ૧૯૭૫— આઈ. એ.—પરરાજ્યની હકુમતની તથા ગુન્હેગારને એક બીજાના રાજ્યમાં સોંપવાના સને ૧૮૭૯ના આક્ટ ૨૧ની કલમ ૪ તથા ૫ આધારે મળેલી સત્તાની રૂએ તથા આ બાબતમાં મળેલી બીજી સઘળી સત્તાની રૂએ ગવરનર જનરલ ઇન કૌન્સીલનાં સાહેબે સદરહુ આક્ટના મતલબથી મુંબાઇના ગવરનર ઇન કૌન્સીલનાં સાહેબને સઘળી સત્તા

તથા હકુમત સોંપી છે, જે હકુમત તેઓ સાહેબને આ સાથે ટાંકેલા પરિશીષ્ટમાં બતાવેલી જગાઓ ઉપર વખતો વખત છે;

પરંતુ એમ ફરમાવવામાં આવ્યું છે કે આ ઉપરથી સોંપેલી સત્તા તથા હકુમત નામદાર ગવરનર જનરલ ઇન કૌન્સીલનાં સાહેબના તાબામાં રહી ભોગવવી;

વળી એમ ફરમાવવામાં આવ્યું છે કે આ જાહેરખબરનો કાંઇ ભાગ નામદાર ગવરનર જનરલ ઇનકૌન્સીલનાં સાહેબને આ ઉપરથી સોંપેલી કાંઈ સત્તા અથવા હકુમત ભોગવવામાં બંધન કારક ગણાશે નહીં.

## પરિશીષ્ટ.

| જે જગ્યાએ સત્તા તથા હકુમત ચલાવવામાં આવે તે જગ્યાનું નામ તથા વર્ણન. | કયા પોલીટીકલ એજન્સીમાં આવેલું છે તે. |
|---|---|
| પેહેલા વર્ગનું રાજ્ય કચ્છ. | કચ્છ. |
| પેહેલા વર્ગના રાજ્યો જુનાગઢ, નવાનગર, ભાવનગર, પોરબંદર, ધ્રાંગધ્રા, મોરબી અને ગોંડલ. | કાઠીયાવાડ. |
| બીજા વર્ગના રાજ્યો વાંકાનેર, પાલીતાણા, ધ્રોલ, લીંબડી, રાજકોટ, વઢવાણ અને જાફરાબાદ. | એજન. |
| ત્રીજા વર્ગના રાજ્યો થાન, લખતર, સાયલા, ચુડા, વળા, જસદણ અને માણાવદર. | એજન. |
| ચોથા વર્ગના રાજ્યો લાઠી, મુળી, બજાણા, વીરપુર, માળીયા, કોટડા-સાંગાણી, પાટડી અને સરદારગઢ. | એજન. |
| પાંચમા વર્ગના રાજ્યો જાલીયા-દેવાણી, કોઠારીયા, ગવરીદડ, પાલ, ગઢકા, મેંગણી, વણોદ, વસાવડ અને બાંટવા. | એજન. |
| છઠ્ઠા વર્ગના રાજ્યો ડેડાણ, શાપુર, ભોઇકા, વડોદ, રાજપર, | એજન. |

| જે જગ્યાએ સત્તા તથા હકુમત ચલાવવામાં આવે તે જગ્યાનું નામ તથા વર્ણન. | કયા પોલીટીકલ એજન્સીમાં આવેલું છે તે. |
|---|---|
| ભડલા, રાજપરા, દસાડા, ચોટીલા, સણોસરા, ભડલી, રાઈસાંકલી, વીછાવડ, કુબા ઇતરીયા અને ખંભાલા. | |
| સાતમા વર્ગના રાજ્યો ખીરસરા, વડાલી અને કરીઆણા. | એજન્ટ. |
| જેતપર, બગસરા, આણંદપુર, લોધીકા અને કરીઆણા એસ્ટેટના જુદા જુદા ભાગદારોના સઘળા પ્રગણાઓ. | એજન્ટ. |
| રાજકોટ, વઢવાણ, જેતલસર અને સોનગઢ સીવીલ સ્ટેશનો. | એજન્ટ. |
| વઢવાણ ડીસ્ટ્રીક્ટ થાણા તાબેની એસ્ટેટો—જેમકે કેસરીઆ, વણા, દુધરેજ, ખેરાલી, મુંજપર, ગુંદીઆલી, દેવળીયા, ભાલાળા, તલસાણા, પળાશી, ભથાણ, તાવી, ભડવાણા, ઝમર, ઝાંપોદડ અને લાલીયાદ. | એજન્ટ. |
| ચોટીલા થાણા તાબાની એસ્ટેટો—જેમકે—ચોટીલા, ભીમોરા, ચોબારી, આણંદપુર, બામણબોર, મેવાસા અને રામપરડા. | એજન્ટ. |
| દસાડા થાણા તાબાની એસ્ટેટ દસાડા. | એજન્ટ. |
| બોઇકા થાણા તાબાની એસ્ટેટો—જેમકે સમલા, અંકેવાળીયા, ભલગામડા, ભોઇકા, ઉંટડી, જાખણ, ખંભલાવ, ગેડી, કારોલ, સાહુકા, કંથારીયા, દરોદ, કમાલપર, ખાંડીઆ, ચચાણા, છલાળા, કરમડ અને વનાલા. | એજન્ટ. |
| પાલીયાદ થાણા તાબાની એસ્ટેટો—જેમકે પાલીયાદ, માત્રાટીંબા, ભારેજડા, સુદામડા-ધાંધલપર અને સેજકપર. | એજન્ટ. |
| ઝીંઝુવાડા થાણા તાબેની એસ્ટેટ ઝીંઝુવાડા. | એજન્ટ. |
| વીઠલગઢ થાણા તાબેની એસ્ટેટ વીઠલગઢ. | એજન્ટ. |

| જે જગ્યાએ સત્તા તથા હકુમત ચલાવવામાં આવે તે જગ્યાનું નામ તથા વર્ણન. | કયા પોલીટીકલ એજન્સીમાં આવેલું છે તે. |
|---|---|
| લાખાપાદર થાણા તાબાની એસ્ટેટો—જેમકે કાનેર, કથરોટા, ખીજડીઆ-નાયાણી, ગરમલી મોટી, ગરમલી નાની, ગઢીઆ, ચરખા, ઢોલરવા, માણાવાવ, લાખાપાદર, મોનવેલ, વેકરીઆ, વાઘનડી, હાલરીઆ, સીલાણા, દહીડા અને ગીમાસરાણ. | કાઠીયાવાડ. |
| બગસરા થાણા તાબાની એસ્ટેટ—જેમકે બગસરા, અને જામકા (વેલાણી). | એજન. |
| ધ્રાફા થાણા તાબાની એસ્ટેટો—જેમકે ધ્રાફા, સાતોદડ-વાવડી, મુળીલાડેરી અને અમરાપુર. | એજન. |
| લોધીકા થાણા તાબાની એસ્ટેટો—જેમકે—સીસાંગ ચાંડલી, વોરવા, કાંકસીઆળી, લોધીકા, મહુવા, કોટડા નાયાણી, કાનપુર ઇશ્વરીઆ, અને બળધોઇ, | એજન |
| બાબરા થાણા તાબાની એસ્ટેટો-જેમકે બાબરા, જામબાઇ-ની-દેરડી, રાંઢીઆ, આકડીઆ, નીલવલા, ખીજડીઆ, બીલડી અને કમઢીઆ. | એજન. |
| સોનગઢ થાણા તાબાની એસ્ટેટો—જેમકે લીંબડા, વાવડી-ધરવાળા, ભોજાવદર, સમઢીઆળા, છબાડીઆ, ખીજડીઓ (ડોસાજી), ગઢુલા, કાટોડીઆ (વાછાણી), સોનગઢ (વાછાણી), પાંચવડા (વાછાણી), ટોડા (વાછાણી), અને વાવડી (વાછાણી). | એજન. |
| ચમારડી થાણા તાબાની એસ્ટેટો—જેમકે ચમારડી (વાછાણી), પછેગામ (દેવાણી), ચોત્રાવાવ (દેવાણી), રામણકા (દેવાણી), વડોદ (દેવાણી), આલમપર (દેવાણી), ઘોળા (દેવાણી), ગઢાલી, સમઢીઆળા અને રતનપુર ધામણકા. | એજન. |

| જે જગ્યાએ સત્તા તથા હકુમત ચલાવવામાં આવે તે જગ્યાનું નામ તથા વર્ણન. | કયા પોલીટીકલ એજન્સીમાં આવેલું છે તે. |
|---|---|
| દાઠા થાણા તાબાની એસ્ટેટ દાઠા. | કાઠીયાવાડ. |
| ચોક થાણા તાબાની એસ્ટેટો—જેમકે એઆવેજ, રાણીગામ, ચોક, મોરચોપણા, ગણધોલ, જાહા (અણવાજી), રોહીસાલા, પાહ, ખોદાનોનેસ, સેવડીવદર, સનાલા, સમઢીવાલા, રાજપરા, સીરોડા, વેજાનોનેસ, વડાલ, દેદરડા, જાળીયા (માનાજી), કણુઝરડા, ભંડારીઆ, સાતાનોનેસ અને જુનાપાદર. | એજન. |
| કોલાપુર સીવીલ સ્ટેશન........................ | કોલાપુર અને દક્ષીણ મરાઠા દેશ. |
| પેહેલા વર્ગનું રાજ્ય કોલાપુર........................ | એજન. |
| કોલાપુર રાજ્યની ખેડુતની જાગીરો—જેમકે વીસલગઢ, બાવડા, કગલ (જુનો), કાપ્શી, ઇન્ચલકરણજી, ટોરગલ, કગલ (નવો) અને સરલશ્કર તથા હીમત બહાદુરના પ્રગણાઓ. | એજન. |
| સાંગલી, મીરજ (જુનું), મીરજ (નવું), કુરૂંદવાડ (જુનું), કુરૂંદવાડ (નવું), જમખન્ડી, મુધોલ અને રામદર્ગ | એજન. |
| પેહેલા વર્ગનું રાજ્ય ઇડર........................ | મહીકાંઠા. |
| બીજા વર્ગના રાજ્યો પોલં અને દાંતા........................ | એજન. |
| ત્રીજા વર્ગના રાજ્યો માલપુર, માણુસા અને મોહનપુર. | એજન. |
| ચોથા વર્ગના રાજ્યો આમલીઆરા, ઘોડાસર, ઇલોલ, કટોસણ, ખડલ, પુણદ્રા, પેથાપુર, રણાસણ અને વરસોડા. | એજન. |
| પાંચમા વર્ગના રાજ્યો દભા, દધલીઆ, મગોડી, રૂપલ, સથમ્બા, સુદાસન, વડગામ, વલારના, વસ્ના. | એજન. |
| છઠ્ઠા વર્ગના રાજ્યો બલુસ્ના, બોલદ્રા, દેઢરોત, દેરોલ, હડોલ, | એજન. |

| જે જગ્યાએ સત્તા તથા હકુમત ચલાવવામાં આવે તે જગ્યાનું નામ તથા વર્ણન. | ક્યા પોલીટીકલ એજન્સીમાં આવેલું છે તે. |
|---|---|
| હપા, કડોલી, ખેડવાર, લીખો, પ્રેમપુર, રમાંસ, સતલસના, તજપુરી અને વક્તાપુર. | |
| સાતમા વર્ગના રાજ્યો દેલોલી, ગબત, ઈજપુરા, કોથર્ના, કસલપુરા, મંગુણા, મહમદપુરા, પાલેજ, રામપુરા, રાણીપુરા, તેજપુરા, ટીંબા, ઉમરી અને વીરસોડા. | મહીકાંઠા. |
| ચંડુપ, ઝેરનીરમલી, બારમુઆડા અને બાવીસીના મતાદરી ગામો. | એજન. |
| સંથાલ તથા મલાજીનપુરાને ભેળવી દેઇને ભાગ પાડેલા ગામો. | એજન. |
| પેહેલા વર્ગના રાજ્યો પાલણપુર તથા રાધનપુર. | પાલણપુર. |
| થરાદ અને વાવ રાજ્યો; થરા તાલુકદાર ભારોલ ઠાકોરના, વરાહી જાગીરદારના તથા દેવદર ઠાકોરના પ્રગણાઓ. | એજન. |
| દેવદર, વાવ, વરાહી, કાંકરેજ, સંતલપુર અને થરાદ થાણા તાબાની એસ્ટેટો. | એજન. |
| પેહેલા વર્ગનું રાજ્ય રાજપીપલા. | રેવાકાંઠા. |
| બીજા વર્ગના રાજ્યો છોટા ઉદેપુર, બારીઆ, લુણાવાડા, બાલાસીનોર અને સુંથ. | એજન. |
| કડાણા, ભાદરવા, ઉમેઠા, સંજેલી અને નારૂકોટ (જાંબુઘોડા). | એજન. |
| સંખેડા મેવાસની એસ્ટેટો—જેમકે માંડવા, વજીરીઆ, શનોર, નસવાડી, ઉચાદ, આગ્રા, વાસત, વીરપુર, ગડ, સીંધીયાપુરા, વનમાલીઆ, અલવા, નંગામ, વાસન સેવડા, વોહોરા, બીહોરા, દુધપર, ચોરંગલા, બીલોડીયા, રામપરા, જીરાલ, કાનસોલી, ચુડેસર, નાળીઆ, પાનતલાવડી, રેંગણ, વીરમપુરા અને પલાસની. | એજન. |

| જે જગ્યાએ સત્તા તથા હકુમત ચલાવવામાં આવે તે જગ્યાનું નામ તથા વર્ણન. | ક્યા પોલીટીકલ એજન્સીમાં આવેલું છે ને. |
|---|---|
| પાંડુ મેવાસની એસ્ટેટો—જેમકે સીહોરા, છાલીએર, પાન્ડુ, કનોડા, મેવલી, ધરી, પોઇચા, વરનોલ, મલ, ઇતવાડ, ગોતરડી, કસલાપગીનું મુવાડું, મોકાપગીનું મુવાડું, ગોઠડા, જેસર, અમરાપર, ઝુમખા, વખતપુર, રાજપુર, વરનોલી મોટી, વરનોલી નાની, ડોડકા, રાઇકા અને અનઘડ. | રેવાકાંઠા. |
| સાવંતવાડીનું રાજ્ય. | સાવંતવાડી. |
| જાથની સતારાની જાગીર ( દફલાપુરની એસ્ટેટ સુદ્ધાંત ). | બીજાપુર. |
| સવનુરનું રાજ્ય. | ધારવાર. |
| ખંભાતનું પેહેલા વર્ગનું રાજ્ય. | કેરા. |
| ડાંગના રાજ્યો. | ખાનદેશ. |
| જંજીરાનું બીજા વર્ગનું રાજ્ય. | કોલાબાં. |
| સરગાનાનું રાજ્ય. | નાસીક. |
| ભોરની સતારાની જાગીર. | પુના. |
| ઔંધ તથા ફલાણની સતારાની જાગીરો. | સતારા. |
| ખેરપુરનું પેહેલા વર્ગનું રાજ્ય. | સીકારપુર(સીંધ). |
| અકલકોટની સતારાની જાગીર. | સોલાપુર. |
| બાંસદા, ધરમપુર અને સચીનના બીજા વર્ગના રાજ્યો. | સુરત. |
| જોહરનું બીજા વર્ગનું રાજ્ય. | થાણા. |

(સહી). **એચ. એસ. બારનેસ,**
હિન્દી સરકારના સેક્રેટરી."

નામદાર ગવરનર ઇન કૌન્સીલનાં સાહેબના હુકમથી,
**એસ. ડબલ્યુ. એડજરલી,**
સરકારના આકટીંગ ચીફ સેક્રેટરી.

## જાહેર ખબર.

નંબર ૫૫ સને ૧૯૦૨.

સને ૧૮૯૫ ની એજન્સી જાહેર ખબર નંબર ૬૦* નીચે પ્રસિદ્ધ થયેલા ધારાઓ રદ્દ કરી તેને બદલે કાઠીઆવાડમાં એક દેશી રાજ્યમાંથી બીજા દેશી રાજ્યને ધુનેગારનો ઇનસાફ થવાં માટે સોંપવા બાબતના નીચે દરસાવેલા સુધારેલાં ધારાઓ જે નામદાર સરકારે મંજુર કરેલા છે તે સરવેને જાણવા માટે તથા તે પ્રમાણે વર્તવા માટે ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છે. (કાઠીયાવાડ લોકલ ડાયરેકટરી ભાગ ૨ જો, પાને ૧૦૩૭).

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,

રાજકોટ, તારીખ ૧૬ સપ્ટેમ્બર ૧૯૦૨.

એચ. એ. કવીન,

આકટીંગ એજંટ ટુ ધી ગવરનર

કાઠીયાવાડ.

---

*જાહેર ખબર નંબર ૬૦ સને ૧૮૯૫ નીચે કાઠીઆવાડના એક સ્ટેટમાંથી બીજા સ્ટેટમાં ગુન્હેગારને ઇન્સાફ માટે સોંપવા બાબતના ધારાનો ખરડો છપાયેલો છે તે આ પુસ્તકના પાને ૯૬૫ થી આવી ગયેલો છે એમ માલુમ પડશે. પણ આ ધારાનો ખરડો રદ કરી નામદાર સરકારે આ ધારો મંજુર કરેલો છે. આ સુધારેલા ધારામાં કેટલીએક કલમમાં સેહેજ સાજ ફેરફાર થયેલો છે અને તે કલમો ૫ ૧૦ (બ) અને ૧૨ સીવાએ જુના ધારાની બધી કલમો સાથે શબ્દે શબ્દ મળતી આવેછે.

# કાઠીઆવાડમાં તોહોમતદારોને એક દેશી રાજ્યમાંથી બાજા દેશી રાજ્યને તપાસ માટે સોંપણી કરવામાં આવે છે તે બાબતના સુધારેલા ધારા.

૧. તોહોમતદારોની સોંપણીને વાસ્તે બ્રીટીશ હીંદુસ્તાનમાં જે કાયદો અમુક વખતે અમલમાં હોય તેને આધારે ચાલતો વહીવટ બીજા રાજ્યોમાંથી કેહેવાતા ગુન્હેગારોની સોંપણીને વાસ્તે કાઠીઆવાડના દેશી રાજ્યોની અરજીઓનો નીકાલ કરવામાં બની શકે ત્યાંહાં સુધી લાગુ પાડવામાં આવશે.

૨. કાઠીઆવાડના રાજ્યોએ અમુક ભારે ગુન્હાઓના તોહોમતદારોને સોંપવા વાસ્તે કરેલા કન્વેનશનના નીયમો જે તારીખ ૨૯ અકટોબર સને ૧૮૮૯, નંબર ૭૫૬૫ ના નામદાર સરકારના ઠરાવથી મંજુર કરવામાં આવેલ છે, તે જે જે કેસોમાં લાગુ પડે તે તે કેસોમાં તે પ્રમાણે ચાલવાનું છે.

૩. આ નીયમોને વાસ્તે ગુન્હાઓના બે વર્ગ કરવામાં આવ્યાછે:—

(૧). ઉપરના કન્વેનશનમાં જે ગણાવ્યા છે તે.

(૨). હીંદુસ્તાનના ફોજદારી કાયદામાં કહેલા બીજા બધા ગુન્હા.

૪. વર્ગ (૧) ના ગુન્હાઓનું જેના ઉપર તોહોમત મુકવામાં આવ્યું હોય તેવા શખસોને જે રાજ્યમાં તેઓએ ગુન્હો કર્યાનું કેહેવામાં આવતું હોય તેને સોંપી દેવાના છે, એવી શરતે કે તે રાજ્યના ન્યાયખાતાનો કોઇ અમલદાર કે જેનો દરજ્જો ન્યાયાધીશ કરતાં હલકો ન હોય તેની પાસે તે શખસની વીરૂદ્ધ પ્રાઇમાફેસી કેસ સાબીત કરવામાં આવેલછે અને મુખ્ય કારભારી તે સાથે એકમત થાય છે એવું તે રાજ્યના મુખ્ય કારભારીએ સરટીફીકેટ આપવું.

મુખ્ય કારભારીના સરટીફીકેટની સાથે પ્રાઇમાફેસી કેસના કોઈ કાગળો મોકલવાની જરૂર નથી.

૫. ઉપલા કનવેનશનના બીજા નીયમને આધારે જે તોહોમતદારને પકડવામાં આવ્યો હશે તે જે રાજયમાં તેને પકડવામાં આવ્યો હોય તેની રૈયત ન હોય તો જે રાજયની પોલીસ તેને પકડે તે તેને લઇ જઇ શકે. જો તે રાજયની રૈયત હોય તો આગલા નીયમમાં કહેલા મુખ્ય કારભારીનું સરટીફીકેટ આવતાં સુધી તેને તે રાજયની પોલીસના હવાલામાં રેહેવા દેવામાં આવશે. જો તોહોમતદાર નામદાર મલેકમઆઝમની રૈયત હોય અથવા પરમુલકની સત્તાની યુરોપીયન રૈયત હોય અથવા અમેરીકન હોય તો જે રાજયના હવાલામાં તે રહે તેણે તે બાબત એકદમ મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ‡ સાહેબને એકદમ રીપોર્ટ કરવો.

૬. ઉપર પ્રમાણે પકડાએલા તોહોમતદારોની જો માગણી કરનારા રાજય માગણી ન કરે તો એક મહીના કરતાં વધારે વખત તેમને રોકવામાં નહીં આવે. અને કોઇપણ પ્રકારે બે મહીના કરતાં વધારે વખત નહીં.

૭. એજન્સી થાણાઓ તરફ અને એજન્સી થાણાઓમાંથી તોહોમતદારોની સોંપણીની બાબતમાં ઉપલા કન્વેનશનના નીયમોને અનુસરી ચાલવાનું છે. અને આવા કેસોમાં એજન્સી થાણદારોનાં સરટીફીકેટો સ્વીકારવાં.

૮. ૧૮૭૯ ના આકટ ૨૧ ના પરીશીષ્ટમાં વર્ણવેલા ગુન્હાઓને વાસ્તેજ કાઠીઆવાડમાં દેશી રાજ્યો એક બીજા પાસેથી તોહોમતદારોની સોંપણીને વાસ્તે માગણી કરી શકે એમ કંઈ નથી. પણ મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ‡ સાહેબ યોગ્ય ધારે તો ગુન્હો નજીવી જાતનો છે એવા કારણથી અથવા તો માગણી રાજપ્રકરણી કારણોથી કરવામાં આવી છે એવા સબબથી તેવી માગણીને ટેકો આપવાની ના પાડી શકે. આવા ઠરાવ સામે વાલાશાન પોલીટીકલ એજંટ* સાહેબ બાહાદુરને હુક-

---

નોટ—કોઈપણ દેશી રાજ્યને પ્રાઈમાફેસી કેસ તઇયાર કરવાનો હક આપવામાં આવ્યો હશે તો યોગ્ય લાગે તો પાછો ખેંચી લેવાનો વાલાશાન પોલીટીકલ એજંટ‡ સાહેબ બહાદુરને અખત્યાર છે.

*હવે કાઠીયાવાડના એજંટ ટુ ધી ગવરનર.

‡હવે પોલીટીકલ એજંટ.

મની તારીખથી ૧૪ દીવસની અંદર અપીલ કરવી જોઇએ. વાલાશાન પોલીટીકલ એજંટ સાહેબ* બહાદુરનો ઠરાવ છેવટનો ગણાશે

૯. વર્ગ (૨) માં સમાવેશ થતાં ગુન્હાના તોહોમતદારોની માગણી જ્યારે કોઇ કાઠીઆવાડના દેશી રાજ્યે કરવી હોય ત્યારે માગણી કરનાર રાજ્ય જે પ્રાંતમાં હોય તે પ્રાંતના મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ† સાહેબને તે રાજ્યે લેખીત અરજી કરવી જોઇએ. અને જો રાજ્યને જોઇતી હકુમત આપવામાં આવી હોય અથવા ભોગવતી હોય તો પ્રાઇમા ફેસી કેસના કાગળો મોકલી માગણી કરવી જોઇએ. પ્રાઇમા ફેસી કેસના આધારમાં જે પુરાવો બતાવેલ હોય તે નોંધી લેવાને વાસ્તે જો તે અમલદારને યોગ્ય લાગે તો સદરહુ કેસ મેહેરબાન ડેપ્યુટી આસીસ્ટંટ પોલીટીકલ એજંટ† સાહેબને મોકલે. ડેપ્યુટી સાહેબ મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ† સાહેબને પોતાના અભીપ્રાય સાથે તે કેસ મોકલશે.

૧૦ (અ). જો મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ† સાહેબ કે જેને પ્રાઇમા ફેસી કેસના કાગળો મોકલવામાં આવ્યા હોય તેમને એમ ખાત્રી થાય કે પ્રાઇમા ફેસી કેસ સાબીત થયેલ છે અને રાજ્ય પ્રકરણી કારણોથી માગણી કરવામાં આવી નથી અને તે રાજ્યને સદરહુ ગુન્હેગારની તપાસ કરવાને અખત્યાર છે તો અને જો તોહોમતદાર યુરોપીયન બ્રીટીસ રૈયત ન હોય અથવા પરમુલકની સત્તાની યુરોપીયન રૈયત ન હોય અથવા અમેરીકન ન હોય તો જે રાજ્યમાં તે તોહોમતદાર હોય તેને માગણી કરનાર રાજ્યને મેહેરબાન આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ† સાહેબ સદરહુ તોહોમતદાર સોંપી દેવાને લખશે. હુકમમાં ચોખું નીચે પ્રમાણે બતાવવું જોઇએ:—

(૧) પ્રાઇમા ફેસી કેસ સંતોષકારકરીતે સાબીત થયોછે,

(૨) ગુન્હાની જાત,

(૩) ગુન્હાની જગ્યા,

(૪) જે તોહોમતદારની માગણી કરવામાં આવી હોય તેનું નામ,

---

* હવે કાઠીઆવાડના એજન્ટ ટુ ધી ગવરનર. † હવે પોલીટીકલ એજન્ટ.

(૫) જે રાજ્ય અથવા સત્તાને શોંપણી કરવાની હોય તે,

(૬) જે જગ્યાએ સોંપણી કરવી જોઇએ તે.

તોહોમતદાર સોંપણી કરનાર રાજ્યની રૈયત હોય કે ન હોય તોપણ વાંધો લીધા વગર તોહોમતદારને ઉપર પ્રમાણે સોંપી દેવો જોઇએ. હુકમની સાથે પ્રાઇમા ફેસી કેસના કાગળો બતાવવાની જરૂર નથી.

(અ) જો તોહોમતદાર યુરોપીયન બ્રીટીશ રૈયત હોય અથવા પરમુલકની સત્તાની યુરોપીયન રૈયત હોય અથવા અમેરીકન હોય તો સોંપણી એજન્સીને કરવી જોઇએ અને તપાસ યોગ્ય એજન્સી કોર્ટમાં કરવામાં આવશે.

૧૧. જો તોહોમતદાર માગણી કરનાર રાજ્યથી જુદાજ પ્રાંતમાં રેહતો હોય તો ત્યાંના મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ‡ સાહેબે જે પ્રાંતમાં માગણી કરનાર રાજ્ય આવેલ હોય ત્યાંના મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ‡ સાહેબ મારફત તેની સોંપણી મેળવવી. સોંપણી કરનાર મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ‡ સાહેબ વાંધો લીધા વગર સોંપણી માગનાર મેહેરબાન આસીસ્ટંટ પોલીટીકલ એજંટ‡ સાહેબનું સર્ટીફીકેટ સ્વીકારશે.

૧૨. કાઠીયાવાડના દેશી રાજ્યે જે કોઇ સખસને સીવીલ સ્ટેશન અથવા રેલ્વે હદમાંથી સોંપણીને વાસ્તે માગણી કરે તેવારે તે દેશી રાજ્યે જે આસીસ્ટંટ પોલીટીકલ એજન્ટ‡ સાહેબની હકુમતતળે તે રાજ્ય આવેલું હોય તે સાહેબને પ્રાઇમા ફેસી કેસ સ્થાપીત કર્યાના જરૂરના કાગળો સાથે લખીને અરજી કરવી. જ્યારે આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ‡ સાહેબને પોતાને ખાત્રી થાય (પોતે જાતે તપાસ કરવાથી અગર તો કોઈ બીજા એજન્સી અમલદારના રીપોર્ટ ઉપરથી) કે—

(૧) પ્રાઇમા ફેસી કેસ સ્થાપીત થયો છે.

(૨) જે રાજ્ય સોંપણીને વાસ્તે માગણી કરે છે તે રાજ્યને તે કેસની તપાસ કરવાને હકુમત છે.

‡ હવે પોલીટીકલ એજન્ટ.

(૩) તોહોમતદાર યુરોપીયન બ્રીટીશ રૈયત નથી અથવા પરરાજ્યની સત્તા નીચેની યુરોપીયન રૈયત અથવા અમેરીકન નથી.

(૪) તેના વિરૂદ્ધમાં કાંઇ જોઇતા પોલીટીકલ કારણો નથી, તો તે તોહોમતદાર તેની હકુમતમાં હોય તો તે તોહોમતદારને સોંપવાને વાસ્તે તે અમલદાર હુકમ કરશે, અથવા નીયમ ૧૧ આધારે તેને સોંપી દેશે.

પ્રાઇમા ફેસી કેસ થયોછે પણ તોહોમતદારને સોંપવો નહીં જોઇએ એમ જો આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ† સાહેબને ખાત્રી થાય તો તે તેના કારણો નોંધશે અને તે કેસનો પોતે ઇનસાફ કરશે અગરતો જરૂર હોય તો તે કેસ તપાસવાને જે યોગ્ય એજન્સી કોરટને સત્તા હોય તેના તરફ તે કાગળો મોકલશે.

૧૩. બીજા વર્ગ પ્રમાણેના ગુન્હાના તોહોમતદારો કે જેને એજન્સીના થાણાઓ, સીવીલ સ્ટેશનો અને રેલવેની હદમાં કમીટ કરવામાં આવ્યા હોય તેની માગણી દેશી રાજ્યો પાસેથી કરવામાં આવે એવા કેસોમાં પ્રાઇમા ફેસી કેસો થાણદારો અથવા તો ડેપ્યુટીઓ પાસે સાબીત કરવા જોઇએ. અને મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબપાસે મોકલવા જોઇએ. સદરહુ પ્રાંત ઓફીસર સાહેબ નીયમ ૧૦ અથવા ૧૧ જે લાગુ પડતો હોય તે પ્રમાણે તે અરજીનો ફેંસલો કરશે.

પ્રાઇમા ફેસી કેસો તૈયાર કરવામાં થાણદાર તેની ફોજદારી સત્તામાં જે કેસો આવતા હોય તેજ ચલવે એમ કંઈ બાધ નથી. તોપણ જે માજીસ્ટ્રેટને અખત્યાર હોય તેનેજ શોંપણી કરવી જોઇએ.

૧૪. મેહેરબાન આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ† સાહેબના હુકમ અથવા સરટીફીકેટની માન્યતા કરવામાં કંઇ ઢીલ થાય તો તેનો તે હુકમ અથવા સરટીફીકેટની તારીખથી એક મહીના પછી વાલાશાન પોલીટીકલ એજન્ટ* સાહેબ બહાદુરને રીપોર્ટ કરવો જોઇએ.

---

* હવે કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવરનર. † હવે પોલીટીકલ એજન્ટ.

૧૫. સોંપણીની અરજીઓ મોકલવામાં ઢીલ ન થાય એ જરૂરનું છે અને આવી ઢીલનો સંતોષકારક ખુલાસો ન અપાય તો સોંપણી કરાવવામાં મદદ આપવાની એજન્સી ના પાડશે તો તે વાજબી ગણાશે.

૧૬. એજન્સી થાણાઓ, સીવીલ સ્ટેશનો અને રેલવેની હદો વચ્ચેની તોહોમતદારોની સોંપણીમાં પ્રાઇમા ફેસી કેસની જરૂર નથી. આવા કેસોમાં ક્રીમીનલ પ્રોસીજર પ્રમાણે રીવાજ રાખવામાં આવશે.

૧૭. આગળ કહેલ નીયમો છતાં તોહોમતદાર દેશી બ્રીટીશ રૈયત અથવા દેશી રાજ્યની રૈયત હોય કે નહીં તોપણ માગણી કરનાર રાજ્ય પાસે તેની તપાસ થવાને બદલે એજન્સી કોરટમાં તેની તપાસ થશે એવો મેહેરબાન આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ‡ સાહેબ લખીતવાર કારણો બતાવી હુકમ કરી શકે.

૧૮. ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૭ મા નીયમો પ્રમાણેના હુકમો સામેની અપીલ વાલાશાન પોલીટીકલ એજન્ટ* સાહેબ બહાદુરનો ૧૪ દીવસમાં કરવી જોઇએ, તેમનો ફેંસલો છેવટનો ગણાશે.

૧૯. એજન્સીની મારફત દેશી રાજ્યની કોર્ટોમાં તપાસ ચાલવાને સોંપેલ કેસોમાં મેહેરબાન આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ‡ સાહેબે જાતે ખાત્રી કરવી જોઇએ કે તોહોમતદારની ન્યાયપુર્વક તપાસ ચાલી છે અને તેને કરવામાં આવેલ સજા અતીશય નથી અને તેમણે તોહોમતદાર તરફની વર્તણુંક ધ્યાનપુર્વક જોવી જોઇએ, જો તેવી ખાત્રી ન થાય તો વાલાશાન પોલીટીકલ એજન્ટ* સાહેબ બહાદુરનો હુકમ જે છેવટનો ગણાશે તે આવતાં સુધી તેમણે જરૂર લાગે તો કેદીને પાછો પોતાના હવાલામાં સોંપી દેવાની માગણી કરવી અને તે અમલમાં લાવવી, વાલાશાન પોલીટીકલ એજન્ટ* સાહેબ બહાદુર પણ તેમની નજરમાં જે કેસો આવે તેમાં તેવીજ રીતે કરી શકશે. કેસ ફેંસલ થઇ જાય કે તરત જે રાજ્યને તોહોમતદાર સોંપવામાં આવેલ હોય તેણે તપાસનું પરીણામ જણાવવું જોઇએ.

૨૦. તપાસને વાસ્તે દેશી રાજ્યોને સોંપેલા શખસોનું પત્રક મેહેર-

---

* હવે કાઠીઆવાડના એજન્ટ ટુ ધી ગવરનર. ‡ હવે પોલીટીકલ એજન્ટ.

આન પ્રાંત ઓફીસર સાહેબોએ વાલાશાન પોલીટીકલ એજન્ટ* સાહેબને દર ૭ મહીને મોકલવું. પત્રક આ નીયમોના એપેનડીક્ષ "અ"ના નમુના પ્રમાણે હોવું જોઇએ.

૨૧. બ્રીટીશ હીંદુસ્તાનમાં સોંપણીનો ચાલતો રીવાજ કે જે એક્ટ્રાડીસનના કાયદા અને તેના નીયમો અનુસાર ચાલે છે તેના ઉપર આ નીયમોથી કંઈપણ અસર થશે નહીં.

૨૨. વડોદરાની* રૈયતની સોંપણીની માગણીઓના નીયમો નામદાર સરકારના ઠરાવ નંબર ૫૮૦૭, તારીખ ૧૮ સપટેમ્બર સને ૧૮૯૪ અને નામદાર સરકારના ઠરાવ નંબર ૭૪૫૦, તારીખ ૩૦ નવેમ્બર સને ૧૮૫૪માં ખાસ બતાવેલ નીયમો પ્રમાણે સમજવા અને બીજી એજન્સીઓમાંથી ગુનેહગારોની શોંપણી વાસ્તેની અરજીઓ આવી બાબતોમાં જે નીયમો તે વખતે અમલમાં હોય તે પ્રમાણે વાલાશાન પોલીટીકલ એજન્ટ સાહેબ* ફેંસલ કરશે.

૨૩. (૨) વર્ગ પ્રમાણેના ગુન્હાના તોહોમતદારો તેઓની પોતાની રૈયત હોય તેની સોંપણી બાબતમાં જો બે અથવા વધારે રાજ્યોની મરજી એજન્સીની દરમીયાનગીરી ન લાવવાની હોય તો જે કલમબંદીના નીયમો પ્રમાણે સોંપણી કરવાને તેઓ તૈયાર થયા હોય તેની એક નકલ સહીત તેઓની મરજી તેઓએ મેહેરબાન આસીસ્ટન્ટ પોલીટીકલ એજન્ટ‡ સાહેબને જણાવવી. સરકાર મંજુર કરે એટલે જેટલે દરજ્જે તે નીયમો લાગુ પાડી શકાય તેટલે દરજ્જે આ રાજ્યો તે નીયમો પ્રમાણે ચાલશે અને આવા રાજ્યોની વચેની તોહોમતદારોની સોંપણીના કેસોમાં એજન્સી દરમીયાન આવશે નહીં.

૨૪. માગણી કરનાર રાજ્યોએ "૪" અને "૨૩" માં નીયમો પ્રમાણે જે સોંપણીઓ કરવામાં આવી હોય તેનું એપેનડીક્ષ "બ" ના નમુના પ્રમાણે દર ૭ મહીને પત્રક મોકલવું.

---

*હવે કાઠીયાવાડના એજંટ ટુ ધી ગવરનર.

‡હવે પોલીટીકલ એજંટ.

૨૫. જે દેશી રાજ્યની અરજી ઉપરથી તોહોમતદારની સોંપણી કરવામાં આવી હોય અથવા જેની હદમાં ગુન્હો કરવામાં આવ્યો હોય તેણે તોહોમતદારનો ખોરાકી અને લઇ જવાનો ખરચ આપવો જોઇએ.

---

(કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી ગેઝીટ, તારીખ ૧૯ મી ડીસેમ્બર સને ૧૮૯૫, પુસ્તક ૩૭, પાનું ૨૯૨.)

## જાહેર ખબર.

### નંબર ૭૨ સને ૧૮૯૫.

કાઠીઆવાડમાં દેશી રાજ્યો વચ્ચે તોહોમતદારોની સોંપણી બાબતના ધારાઓ નંબર ૬૦, તારીખ ૨૪ મી સપટેંબર સને ૧૮૯૬ ની જાહેર ખબરથી પ્રસીદ્ધ થયેલ છે, તેના બીજા પારેગ્રાફમાં બતાવેલો નીચે પ્રમાણેનો ઠરાવ સર્વે લોકોની ખબરને વાસ્તે પ્રસીદ્ધ કરવામાં આવે છેઃ—

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,

તારીખ ૫ મી નવેંબર સને ૧૮૯૫.

ઇંગ્રેજીમાં હેનકોક સાહેબની સહી,

આકટીંગ પોલીટીકલ એજન્ટ.

---

## ડાકાયટી અને બીજા ગંભીર ગુન્હા દબાવવામાં કાઠીઆવાડના રાજ્યોમાં કાર્યસાધક (મજબુત) સામેલગીરી જાળવવાને વાસ્તે થયેલ ઠરાવ.

૧. કોઈ રાજ્યની પોલીસ ફોર્સ અથવા સીબંદીનો પોલીસ અમલદાર જેની પાસે પોતાના રાજ્યનો પરવાનો અથવા સનંદ હોય તે કોઇ પણ બહારવટીયા, ખુની અથવા ધાડપાડુ જેનું નામ કોઈ પણ રાજ્યના

સરકારી ગેઝેટમાં અથવા કાઠીઆવાડ એજન્સી ગેઝેટમાં પ્રસીદ્ધ થયું હોય, તેને કોઇ પણ રાજ્યની હદમાં પકડી શકે. આવો જાહેર થયેલ તોહોમતદાર જે ગામની હદમાં પકડાયો હોય તે ગામમાં તુરત તેને લઇ જવો અને તે બાબત પોલીસ પટેલને અથવા બીજા કોઇ પોલીસ અમલદારને જાહેર કરવી અને તેને તે તોહોમતદારની પોહોંચ આપવી અને પછી તે તોહોમતદારને લઈ જવો અને જે રાજ્યની હદમાં તેણે ગુન્હો કર્યો હોય તેને સોંપી દેવો. પકડનાર અમલદાર જે રાજ્યની હદમાં ગુન્હો થયો હોય, તે રાજ્યનોજ હોય એમ નથી, પણ કોઇ પણ રાજ્યનો અમલદાર પકડી શકે. આવો ગમે તે અમલદાર હોય તોપણ જે રાજ્યની હદમાં ગુન્હેગાર પકડાય તે રાજ્યની પોલીસ જો તેની પાસેથી મદદની માગણી કરવામાં આવે તો ગુન્હેગારને પકડવામાં બીજા કોઇ પણ રાજ્યની પોલીસને મદદ કરવા બંધાએલ છે. જે રાજ્યમાં તોહોમતદારને પકડવામાં આવ્યો હોય તે રાજ્યની પોલીસ હાજર હોય ત્યારે જો જરૂર હશે તો તોહોમતદારને હવાલામાં રાખશે, અને તેના રાજ્ય તરફથી વળાવો આવતાં સુધી તે બીજા રાજ્યની પોલીસ તેને મદદ કરવાને બંધાએલ છે. જે રાજ્યમાં ગુન્હો કરવામાં આવ્યો હોય તે રાજ્યની પોલીસ અમુક વખતમાં તોહોમતદારને રીતસર સંભાળી લે ત્યાં સુધી આવું રાજ્ય (જેની હદમાં પકડાયો હોય તે) તેને પાકા જાપ્તામાં રાખશે. જે અમલદાર પકડે તે તેમજ જે રાજ્યની હદમાં તે માલુમ પડયો, તેઓ જે રાજ્યની હદમાં ગુન્હો થયો હોય તેને સદરહુ તોહોમતદાર પકડયાની ખબર આપશે. ખોરાકી અને લઈ જવાનું ખરચ જે રાજ્યની હદમાં ગુન્હો થયો હશે તે બધા કેસોમાં પુરૂં પાડશે.

૨. ફોજદારથી ઉતરતા દરજ્જાનો ન હોય, એવો કોઈ અમલદાર પોતે જે રાજ્યમાં નોકરી કરતો હોય તેની હદમાં થએલ મારજીનમાં લખેલ ગુન્હાના કોઇ તોહોમતદારને ગમે તે જગ્યાએ પકડી શકે. તોહોમતદારને જે રાજ્યમાં પકડવામાં આવે તે રાજ્યની રૈયત ન હોય તો તેને નજીકમાં નજીકના પોલીસ અમલદાર પાસે લઈ જવામાં

૧. ખુન.
૨. ભયંકર સાધનો અને શસ્ત્રોવડે મહાવ્યથા.
૩. અપહરણ.
૪. ડાકાઇટી.

૫. બહારવટું
૬. અપહરણ અથવા ડાકાઇટીથી મેળવેલ ચોરીની મીલકત રાખવી અથવા લેવીતે.
૭ અગ્નીથી બીગાડ.
૮. ચોરી કરવા માટે ઘર ફોડવું તે.

આવશે, તેને પકડાયાનો રીપોર્ટ કરવામાં આવશે અને પકડનાર અમલદાર પોંહોંચ આપીને તે તોહોમતદારને લઇ જઈ શકશે, પણ જે રાજ્યમાં તોહોમતદારને પકડવામાં આવે, તે રાજ્યનો રહીસ તે તોંહોમતદાર છે એમ દાવો કરવામાં આવે તો તેને તે રાજ્યના નજીકમાં નજીકના પોલીસ અમલદાર પાસે લઇ જવામાં આવશે, અને પોંહોંચ લઈ તેને સોંપી દેવામાં આવશે. પછી સદરહુ તોહોમતદારને એક મહીના સુધી જાપ્તામાં રાખવામાં આવશે, અથવા વ્યાજબી જામીન લઇ છોડી દેવામાં આવશે, અને જો તોહોમતદાર તેની જામીનગીરી પ્રમાણે ન વરતે તો તોહોમતદારને જામીન ઉપર છોડનાર રાજ્યને સદરહુ જામીનગીરી જપ્ત થશે. અને તે દરમીયાન જે રાજ્યમાં ગુન્હો થયો હોય તે રાજ્યનો કારભારી તોહોમતદાર જે રાજ્યમાં પકડાયો હોય તે રાજ્યના કારભારી પાસેથી માગણી કરશે.*

૩. ન્યાયાધીશ પાસે પ્રાઇમા ફેસી કેસ સાબીત થયો હોય અને કારભારીએ મંજુર કર્યો હોય તો, કારભારીને આવા તોહોમતદારની માગણી કરવાનો અખત્યાર છે. તોહોમતદારની માગણી કરવામાં આવે, ત્યારે આવા પ્રાઈમા ફેસી કેસના કાગળો મોકલવાનો જરૂર નથી પણ કારભારીની માગણી બસ છે.

૪. એવી રીતે સોંપી દીધેલ કોઈપણ તોહોમતદારને કેદમાં અથવા જામીનપર એક મહીનાથી વધારે મુદત સુધી રાખવામાં નહીં આવે પણ પેહેલો મહીનો પુરો થતાં અવલ માગ્યા ઉપરથી વધારે મુદત આપી શકાય છે અને આ મુદત બીજા એક મહીનાથી વધારે હોઇ શકશે નહીં. જો આટલી મુદતમાં તોહોમતદારની માગણી કરવામાં નહીં આવે તો બીજી

---

*જે રાજ્યમાં તોહોમતદાર પકડાયો હોય તે રાજ્યની રૈયત અથવા રહીસ તે તોહોમતદાર હોય તોપણ તેને સોંપી દેવો એ સદરહુ રાજ્યની મરજી પર છે.

બાબત તેને પકડી શકાશે નહીં, પણ તેની માગણી બીજા ધારાના નીયમો મુજબ કરવી પડશે.

૫. ફોજદારથી ઉતરતા દરજ્જાનો ન હોય એવો કોઇ પોલીસ અમલદાર કે જેની પાસે પોતાના રાજ્યના માજીસ્ટ્રેટનું વારંટ હોય, અથવા ધાડપાડુઓને પકડવા પાછલ પડેલ ટુકડીનો કોઇ પોલીસ અમલદાર કે જેની પાસે વારંટ ન હોય, તે કોઇપણ રાજ્યની હદમાં દાખલ થઇ શકે, અને પોલીસપટેલ અથવા બીજા કોઇ પોલીસ અમલદારની પાસે ચોરીની મીલકતને વાસ્તે કોઇપણ ઘર તેની અને પંચની રૂબરૂ તપાસવાને માગણી કરી શકે. ચોરાયેલી મીલકતને મળતી આવેછે, એમ વ્યાજબી રીતે ધારી શકાય એવી મીલકત મળી આવે, તો માગણી વારંટથી કરવામાં આવે તો માજીસ્ટ્રેટની સહીવાળું ચોરાએલી મીલકતનું લીસ્ટ સરખામણીને વાસ્તે રજુ કરવામાં આવશે અને ખરાપણાને વાસ્તે બરાબર લીસ્ટ પોંહોંચ આપી મળી આવેલ મીલકત લઇ જવામાં આવશે. આવી મીલકત જો ૩૦ દીવસની અંદર ઓળખી ન શકાય તો અથવા તો એમ માલમ પડે કે આવી મીલકત સંબધે કંઇ ગુન્હો થયો નથી તો તે જલદીથી પાછી મોકલી દેવામાં આવશે.

૬. જ્યારે કોઇ પણ રાજ્યની પોલીસને માલમ પડે કે કોઇ સખસના કબજામાં ચોરાયેલી મીલકત છે તો તેઓ તેને પકડે અને તેના પોતાના રાજ્યની પોલીસને સોંપી દે અને તેની સોંપણીને વાસ્તે પ્રાઇમા ફેસી કેસ કરવામાં આવશે અને તેમાં એમ બતાવવું કે તેના કબજામાં માલમ પડેલી મીલકતના સંબંધમાં માગણી કરનાર રાજ્યની હદમાં તેણે ગુન્હો કરીને મેળવી હતી એમ માનવાને વ્યાજબી કારણો છે.

૭. જે રાજ્યની પોલીસને કોઇ શખસ અથવા શખસોની ખુન, ડાકાઇટી અથવા બહારવટાના તોહોમતસર જરૂર હોય તે રાજ્ય તેનું વીગતવાર માસીક પત્રક એજન્સી ગેઝેટમાં પ્રસીદ્ધ કરશે. આવાં લીસ્ટો નીયમસર બીજાં બધાં રાજ્યોને પુરાં પાડવાં પડશે.

૮. કોઇ શખસ કે જે પોલીસનો માણસ ન હોય પણ ડીટેક્ટીવ

તરીકે તેની પાસે પોલીસ સુપરીન્ટેંડેંટની સહીનો પાસ હોય તેને તેની ફરજ બજાવવામાં જાણે તે આવા બીજા રાજ્યની પોલીસનો માણસ હોય તેવી રીતે બીજા રાજ્યોના બધા અમલદારો પાસેથી મદદ માગવા હકછે.

૯. કોઇ ગુન્હેગારને પકડવાને વાસ્તે જો ઇનામ કાઢવામાં આવે અને તે બીજા રાજ્યની હદમાં પકડાય અને તે રાજ્યની પોલીસ વીલેજ અથવા રેગ્યુલર તેને પકડવામાં સામીલ હોય તો સદરહુ ઈનામ તેઓની અને જે રાજ્યની પોલીસ પાછળ લાગેલ હોય તે પોલીસ વચ્ચે સરખે ભાગે વેંહેંચી દેવામાં આવશે.

૧૦. કોઇ રાજ્યના કબજામાંથી નાશી ગએલા કેદીઓ બીજા રાજ્યમાં ભરાઇ ગએલ હોય તેને જ્યાં મળે ત્યાં પકડી શકાય અને કેદી જે ગામની હદમાં પકડાયો હોય તે ગામના પોલીસ પટેલને સદરહુ બાબત જાહેર કરી તેને લઈ જઈ શકાય.

---

## જાહેર ખબર.

### નંબર ૨૮ સને ૧૯૦૪.

નીચે લખેલો જાહેર ખબર સરવેને જાણ થવા માટે ફરી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી,

રાજકોટ, તારીખ ૬ ઠી જુલાઇ સને ૧૯૦૪.

ડબલ્યુ. પી. કેનેડી, કર્નલ,

એજંટ ટુ ધી ગવરનર

કાઠીયાવાડ.

---

સને ૧૯૦૩ ના એકસ્ટ્રાડીશન આક્ટ (સને ૧૯૦૩ નો ૧૫ મો) ની કલમ ૨૨ આધારે કરેલા ધારાઓ.

---

## પરરાજ્ય ખાતાની હીંદી સરકારની જાહેર ખબર.

નંબર ૧૮૬૨—આઈ. એ., સીમલા, તારીખ ૧૩ મી મેએ સને ૧૯૦૪.

સને ૧૯૦૨ ની સાલમાં ઈંડીયન ઓરડર ઈન કૌન્સીલ (પરમુલકની હકુમત)થી મળેલા સઘળા અધીકારની રૂએ તથા સને ૧૯૦૩ ના હિન્દુસ્તાનના એકસ્ટ્રાડીશન આક્ટ ૧૫ ની કલમ ૨૨ આધારે મળેલી સત્તાની રૂએ, તથા આ બાબત ઉપરના પ્રથમના સઘળા ધારાઓ રદ કરી તેને બદલે નામદાર ગવર્નર—જનરલ ઈન કૌન્સીલનાં સાહેબ નીચે લખેલા ધારાઓ ફરમાવે છે જે તારીખ ૧ લી જુન સને ૧૯૦૪ ના રોજથી અમલમાં આવશે, તેનાં નામઃ—

૧. જે કામને માટે કોલકરાર થયેલા છે તેવા કામમાં સંબંધ ધરાવતું રાજ્ય જો તે કોલકરારની શરતથી બંધાવા ખુલ્લી રીતે મરજી જણાવતું હોય તો તેવા કામમાં સને ૧૯૦૩ ના હિન્દુસ્તાનના એકસ્ટ્રાડીશન આક્ટ ( હવે પછીથી તેને "સદરહુ આક્ટ" તરીકે સમજવો ) ની કલમ ૭* આધારે પોલીટીકલ એજંટ સાહેબે વારંટ કાઢવું નહીં તેમજ

---

*નોટ—સને ૧૯૦૩ નો ૧૫ મો કાયદો એકસ્ટ્રાડીશન આક્ટના પેહેલા પરીશીષ્ટમાં નીચે દરસાવેલા ગુન્હાઓ કે જેને માટે એકસ્ટ્રાડીશન થઇ શકે છે તે ગુન્હાઓ નીચે પ્રમાણે છેઃ—

(આમાં જે કલમો બતાવી છે તે હીંદુસ્તાનના પીનલકોડની કલમોછે.)
લેણદાર ઉપર દગો (કલમ ૨૦૬).
કેદ કરતાં સામા થઇ અટકાવ કરવો (કલમ ૨૨૪).
સીક્કા અને સ્ટાંમ્પ સંબંધોના ગુન્હાઓ (કલમ ૨૩૦ થી ૨૬૩ અ).
શીક્ષણીય મનુષ્ય વધ (કલમ ૨૯૯ થી ૩૦૪).
ખુનની કોશીશ (કલમ ૩૦૭).
ઠગાઇ (કલમ ૩૧૦, ૩૧૧).

સદરહુ કાયદાની કલમ ૯ આધારે તે સ્ટેટ અથવા તેના તરફથી તોહોમ-તદારને સોંપવા માટે માગણી કરી હોય તેવા કામમાં પણ વારંટ કાઢવું નહીં.

૨. જે દેશી રાજ્યનો તે પોલીટીકલ એજંટ છે તેનું રાજ્ય તે

---

છોકરાને તજી દેવું અને ગર્ભપાત કરવો (કલમ ૩૧૨ થા ૩૧૭).

વ્યથા કરવી (કલમ ૩૨૩ થી ૩૩૩).

ગેર કાયદે કેદ (કલમ ૩૪૭, ૩૪૮).

મનુષ્યનયન અને ગુલામી (કલમ ૩૬૦ થી ૩૭૩).

બલાત્કાર સંભોગ અને સૃષ્ટી વીરૂદ્ધ મૈથુન્યના ગુન્હા (કલમ ૩૭૫ થી ૩૭૭).

ચોરી, જબરાઇથી કઢાવવું, અપહરણ, વીગેરે (કલમ ૩૭૮ થા ૪૧૪).

ઠગાઇ (કલમ ૪૧૫ થી ૪૨૦).

ખોટા દસ્તાવેજો વીગેરે (કલમ ૪૨૧ થી ૪૨૪).

બીગાડ (કલમ ૪૨૫ થી ૪૪૦).

ગુપ્ત રીતે ગૃહ પ્રવેશ (કલમ ૪૪૩ થી ૪૪૬).

ખોટા દસ્તાવેજ બનાવવા, ખોટા દસ્તાવેજ વાપરવા વીગેરે (કલમ ૪૬૩ થી ૪૭૭ એ).

ઇમ્પીરીયલ સરવીસ લશ્કરમાંથી નાશી જવું.

ચાંચીઆ લુંટારાના કાયદા સંબંધી.

દરીયામાં કોઇ વહાણ ડુબાવવું અથવા નાશ કરવું અથવા તેમ કરવા કોશીશ કરવી અથવા તેમ કરવા સામેલ થવું.

ભર સમુદ્રમાં વહાણ ઉપર કોઇના ઉપર ઇરાદા પુર્વક જીંદગીનો નાશ કરવા અથવા તો શરીરને મહાવ્યથા જેવી ઇજા કરવી.

માસતરના હુકમની સામા થઇ ભર દરીયામાં વહાણ ઉપર બે અથવા વધારે શખસ તોફાન કરવા માટે હુમલો કરે અથવા હુમલો કરવામાં સામેલ થાય.

હિન્દુસ્તાનના પીનલકોડની કલમ વીરૂદ્ધનો કોઇ ગુન્હો અથવા બીજો કોઇ કાયદો જે વખતો વખત તે વખતે ચાલતો હોય તે વીરૂદ્ધ ગુન્હા માટે ઈંડીયા ગેઝેટમાં જાહેર ખબર આપીને નામદાર ગવરનર-જનરલ ઇન કૌન્સીલના સાહેબ સામાન્ય રીતે સઘળા રાજ્યોને માટે અથવા ખાસ કરીને એક અથવા એકથી વધારે રાજ્યોને માટે પ્રસીદ્ધ કરે તે.

વખતે જે ચલાવતો હોય તેણે અથવા તેની તરફથી અધીકાર પામેલો તે વખતે માણસ હોય તેની અથવા આ કારણસર ગવરનર—જનરલ ઇન કૌન્સીલના સાહેબ અથવા મદ્રાસ અથવા મુંબાઇના ગવરનર ઈન કૌન્સીલનાં સાહેબ ઓફીશીયલ ગેઝેટમાં છપાણી આ બાબતમાં ખાસ કરીને તે સ્ટેટમાં આવેલી કોઇ કોર્ટની માગણીની લખેલી અરજ આપ્યા સીવાય ઉપર લખેલા કાયદાની કલમ ૭ આધારે નામદાર પોલીટીકલ એજંટ સાહેબ વારંટ કાઢશે નહીં.

૩. જો તોહોમતદાર બ્રીટીશ રૈયત હોય તો તે કેસ બ્રીટીશ ઇંડીઆમાં ઈન્સાફ થવા લાયક છે એવું સરટીફીકેટ આપવું જોઇએ કે કેમ તેનો, સદરહુ આકટની કલમ ૭ આધારે આવું વારંટ આપતાં પહેલાં, નામદાર પોલીટીકલ એજંટ સાહેબે વીચાર કરવો. અને બ્રીટીશ ઈંડીઆમાં ઈન્સાફ થવાથી ઇન્સાફના હેતુ તથા સાક્ષીઓની સગવડતા સારી રીતે જળવાય એમ છે એવી તેની ખાતરી થાય તો તે વારંટ કાઢવાને બદલે તેણે એ પ્રમાણે કેસનું સરટીફીકેટ આપવું.

૪. સદરહુ આકટની કલમ ૭ આધારે વારંટ કાઢતાં પહેલાં, દરેક કામમાં તોહોમતદાર વીરૂદ્ધ પ્રાઇમા ફેસી કેસ છે કે નહીં તે બાબત આગળથી ચોકશી કરી અથવા બીજી રીતે નામદાર પોલીટીકલ એજંટ સાહેબે ખાત્રી કરવી.

૫. (૧) સદરહુ આકટની કલમ ૭ આધારે વારંટ કાઢતાં પહેલાં તે વારંટ તોહોમતદારોને સોંપવા માટે બસ છે કે કેમ એમ નામદાર પોલીટીકલ એજંટ સાહેબે નકી કરવું.

(અ) નામદાર પોલીટીકલ એજંટ સાહેબને અથવા નામદાર પોલીટીકલ એજંટ સાહેબે પોતે તેનો ઈનસાફ કરવાના હેતુથી કોઈ બ્રીટીશ અમલદાર જે નામદાર પોલીટીકલ એજંટ સાહેબના તાબામાં હોય તેને, અથવા

(બ) સ્ટેટની કોરટોથી તેનો ઇનસાફ થવાના હેતુથી તે સ્ટેટના કોઇ અધીકારીને.

(૨) એ પ્રમાણે નક્કી કર્યા પહેલાં નામદાર પોલીટીકલ એજંટ સાહેબે નીચેની બાબતો ધ્યાનમાં લેવી:

(૧) તોહોમતદાર ઉપર જે ગુન્હો મુકવામાં આવ્યો હોય તેનો પ્રકાર;

(૨) પોતાની રૂબરૂ તોહોમતદારને લાવવામાં જે ઢીલ થશે અથવા મેહેનત પડશે;

(૩) તે સ્ટેટની કોરટોની ન્યાય પ્રકરણી રચના.

(૪) તોહોમતદાર બ્રીટીશ રૈયત છે કે કેમ અને જો તે બ્રીટીશ રૈયત (યુરોપીયન બ્રીટીશ શીવાયનો બીજો) હોય તો રીવાજથી અથવા કબુલતથી સ્ટેટની કોર્ટ સોંપેલી બ્રીટીશ રૈયતનો ઇનસાફ કરશે કે નહીં; અને

(૫) પીનલકોડમાં ફરમાવેલા ગુન્હાના જેવા ગુન્હાનું તોહોમત તોહોમતદાર ઉપર હોય અને તેની સજા કરવાનો તે રાજ્યની કોર્ટને રીવાજથી અથવા કબુલતથી સત્તા છે કે નહીં.

૬. પાંચમા ધારામાં ગમે તેમ ફરમાન કર્યું હોય તોપણ પોતાની પાસે (પોતાના તાબાના અધીકારીને) તે તોહોમતદારને લાવાને સોંપવા અથવા તો જે સ્ટેટને અધીકાર હોય તેને સોંપવા જેવી હકીકત હોય તે મુજબ સામાન્ય રીતે અથવા ખાસ રીતે તે તોહોમતદારનો ઇન્સાફ કરવા અથવા તો તે સ્ટેટની મુખત્યાર કોર્ટને ઇન્સાફ માટે સોંપવા નામદાર ગવરનર-જનરલ સાહેબે ફરમાવ્યું હોય તો તોહોમતદારને પોતા પાસે લાવવાનું તે વારંટમાં લખવું.

૭. સ્ટેટની કોર્ટને તોહોમતદારનો ઇન્સાફ થવા સોંપી દેવાના કામમાં નામદાર પોલીટીકલ એજંટ સાહેબે પોતે ખાત્રી કરવી કે તોહોમતદારનો નીષપક્ષપાતેથી ઇન્સાફ થયો છે અને ગુન્હો સાબીત થવાથી જે શીક્ષા કરવામાં આવી છે તે વધારે અથવા જંગલીપણા જેવી નથી; અને તે પ્રમાણે તેની ખાત્રી ન થાય તો નામદાર ગવરનર-જનરલ ઇન કૌન્સીલનાં સાહેબના હુકમ આવતાં સુધી કેદીને પોતાના તાબામાં સોંપવા માંગણી કરશે.

૮. સ્ટેટની કોરટને ઇન્સાફ થવા સોંપી દીધેલા તમામ માણસોનું પત્રક દર ૭ મહીને હીંદી સરકારને અથવા મદ્રાસ અથવા મુંબઇના ગવરનર સાહેબને નીચેના ફારમમાં નામદાર પોલીટીકલ એજંટ સાહેબે મોકલવું:-

સને ૧૮૦૨ ની સાલમાં ઇંડીયન ઓરડર ઇન કૌન્સીલ (પરરાજ્યની હકુમત) આધારે તથા સને ૧૯૦૩ના એકસ્ટ્રાડીશન આકટ ૧૫ આધારે કરેલ ધારાના આઠમા ધારા મુજબ સ્ટેટની કોર્ટ ઇન્સાફ કરે તેટલા માટે ના નામદાર પોલીટીકલ એજંઠ સાહેબે સોંપેલા માણસોનું તારીખ સુધીનું ૭ માસીક પત્રક.

| નંબર. | માણસનું નામ. | કયાંનો રહેવાશી. | કયા ગુન્હાનું તોહોમત મુકવામાં આવ્યું છે. | કયાં પકડયો છે. | કઈ તારીખે સોંપ્યો. | જે દેશી રાજ્યને ઇન્સાફ માટે સોંપ્યો તે. | સોંપવાના કારણ. | કેવી જાતની સજા કરી | રીમાર્ક. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

૯. સદરહુ આકટની કલમ ૭ અથવા ૯ મુજબ કાઢેલા વારંટથી બ્રીટીશ ઇંડીઆમાં જે માણસો પકડાયાં હશે તેમને જેમ બને તેમ બ્રીટીશ ઇંડીયામાં ઇન્સાફ માટે સોંપેલા માણસોની માફક ગણવામાં આવશે.

૧૦. નામદાર પોલીટીકલ એજંટ સાહેબે કેદની સજા કરેલો માણસ બ્રીટીશ રૈયત હોય તો બ્રીટીશ રાજ્યના ઘણા સગવડતાવાળા કેદખાનામાં મોકલી દેવો અને તેને સ્થાનીક કાયદા મુજબ સજા થઇ હોય તેવી રીતે તેને ગણવો:

પણ એમ ઠરાવવામાં આવે છે કે નામદાર પોલીટીકલ એજંટ સાહેબના ફેંસલા ઉપર અપીલ કરવાના વખતો વખત જે ધારાઓ હોય તે ધારાઓથી બીજી રીતે તેવા માણસને અપીલ કરવાનો હક મળે છે એવો અર્થ આ ધારાથી થાય છે એમ સમજવું નહી.

## જાહેર ખબર*.

### નંબર ૪૨ સને ૧૯૦૫.

તારીખ ૧૫ મી ફેબ્રુઆરી સને ૧૮૯૬ ની એજન્સીની જાહેરખબર નંબર ૧૧ આધારે પ્રસિધ્ધ થએલા ધારાઓ રદ કરી તેને બદલે કાઠીયાવાડ એજન્સીમાં આબકારી રેવન્યુના સંરક્ષણ માટેના નીચેના ધારાઓ તે ઉપરથી સરવેને જાણવા માટે તથા તે પ્રમાણે વર્તવા માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| | |
|---|---|
| કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી, | ડબલ્યુ. પી. કેનેડી, કર્નલ, |
| રાજકોટ, ૫ મો આગસ્ટ ૧૯૦૫. | એજન્ટ ટુ ધી ગવરનર, કાઠીયાવાડ. |

## કાઠીઆવાડ એજન્સીના આબકારી ધારા.

૧. આ ધારા કાઠીઆવાડ એજન્સીના આબકારી ધારા કહેવાશે અને તેનો કાઠીઆવાડ એજન્સી તાબેના એજન્સી સ્ટેશનો, થાણા સરકલો અને રેલવે લાઇનની હદમાં અમલ થશે.

*આ જાહેર ખબરનો ગુજરાતી તરજુમો પ્રસીધ્ધ નહીં થવાથી સને ૧૮૯૬ ની જાહેર ખબર ૧૧ (આબકારી ધારો) જે પ્રસીધ્ધ થઈ હતી તેમાં આ ધારાથી જેટલે ભાગે નવો સુધારો થયો છે તેટલે ભાગે નવો તરજુમો ઉમેરીને આ તરજુમો છાપવામાં આવ્યો છે.

૨. જે તારીખથી કાઠીઆવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ એજન્સી ગેજેટમાં જાહેર ખબર આપશે તે તારીખથી આ ધારા અમલમાં આવશે.

૩. જ્યાં વિષય અથવા સંબંધ જોતાં વીપરીત અર્થ નહીં હોય ત્યાં આ ધારામાં:

(અ) "દેશી દારૂ" એ શબ્દની અંદર કોઈ પણ જાતનો સ્થાનીક ઉપજ કે બનાવટનો દારૂ આવે છે.

દેશી દારૂ.

"દારૂ" એ શબ્દની અંદર મદીરાનો અર્ક, અર્ક, મદીરા તાડી, બીર અને આલક્રોહોલવાલા અથવા તેના બનેલા પ્રવાહીનો સમાવેશ થાયછે.

દારૂ.

(બ) "માદક પદાર્થ" એ શબ્દોની અંદર ગાંજો, ભાંગ અને તેની દરેક એવી બીજી બનાવટની વસ્તુ તથા મેલવણીનો સમાવેશ થાય છે પણ નેલર મેન્યુઅલની પુરવણીને ૨૦૨ થી ૨૦૬ સુધીને પાને અફીણના ધારા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તેમાં અફીણ શબ્દની વ્યાખ્યા આપી છે તે અર્થમાં આવેલી અફીણ અથવા બીજી કોઈ ચીજનો તેમાં સમાવેશ થતો નથી.

માદક પદારથ.

(ક) "આયાત અને નીકાશ" તેની અંદર અનુક્રમ મજકુર પ્રગણામાં હીંદુસ્થાનના બીજા કોઈપણ ભાગમાંથી લાવવું અને હીંદુસ્થાનના કોઈ પણ ભાગમાં મજકુર પરગણામાંથી લઈ જવું એ અર્થનો સમાવેશ થાય છે.

આયાત અને નીકાશ.

(ડ) "બનાવટ" એની અંદર કોઈપણ કુદરતી અથવા હસ્ત કૃતરીત જેથી જોસ્સાદાર, ફીણવાલો દારૂ અથવા નીશાવાલો દારૂ બનાવવામાં આવે છે અને બીજી કોઈપણ રીત જે દારૂ ગાલવાનાં કામમાં આવે છે તે સમજવી.

બનાવટ.

(ઘ) "લઇ જવું" એ શબ્દનો અર્થ એવો જે આ ધારા લાગુ પડેછે તે હદમાં કોઇ જગ્યાએથી બીજી કોઇ જગાએ દારૂ અને કેફી વસ્તુ ખસેડવી.

લઇ જવું.

૩-એ. જે હદમાં આ ધારાઓ લાગુ પડે છે તે હદની અંદર અથવા બહાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબે અથવા પ્રાંતનાં પોલીટીકલ એજંટ સાહેબે અથવા આ બાબતમાં નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબે બીજા કોઇ એંજન્સી અમલદારને સત્તા આપેલી હોય તેણે આપેલા પરવાના સિવાય દેશી દારૂ અથવા માદક પદાર્થ લાવવો નહીં અથવા લઇ જવો નહીં.

દેશી દારૂ અથવા માદક પદાર્થ લાવવો અને લઇ જવો.

૪. પ્રાંતના પોલીટીકલ એજંટ સાહેબ જાહેર કરે તેવા અધિકારીના પરવાના શીવાય મજકુર પરગણામાં એક જગાએથી બીજી જગાએ કાઠીઆવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ વખતો વખત જાહેર ખબરથી મુકરર કર્યો હોય તેટલા જથા કરતાં વધારે જથામાં દારૂ અથવા કેફી વસ્તુ ખસેડવી નહીં અથવા લઇ જવી નહીં.

દારૂ અને કેફી વસ્તુ લઇ જવા બાબત.

૫. પ્રાંતના પોલીટીકલ એજંટ સાહેબ અને આ બાબતમાં તેણે જે અમલદારને યોગ્ય રીતે સત્તા આપી હોય તે અમલદાર જે લાઇસેન્સ આપે તેની શરતો અને સત્તાને અનુસરીને બધી જાતનો દારૂ અથવા માદક પદાર્થ બનાવવો—ભઠ્ઠીઓ અને દારૂનાં કારખાનાં તે પ્રમાણે બાંધવાં અને ચલાવવા અને દારૂ તથા માદક પદાર્થ બનાવવાને વાસ્તે તે શીવાય કોઇ માણસે કોઇ જાતના હથીયાર કડા ભઠ્ઠી, પદાર્થ, યંત્ર કે સાંચો, પોતાની પાસે કે બજારમાં રાખવો કે વાપરવો નહીં, અને કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબની

કેફી વસ્તુ આ ધારા શીવાય બીજી કોઇ રીતે બનાવવાની મના.

કાઠીયાવાડના નામદાર એજંટ ટુ ધી ગવરનર સાહેબની મંજુરી શીવાય દારૂ ગાળવાની નવી ભઠ્ઠી અથવા પીઠું ઉઘાડવાની મના.

મંજુરી વગર માદક પદાર્થ વેચવાની દુકાન અને દારૂનું કારખાનું ઉઘાડવું નહીં.

**પરવાના અથવા લાઇસેન્સ વગર દારૂ અથવા કેફી વસ્તુ વેચવાની મનાઇ.**

૬. હવે પછી બીજી રીતે ગોઠવણ કરવામાં આવી હોય તે શીવાય કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ અથવા તેઓ લાઇસેન્સ આપવાને કાયદેસર કોઇ અમલદારને સત્તા આપે તેની પાસેથી લાઇસેન્સ અથવા પરવાના લીધા વગર કોઇ પણ જાતનો દારૂ અથવા કેફી વસ્તુ વેચવી નહીં.

**પરચુરણ વેચવાની હદ.**

૭. કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ વખતો વખત જાહેર ખબરથી દરશાવે તે ઉપરાંત એકજ માણસને એકજ દીવસે પ્રાંતના પોલીટીકલ એજન્ટ સાહેબે સત્તા આપી હોય તેવા અમલદારની રજા અથવા લાઇસેન્સ વગર દેશી દારૂ અથવા માદક પદાર્થનો એકંદર વધારે જથો પરચુરણ વેચવો નહીં અથવા કોઇપણ માણસે કબજામાં રાખવો નહીં.

**કોઇ કોઇ વખતે દારૂનું વેચાણ.**

૮. કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ વખતો વખત ખાસ પ્રસંગ દરશાવે તેવે વખતે ઉપર બતાવ્યો છે તે જથા કરતાં વધારે જથાનું પરચુરણ વેચાણ કરવા ખાસ હુકમ કરી શકે અને કેવી શરતે એ વેચાણ કરવું તે નકી કરી શકે.

**દારૂ ઉપર કર.**

૯. દારૂ અને બીજી કેફી વસ્તુની બનાવવા તથા પરચુરણ વેચવાના હકના પરવાના ઉપર કેટલી ફી લેવી તે પ્રાંતના પોલીટીકલ એજન્ટ સાહેબ ઠરાવશે. તેઓ આવા લાઇસેન્સ આપ્યા પહેલાં તે હકનું લીલામ કરવાનો હુકમ કરી શકે અથવા તેને યોગ્ય લાગે તો બીજી કોઇ રીતે લાઇસેન્સ આપી શકે અને તે લીલામ પ્રાંતના પોલીટીકલ એજન્ટ સાહેબની મંજુરીની શરતે થયેલું ગણવું તે હરરાજીનો ભાવ જે મંજુર થાય તેના હફતા ઠરાવવા અને વેચાણ અને બીજી બાબતની શરતો પ્રાંતના પોલીટીકલ એજન્ટ સાહેબ ઠરાવે.

૧૦. જેવી રીતે કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ વખતો વખત ફરમાવે તેવા નમુના પ્રમાણે તથા તેવી વીગત વાર હકીકત સહીત દરેક લાઇસેન્સ, પાસ અથવા પરવાનો આ ધારા મુજબ આપવામાં આવશે.

લાઇસેન્સનો નમુનો તથા શરતો ઈત્યાદી.

૧૧. આ નીચે દરસાવેલી શરતે ધારા પ્રમાણે આપવામાં આવેલા લાઇસેન્સ, પાસ અથવા પરવાના કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ અથવા પ્રાંતના પોલીટીકલ એજંટ સાહેબ પાછા સંક્ષિપ્ત રીતે ખેંચી શકે અથવા રદ કરી શકે.

પરવાનો ખેંચી લેવાની સત્તા.

(અ.) જો તે પરવાનાવાળો શખ્સ આપવા ઠરાવેલું લવાજમ રીતસર નહીં ભરે તો; અથવા

(બ.) આવો પરવાનો પાસ અથવા લાઇસેન્સ ધરાવનાર શખ્સ અથવા તેનો નોકર અથવા હરકોઈ બીજો શખ્સ તેની સ્પષ્ટ અથવા ગર્ભીત પરવાનગીથી તેના તરફથી તેવા લાઈસેન્સ રજા અથવા પરવાના અથવા તેની કોઇપણ શરત તોડે; અથવા

(ક.) તે પરવાનો ધરાવનાર આ ધારાની વિરૂદ્ધ અથવા આબકારી રેવન્યુંને લગતા બીજા કોઇ ચાલતા કાયદા વિરૂદ્ધના ગુન્હાનો તકશીરવાર ઠરે અથવા ફોજદારી કાયદાના કોઇપણ ગુન્હાનો તકસીરવાર ઠરે તો.

૧૨. આ ધારાની અથવા તે મુજબ કોઇપણ લાઇસેન્સ, પાસ અથવા પરવાનો આપ્યો હોય તેની ઉપર, ઉપર કહેલી કોઇપણ સરત મુજબ લેવાની સઘળી જગાત, કર, દંડ, અને ફી તથા આ ધારા મુજબ કોઇ ઈજારદાર પાસે જે રકમ લેણી થતી હોય તે જે શખ્સ મુલ દેવાને બંધાયેલ હોય તેની પાસેથી અથવા તેનો (કોઇ) જામીન હોય તો તે તેની પાસેથી સરકાર અથવા રાજના લેણાનો બાકી રકમ માફક વસુલ થઇ શકે.

કર સી રીતે લેવો.

બનાવટ તથા વેચાણુની જગોમાં દાખલ થઇને જોવાની તથા ખબર ઉપરથી દાખલ થઇને જે દારૂ વીગેરે ગેરકાયદેસર કોઇ બંધ જગ્યામાં રાખ્યો હોય તે જપ્ત કરવાની અને પકડવાની સત્તા.

૧૩. કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ અથવા આ બાબતમાં કાયદેસર નીમાયેલો બીજો કોઇ અમલદાર અથવા કોઇપણુ માજીસ્ટ્રેટ અથવા ઇન્સપેક્ટર અથવા ચીફ કોનસ્ટેબલ—

(અ.) દીવસ અથવા રાતના કોઇપણુ વખતે કોઇપણુ દુકાન અથવા જગ્યા જેમાં કોઇ લાઇસેન્સવાલો દારૂ બનાવનાર કે વેચનાર કેફી વસ્તુ બનાવતો હોય અથવા વેચતો હોય અથવા દારૂ અથવા કેફી વસ્તુ ભરી મુકતો હોય તેમાં દાખલ થાય અને તપાસ કરે અને આવા માણુસના દારૂ અથવા બીજા માલ અથવા વસ્તુના જથાની તપાસ, અજમાયશ, તોલ અથવા માપ કરી શકે; અથવા

(બ.) દીવસ અથવા રાતના કોઈપણુ વખતે કોઇ મકાન અથવા વાહાણુ અથવા કોઇ બંધ જગ્યા જેમાં આ ધારા પ્રમાણે જપ્ત કરવાને લાયક થાય એવો કોઇ દારૂ અથવા કેફી વસ્તુ બનાવી હોય અથવા સંતાડી રાખી એમ માનવાને કારણુ હોય અથવા જ્યાં આ ધારા વિરૂદ્ધ દારૂ અથવા કોઈ કેફી વસ્તુ બનાવવા વાસ્તે કોઇ કડા અથવા વાસણુ અથવા ઓજાર અથવા સંચો રાખ્યો હોય અથવા સંતાડયો એમ માનવાને કારણુ હોય ત્યાં દાખલ થઇ શકે; અને

(ક.) અટકાયત થાય તો કોઈપણુ બારણું તોડી ઉઘાડી શકે અને આવી દુકાન, જગ્યા મકાન વહાણુ અથવા બીજી જગ્યામાં દાખલ થતાં બીજી કોઇ હરકત દુર કરી શકે; અને

(ડ.) કાંઇ દારૂ અથવા પદાર્થ અને તેની બનાવટમાં વપરાતું કોઇપણુ વસાણું તથા કડા, વાસણુ ઓજાર અથવા સંચો અથવા બીજી કોઇ ચીજ જે આ ધારા અથવા આબકારી મહેસુલને લગતા ચાલતા ધારા મુજબ ખાલસા કરવાને લાયક છે એવું માનવાને તેને કારણુ હોય તેને ખાલસા કરી શકે; અને

(ઇ.) આ ધારા અથવા આબકારી મહેસુલને લગતા ચાલતા ધારા

મુજબ હરકોઇ માણસ કંઇપણ ગુન્હો કર્યો છે એમ તેને માનવાને કારણ હોય તો તેવા માણસને અટકાવી શકે, તેની ઝડતી લઇ શકે, અને તેને વ્યાજબી લાગે તો પરેજ કરી શકે.

૧૪. હરકોઇ માજીસ્ટ્રેટ અથવા કોઈપણ પોલીસ અમલદાર—

ખુલી જગામાં દારૂ વીગેરે જપ્ત કરવાની સત્તા અને પરેજ કરવાનો ઝડતી લેવાનો અને પકડવાનો અધીકાર.

(અ.) કોઇ ખુલી જગ્યામાં અથવા ચાલતે રસ્તે કોઇ દારૂ અથવા કેફી ચીજ અથવા બીજી કોઇ વસ્તુ જે આ ધારા મુજબ અથવા આબકારી મેહેસુલને લગતા ચાલતા ધારા મુજબ ખાલસા કરવાને લાયક છે એમ તેને માનવાને કારણ હોય તો તે ખાલસા કરી શકે;

(બ.) હરકોઇ શખ્સ જે આ ધારા અથવા આવા બીજા કોઇ કાયદા પ્રમાણે ગુન્હેગાર છે એમ તેને માનવાને કારણ હોય તેને અટકાવી શકે અને તેની ઝડતી લઈ શકે અને જો એવા માણસ પાસે તેના કબજામાં એવો કોઇ દારૂ અથવા વસાણું અથવા બીજી કોઈ ચીજ હોય તો તેને પકડે પણ આ ધારા મુજબ વર્તનારા કોઈપણ પોલીસ કોન્સટેબલે એકદમ તે પકડેલા માણસ અથવા ચીજને સૌથી પાસેના માજીસ્ટ્રેટ અથવા ચીફ કોન્સટેબલ પાસે લઇ જવા.

૧૫. ૧૩ તથા ૧૪ માં ધારાની રૂએ સઘળી તપાસ ક્રીમીનલ પ્રોસીજર કોડના ધારા મુજબ કરવી.

તપાસ કેવી રીતે કરવી.

૧૬. કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ અથવા તેમણે આ બાબતમાં રીતસર સત્તા આપી હોય તેવા અમલદાર અથવા કોઇ માજીસ્ટ્રેટ વારંટ કાઢી શકે—

વારંટ કાઢવું.

(અ.) આ ધારા અથવા બીજા કોઇ ચાલતા ધારા વિરૂદ્ધ કોઇપણ શખ્સે કંઇપણ ગુન્હો કર્યો છે એમ તેને માનવાને કારણ હોય ત્યારે તેને પકડવા સારૂ; અથવા.

(બ.) રાત્રે અથવા દીવસે કોઇ મકાન વહાણ અથવા જગ્યા જેમ કોઇ દારૂ અથવા કેફી વસ્તુ બનાવવામાં આવેછે અથવા વેચાયછે અથવા જે આ ધારા મુજબ અથવા બીજા કોઇ ધારા મુજબ ખાલસા કરવા લાયક કંઇ દારૂ, માદક પદાર્થ અથવા ચીજ રાખી અથવા સંતાડી છે એમ માનવાને કારણ હોય તો તેની તપાસસારૂ. આ કલમ નીચે નીકળતાં સઘળાં વારંટો ક્રીમીનલ પ્રોસીજર કોડ પ્રમાણે કોઇ પોલીસ અમલદાર અથવા જે અમલદાર વારંટ કાઢે તેને યોગ્ય લાગે તો બીજા માણસે બજાવવા.

જાહેર સુલેહનેમાટે દુકાનો બંધ રાખવી.

૧૭. કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ અથવા પ્રાંતના પોલીટીકલ એજંટ સાહેબને જરૂરતું જણાય કે અમુક વખતે અમુક દુકાન જ્યાં દારૂ અથવા માદક પદાર્થ છુટક વેચાતો હોય તે જાહેરાંત સુલેહ અને બંદોબસ્તને ખાતર બંધ રાખવી તો લખીતવાર નોટીસથી લાઇસેન્સવાલાને તેમ કરવાનો હુકમ કરવા તેઓ કાયદેસર મુખત્યાર છે.

આવી દુકાનની પડોસમાં કોઇ હુલ્લડ અથવા ગેરકાયદેસર મંડલી થાય તે કોઈપણ માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર જે ત્યાંહાં હાજર હોય તે તેને યોગ્ય લાગે ત્યાંસુધી દુકાન બંધ રાખવાને કાયદેસર મુખત્યાર છે પણ તે પોલીસ અમલદાર ચીફ કોન્સટેબલના દરજાથી હલકો હોવો ન જોઇએ.

ગેરકાયદે લાવવામાટે સજા.

૧૮. હરકોઇ શખ્સ આ ધારા અથવા આ ધારા પ્રમાણે બીજા કોઇ ધારા અથવા હુકમ વિરૂધ્ધ અથવા કોઇ લાઇસેન્સ અથવા પાસ અથવા પરવાનો જે ધારા મુજબ મળ્યો હોય તેની વીરૂદ્ધ—

(અ) મજકુર પરગણાના કોઇપણ ભાગમાં દારૂ અથવા કેફી ચીજ લાવશે અથવા તેમાંથી બહાર લઇ જશે, અથવા

(બ) એક જગોએથી બીજી જગોએ દારૂ અથવા બીજી કોઈ કેફી ચીજ લઇ જશે, અથવા

(ક) દારૂ અથવા બીજી કોઇ કેફી ચીજ બનાવશે, અથવા

(ડ) દારૂનું કારખાનું અથવા દારૂ ગાળવાનો સંચો બનાવશે, અથવા

(ઇ) દારૂ અથવા કોઇ કેફી વસ્તુ બનાવવા માટે કંઈ જણસ કડા, વાસણ, ઓજાર અથવા સંચો ગમે તેવો તેના કબજામાં રાખશે અથવા રાખશે કે વાપરશે, અથવા

(ફ) દારૂ અથવા કેફી ચીજ વેચશે તેને ઉપર કહેલા દરેક ગુન્હાને માટે—

(અ) એક હજાર રૂપીઆસુધી દંડની, અથવા

(બ) છ માસસુધીની કેદ, અથવા બન્નેની શીક્ષા કરવામાં આવશે.

૧૯. આ ધારા મુજબ લાઇસેન્સ, રજા અથવા પરવાનાવાલો કોઈ શખ્સ—

લાઇસેન્સ ધરાવનારની ગેરવરતણુંક વગેરે માટે.

(અ) યોગ્ય સત્તાવાલો કોઇ અમલદાર અથવા બીજો કોઇ અમલદાર કે જેને કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબે આ કામ વાસ્તે યોગ્ય રીતે ખાસ અધીકાર આપ્યો હોય તેની માગણીથી એવો કોઈ લાઇસેન્સ રજા અથવા પરવાનો હાજર કરવામાં કસુર કરે, અથવા

(બ) જે જાણી જોઇને આ ધારા મુજબ કરેલ બીજા કોઈ ધારા અથવા હુકમની વિરૂદ્ધ કંઈ કરવાને અથવા નહીં કરવાની કસુર કરે, અથવા

(ક) આ ધારામાં બીજી રીતે સજા મુકરર ન કરી હોય એવી કસુરથી તેના લાઇસેન્સની શરત તોડે છે, અથવા

(ડ) કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબે કરેલા અથવા પાંચમા ધારા મુજબ આવા કોઈ જાહેર દારૂ ગાળવાના કારખાના માટે કરેલા ધારા વિરૂદ્ધ, અથવા

(ઇ) આવા જાહેર દારૂ ગાળવાના કારખાનામાં તેને દારૂ બનાવવાની રજા આપી હોય તેની કોઇપણ શરતનો ભંગ થાય એવું કામ કરે, અથવા

(ફ) આવી દુકાન અથવા જગા જેમાં આવો દારૂ અથવા વસ્તુ વેચવામાં અથવા બનાવવામાં આવતાં હોય તેમાં છાકટાપણું કે હુલ્લડ થવા દે અથવા જુગટું રમવા દે, અથવા

(ગ) આવી જગામાં અથવા દુકાનમાં મશહુર ખરાબ ચાલના માણસને મળવા દે અથવા રેહેવા દે તો તેને ઉપરમાંના હરકોઇ ગુન્હા માટે એકસો રૂપીઆ સુધી દંડ કરવામાં આવશે.

૨૦. આ ધારા પ્રમાણે દારૂ અથવા કેફી ચીજ વેચવાનું અથવા બનાવવાનું જેને લાઇસેન્સ મળ્યું હશે તે પોતે વેચતો હોય અથવા બનાવતો હોય તે દારૂની સાથે કાંઇ નુકશાનકારક અથવા જુદી વસ્તુ ભેળવે અથવા ભેળવવા દે અને તેમ કરવાથી તેના ખરા અથવા દેખીતા કેફી ગુણ અથવા જોરનો વધારો થાય અથવા દારની બીજી કોઈ કેફી વસ્તુની બનાવટમાં બીજી કોઈ રીતે નુકશાનકારક થઇ પડે તો તે અને આવી મેળવણીનો ગુન્હો હીંદુસ્તાનના પીનલ કોડની ૨૭૨ મી કલમ નીચે ન આવતો હોય તો આવા ગુન્હાનેમાટે પાંચસો રૂપીઆ સુધીનો દંડ અથવા ત્રણ મહીનાસુધી કેદની સજા થશે અથવા સદરહુ દંડ કેદની સજા એ બન્ને થશે.

લાઇસેન્સવાળા વેચનાર અથવા બનાવનારની ગેરવરતણુંક બાબત.

૨૧. આ ધારાઓ પ્રમાણે કોઈ લાઈસેન્સ, પરવાનો, પાસ અથવા ખાસ હુકમ મેળવ્યા શીવાય જે સ્થાનીક હદ કે સ્થળમાં સાતમી કલમ લાગુ પાડવામાં આવી છે તે હદ કે સ્થળની અંદર સદરહુ કલમ પ્રમાણે કાયદેસર જેટલો દારૂ અથવા માદક પદાર્થ પરચુરણ વેચી શકાય તેનાથી કોઇ શખ્સના કબજામાં વધારે હશે તો તેનો બસો રૂપીઆ સુધીનો દંડ થશે.

ધારા વિરૂદ્ધ દારૂ વીગેરે રાખવા બાબત.

૨૨. દારૂ અથવા માદક પદાર્થ અથવા તેની બનાવટને માટે કોઇ જાતની કડા, વાસણ, ઓજાર અથવા સંચો અથવા તે બનાવવામાં સાધારણ રીતે વપરાતા વાસણો પોતાના કબજામાં ક્યાંથી આવ્યા તેનો સંતોશકારક ખુલાસો ૧૮ મી અને ૨૦ મી કલમ પ્રમાણે આરોપીત શખ્સ

અમુક કેસોમાં ગુનાહ કર્યા સંબંધી અનુમાન.

કરી શકતો ન હોય તો ઉલટી રીતે પુરવાર ન થાય ત્યાંસુધી સદરહુ કલમો પ્રમાણે આરોપીત માણસે સદરહુ ગુન્હો કર્યોછે એવું પ્રોસીકયુશનમાં અનુમાન કરવામાં આવશે.

આ ધારા પ્રમાણે લાઇસેન્સ, પરવાનો અથવા પાસ ધરાવનાર શખસના તરફથી કામ કરતા અથવા તેની નોકરી કરતા કોઇ માણસે ૧૮ અથવા ૧૯ મી કલમ પ્રમાણે કંઇ ગુન્હો કર્યો હોય તે અટકાવવાને તેણે બધી રીતસર અને વાજબી સંભાળ લીધી હતી એવું તે સાબીત નહીં કરશે તો ખરેખરા ગુન્હેગારની પેઠે તે ગુન્હો તેણે પોતે કર્યો ગણી તેને જવાબદાર ગણવામાં આવશે.

કઇ ચીજો જપ્ત થવાને પાત્ર.

૨૨—અ* આ ધારા વીરૂદ્ધ અથવા બીજો કોઇપણ ધારો અથવા હુકમ આ ધારાની રૂએ કરવામાં આવ્યો હોય અથવા કોઈ લાઈસેન્સ, પરવાનો અથવા પાસ આ ધારા અનવયે મેળવેલો હોય તેની વીરૂધ્ધ સઘળો દારૂ અથવા માદક પદાર્થ આયાત કરવામાં આવ્યો હોય, નીકાસ કર્યો હોય, એક સ્થળેથી બીજે સ્થળે મોકલ્યો હોય, ખસેડયો હોય, બનાવ્યો હોય, વેચ્યો હોય અથવા કબજામાં રાખ્યો હોય, અને

એવા કોઇ દારૂ અથવા માદક પદાર્થ, જે હોય તે, અને સઘળા માદક પદાર્થ, જે હોય તે, કાયદા મુજબ આયાત થયો હોય, નીકાસ થયો હોય, એક સ્થળેથી બીજે સ્થળે લઇ જવામાં આવ્યો હોય, ખસેડયો હોય, બનાવ્યો હોય, વેચ્યો હોય અથવા કબજામાં રાખ્યો હોય, તેની સાથે અથવા તે ઉપરાંતનો સઘળો દારૂ અને માદક પદાર્થ, અને

આ ધારાની વીરૂધ્ધ અથવા બીજો કોઇ પણ ધારો અથવા પાસ આ ધારા અન્વયે મેળવેલો હોય તેની વીરૂધ્ધ દારૂ બનાવવાના તથા કોઇ પણ માદક પદાર્થ બનાવવાના કામમાં સઘળા કડા, વાસણો, ઓજારો, અથવા સંચા વપરાયા હોય, રાખવામાં આવતા હોય, અથવા કબજામાં હોય, અને

---

* આ વધારાની કલમનો તરજુમો ઈંગ્રેજી ઉપરથી કરીને દાખલ કરવામાં આવ્યો છે.

કાયદા વીરૂધ્ધ દારૂ અથવા કોઇ જાતનો માદક પદાર્થ બનાવવાના કારણસર સઘળા ઓજારો એકઠા કરેલા હોય અથવા કબજામાં રાખ્યા હોય, અને

જે વાસણમાં, ગાંસડીમાં અને બાંધણમાં એવો દારૂ, માદક પદાર્થ, કડા, વાસણ, ઓજાર, સંચો અથવા વાસણ મળી આવે તે અને તેની અંદરનો બીજો જે પદાર્થ તે વાસણ અથવા ગાંસડીમાં માલમ પડયો હોય તથા તે લઇ જવા સારૂ ઉપયોગ કરેલા જાનવરો, ગાડાં વાસણો અથવા બીજા વાહનો,

જપ્ત થવાને પાત્ર થશે.

ખાલસા કરવાનો હુકમ કોણે કરવો.

૨૩. આ ધારા પ્રમાણે ખાલસા કરવા સંબંધે પ્રાંતના મેહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબ ચુકાદો આપશે અને તેની કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબને અપીલ થઈ શકસે પરંતુ જે માલ ખાલસા કરવાનો હોય તે પકડયા બાદ એક મહીનો વીત્યા શીવાય અથવા તે માલ ઉપર કોઇ શખ્સ પોતાના હકનો દાવો કરતો હોય તો તે દાવો અને તેની મજબુતીમાં જે કાંઇ પુરાવો તે રજુ કરે તે સાંભળ્યા સીવાય તેવો ( ખાલસા કરવાનો ) હુકમ થઇ શકે નહીં.

ખાલસા કરેલો માલ છોડાવવા બાબત.

પ્રાંતના મેહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબને યોગ્ય લાગે તો જે માલ ખાલસા કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તેના ધણીની છોડવવાની ખુશી હોય તો પ્રાંતના મેહેરબાન પોલીટીકલ એજન્ટ સાહેબ યોગ્ય ધારે તેટલો દંડ લીધા બાદ તે છોડવવાની પરવાનગી આપી શકે.

ઈનામ આપવા બાબત.

૨૪. આ ધારા પ્રમાણે દંડ અને ખાલસા થએલા માલની કીંમત આવે તેમાંથી અમલદારો અને બાતમીદારોને ઇનામ આપવા સંબંધના કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ વખતો વખત નીયમ કરવા મુખત્યારછે.

૨૫. કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબ શીવાય બીજા કોઈ અમલદારે આ ધારા પ્રમાણે હુકમ કરયો હશે તો તેની અપીલ સદરહુ હુકમની તારીખથી ૬૦ દીવસનો અંદર કોઈપણુ વખતે કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબને થઇ શકશે, પરંતુ અપીલ ઉપર કાઠીયાવાડના નામદાર એજન્ટ ટુ ધી ગવરનર સાહેબે હુકમ કર્યો હશે તે ઉપર અપીલ થઇ શકશે નહીં.

અપીલો.

૨૬. બીજા વર્ગના માજીસ્ત્રેટની સત્તાથી ઓછી સત્તા સલાવનારો કોઇ માજીસ્ત્રેટ આ ધારા વિરૂધ્ધ ગુન્હાનો તપાસ ચલાવી શકશે નહીં.

ગુન્હો તપાસવાનો અધીકાર.

નામદાર ગવરનર ઈન કૌન્સીલના સાહેબના હુકમથી,

એસ, ડબલ્યુ. એડજરલી,

સરકારના ચીફ સેક્રેટરી.

---

## કાયદાથી મુક્ત થએલા ગ્રહસ્થો.

૧. તોપ તથા ટારપેડાના કામમાં આવતી બીજી જનસો, લડાઇનાં ફડાકાં તથા હથીયારો અને સરંજામ બનાવવાના સંચાકામો સીવાએ "હથીયાર બાબતનો હિંદુસ્થાનનો કાયદો સને ૧૮૭૮" ની કલમો ૧૩, ૧૪, ૧૫, અને ૧૬ માં ફરમાવ્યા મુજબ સઘળી મનાઇ તથા સુચનાઓ લાગુ પાડવા બાબત જે ફરમાન છે તેમાંથી નામદાર ગવરનર જનરલ ઈનકૌન્સીલનાં સાહેબ તે કાયદાની કલમ ૨૭ આધારે નીચે લખેલા શખસોને બાતલ કરે છે, તેનાં નામ,—

(૧). સઘળા માહારાજા, રાજાઓ, નવાબો, નાઇટહુડનો ફીતાબ મળેલા મેમ્બરો; હિંદી સરકારે ઈલકાબ આપેલા સઘળા શખસો; જાહેર દરબારમાં જે શખસોને તરવાર બક્ષીસ મળી હોય તેઓ; સઘળા

શખસો કે જેઓને તા. ૧ લી જાનેવારી ૧૮૭૭ ના રોજે સરટી-ફીકેટ મળેલાં હોય તેઓ; સઘળા શખસો કે જેઓને દીવાની કોર્ટમાં હાજર રહેવા બાબત બાતલ કરેલા છે તેઓ; .

(૨). ગવરનર જનરલ સાહેબની કૌન્સીલના, મદ્રાસ તથા મુંબઇના ગવરનર તથા બંગાળાના, વાવ્ય પ્રાંત તથા આઉદ્ધ, પંજાબ અને બ્રહ્મદેશનાં લેફ્ટેનન્ટ ગવરનરની કૌન્સીલનાં મેમ્બરો તથા થઈ ગયેલાં મેમ્બરો.

તારીખ ૨૭મી ફેબરવારી ૧૮૯૪ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૩૭૯, તથા તારીખ ૯ મી જુલાઇ ૧૮૯૭ની જાહેર ખબર નંબર ૧૪૧૫.

(૩). લશ્કરી અને દરીયાઇ ફોજના સઘળા અમલદારો, મહારાણી સરકારની નોકરીના સઘળા સોલજરો* અથવા ખલાસીઓ,×‡સઘળા વોલન્ટીયર્સો તથા પોલીસના ઓફીસરો (ઠગી અને ડાકાયટી ખાતાના નોકરો) જંગલ ખાતાના, ટપાલખાતાના, તારના, જેલના, મીઠાના, અફીણના, અને આબકારી ખાતાના અમલદારો કે જેઓને ગવરનર જનરલ ઇનકૌન્સીલના સાહેબ અથવા સ્થાનીક સરકાર હથીયાર અને સરંજામ લઇજવા અથવા રાખવા બાબત વાજબી ધારે તેના કરતાં વધારે જથામાં પોતાને વાપરવાને વાસ્તે વધારે નહીં હોય તે મુજબ હથીયારો તથા સરંજામ લઇજવા અથવા રાખવા બાબતને અનુસરીને સ્થાનીક સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તેઓ;

તારીખ ૨૯મી ફેબરવારી ૧૮૯૨ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૦૧૨ તથા તારીખ ૨૨ મી જુન ૧૮૯૩ની જાહેરખબર નંબર ૮૭૬.

‡ તારીખ ૨૨ મી માર્ચ ૧૮૯૫ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૪૫૯.

---

* "સોલજર્સ" એ શબ્દમાં રીઝર્વીસ્ટ સોલજર્સનો સમાસ થાયછે. (જુઓ વાવ્ય પ્રાંતના તથા આઉદ્ધના સરકારનો હોમ ડીપાર્ટમેન્ટનો તારીખ ૩૭ જુન ૧૮૯૩નો કાગળ નંબર ૭૫૮ ).

(૪) સઘળા માજીસ્ટ્રેટો, જસ્ટીસ ઓફ ધી પીસ, ડેપ્યુટી કલેક્ટરો,‡ ઓનરરી માજીસ્ટ્રેટો, અને જ્યુડીશીયલ ઓફીસરની રેન્કના અથવા તો મુનસફની રેન્ક ઉપરના; અને પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટના ઓફીસરો તથા આસીસ્ટંટ એનજીનીયરની રેન્ક ઉપરના ઓફીસરો:

તારીખ ૧૨મી નવેમ્બર ૧૮૯૩ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૬૭૯.

‡તારીખ ૨૨ મી માર્ચ ૧૮૯૫ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૪૫૯.

(૫) માહારાણી સરકારની સઘળી યુરોપીયન અને ઈસ્ટ ઈંડીયન રૈયત: સઘળા આર્માનીયન્સ; અને સઘળા અમેરીકનો તથા યુરોપીયનો કે જે લોકો મહારાણીની બ્રીટીશ-બોર્ન રૈયત નથી અને જેઓ થોડા વખતને માટે હિન્દુસ્થાનમાં રહે છે અને મુસાફરી કરેછે;

(૬) સઘળા કૌન્સીલરો, કૌન્સીલર એજંટો, તથા દેશી રાજ્યે અધીકાર આપેલા સઘળા વકીલો તથા એજંટો.

(૭). સઘળા રાજકરતા રાજાઓ,* તેમજ કુંટુંબના મેમ્બરો અથવા રાજકરતા રાજાના ઉંચી પંકતીના કામદારો કે જેઓને સ્થાનીક સરકાર વખતો વખત બ્રીટીશ ઇંડીયામાં દાખલ થતા અથવા રહેવા આવતા રાજાઓની નીસબતમાં રાખવા બાબત દરેક કામમાં પોલીટીકલ ઓફીસર સાહેબ પરદેશ ખાતાના અથવા મદ્રાસ અને મુંબઇ સરકાર સાથે અનુક્રમે તે રાજાઓનો રાજ્ય પ્રકરણી સંબંધ હોય તે સરકારના હુકમ ધ્યાનમાં રાખી નીમી આપે તેઓ: અને એવા રાજાઓના સઘળા અમલદારો બ્રીટીશ ઇંડીયામાં કામગીરી ઉપર જાય તેઓ.

×તારીખ ૨૨ મી માર્ચ ૧૮૯૫ની હોમડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૪૫૯.

---

*હથીયાર બાબતનો હિન્દુસ્તાનનો કાયદો લાગુ પાડવા જે ફરમાનછે તેમાંથી સઘળા રાજાઓને તથા પેશકશી ભરનારા તાલુકદારોને બાતલ કરેલા છે. (જુવો કાઠીયાવાડ એજન્સી ગેઝેટ પુસ્તક ૩૭ પાને ૨૯૩).

(૮). દેશી ફોજના પેન્સન લીધેલા સઘળા ઓફીસરો તેમજ ન્યાય ખાતાના પેન્સન ઓફીસરો કે જેઓને ગવરનર ઈન કૌન્સીલનાં સાહેબ અથવા સ્થાનીક સરકાર હથીયાર અને સરંજામ લઈ જવા અથવા રાખવા બાબત વાજબી ધારે તેનાં કરતાં વધારે જથામાં પોતાને વાપરવાને વાસ્તે વધારે નહીં હોય તે મુજબ હથીયારો તથા સરંજામ લઈ જવા અથવા રાખવા બાબતને અનુસરીને સ્થાનીક સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તેઓ—

તારીખ ૨૯ મી ફેબરવારી ૧૮૯૨ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૦૧૨.

(૯) નીચે લખેલા ગૃહસ્થો અને તેના માણસો:—

(એ) મદ્રાસ ઈલાકાના અસલી જમીનદારો અને પોલીગર્સ;

(બી) દખ્ખણ અને દક્ષિણ મરાઠાના સરદારો;

(સી) વાવ્ય પ્રાંતના ગોપાલપુરાના રાવ શીઓદરથાન સીંહ;

તારીખ ૨૭ ફેબરવારી ૧૮૫૪ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૩૭૫*

(ડી) પંજાબના મોટા સરદારો અને જાગીરદારો;

(ડી ૧) મુંબાઈ ગવરમેન્ટ વખતો વખત સીંધના તાલપર કુટુંબના મેમ્બરોને નીમે તેઓ;

તારીખ ૪ થી માર્ચ ૧૮૯૨ ની જે હોમ ડીપાર્ટમેન્ટનો જાહેર ખબર નંબર ૧૦૬૮.

(ઈ) મધ્ય પ્રાંતના પરિશીષ્ટવાળા ડીસ્ટ્રીકટના જમીનદારો;

---

*સ્થાનીક સરકારની ભલામણ ઉપરથી આ લીસ્ટમાં પાછળથી ઘણો વધારો કરવામાં આવ્યો છે; પણ તે વધારાના નામો અહીંઆ છાપ્યા નથી.—સી. બી.,—૧૫—૫—૮૦.

(એફ) બંગાલના મોટા જમીનદારો;

(જી) મદ્રાસ ઇલાકાના ઉત્તર આરકોટ ડીસ્ટ્રીક્ટના તીરૂપટીના મહાંત અને તેની સાથેના માણુસો;

તારીખ ૨ જી સપ્ટેમ્બર ૧૮૮૬ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૩૧૫.;

(એચ) નીચે લખેલા રાજાઓની સાથેના માણુસો;

તારીખ ૨૭ ફેબરવારી ૧૮૯૪ ની હોમડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૩૭૯.

બાદાવારના માહારાજા મહેન્દ્ર મહેન્દ્રસીંગ, સી. આઇ. ઇ.:

રાજા સર ડીન્કરરાવ મુશીર. ઇ. ખાસ બાહાદુર, કે. સી. એસ. આઇ.;

જગામનપુરના રાજા રૂપસાહ;

રામપુરાના રાજા રામસીંગ;

કુતેરાના રાજા સરદારસીંગ બહાદુર;

ગુરસીરાઇના રાજા આત્મારામ બાબા બહાદુર;

કાશીના હીઝ હાઇનેસ માહારાજા સર પ્રભુ નારાયણસીંગ બહાદુર, કે. સી. આઇ. ઇ.;

કાશીપુરના રાજા હરીરાજસીંગ;

ભીંગના ઓનરેબલ રાજા ઉદેપરતાબસીંગ, સી. એસ. આઈ; અને આવાના રાજા બલવંતસીંગ;

કપુરથલાના રાજી—ઈ—રાજગન હીઝ હાઇનેસ રાજા જગતજીતસીંગ બાહાદુરના આઉઠના માણુસો;

તારીખ ૬ઠી જુલાઈ ૧૮૯૪ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૧૬૭.

બલરામપુરના રાજા ભગવતી પરસાદસીંગ;

તારીખ ૧૧ મી જુલાઇ ૧૮૯૫ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૦૫૧.

સાહસપુર બીલારીના રાજા કીશન કુમાર;

તારીખ ૭મી અકટોબર ૧૮૯૬ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૫૨૪.

કટીયારીની રાણી સપુત્રા કુંવર; મધ્ય પ્રાંતનાં દીઓરના રાજા રઘોજી રાવ,

આ પંકતીના માણસોને દાખલ કરવા માટે કેટલા હથીયારો આપવા તથા તેઓની સાથે દરેક કામમાં કેટલા માણસો રાખવા તે માટે પ્રત્યેક સ્થાનીક સરકાર જે હુકમ ઠરાવે તે હુકમને અનુસરીને:

તારીખ ૨૨મી નવેમ્બર ૧૮૯૩ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૭૪૫.

(૧૦). પોતપોતાની સ્થાનીક સરકાર વખતો વખત જે લીસ્ટ બહાર પાડે તે મુજબ જમીનદારો તથા મ્યુનીસીપાલ બોર્ડના અથવા વફાદાર અને સારી પદવીની કમીટીના મેમ્બરો;

તારીખ ૨૭મી ફુબરવારી ૧૮૯૪ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૩૭૯.

(૧૧). ગામડાના સઘળા મુખીઓ, ઘાટવાલ્સ, ડીગવાર્સ, અને ગામડાના બીજા પોલીસ કે જેઓને પોતાના કામ બજાવવા વાસ્તે આવા હથીયારો જરૂરના છે એમ સ્થાનીક સરકાર વખતો વખત જાહેર કરે.

† તારીખ ૧૮મી ફુબરવારી ૧૮૮૭ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૩૭૧.

તારીખ ૨૩ મી જુલાઇ ૧૮૮૦ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૧૧૬૮.

[ નોટ.—આ રકમ પંજાબને લાગુ પડતી નથી. ]

(૧૨). કુર્ગ વંશના સઘળા માણસો; અને કુર્ગના સઘળા જુમ્મા ભોગવટો કરનારા કે જેઓ પોતાની માલીકી ઉપરની સત્તાથી પોલીસના તથા લશ્કરી કામને લાયક છે:

એવી શરતથી કે મુખ્ય કમીશનર સાહેબ જે જાતનો તથા જેટલો સરંજામ તે શખસો પાસે રાખવા વાજબી ધારે તે જાતનો તથા તેટલો સરંજામ તેઓના પોતાના ખાનગી વપરાશ માટે રાખવો.

તારીખ ૩૦ મી માર્ચ ૧૮૯૭ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૪૮૪.

(૧૩). વડોદરા સ્ટેટની સઘળી રૈયત, કે જેઓ વડોદરાનાં રેસીડન્ટ અથવા આસીસ્ટંટ રેસીડન્ટે આપેલા પરવાના આધારે વડોદરાના મુલકના એક ભાગમાંથી બીજા ભાગમાં હથીયાર અથવા સરંજામ લઈ જાય:

(૧૪). સઘળા રેવન્યુ અમલદારો અને સરહદ ઉપર અથવા ઉજડ પ્રગણામાં ટપાલ લઇ જનારા કે જ્યાં તે ખાતાના ઉપરી અમલદારો તેમને કામ ઉપર જતાં હથીયાર લઈ જવાનું ફરમાવેછે:

(૧૫). હથીયાર રાખવા અથવા લઇ જવા માટે હિન્દુસ્તાનની જીઓલોજીકલ સરવેના સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબને વખતો વખત જે સરવે કરવાની સત્તા છે તેના તાબાના અમલદારો, અને તે હથીયારોની સંખ્યા તથા જાત દરેક કામમાં સ્પષ્ટ દર્શાવવી:

તારીખ ૬ઠી સપટેમ્બર ૧૮૮૫ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૭૫૪.

(૧૬) નીચે દરસાવેલી ઓફીસો ધરાવનારા—

તારીખ ૧૯મી અકટોબર ૧૮૮૫ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૭૫૪.

મહીકાંઠા એજન્સીમાં ઇડરના દીવાનની ઓફીસ;

ઇડરના હીઝ હાઇનેસ માહારાજાના પ્રાઇવેટ સેક્રેટરીની ઓફીસઃ

(૧૭). મદ્રાસ ઇલાકાના મલબાર ડીસ્ટ્રીકટનાં સઘળા મલીખાના ધારણ કરનારા;

તારીખ ૧૫ મી જાનેવારી ૧૮૮૬ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૫૮.

(૧૮). સઘળા માણુસો કે જેઓને બ્રહ્મદેશની સરકારે અગ્નેયઅસ્ત્ર આપેલાં છે તે શખસો:

તારીખ ૧૫ મી જુન ૧૮૯૩ ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેર ખબર નંબર ૮૨૭, તથા તારીખ ૯ મી જુલાઇ ૧૮૯૭ની જાહેરખબર નંબર ૧૪૧૫.

(૧૯). આ પંક્તીમાં માણુસોને દાખલ કરવા માટે અથવા દરેક કામમાં તેઓની સાથે કેટલા માણુસો રાખવા તે માટે બ્રહ્મદેશની સરકાર જે હુકમ ઠરાવે તે હુકમને અનુસરીને, શાન સોબવાસ અને બીજા દેશી રાજાઓ તથા તેઓની સાથેનાં માણુસો.

તારીખ ૯ મી જુલાઇ ૧૮૯૭ની હોમ ડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૪૧૫.

ગવરનર જનરલ ઇન કૌન્સીલનાં સાહેબ નીચે લખેલા શખસો, વાવ્ય પ્રાંતના કાનપુરના રહેવાશીઓ કે જેઓના બાપને સરકારની સેવા સારી રીતે બજાવેલી તે માટે તરવાર તથા ખંજર આપેલાં તે સબંધે તેઓને હથીયાર બાબતનો હિન્દુસ્તાનનો સને ૧૮૭૮ ના કાયદાની કલમ ૧૫ લાગુ પાડવા જે ફરમાન છે તેમાંથી સદરહુ કાયદાની કલમ ૨૭ આધારે બાતલ કરવામાં આવ્યા છે:—

તારીખ ૯ મી સપટેમ્બર ૧૮૮૧ ની હોમડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૩૪૪.

નેપાલ એસકોર્ટના સુબેદાર બાહાદુર મરહુમ રામ બક્ષના દીકરા, રજબનસી તથા બીંદ્રાબન.

હથીયાર બાબતનો હિન્દુસ્તાનનો સને ૧૮૭૮ ના કાયદામાં ફરમાવ્યા મુજબ મનાઈ તથા સુચના લાગુ પાડવા બાબત જે ફરમાન છે તેમાંથી નામદાર ગવરનર ઇન કૌન્સીલનાં સાહેબ સદરહુ કાયદાની કલમ ૨૭ માં ઠરાવ્યા મુજબ બ્રીટીશ ઇંડીયામાં રહેતા મહારાણી સરકારના ઇન્ડીયન ફોર્સીસના પેન્સન લીધેલા સઘળા ગુરખાઓને કુકીસના નામે ઓળખાતા શસ્ત્રો સબંધે બાતલ કરવામાં આવ્યા છે.

તારીખ ૧૨ મી જુલાઈ ૧૮૯૧ ની હોમડીપાર્ટમેન્ટની જાહેરખબર નંબર ૧૨૦૧.

(કાઠીઆવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૭જી જુલાઈ સને ૧૮૯૪.
પુસ્તક ૨૨. પાનું ૧૬૭).

કોગળીયું ચાલે ત્યારે જે ઉપાયો કરવાના તે વીશે ગામડાના લોકોની સમજુતી માટે સુચના.

## કોગળીયું ચાલશે એવું ધારીને અવશ્ય કરવાના પુર્વોપાય.

૧. કોગળીયું વારંમવાર એવું અકસ્માત અને જોરબંધ ચાલે છે કે, સઘળા પુર્વોપાયોની તજવીજ અગાઉથી કરવી જોઇએ. અનુભવ ઉપરથી એવું માલમ પડયું છે કે બીજા ઘણા રોગોની માફક એ રોગનું પસરવું પ્રકૃતીને અપકારક સ્થાનીક સ્થીતીના ઉપર ઘણે દરજ્જે આધાર રાખે છે, અને તેટલા માટે જે ભય આવવાનો કોઈ પણ વખતે સંભવ છે તે ભય નીવારણ કરવાને માટે હમેશાં તૈયાર હોય એવી સ્થીતીમાં દરેક ગામને રાખવું એ અગત્યનું છે. જાતે સ્વચ્છ રહેવું એ એક કોગળીયાનો અટકાવ કરનાર ઉપાય તરીકે ઘણીજ અગત્યની ચીજ છે.

૨. પાસેના ગામોમાં કોગળીયું ચાલે છે એવી ખબર મળે કે તરતજ, તે રોગ દુર હોય એટલામાં, પટલે હેઠળ લખ્યા પ્રમાણે લોકો પાસે ગામ બરાબર સાફ રખાવવું—

(અ) નાહાવાનું પાણી જે ખાળકુવાઓમાં જતું હોય તે સઘળા ખાળકુવા ઉઘાડીને સંપુર્ણ રીતે સાફ કરવા તથા સાફ રાખવા. મોરીઓમાંથી તથા નાહાવાની જગાઓમાંથી જે ગટરો ખાળકુવામાં વાળેલી હોય તે ગટરો બંધ કરેલી નથી પણ બાહારની હવામાં ખુલ્લી મુકેલી છે એ વીશે ખાસ કાળજી રાખવી જોઇએ. જો તે બંધ કરેલી હોય તો તે એકદમ ઉઘાડીને ખુલ્લી મુકવી.

(બ) જ્યાંહાં ખાળકુવા નહીં હોય, પણ લોકો ઘરની બાહાર એક પથરા ઉપર નાહાતા હોય ત્યાંહા આવા પથરાની નીચેની જમીન કોહીને ઘણી રોગકારક થાયછે. આવી જમીન ખોદી કહાડીને ત્યાંહાં તાજી તથા સુકી માટી પુરવી,

અને લોકોને એવી ચેતવણી આપવી કે આવે પ્રસંગે ગમે તેમ કરીને ઘરથી છેટે ગામની બાહાર નાહાવા જવું એ વધારે સારૂં છે.

(ક) જો ગામમાં કોઇ દપટ જાજરૂ હોય તો તે દરેકમાં ઘણું મીઠું નાખવું. અને તે વાપરવાં નહીં. જો જાજરૂ જમીન ઉપર હોય તો મળ, મુતર તથા ગુહ્ય વગેરે સાફ કરવાનું પાણી રહે એવડું મોટું લોહોદાનું વાસણ તે દરેકમાં છે કે કેમ એ વીશે પટેલે ચોકશી રાખવી જોઇએ. આ જાજરૂની જમીન હમેશાં ઘણી ખરી ગંદા પાણીથી કોહી જાય છે. ઘણી ખરીવાર વાંસની ટોપલીઓ વાપરવામાં આવેછે. વાંસની ટોપલીઓ વાપરવા દેવી નહીં અને નીચેની જમીન ઉપર દરરોજ તાજી માટી નાંખવી.

(ડ) પીવાનું પાણી જે કુવાઓમાંથી લેવામાં આવતું હોય તે કુવાઓની ઘણી કાળજીથી તપાસ રાખવી જોઇએ. તેમાંના પાણી ઉપર કાંઇ ઘાંસ, પાંદડાં અથવા બીજો ગંદો પદાર્થ તરતો હોય તે કહાડી નાંખવો. કુવાઓની પાસે કોઈપણ પ્રકારની ગલીચી થાય નહીં એ વીશે ખાસ કાળજીથી તપાસ રાખવી જોઇએ, અને જો હોય તો તે ઉપર ૭ ઇંચપુર તાજી માટી નાંખવી. કુવા અથવા તળાવના ઉપર લટકતી સઘળી ઝાડની ડાળીઓ કાપી નાંખવી.

(ઇ) પટેલે દરરોજ માહાર તથા માંગવાડામાં (ઢેડવાડા વગેરેમાં) જવું જોઇયે અને એ જગાઓ સ્વચ્છ રાખેલી છે તથા ત્યાંહાંનો કુવો સાફ છે અને ત્યાંહાંના લોકો પાસે જોઇયે એટલું સારૂં પાણી છે એ વીશે તપાસ રાખવો જોઇએ.

(ફ) ગામની પાસેનો સઘળો થોર કાપીને સુકવીને બાળી નાખવો, અને તેની રાખ એક ખાડામાં પુરવી એટલે ત્યાંહાં ખેતરોને માટે તેનું સારૂં ખાતર થશે.

(ગ) ઝાડે ફરવા માટે ગામની બહાર એક પસંદ કરેલી જગાએ લોકોને મોકલવા ઉપર પટેલે વધારે ધ્યાન આપવું જોઇએ.

(હ) તેણે ગામના માહારની પાસે (ઢેડનીપાસે) દરરોજ ગામમાં ફરી કરાવવી અને સુખત્વે કરીને ખંડેરોની જગા તેની પાસે તપાસાવવી અને ત્યાંહાં જો કોઇ મળમુતર હોય તો તે જગા સાફ કરાવીને ત્યાંહાં આવ જા ન થાયે માટે તેની આસપાસ એક કાદવથી ભીંત કરાવવી અને ગામની અંદર રસ્તામાં અથવા બીજી જગાયે જે નરક માલમ પડે તે સઘલું સાફ કરાવીને કાહાડી નંખાવવું.

(આઇ) ગામની બાહાર વાડની આગળનું નરક ફાફડા થોરના ઝાડ વગેરેની પાછળ નાંખવું નહીં, પણ તે એક ફુટ ઉંડી તથા એક ફુટ પોહોળી ખાઈમાં દાટી દેવું, અને તે ઉપર દરરોજ ઓછામાં ઓછી, ૭ ઇંચપુર ધુળ નાંખવી.

(જ) ગામડાના લોકો સદરહુ પ્રકારની ખાઇનો દરરોજ ઉપયોગ કરે તો સઘળાં ગામમાં ઠીક પડશે. દરેક શખસે ખાઇનો ઉપયોગ કરયા પછી પોતાના નરક ઉપર પગવડે થોડી ધુળ નાખવી. દુકાળની વખતે આ પ્રમાણે છાવણીઓમાં કરવામાં આવ્યું હતું. અને તે ઘણું ફાયદાકારક માલમ પડયું હતું. જે બાયડીઓ તથા છોકરાં ગામની બાહાર જઇ ન શકે તેઓને સારૂ એ લોહોડાની ડોલચી રાખવી, અને તેમાં થોડી સુકી ધુળ નાખવી. તે ડોલચી દરરોજ ખેતરમાં લઇ જવી અને તેમાંનું નરક દાટી દેવું.

૩. પાસેના ગામોમાં કોગળીયું ચાલે છે એવી જ્યારે ખબર મળે ત્યારે પટેલે ગામના લોકોને એવી સુચના કરવી કે પીવાનું સઘલું પાણી ઉકાળવું અને તેને સારૂ ઉકળવા દીધા પછી પીતાં પેહેલાં થંડુ પાડવા સારૂ એક સ્વચ્છ વાસણમાં પાંચ મીનીટ સુધી રાખવું એ એક સારા

રેહેવાનો સરસ ઉપાય છે. ઉકળ્યાથી પાણી માંહેની નુકશાનકારક મલીનતા ઘણે દરજ્જે નાશ પામેછે તથા એમ કરવું એ શરીરના સંરક્ષણનો એક મોટો ઉપાય છે.

૪. પણ ગામમાં કોગળીયું જ્યારે ખરેખર ચાલવા માંડયું હોય ત્યારે ગંદકીવાળા પદાર્થને છેડવા નહીં અથવા તેને ખોદી કાહાડવા નહીં. આવે પ્રસંગે સૌથી સરસ ઉપાય એ છે કે તે ઉપર ૭ ઇંચપુર તાજી ધુળ નાખવી અને પટેલે ગામના લોકોને એવી સમજુત આપવી કે તેઓએ એકદમ ગરમ ચુનાથી તેઓનાં ઘર અંદરની બાજુએ ધોળાવવાં અને દરેક ઘરધણી પોતાના ઘરની દરેક ઓરડીની અંદર એક માટલામાં ૭ અંસ (પંદર તોલા) ગંધક બાળે તો તે એક સારો ઉપાય છે. જ્યારે ગંધક બળતો હોય ત્યારે સઘળાં માણસોએ બાહાર રેહેવું કારણ કે જો અંદર રેહેતો ગંધકના ધુમાડાથી તેઓ મરણ પામે. ગંધક બળે તે વખતે સઘળાં બારી બારણાં તથા બીજાં દ્વાર બંધ કરવાં: ચાર કલાક પછી તે ઉઘાડીને ખુલાં મુકવાં એટલે તાજી હવા અંદર આવશે.

૫. પટેલે હમેશાં હઘામણની તથા તેમજ કોગળીયાની જોઇયે એટલી દવા મામલતદાર પાસે લઇને પોતાની પાસે દાસ્તાનમાં રાખવી; અને કોગળીયું ચાલશે એવું માલમ પડે તો તેણે ગામના લોકોને એવી સુચના કરવી કે જો તેઓના કુટુંબના કોઇપણ માણસને ઝાડા થાય તો તેઓએ એકદમ દીવસે અથવા રાત્રે કોઇપણ વખતે મારી પાસેથી ઓસડ માગી લેવું એ મુખ્યત્વે કરીને જરૂરનું છે.

૬. શરૂઆતમાં રોગ સેહેલાઇથી અટકાવી શકાય, પણ દવા લીધા વીના તેને જો રેહેવા દે તો તે જીવનું જોખમ કરે. તેટલા માટે કોઇપણ માણસ હમેસ કરતાં એકપણ વાર વધારે ઝાડે ફરવા જાય તો તેણે પોતાને દવા આપવા માટે પટેલને એકદમ કહેવું ઢીલ કરવી એ ઘણું ભય ભરેલું છે. ઝાડે ફરી આવે કે તરતજ કાંઇ વીલંબ ન કરતાં તેણે તાબડતોબ પટેલ પાસે જવું અને દવા લેવી, જેથી તેનો રોગ વધતો અટકશે. રાત હોય તો દીવસ ઉગવાની રાહ ન જોતાં તેણે એકદમ જવું આ ઘણુંજ અગત્યનું છે.

## કોગળીયું ચાલે ત્યારે કરવાના ઉપાય.

૭. પટેલે દારૂ પીવાનો બંધ કરવાની લોકોને ચેતવણી આપવી જોઇએ દારૂ પીવાની ટેવથી સદરહુ રોગને પુષ્ટી મળેછે એવું મનાય છે. અને તેટલા માટે કાંઇ પણ કારણસર દારૂ પીવો નહીં.

૮. જે કોઈ મુસાફરોને કોગળીયું થાય તેઓને ઓસડવેસડ થવા-સારૂ ગામની બાહાર એક ઘાસની છાપરી બાંધી હોય તો સારી. સદરહુ મુસાફરોને ગામમાં પેશવા દેવાં નહીં પણ તેઓને યોગ્ય અન્ન, પાણી તથા દવા મળે એવો પટેલે બંદોબસ્ત રાખવો જોઇએ.

૯. જ્યારે કોઇ ગામમાં કોગળીયું ચાલે છે ત્યારે એ રોગ અમુક જગાઓમાં ખુલ્લીરીતે ચાલે છે એ યાદ રાખવું ઘણુંજ અગત્યનું છે. એટલામાટે ધ્યાનમાં રાખવા જોગ મુદો એ છે કે જે અમુક જગામાં કો-ગળીયું માલમ પડે તે જગા ભય ભરેલી ગણવી જો બને તો ઘર એકદમ છોડી દેવું રોગ થયેલા કોઇપણ માણસને જે જગાએ રોગ થયો હોય તે જગાથી ઘણે દુર ગામની બહાર આવેલી એક છાપરી અથવા ખુલ્લી જ-ગામાં લઇ જવો એ સહીસલામત રહેવાનો રસ્તો છે.

૧૦. પુષ્કળ ખુલ્લી હવાથી સારા થવાના સંભવને ઘણી મદત મળે છે માટે રોગી માણુસના આસપાસ તેના મીત્રોએ તથા સગા વાહાલાંઓએ ભીડ કરવી નહીં, પણ માત્ર એક અથવા ઘણું તો બે માણુસોએ તેની પાસે રેહેવું.

૧૧. જો બને તો રોગીએ ખાટલાં ઉપર સુવું નહીં. તેને પંખાવડે વા નાખવો અને તેને જો ગોટલા આવતા હોય તો એક માણુસે તેના હાથ તથા પગ દાબવા. ઉકાળેલું ઠંડું પાણી પોતાને તેને વારંવાર આપવું. કોગળીયાનું ઓસડ કહ્યા પ્રમાણે તેને આપવું. પણ જો તેનું શરીર બી-લકુલ ઠંડું થઇ ગયું હોય, હોઠ કાળા પડી ગયા હોય અને આંખના કાચ ઢળી ગયા હોય તો તેને ઓસડ આપવાથી કાંઇજ ફાયદો નથી, પણ તેનું શરીર ખુબ ચાંપવું, ને હાથની હથેળીથી તે સારીપેઠે ઘસવું. જો તે લે તો, તેને થોડા થોડા વખતને આંતરે બકરાના માંસનો ગરમ સેરવો આપવો. નાતના સબબથી તેનાથી એ નહીં ખવાય તો તેને આલાલેટની ઉનો કાંજી

આપવી. ભારી આરણાં તંદન ખુલ્લાં રાખવાં એ ઘણું અગત્યનું છે. તેને તાઢાડ વાય તો ફીકર નહીં ખુલ્લી હવા ઘણીજ અગત્યની છે અને તેને કપડાં પેહેરાવેલાં રાખવાં, પણ ગમે તે થાય તોપણ તેને પુષ્કળ ખુલી હવા આપવી, અને એ બે કરતા વધારે માણસને તેજ ઓરડીમાં તેની પાસે રેહેવાં દેવાં નહીં.

૧૨. હેઠળ કહેલો મજકુર ધ્યાનમાં રાખવો એ બહુજ અગત્યનું છે કોગળીયાનું વીશેષ ઝેર રોગી જે ઝાડે ફરેછે તેમાં રહેછે એવું ધારવામાં આવેછે, તેટલામાટે એ ખસુસ જરૂરનું છે કે ઝાડો જમીન ઉપર અથવા પથારીમાં પડે નહીં માટે તે એક જુના હાંલ્લામાં અથવા બીજા વાસણમાં લેવો, અને જેવો થાય કે તરતજ તે તાબડતોબ ગામની બાહાર લઇ જવો, તે ઉપર, થોડું ઘાસ તથા ડામર નાખીને તે બાળવું, અને તેની રાખ દાટી દેવી, અને ઉલટી કરેલા પદાર્થની વ્યવસ્થા પણ એજ માફક કરવી. ઝાડો ઘાટા મળ જેવો થશે એમ ધારવું નહીં. તે ઘણો ખરો ચોખાની કાંજીના પાણી જેવો થશે, અને તે માત્ર પાણીજ છે એમ સમજીને ગમે ત્યાંહાં ફેંકી દેવો નહીં. ચોખાની કાંજી જેવો ઝાડો ઘણોજ ભય ભરેલોછે માટે ઉપર કહેલી શીખામણ પ્રમાણે બરાબર ચાલવું. વીશેષ કરીને સંભાળવાનું એ છે કે કાંઇપણ કારણુસર ઝાડો અથવા ઉલટી કરેલો પદાર્થ કોઇ કુવો, નાલુ કે તળાવની પાસે દાટવો નહીં, અથવા તે પાછલા વાડામાં કે જાજરૂમાં ફેંકી દેવો નહીં; પણ જેવો દરેક વખતે ઝાડો થાય કે તરતજ તે ગામ બાહાર લઇ જવો. જે વાસણમાં સદરહુ ઝાડો કર્યો હોય તે વાસણ, ઝાડો એક અથવા બે કલાક પછી લઈ જવાના ઇરાદાથી, ઘરમાં કે પાછલા વાડામાં રાખવું નહીં. આમ કરવું એ ઘણું ભય ભરેલું છે. કારણકે ઝાડો જ્યારે પેહલો થાય છે ત્યારે ભય ભરેલો હોતો નથી, પણ તરતજ થોડા વખત પછી, તે ઘણોજ ભય ભરેલો થઇ પડેછે. સહીસલામત રેહેવાનો રસ્તો માત્ર એ છે કે જેવો ઝાડો થાય કે તરતજ લઇ જવો. જો રોગીથી કોઇવાર પથારીમાં ઝાડે ફરી દેવાય તો તે પથારી ગમે તેટલી કીમતી હોય તોપણ બાળી નાંખવી.

૧૩. જો રોગી મરણ પામે તો મરતી વખતે તેના તન ઉપર જે કપડાં હોય તે કપડાં સાથે એકદમ તેની લાશ બાળી દેવી અથવા દાટવી; કપડાં શરીર ઉપરથી કાહાડી લેવાં નહીં.

૧૪. જો એકજ ઘરમાં બીજા શખસને કાગળીયું થાય તો તે ઘરના સઘળાં માણસોને બાહાર કાહાડવાં, અને રોગી સારો થાય અથવા મરણ પામે ત્યાર પછી જે ઓરડીમાં રોગીને સુવાડયો હોય તે ઓરડીમાં એક માટલામાં ઘાલીને એક રતલ ગંધક બાળવો. રોગબીજ નાશક ઉપાય જયારે ચાલતો હોય ત્યારે બારી બારણા તથા બીજાં દ્વાર બંધ કરવાં, અને ચાર કલાક સુધી બંધ રાખવાં, ચાર કલાક પછી તે ઉઘાડી નાંખવાં, જમીન ખોદી કહાડવી, ને માટી ગામની બાહાર લઇ જઇને દાટી દેવી. ભીંતો ઉપર ચુનો ફેરવાવવો અને છપરાં ઊપરનાં થોડાં નળીયાં કાહાડી નંખાવવાં, અને છાપરૂં જો કાદવનું હોય તો પુષ્કળ હવા તથા અજવાળુ આવે માટે તેમાં એક બાંકું પાડવું, અને ઘરમાં રહેનાર માણસોને ઓછામાં ઓછા દસ દીવસ સુધી ઘરમાં પેસવા દેવાં નહીં.

૧૫. આ અલ્પ શીખામણ પ્રમાણે જો લોકો ચાલશે તો એવી આશા છે કે ઘણાના જીવ બચશે, પણ લખ્યા પ્રમાણે લોકો બરાબર ચાલે તે ઉપર ઘણો આધાર રેહેછે, અને જે વખતે કાગળીયું બીલકુલ ચાલતું ન હોય તે વખતે લોકોને એવી સુચના આપવી જોઇએ કે કાગળીયું ન થવાનો સૌથી સરસ ઉપાય એ છે કે સ્વચ્છ હવા લેવી, સ્વચ્છ ખોરાક ખાવો, ચોખું પાણી પીવું, તથા ઘર અને શરીર સાફ રાખવાં.

(સહી) ટી. જી. હુલેટ,

સેનીટરી કમીશનર.

( True Translation )

S. P. PANDIT,

Oriental Translator to Government.

---

(કાઠીઆવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૨૫ મી જુન સને ૧૯૦૩.
પુસ્તક ૪૧. પાનું ૧૭૬).

## મરકીનો ફેલાવો ગામડાંઓ તેમજ શેહેરોમાં અટકાવવા માટે લોકોપયોગી હીતકારક સુચનાઓ.

"પ્લેગ સંબંધીની નીચે લખેલી સુચનાઓ સરવે લાગતા વળગતાને જાણ થવા સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગામડીઆઓને તથા ઘરધણીને આ પુરેપુરૂં સમજાવવા દરેક તક લેવી:—

૧. જે કોઇ મનુષ્ય અથવા જાનવર (જેવાં કે ઉંદર) પ્રથમ મરકીથી પીડાતું હોય તે બહારથી આવી બીજી જગ્યેમાં મરકીનો રોગ દાખલ કરે છે. તેટલા માટે જે જે સ્થળોમાં મરકી ચાલતી હોય ત્યાંથી આવનારા લોકોને કોઇપણ ગામમાં પેસવા દેવા નહીં પણ તેમને ગામની બહાર ઓછામાં ઓછા દશ દિવસ સુધી રેહેવા હુકમ કરવો.

૨. જો કોઇ ઘરમાં મરેલ ઊંદરો માલુમ પડે તો તે ઘરમાં અને તેની આજુબાજુના ઘરોમાં રેહેનારાઓએ પોતાનાં ઘર એકદમ ખાલી કરી દેવાં, અને બીજા ઘરમાં અથવા તો ગામ બહાર તૈયાર કરેલ ઝુંપડાંમાં જઇ રેહેવું, અને ખાલી કરેલ ઘર ઓછામાં ઓછા પંદર દિવસ સુધી વાપરવાં નહીં. મરકીનું ઝેર જમીનમાં રેહેતું હોવાથી આવાં ઘરોનાં ભોં તળીઆં ખોદી નાખી ઘરોને ખુલ્લાં રાખવાં એ બહુ સારૂં છે. આમ કરવાથી સુર્યનો તડકો ભોં તળીઆંને સ્વચ્છ કરી શકે છે અને બની શકે તો શુદ્ધીકરણ પદાર્થોવડે જમીન સ્વચ્છ કરવી.

૩. મરકીનું ઝેર જમીન અગર કીચડમાં રહેછે. જેથી જ્યારે આજુબાજુ મરકીનો રોગ ચાલતો હોય ત્યારે સૌએ પગરખાં પેહેરી રાખવાં. આમ કરવાથી જમીનમાં રેહેતું ઝેર પગની ચામડીમાં દાખલ થવા પામે નહીં એ ઉ-

પરાંત સૌએ પોતાનાં નખ પણાંજ સાફ રાખવાં; કારણ કે જો નખ નીચે જરા પણ મેલ હોય; અને જો કોઇ તેવાં નખ વતી પોતાની ચામડી ઉપર ખણે તો આ રસ્તે પણ તે પોતાની ચામડીમાં મરકીનું ઝેર દાખલ કરે છે.

૪. મરકીથી પીડાતો ઉંદર રાંધેલા અન્ન અથવા તો દાણામાં દાખલ થાય તો તેનું ઝેર તેમાં લાગી જાય છે, તેટલા માટે જ્યારે મરકી નજદિકમાં ચાલતી હોય ત્યારે ઢાંકણાંવાળાં વાસણોમાં અન્ન તથા દાણા બરાબર બંધ કરી રાખવાં કે જેથી કરીને ઉંદરો અંદર દાખલ થઇ શકે નહીં.

૫. સુર્યનો તડકો અને ચોખ્ખી હવા મરકીના ઝેરનો એકદમ નાશ કરે છે, અને તેથી તડકો અને સ્વચ્છ હવા અંદર આવી શકે એવી તરેહનાં ખુલ્લાં મુકેલ ઘરમાં રેહેનારા લોકોને મરકીનો રોગ લાગુ પડવાનો ઘણો થોડો સંભવ છે. સઘળાં લુગડાં તથા પાગરણ સારી રીતે તડકામાં અને ખુલ્લી હવામાં રાખવાં. તડકાની અને ખુલ્લી સ્વચ્છ હવાની એટલી તો સારી અસર છે કે મરકી લાગુ પડેલ માણસો પૈકી જેઓ ઉજાસ અને હવાવાળાં મકાનમાં રહે છે તેના કરતાં જેઓ અંધારા મકાનમાં રેહેતા હોય તેવા દરદીઓમાં મરણની સંખ્યા વધારે આવે છે.

૬. પ્લેગવાળાં દરદિઓએ વાપરેલાં કપડાં તેમજ પાગરણ તદન પ્લેગના ઝેરવાળાં હોવાથી જો બીજા લોકો તેમનો ઉપયોગ કરે તો તેમને પ્લેગ લાગુ પડે, માટે આવાં કપડાં તથા પાગરણ અર્ધા કલાક સુધી સારી રીતે ઉકળતાં પાણીમાં રાખ્યા પછીજ વાપરવાં એ સહીસલામત ભરેલું છે.

૭. સર્વ લોકોને સમજુત આપવા જરૂર છે કે ઉપરની સુચના તેમને મદદરૂપ થઇ પડે એટલાજ હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવીછે, પરન્તુ જો તેઓ મરકીના રોગથી મૃત્યુ પામવા ઈચ્છતા હોય તો તેઓ તેમ કરી શકેછે.

રાજકોટ, તારીખ ૧૫ મી માહે જુન સને ૧૯૦૩.

VIVIAN B. BENNETT.

એજન્સી સરજન, કાઠીઆવાડ.

---

## એજન્સી વીલેજ પોલીસના ધારા.

(કાઠીયાવાડ એજન્સી ગેઝેટ તારીખ ૮ મી જુલાઈ સને ૧૯૦૯ પુસ્તક ૪૭ મું પાને ૧૩૯.)

### જાહેર ખબર.

નંબર ૩૩ સને ૧૯૦૯.

જાહેર ખબર નંબર ૧૯ સને ૧૮૯૧ ની રદ* કરીને નીચે દરસાવેલા **એજન્સી વીલેજ પોલીસ** (ગામડાની પોલીસ) ના સુધારેલા ધારા જે નામદાર સરકારે મંજુર કરેલા છે તે લાગતાં વળગતાંઓને જાણવા માટે તથા ધ્યાનમાં રાખવા માટે ફરી પ્રસીધ્ધ કરવામાં આવ્યા છે.

કાઠીઆવાડ પોલીટીકલ એજન્સી,
રાજકોટ, ૨ જી જુલાઇ ૧૯૦૯.

(સહી). જે. મોનટીથ,
કાઠીઆવાડના એજન્ટ ટુ ધી ગવરનર સાહેબની વતી.

---

*નોટ.—સને ૧૮૯૧ નો એજન્સી વીલેજ પોલીસનો ધારો જે કે આ ગ્રંથનાં પાને ૬૬ થી છાપ્યો છે તે આ નવા ધારાથી હવે રદ થએલો છે.

## એજન્સી વીલેજ પોલીસ (ગામની પોલીસ)ના ધારાઓ.*

૧. તાલુકદારો અગર ગીરાસીયાઓ જેઓ અધાપી સુધી વીલેજ પોલીસ પટેલ તથા વીલેજ પોલીસ (પસાયતા અને રખાઓ) નીમવાનો તથા ફેરબદલી કરવાનો હક ભોગવે છે તેઓ એજન્સી પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબની મંજુરીથી તેઓની નીમણુંક કરી શકશે તથા ફેરબદલી કરી શકશે, અથવા એજન્સી પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ પોતે ખાસ લેખીત કારણોથી તેઓની નીમણુંક કરશે તથા ફેરબદલી કરશે.

૨. જે તાલુકદારોએ તેમની નીંમણુંક કરી હોય તેઓ તેમની ગેર વર્તણુંક અથવા નોકરીમાં કસુર બદલ અથવા નીચે દરસાવેલા ધારાઓમાંનો કોઇ ધારાનો ભંગ કર્યા બાબત એજન્સી પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબની મંજુરીથી તેમનો દંડ (તેઓની વારશીક જીવાઇના ચોથા ભાગથી વધારે નહીં) કરી સકશે, તથા સસપેન્ડ, અગર બરતરફ કરી શકશે, અથવા ખાસ કારણો હશે તો તેની લખેલી નોંધ કરીને એજન્સી પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબ પોતે તે મુજબ કરી શકશે; પણ તે ઉપર મેહેરબાન એજંટ ટુ ધી ગવરનર સાહેબ હજુર અપીલ ચાલશે.

૩. કોઇ પોલીસ પટેલ ઉપર અથવા ગામની પોલીસના નોકરોમાંથી જે માણસ ઉપર કાંઇ ગુન્હાનું તોહોમત આવ્યું હોય તે બાબત તેની ઉપર ફોજદારીમાં કામ ચાલવાની તેની પાત્રતાને ઉપરની છેલ્લી કલમમાંના કોઈ ઠરાવ ઉપરથી બાધ આવેછે એમ સમજવું નહીં.

૪. (૧) તેઓની સંખ્યા અને તેમની જમીન તથા રોકડ જીવાઇ મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબ નકી કરશે, અને તેઓ સાહેબ જો જરૂર જણાય તો તેમનો પગાર થાણા વરાડ સાથે આગળથી વસુલ લેવાનો હુકમ કરી સકશે. સંખ્યા અને જીવાઈ મુકરર કરવા સંબંધીના મેહેરબાન પ્રાંત

---

*આ નવો ધારો ઇંગ્રેજી ભાષામાં છપાએલો છે અને તેનું ગુજરાતી ભાષાંતર આ અમારી ચોપડી છપાઇ રહેલાં સુધીમાં બાહાર નહી પડવાથી અમોએ ઇંગ્રેજી ઉપરથી બનતાં સુધી સરળ ગુજરાતીમાં તરજુમો કરી આ પુસ્તકમાં સામીલ કર્યો છે.

ઓફીસર સાહેબના હુકમ ઉપર અપીલ મેહેરબાન એજંટ ટુ ધી ગવરનર સાહેબને ત્યાં ચાલશે.

(૨) પુરતી તપાસ કર્યા બાદ મેહેરબાન પ્રાંત ઓફીસર સાહેબને એમ જણાય કે કોઈ ગીરાસીયાએ અથવા તાલુકદારે કોઈ ગુન્હો છુપાવવાની કોશીશ કરી છે, અગર પોલીસ પટેલને તેમ કરવા લલચાવેલ છે, અથવા તો ન્યાયના રસ્તામાં કોઈપણ રીતે હરકત નાંખી છે તો તે તકસીરવાન તાલુકદાર અથવા ગીરાસીયાનો પોતાની હકુમતમાં વીલેજ પોલીસ નીમવાનો હક, મેહેરબાન એજંટ ટુ ધી ગવનર સાહેબ તરફથી મંજુરી મળવાની સરતે હમેશ માટે ખેંચી લેવા હુકમ કરી શકશે.

૫. વીલેજ પોલીસને રજા આપવાની સત્તા એજન્સી પોલીસ સુપ્રીટેન્ડેન્ટ સાહેબ ભોગવશે.

૬. પોલીસ પટેલને સોંપેલું કામ કરવામાં ગામની પોલીસના સઘળા માણુસોને મદદમાં બોલાવવા પોલીસ પટેલનો અધીકાર છે. ગુન્હા નહીં થાય, સુલેહનો ભંગ નહીં થાય, તથા સઘળા લોકોને તથા ગામના લોકોને ઈજા થાય તેવા કૃત્ય નહીં બને તેવો બને તેટલો બંદોબસ્ત રાખવા સારૂ ગામની પોલીસના માણુસોની ગોઠવણુ પોલીસ પટેલ કરશે. તે માણુસોમાંથી કોઈ માણુસ ગેરરીતે ચાલે અથવા ગફલત કરે તો તે સઘળી બાબતનો તેણે એજન્સી પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબને રીપોર્ટ કરવો.

૭. પોલીસ ખાતાના તમામ અમલદારો પોતાની ફરજ બજાવવામાં જે જે મદદ માગે તે બની શકયા મુજબ તેણે આપવી.

૮. માજીસ્ટ્રેટ અથવા પોલીસ ઓફીસરે કાઢેલા સઘળા હુકમો અને વારંટોનો ઝડપથી અમલ કરવો. સાર્વજનીક સુલેહને લગતા ખબર મેળવીને એજન્સી પોલીસને તે ખબર આપવા, પોતાના ગામની હદમાં થતા ગુન્હા અટકાવવા તથા તે ગુન્હેગારોને પકડીને ઇનસાફે પોહોંચાડવા.

૯. જો પોતાના ગામમાં ભારે ગુન્હો બન્યો હોય તો તેનો સંદેશો તરતોતરત તેણે નજીકના એજન્સી પોલીસ થાણામાં આપવો, અને તે દરમીયાન બની શકે તો ગુન્હેગારોને પકડવા, અને મળી શકે તેટલો તમામ

પુરાવો એકઠો કરી તે ઉડી ન જાય તેમ સંભાળ રાખવી, ને ૨૪ કલાકની અંદર એજન્સી પોલીસને સ્વાધીન કરવો.

૧૦. (૧) કોઇ ગામની હદમાં કોઇ માણુસ કમોતે અથવા અકસ્માત મરણ પામે અથવા કોઇનું મુડદું જડે તો પોલીસ પટેલે તે ગામના અથવા આસપાસના બે અથવા વધારે હુશીયાર માણુસોને પંચાતનામું કરવા સારૂ તાબડતોબ બોલાવીને એકઠા કરવા, તે માણુસોએ મરણના કારણની તથા તેને લગતી સઘળી હકીકતની ચોકશી કરવી અને તેનો લખેલો રીપોર્ટ કરવો, જે રીપોર્ટ પોલીસ પટેલે જે પોલીસ અમલદારને નજીકનું એજન્સી પોલીસ થાણું સ્વાધીન હોય તે અમલદારને તુરત પોચતો કરવો.

(૨) પોલીસ પટેલ કોઇ માણુસને પંચાતમાં બેસવાનું કહે તે માણુસ વ્યાજબી કારણ વગર પંચાતમાં બેસવાની ના કહેશે અથવા મહ્લત કરશે તો તે ગુનો તેની ઉપર માજીસ્ટ્રેટ આગળ સાબીત થયા પછી તે ઘણામાં ઘણા પચાસ રૂપીયા સુધી દંડને અથવા દંડ નહીં આપશે તો એક મહીના સુધી કેદની સજાને લાયક થશે.

(૩) કાયદા વીરૂદ્ધ રીતે મરણ થયું છે એવું પંચાતનામાની હકીકત ઉપરથી જણાય તો જે અમલદારને નજીકનું એજન્સી પોલીસ થાણું સ્વાધીન હોય તે અમલદારને પોલીસ પટેલે તાબડતોબ સુચના આપવી, અને મોકલતાં રસ્તામાં મુડદું કોહી જવાની ધાસ્તી નહીં હોય તો એવે પ્રસંગે જે નજીકના વૈદકય અમલદારને મુડદાં તપાસવાને અધીકાર આપ્યો હોય તે અમલદારને તે મુડદું તુરત મોકલી દેવું. તે વૈદકય અમલદારે મરણનું કારણ શોધી કાઢવાનો પ્રયત્ન કરવો.

(૪) મુડદું મોકલશું તો તે કોહી જશે એમ ધાસ્તી રહે અને તેની તપાસ કરવાથી કાંઇ ફાયદો થશે નહીં અને ઉલટો ધોકો પહોંચશે એવા સબબથી પોલીસ પટેલથી મુડદું મોકલી શકાતું નહીં હોય ત્યારે જે પોલીસ અમલદારને નજીકનું એજન્સી પોલીસ થાણું સ્વાધીન હોય તે અમલદાર અથવા તેણે પોતાના તાબામાંના અમલદારોમાંથી કોઇ અમલદારને મોકલ્યો હોય તે અમલદાર અથવા માજીસ્ટ્રેટ તે મુડદું બાળવાનો

આવવા હટવાનો હુકમ આવે ત્યાં સુધી પોલીસ પટેલે તે મુડદું બાળવાની અથવા દાટવાની રજા આપવી નહીં.

૧૧. જો ગામની હદમાં કોઇ શકદાર માણસ માલુમ પડે તો પોલીસ પટેલે તેને પુછપાછ કરવી, અને જો તે પોતાનો હેવાલ બરાબર રીતે ન આપી શકે તો તેને પકડીને પુરાવા તરીકે ઉપયોગી થાય એવી કોઇ ચીજો હોય તો તે સાથે પોલીસ થાણામાં મોકલી આપવો.

૧૨. પોતાના ગામમાંની સઘળી બીનવારસી મીલકત તેણે સંભાળી લેવી, અને તે બાબત થાણદારના હુકમ માટે રીપોર્ટ કરવો.

૧૩. ગામમાં કોઈ બીજી રીતે હથીઆર રાખવા હક મળ્યા શીવાય અગર પરવાના શીવાય કોઈ હથીઆર બાંધતો કે રાખતો નથી તે બાબત તેણે તપાસ રાખવી. ગામના રક્ષણાર્થે રાખેલાં હથીઆરો સારી સ્થીતીમાં છે, અને તે કોઈ બીજા કામમાં વપરાતાં નથી તે બાબત તપાસ રાખવી.

૧૪. તેણે શકદાર અને બદમાસ લોકોને નજરમાં રાખવા. અને દર સાંજે નીયમીત રીતે તેમની હાજરી લેવી. નજીકમાં કોઇ ગુન્હો બન્યાની ખબર પડે તો તેણે આ લોકોની તુરત હાજરી લેવી, અને કોણ કોણ ગેરહાજર છે તે નોંધવું, તથા તેઓ ક્યાં છે તે બાબત ખાત્રી કરવી.

૧૫. પોલીસ પટેલે એજન્સીએ મંજુર કરેલાં નીચે દરશાવેલાં રજીસ્ટરો તથા ફાઇલો રાખવી.

## (૧) રજીસ્ટરો.

(૧) ગુન્હા રજીસ્ટર.
(૨) ગામમાં પરદેશી માણસ આવે તેનું રજીસ્ટર.
(૩) શીક્ષા થએલા માણસોનું રજીસ્ટર.
(૪) શક પડતી વર્તણુકનાં માણસો કે જેઓ નીંઘાબંધીમાં હોએ તેઓનું હાજરી પત્રક.
(૫) હથીઆરના પરવાનાનું રજીસ્ટર.

(૬) હથીઆરના પાગથી ખાલસ થએલા માણસો પાસે રાખ-
વામાં આવતા હથીઆરનું લીસ્ટ.

(૭) પ્રોસેસ (સમન) બુક

(૮) થાણુદારો તરફ પૈસા મોકલવામાં આવે તેનું રજીષ્ટર.

(૯) અફીણના હીસાબની ચોપડી (જે પોલીસ પટેલો અફીણ વેચતા હોએ તેણે રાખવાની).

(૧૦) આવક બુક.

(૧૧) જાવક બુક.

(૧૨) હેન્ડ (હાથે) આપ્યાની ચોપડી.

(૧૩) વીલેજ પોલીસની ફેરણી (પેટ્રોલ) બુક.

(૧૪) વીલેજ પોલીસનું હાજરી પત્રક.

(૧૫) જનમ મરણનું રજીષ્ટર.

(૧૬) વેઠે પકડેલા ગાડાનું રજીષ્ટર.

(૧૭) 'ઉભડ' એટલે રોજંદા મજુરી કરનાર ગામમાં રેહેતાં હોએ તેનું રજીષ્ટર.

(૧૮) વીઝીટ (મુલાકાત) બુક.

(૧૯) ડબામાં ઢોર લાવવામાં આવે તેનું રજીષ્ટર.

(૨૦) પોલીસ પટેલે ઢોરના દંડ કરયાની આપેલી રસીદો.

## (૨) ફાઇલો.

(૧) શીતળા કાઢનારાએ શીતળા કાઢયાનું પત્રક જે પોલીસ પટેલોને દફતરે આપ્યું હોએ તેની ફાઇલ.

(૨) પાક્ષીક અથવા માસીક (પીરીઓડીકલ) પત્રકો મોકલ-વાની ફાઇલ.

(૩) થાણુદાર તરફ પૈસા મોકલ્યાની પોહોંચ.

(૪) સરક્યુલરની ફાઇલ.

(૫) પરચુરણ ફાઇલ.

૧૬. પરદેશથી લોકો ગામમાં આવે તેના રજીષ્ટરમાં તેનું નામ, વર્ણન, અને તેમનો ટુંકો હેવાલ લખવો જોઇએ, અને પોલીસ પટેલે તેઓની હીલચાલની તપાસ રાખવી, અને તે બાબતના ખબર થાણદારો અને એજન્સી પોલીસને આપવા.

૧૭. આ સઘલી ઉપર કહેલી બુકો અને રજીષ્ટરો થાણદારો અને હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના નહીં એવા પોલીસ ઓફીસરોને તપાસવાની છુટ છે. આવી તપાસના પરીણામના ખબર ખાસ કરીને એજન્સી પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબને વીલંબ કર્યા સીવાય મોકલવા.

૧૮. ઢોરનાં અતિક્રમણનાં કાએદાનાં અનવય મુજબ ગામના ઢોરના ડબ્બા પોલીસ પટેલે રાખવા તથા તપાસવા.

૧૯. સગડ કાઢનાર માણસો (એજન્સી સરક્યુલર નંબર ૪ અને ૧૮૬૫) ને પોલીસ પટેલે જરૂરની મદદ આપવા ગોઠવણ કરવી.

૨૦. મીઆણા લોકોની સાથે માણસ મોકલવાના સંબંધમાં એજન્સીના હુકમો મુજબ વરતવું.

૨૧. પોતાના અધીકારમાં સમાસ થતી કોઇ તજવીજ કરવાના કામમાં પોતાના ગામની હદમાં અથવા આ એજન્સીના બીજા ગામમાં કે જ્યાં આ ધારો લાગુ થયો હોય તે હદમાં સંતાડેલી મીલકતની જડતી લેવાનો પોલીસ પટેલને અધીકાર છે પરંતુ એમ ઠરાવવામાં આવે છે કે તે બીજા ગામના પોલીસ પટેલને તેણે તરતો તરત ખબર આપવી જોઇએ.

૨૨. તમામ દરબારોએ ડાકાયટી અને બીજા ભયંકર ગુન્હા અટકાવવા માટે એક બીજાને મદદ આપવા માટે જે કોલકરારો કરેલા છે તેની શરતો ચીફ કોન્સ્ટેબલોએ દરેક પોલીસ પટેલને કાળજીથી સમજાવવી.

૨૩. આ સાથે જોડેલા પરિશિષ્ટમાં વર્ણન કરેલી બાબતના સબંધમાં સઘળા હુકમો જે અધીકાર પામેલા મુલકી અથવા પોલીટીકલ અધીકારીએ કાઢયાં હોએ તેનો પોલીસ પટેલે તથા વીલેજ (ગામની) પોલીસના માણસોએ ઝડપથી અમલ કરવો અને તેમાં કસુર કરવામાં આવશે તો સખત રીતે સજાને પાત્ર થશે.

૨૪. આ સંબંધમાં નામદાર પ્રાંત સાહેબે પોલીસ પટેલને અખ્તીઆર આપ્યો હશે ત્યારે અને તેને તે અખત્યાર આવ્યું હશે તે દરમીઆનમાં દરેક પોલીસ પટેલને લોકાઅપકારક કાંઈ કૃત્ય અથવા એવું કામ નીચે દરસાવ્યા મુજબનું કરશે તે માણસને એક રૂપીઆ સુધી દંડની શીક્ષા કરવાનો અધીકાર છે, અને એવા લોકઅપકારક કૃત્ય તથા કામો ફરીથી નહીં થવા દેવાની મના કરવાનો અધીકાર છે એટલે,

(૧) જાહેરાંત કુવા, તળાવ, અગર ટાંકીનું પાણી જે કામ માટે રાખેલ હોય તે કામ માટે ઓછું ઉપયોગી થાય એવી રીતે તેમાં નાહાય અથવા કપડાં ધુવે કે બીજી રીતે બીગાડ કરે અથવા કરાવે.

(૨) મનાઈ કરેલી જગો ઉપર ધુળ અગર કચરો નાખે અગર મેલી વસ્તુ નાખે;

(૩) જાહેરાંત શેરી અથવા સરીયામ રસ્તા ઉપર દીશાએ જઈ ગંદકી કરે, અથવા જે માણુસ નીશો કરીને ફીસાદ કરે, કે નિરઅંકુશ રીતે કાંઇ કૃત્ય કરે, કે પોતાની મેળે પોતાની સંભાળ ન રાખી શકે તેવો બને,

(૪) પુરતા કારણ શીવાય જાણી જોઇને દુરગંધ નીકળે તેવી ચીજો, ખાળ કુવામાં, ઉકરડામાં, કે તેવી બીજી જગોએ એકઠી થવા દે, કે જેથી પડોશીને કે રસ્તે ચાલનારને કંટાળો પેદા થાય;

(૫) અથવા પુરતા કારણ શીવાય કોઇ ઘરમાંથી, કે ફેકટરી (કારખાના) માંથી, કે તબેલાંમાંથી, કે પાયખાનામાંથી કે એવી બીજી જગોએથી ગંધ નીકળે તેવી જાણી જોઇને નુકશાનકારક ચીજ બહાર જવાદે,

(૬) અથવા કોઇ માણુસ જે નાળા અથવા નીકમાં થઇને ચોમાસાની રૂતુમાં પીવાના પાણી માટે રાખેલ તલાવ, કે ટાંકીમાં પાણી જતું હોય તેના નાળા અથવા નીકમાં, અગર તો એવી કોઇ જગોમાં, કે જ્યાં તેવી ઘાસ કે કચરો

નાખવાથી લોકોને હરકતકારક થાએ તેવી જગામાં મુએલ જાનવર અગર કોઇ પણ જાતનો કચરો અથવા ગંદકી ભેગી કરે.

(૭) કોઇ શખસ જાણી જોઇને ઘાતકી રીતે કોઇ જાનવરને મારે અથવા ખોટી રીતે વાપરે અથવા નીરદયતા કરે.

૨૫. ઉપર કહેલી છેલી કલમ આધારે સઘળાં કામ (પ્રોસીડીંગ) મોઢેથી ચલાવવાં અને પક્ષકારોની રજુઆતે ચલાવવા, પણ પોલીસ પટેલે પક્ષકારોના નામો તથા છેવટનો હુકમ કરયો હોએ તેની તારીખ સાથે દફતરે નોંધવા અને પ્રાંતને સંબંધ ધરાવતાં ૧ લા વર્ગનાં માજીસ્ટ્રેટ સાહેબ તરફ તે મુજબની નોંધ મોકલવી.

૨૬. આ ધારા આધારે પોલીસ પટેલે કરેલો કોઇ દંડ તોમતદારની કોઈ જંગમ મીલકત જપ્ત કરવાનું અને વેચાણ કરી તે રકમ વસુલ કરવાનું વારંટ કાઢી તે વસુલ કરી શકશે.

૨૭. જરૂરીઆતના કારણસર પોલીસ પટેલ ગામમાંથી ગેરહાજર હોવાથી, કે અચાનક માંદગીથી, અથવા બીજા કાંઈ કારણસર પોતાની કામગીરી ઉપર હાજર રહી સકે તેમ ન હોય તો પોતાની જગોનું કામ લાયક માણુસને સોંપવું, અને સંબંધ ધરાવતા ચીફકોન્સ્ટેબલને તરત રીપોર્ટ કરવો. આવી રીતે જે માણુસને કામ સોંપવામાં આવ્યું હોય તેણે જ્યાં સુધી તેથી વીરૂદ્ધ હુકમ ન આવે ત્યાંસુધી કલમ ૨૪ માં બતાવેલા કામો સીવાયના પોલીસ પટેલના સઘળા કામો કરવા.

## પરીશીષ્ટ.

ખાસ પોલીસના કામ સીવાએ વીલેજ પોલીસની મદદથી પોલીસ પટેલનાં નીચે દરસાવેલાં સામાન્ય પરચુરણ કરતવ્ય કામો છેઃ—

(૧) ઉપરી અમલદારોના હુકમથી એજન્સીની વસુલાત કરવી

(૨) મુલકી, પોલીટીકાલ અથવા દીવાની રીતના પૈસા ભરવાની કસુરના કામમાં ઉપરી અધીકારીનાં હુકમ અનુ-

સાર ખેતીની ઉપજ અને બીજી મોલકત જપ્ત કરવા તથા કબજામાં રાખવા તથા વહીવટ કરવા.

(૩) જમીનની ઉપજ કે જેના સંબંધમાં મુલકી (રેવન્યુ) ગુન્હો બન્યાનો શક જતો હોએ તે કામમાં જડતી લેવા.

(૪) ઉપરી અધીકારી તરફથી જે જે જાતની જેવી હકીકત અને પત્રકો માગે તે પુરા પાડવા.

(૫) તાલુકદારો અને તેના ભાગદારોનો મોતનો રીપોર્ટ કરવો અને ઉપરી અધીકારી તરફથી જરૂરના પગલા ભરવામાં આવે તે દરમીઆનમાં તેઓની મીલકત સલામતીમાં રાખવી

(૬) ઉપરી અધીકારી તરફ જરૂરની રાજ્યપ્રકરણી બીના અથવા તકરારનો રીપોર્ટ કરવો.

(૭) ગામ સુખાકારીના સુધારા તથા પાણીની આવક ઉપર દેખરેખ રાખવી.

(૮) ગામના લોકોની તથા ઢોરની તન્દુરસ્તી તથા સ્થીતી અને ચેપી રોગ બંધ પાડવામાં મદદ માટે ખબર આપવા.

(૯) શીતળા કાઢવાના કામમાં મદદ આપવી.

(૧૦) ગામ અને શીમમાં જે મંજુર થએલા મરામત કામ થતાં હોય તે ઉપર દેખરેખ.

(૧૧) ઉપરી અધીકારી તરફથી પરચુરણ જે હુકમો આવે તે પોહચાડવા તથા તેનો અમલ કરવો.

(૧૨) જરૂરનાં સંદેસા પ્રસંગોપાત મોકલવા.

(૧૩) સવારીમાં ફરતા અધીકારીનું કંપ અને દફતર સાચવવું.

(૧૪) રીવાજ મુજબ 'વેઠ' કરાવી હોએ તેનું 'વેઠ' રજીષ્ટર રાખવું.

(૧૫ જમીનદારોની પાત્રતા તથા એવી બીજી પરચુરણ બાબતમાં રીપોર્ટ કરવા.

(૧૬) મહત્વતાની હકીકત મેળવવી અને તેની નોંધ રાખવી.

(૧૭) ગામના "ગૌચર" ઉપર દેખરેખ રાખવી.

(૧૮) નોટીસ અને સમનો બજાવવાં.

(૧૯) નકલોં પોહોચાડવી અને નકલ ખરચના પૈસા ભેગા કરવાં.

---

## મીયાણા લોકોને અંકુશમાં રાખવાનો ધારો.

( કાઠીયાવાડ એજન્સી ગેઝેટ, તારીખ ૧૫ જુલાઇ સને ૧૯૦૯
પુસ્તક ૪૭મું. પાનું ૧૫૨મું. )

### જાહેરખબર.*

નંબર ૩૮ સને ૧૯૦૯.

મીયાણા કોમ ઉપર અંકુશ રાખવા માટે નીચે લખેલા સુધારેલા ધારા નામદાર મુંબાઇ સરકારે પોતાના કાગળ નંબર ૪૩૦૦ તારીખ ૧૮ જુન ૧૯૦૯ થી મંજુર કર્યા છે તે આ ઉપરથી લાગતા વળગતાઓને ખબર થવા તથા ધ્યાનમાં રાખવા પ્રસીદ્ધ કરવામાં આવ્યા છે.

હુકમથી,

કાઠીયાવાડ પોલીટીકલ એજન્સી, જે. મોન્ટીથ,

રાજકોટ, તારીખ ૧૩ જુલાઈ ૧૯૦૯. પરસનલ આસીસ્ટંટ નીસબત

એજંટ ટુ ધી ગવરનર સાહેબ કાઠીયાવાડ.

---

*નોટ—આ ધારાનો ગુજરાતી તરજુમો નહીં છપાએલો હોવાથી અમોએ તરજુમો ગુજરાતી ભાષામાં કરી આ ગ્રંથમાં દાખલ કરયો છે અને તે બધી રીતે શબ્દ રચનામાં ખરો તરજુમો છે.

## વ્યાખ્યાઓ.

૧. આ ધારામાં "કોઈ મીયાણો" એ શબ્દનો અર્થ માળીયા તાલુકાની રૈયત હોય તે મીયાણા કોમનો પુરૂષ સમજવો.

"પરવાનો" એ શબ્દનો આ ધારામાં અર્થ એવો છે કે જે પાસ તેના ધારણ કરનારને માળીયા તાલુકાની હદની બાહાર તે પાસમાં દર્શાવેલી શરતો મુજબ અને તે પાસમાં કોઇ જગા કે જેને વાસ્તે તેમાં ખાસ હદ બતાવી હોય તે શરતો મુજબ મુસાફરી કરવાને સત્તા આપેછે તે.

"જામીનખત" નો અર્થ ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ)ની કલમ ૧૦૮ તથા ૧૧૦ માં ફરમાવેલા નમુના પ્રમાણે સારી વર્તણુંકનો મુચરકો કે જેની રૂએ એકાદા મીયાણાને આ ધારા અન્વયે પરવાનો આપવામાં આવ્યો છે તે મીયાણો તે પરવાનામાં લખેલી મુદતની અંદર અથવા આ ધારા અન્વયે તેની મુદત વધારી આપવામાં આવે તે મુદતની અંદર સારી વર્તણુંક રાખવા બંધાય છે એ મુચરકો.

૨. માળીયાના મુખ્ય અધીકારી તરફથી પરવાનો મેળવ્યા સીવાય માળીયા તાલુકાની હદ કોઈ મીયાણાએ છોડવી નહીં.

૩. આ ધારા મુજબ કાઢેલા દરેક પરવાનામાં નીચે પ્રમાણે દર્શાવવું:—

(અ) જે મીયાણાને પરવાનો આપવામાં આવ્યો હોય તેનું પુરેપુરૂં નામ તથા શરીરનો વાન,

(બ) પરવાનો આપ્યાની તારીખ તથા કઇ તારીખ સુધી તે પરવાનો અમલમાં રેહેશે તે તારીખ,

(ક) જે શરતો મુજબ તે આપવામાં આવ્યો હોય તે શરતો.

૪. જે માણસો પરવાનામાં બતાવેલી શરતો પુરી પાડવાનું પ્રથમથી લખીતવાર માથે લેશે, અને માળીયાના મુખ્ય અધીકારીને ખાત્રી થાય તેવો મુચરકો આપશે તે માણસોનેજ પરવાના આપવામાં આવશે.

૫. જે પરવાનો કાઠીયાવાડની હદબાહાર મુસાફરીએ જવાનો આપવામાં આવ્યો હશે અથવા ૭ માસની મુદત ઉપરાંતનેમાટે હશે તે પરવાનામાં જો પોલીટીકલ એજંટ સાહેબે પોતાની સામી સહી નહી કરી હોય તો તે પરવાનો કાયદેસર ગણાશે નહીં: પરંતુ એમ ઠરાવવામાં આવે છે કે કચ્છ અથવા વાગડમાં મુસાફરી કરવા માટેનો પરવાનો જેની મુદત દરેકને માટે દસ દીવસ કરતાં વધારે નહીં હોય તેવો પરવાનો આપેલ હોય તેમાં આવી સહીની જરૂર નથી.

૬. જો કોઇ મીયાણો માલીયા તાલુકાની હદબાહાર પરવાના સીવાય માલુમ પડશે તો જે જગ્યાએ તે માલુમ પડે તે જગ્યાના કોઇ પોલીસ અમલદાર અથવા કોઇ બીજા જવાબદાર અમલદાર અગર શખ્સ તેને પરહેજ કરી શકશે, અને તેને સમરીરીતે માલીયા મોકલી આપશે. અને પરવાનાની શરતનો કાંઇ ભંગ થયો હશે તો પરવાનો ધારણ કરનારને તે મુજબ સમરીરીતે પકડી શકશે અને માલીયા મોકલી આપશે.

૭. જે મીયાણો

(અ) આ ધારા મુજબ પરવાનો પહેલેથી મેળવ્યા સીવાય માલીયા તાલુકાની હદબાહાર જશે, અથવા,

(બ) આ ધારા મુજબ પરવાનો મેલવીને તેની કોઇ શરતનો ભંગ કરશે તો,

તેને ૭ માસની મુદત સુધીની સખત મજુરી સાથે કેદ અથવા દંડ અથવા ફટકા (ફટકાની શીક્ષા સંબંધી કાઠીયાવાડમાં જે વખતે જે ધારા અમલમાં હશે તેમાં ફરમાવ્યા પ્રમાણે આ શીક્ષા કરવામાં આવશે) અથવા ઉપર જણાવેલ સઘળા પ્રકારની શિક્ષા અથવા બે પ્રકારની શીક્ષા મધેની એક શીક્ષા કરવામાં આવશે અને બીજી વખત જો ગુન્હેગાર ઠરે તો તેને એક વર્ષની મુદત સુધીની સખત મજુરી સાથે કેદ અથવા દંડ અથવા ફટકા અથવા તે સઘળા પ્રકારની શીક્ષા અથવા તેમાંની કોઇપણ બે પ્રકારની શીક્ષા કરવામાં આવશે.

૮. સને ૧૯૦૪ ના ધારા અનવયે સઘળા પરવાના તથા સનંદો જે આ ધારો પ્રસીદ્ધ થયાની તારીખ સુધી જેની પાસે છે તે પરવાના આ ધારા આધારે આ તારીખથી છ મહીના સુધી ખરા દાખલ ચાલશે.

૯. માળીયા તાલુકાના પોલીટીકલ એજંટ સાહેબ વખતો વખત કાઠીયાવાડ એજન્સી ગેઝીટમાં જાહેરખબરથી પ્રસિધ્ધ કરીને કોઇ મીયાણાનું નામ આપીને તેને આ ધારા લાગુ કરવામાંથી બાતલ કરે; અને એવી કોઇ જાહેરખબર રદ કરે અને ફરીથી તે મીયાણાને તે ધારા લાગુ કરવા મુખત્યાર છે.

## પરવાના.

મીયાણાને માળીયા તાલુકાની હદબાહાર { કોઇ જગ્યાએ / થી } મુસાફરી કરવામાટે આ ઉપરથી પરવાનો આપવામાં આવેછે;—

નામ.

બાપનું નામ.

રહેવાની જગ્યા.

ધંધો,

ઉમર,

૨. તે પરવાનો જે માણસને મળ્યો હોય તેણે બીજાને આપવો નહીં અને તે પરવાનાની મુદત પુરી થયાની તારીખ પહેલાં એક માસથી ઓછી નહીં એટલી મુદતની અંદર જે ડીસ્ટ્રીકટમાં પરવાનો ધારણ કરનાર શખ્સ તે વખતે રહેતો હોય તે ડીસ્ટ્રીકટના મુખ્ય માજીસ્ટ્રેટના સહી સીક્કા સાથે તે પરવાના ઉપર જે મુદત વધારી આપવાનો શેરો થાય અને તે મુદત પાછળથી પોલીટીકલ એજંટ સાહેબ લખીતવાર મંજુર કરે તે પ્રમાણે તે પરવાનો તારીખ થી તારીખ સુધી અમલમાં છે.

૨. તે પરવાનો નીચેની શરતો મુજબ આપવામાં આવ્યો છે :—

(અ) તે પરવાનો કોઇ પોલીસ અમલદાર અથવા બીજો કાયદાસર અધીકારી જોવા માગે તો બતાવવો.

(બ) જે કોઇ જગ્યાએ નજીકના પોલીસ થાણાના અમલદારનું મુકામ ૨૪ કલાક કરતાં વધારે મુદત સુધી હોય તે જગ્યાએ પરવાનો ધારણ કરનારે તે રજુ કરવો અને તે પરવાના ઉપર થાણાના અમલદાર પાસેથી શેરો કરાવવો.

(ક) પરવાનો ધારણ કરનારને જે વખતે જે ધારો અમલમાં હોય તે વખતે કોઇ ધારા આધારે કાંઇ હથીયાર લઇ જવાની મંજુરી આપી નહીં હોય તો તેણે તે હથીયાર લઇ જવા નહીં.

(ડ) પરવાનો ધારણ કરનારે કોઇ ખરાબ ચાલના માણસો સાથે અથવા જે મીયાણા પરવાના સીવાય માળીયા તાલુકાની હદબાહાર હોય તે કોઇ મીયાણા સાથે ચાલવું નહીં. જે ડીસ્ટ્રીકટમાં તેણે પોતાનું રહેઠાણ કરેલું છે, તે ડીસ્ટ્રીકટના મુખ્ય માજીસ્ટ્રેટની લખીત પરવાનગીનો શેરો પરવાના ઉપર કરાવ્યા સીવાય તેણે પુખ્ત ઉમરના ૭ કરતાં વધારે મીયાણા સાથે એકઠા નહીં.

(ઇ) જે ડીસ્ટ્રીકટમાં પરવાનો ધારણ કરનાર શખ્સે પોતાનું રહેઠાણ કરેલું હોય તે ડીસ્ટ્રીકટના મુખ્ય માજીસ્ટ્રેટની ખુલ્લી રીતે લખીત મંજુરી સીવાય પરવાનો ધારણ કરનાર શખ્સની સાથેના જાનવરો, સ્ત્રીઓ તથા છોકરાંઓની સંખ્યા આ પરવાનાના માર્જીનમાં બતાવ્યા કરતાં વધારે હોવી નહીં જોઇએ.

(ફ) પરવાનો ધારણ કરનાર શખસને પોતાને આ પરવાનાના બીજા પારેગ્રાફ આધારે જે મુદત વધારી આપી હોય તેની, તે મુદત પોલીટીકલ એજંટ સાહેબ પાસે અવશ્ય

કરીને મંજુર કરાવવા માટે માલીયાના મુખ્ય અધી-
કારીને તાબડતોબ ખબર આપવા.

(જ) પરવાનો ધારણ કરનાર શખ્સ તે વખતે જે ડીસ્ટ્રીક્ટમાં રહેતો હોય તે ડીસ્ટ્રીકટના પોલીટીકલ એજંટ સાહેબની અથવા મુખ્ય માજીસ્ટ્રેટની સહી સીકકા સાથે આ શરતોમાંની કોઈ શરતનો ભંગ કરવા માટે અથવા કાંઈ ગેરવર્તણુંક માટે આ પરવાનો સમરીરીતે રદ કરશે તો ઉપરથી પરવાનો રદ બાતલ થશે, અને પરવાનો ધારણ કરનાર શખ્સને પકડવામાં આવશે અને સમરીરીતે માલીયા મોકલી આપવામાં આવશે; ત્યાં તેના ઉપર સ્ટેટના કાયદા મુજબ કામ ચાલશે.

ઉપરની સઘળી શરતો સમજ્યું છું અને તેને કબુલ કરૂં છું:—

પરવાનો ધારણ કરનાર શખ્સની સહી.

સહી ______________________

મુખ્ય અધીકારી, માલીયા.

માલીયા, ૧૯ .

સામી સહી ______________________

પોલીટીકલ એજંટ ઇનચાર્જ માલીયા.

મુકામ, ૧૯ .

---

પાછળ બાજુએ.

૧. તારીખ થી તારીખ સુધી પરવાનાની
મુદત વધારી (સહી)

---

૨. પરવાનો રદ કર્યો તારીખ
(સહી)

---

૩. ૭ કરતાં વધારે મીયાણા સાથે સામીલ થવા રજા આપી.
(સહી).

---

# ( APPENDIX No. I. )

## (સાહીત્ય નંબર. ૧.)

## સને ૧૮૯૮ નો ૫ મો કાએદો.

## (ક્રીમીનલ પ્રોસીજર અથવા ફોજદારી કામ ચલાવવાની રીતનો કાએદો.)

**પોલીસ પટેલોને જાણવા લાયક ઉપરના કાયદામાંથી નીચે જણાવેલી કલમો જુદા જુદા બાબમાંથી ચુંટી કહાડી આ પ્રકરણમાં દાખલ કરવામાં આવી છે:—**

### બાબ ૧ લો.

"જામીન લઇ શકાય એવો ગુન્હો."
"જામીન નહિ લઇ શકાય એવો ગુન્હો."

(બ) "જામીન લઇ શકાય એવો ગુન્હો" એટલે જે ગુન્હા બાબત બીજા પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ જામીન લઇ શકાય તે, અથવા જે ગુન્હાબાબત બીજા કોઇ ચાલુ કાયદા પ્રમાણે જામીન લઈ શકાય તે ગુન્હો સમજવો; અને "જામીન નહિ લઇ શકાય એવો ગુન્હો" એટલે બીજો કોઇપણ ગુન્હો સમજવો.

"કાગ્નિઝેબલ્ ગુન્હો."
"કાગ્નિઝેબલ્ મુકદ્દમો."

(ક) "કાગ્નિઝેબલ્ ગુન્હો" એટલે જે ગુન્હા બાબત અને "કાગ્નિઝેબલ્ મુકદ્દમો" એટલે જે મુકદ્દમામાં ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર અથવા બહાર પોલીસ અમલદાર બીજા પરિશિષ્ટ પ્રમાણે અથવા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે વગર વારંટે પકડવાને મુખત્યાર છે તે ગુન્હો અથવા મુકદ્દમો સમજવો:

"તપાસ."

(લ) "તપાસ" આ શબ્દમાં પોલીસ અમલદારે અથવા (માજિસ્ટ્રેટ શિવાય બીજા) જે કોઇ શખસને આ બાબત કોઇ માજિસ્ટ્રેટે અધિકાર આપ્યો હોય તે શખસે પુરાવો એકઠો કરવા સારૂ આ કાયદા પ્રમાણે ચલાવેલાં સઘળાં કામનો સમાવેશ થાય છે:

"નાન્ કાગ્નિઝેબલ ગુન્હો."
"નાન્ કાગ્નિઝેબલ મુકદ્દમો."

(ન) "નાન્કાગ્નિઝેબલ ગુન્હો" એટલે જે ગુન્હાબાબત અને નાન્ કાગ્નિઝેબલ મુકદ્દમો" એટલે જે મુકદ્દમામાં ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર અથવા બહાર પોલીસ–અમલદાર વગર વારંટે પકડવાને મુખત્યાર નથી તે ગુન્હો અથવા મુકદ્દમો સમજવો.

"જે અમલદારના હવાલામાં પોલીસ–થાણું હોય તે અમલદાર."

(પી) "જે અમલદારના હવાલામાં પોલીસ–થાણું હોય તે અમલદાર" આ શબ્દોમાં જ્યારે જે અમલદારના હવાલામાં તે થાણું હોય તે અમલદાર થાણાના–મકાનમાંથી ગેરહાજર હોય અથવા મંદવાડને લીધે અથવા બીજા કારણને લીધે પોતાનું કામ બજાવવાને અશક્ત હોય, ત્યારે તેની પછીના દરજ્જાનો અને કોન્સ્ટેબલથી મહતા દરજ્જાનો જે પોલીસ અમલદાર તે થાણાના મકાનમાં હાજર હોય તેનો સમાવેશ થાય છે, અથવા સ્થાનિક સરકાર એમ ફરમાવે ત્યારે, બીજો જે પોલીસ અમલદાર સદરહુ પ્રમાણે હાજર હોય તે પોલીસ અમલદારનો સમાવેશ થાય છે:

(એસ) "પોલીસ થાણું" એટલે જે ઠેકાણાને અથવા જગાને સ્થાનિક સરકારે સામાન્ય રીતે અથવા વિશેષે કરીને પોલીસ-થાણું ઠરાવ્યું હોય તે ઠેકાણું અથવા જગા, અને તેમાં સ્થાનિક સરકારે આ અર્થે નિર્દિષ્ટ કરેલા હરકોઇ સ્થાનિક ક્ષેત્રનો સમાવેશ થાય છેઃ

"પોલીસ-થાણું."

(વ) "સમનનો મુકદ્દમો" એટલે જે મુકદ્દમો વારંટના મુકદ્દમાપૈકી ન હોય અને જે એકાદા ગુન્હાસંબંધી હોય તે મુકદ્દમો; અને,

"સમનનો મુકદ્દમો."

(ડબલ્યુ) "વારંટનો મુકદ્દમો" એટલે જે ગુન્હા બાબત મોતની, અથવા સમુદ્રપારની અથવા છ મહિનાથી વધારે મુદતસુધી કેદની, શિક્ષા કરી શકાય તેવા ગુન્હા સંબંધી કોઇ મુકદ્દમો:

"વારંટનો મુકદ્દમો."

---

## બાબ ૫ મો.

## પકડવા, નાહાસી જવા, તથા ફરીથી પકડવા બાબત.

### અ.—પકડવા બાબત સામાન્ય ઠરાવો.

૪૬. (૧) કોઈ શખસને પકડવો તે એવી રીતે કે જે પોલીસ અમલદાર અથવા બીજો શખસ પકડતો હોય તેણે તે શખસના શરીરને ખરેખર અડકવું અથવા કેદ કરવું પણ જો તે શખસ કાંઇ બોલીને અથવા કાંઇ કરીને પેહેરાને તાબે થાય તો તેમ કરવું નહિ.

પકડવું તે કેવી રીતે.

(૨) જો સદરહુ શખ્સ પોતાને પકડવાની કોશિસની સામે જબરદસ્તી કરે, અથવા પોતે ન પકડાય એવી કોશિસ કરે તો, તેને પકડવાસારૂ જે જે ઉપાયો કરવા જરૂર હોય તે સર્વે ઉપાયો કરવાને સદરહુ પોલીસ-અમલદાર અથવા બીજો શખસ મુખત્યાર છે.

પકડવાની કોશિસનો સામાં થવું.

(૩) જે શખસની ઉપર મોતની અથવા જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હાનું તોહોમત આવ્યું ન હોય તે શખસનું મોત આણવાનો હક્ક આ કલમ માંહેના કોઇપણ મજકૂરથી આપવામાં આવતો નથી.

૪૭. જો પકડવાના વારંટ પ્રમાણે કામ કરનારા હરકોઇ શખસને અથવા પકડવાના અધિકારવાળા હરકોઇ પોલીસ-અમલદારને એવું માનવાનું કારણ હોય કે જે માણુસને પકડવો છે તે ફલાણી જગામાં પેસી ગયો છે અથવા ફલાણી જગામાં છે, તો જે માણુસ સદરહુ જગામાં રેહેતો હોય અથવા જે માણુસના હવાલામાં સદરહુ જગા હોય તે માણુસે ઉપર કહ્યા પ્રમાણે કામ કરનારા શખસને અથવા સદરહુ પોલીસ-અમલદારને તેની માગણી ઉપરથી તે જગામાં વગર અડચણે જવા દેવો, અને તેમાં શોધ કરવાસારૂ સઘળા પ્રકારની યોગ્ય મદદ આપવી જોઇએ.

જે શખસને પકડવો હોય તે જે જગામાં પેઠો હોય તે જગાનો ઝાડો લેવા બાબત.

૪૮. જો ૪૭મી કલમ પ્રમાણે સદરહુ જગામાં જઇ શકાતું નહિ હોય, તો ગમે તે પ્રસંગે વારંટ પ્રમાણે કામ કરનારા શખસને, અને જે પ્રસંગે વારંટ કાહાડવાનો અધિકાર હોય પણ જે શખસને પકડવો છે તેને નાહાસી જવાની તક આપ્યા વગર તે વારંટ મળી શકતું ન હોય એવે કોઈપણ પ્રસંગે, કોઈ પોલીસ-અમલદારને સદરહુ જગામાં પેસીને તેમાં શોધ કરવાનો અખત્યાર છે, અને તેણે પોતાનો અખત્યાર તથા આવવાનું કારણ જાહેર કર્યા પછી તથા મને પેસવા દો એમ યોગ્ય રીતે કહ્યા પછી, તેને અંદર જવાનો બીજી રીતે લાગ ન મળે, તો તેને

અંદર ન જવાય તો શું કરવું.

સદરહુ જગામાં પેસવાને માટે કોઈપણ ઘર અથવા જગાનો બાહારનો કે માંહેનો દરવાજો અથવા બારી ફોડવાનો અખત્યાર છે, પછી તે ઘર કે જગા જે માણુસને પકડવો છે તેની હોય કે કોઇ બીજા શખસની હોય તોપણ;

જનાનો ફોડવા બાબત.

પણુ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારની કોઈ જગા ઓરડો હોય અને તેમાં (જે શખસને પકડવો હોય તે શખસ ન હોય એવી) કોઇ બાયડી ખરેખાત રહેતી હોય અને તે બાયડી રિવાજ પ્રમાણે ચાર લોકમાં મોહું દેખાડતી ન હોય, તો સદરહુ શખસે અથવા પોલીસ–અમલદારે સદરહુ ઓરડામાં પેસતાં પેહેલાં સદરહુ બાયડીને ખબર આપવી કે તમને એ ઠેકાણેથી નિકળીને બીજે ઠેકાણે જવાની છૂટ છે. તથા તે બાયડીને ત્યાંથી નિકળી જવું જેમ સેહેલ પડે તેવો દરએક ઘટતો ઉપાય કરવો, અને પછી તે સદરહુ ઓરડો ફોડીને તેમાં પેસવાને મુખત્યાર છે.

છુટકારાનાં કારણુસારૂ દરવાજા તથા બારીઓ ફોડવાનો અધિકાર.

૪૯. જે પોલીસ–અમલદારને અથવા બીજા શખસને પકડવાનો અધિકાર આપ્યો હોય તે પોલીસ–અમલદારને અથવા બીજા શખસને કોઇપણ ઘરનો અથવા જગાનો બાહારનો અથવા માંહેનો દરવાજો અથવા બારી ખુદ પોતાને છોડવવાસારૂ, અથવા પકડવાસારૂ કાયદાસર રીતે પેઠેલા જે માણુસને તે ઘરમાં અથવા જગામાં અટકાવી રાખ્યો હોય તેને છોડવવાસારૂ ફોડીને રસ્તો કરવાનો અખત્યાર છે.

નકામો પ્રતિબંધ કરવો નહિ.

૫૦. પકડેલા શખસને નાહાસી જતો અટકાવવાને માટે જરૂર હોય તે કરતાં વધારે પ્રતિબંધ કરવો નહિ.

પકડેલા શખસોનો ઝાડો લેવા બાબત.

૫૧. જે વારંટમાં જામીન લેવા બાબત લખ્યું નહિ હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ અમલદારે કોઈ શખસને પકડયો હોય ત્યારે, અથવા જે વારંટમાં જામીન લેવા બાબત લખ્યું હોય તેવા

વારંટ ઉપરથી કોઇ પોલીસ-અમલદારે કોઈ શખસને પકડયો હોય પણ તે શખસને જામીન મળતો નહિ હોય ત્યારે, અને

કોઇ શખસને વગર વારંટે અથવા કોઇ ખાનગી શખસે વારંટ ઉપરથી પકડયો હોય અને કાયદાસર તેના જામીન લઇ શકાતા ન હોય અથવા તે જામીન આપી શકતો નહિ હોય ત્યારે,

પકડનારો અમલદાર અથવા, પકડવાનું કામ કોઈ ખાનગી શખસે કર્યું હોય ત્યારે પકડેલા શખસને તે જે પોલીસ-અમલદારને હવાલે કરે તે પોલીસ-અમલદાર સદરહુ શખસનો ઝાડો લેવાને, તથા તેના શરીર ઉપર જરૂરનાં પહેરવાનાં કપડાં શિવાય બીજી વસ્તુ જડે તે સઘળી સંભાળીને રાખવાને, મુખત્યાર છે.

બાયડીઓનો ઝાડો લેવાની રીત.

પર. જ્યારે કોઇ બાયડીનો ઝાડો લેવાડવાની જરૂર હોય, ત્યારે લોક લજ્જાઉપર પકી રીતે નજર રાખીને બીજી કોઇ બાયડી પાસે તે ઝાડો લેવડાવવો.

મારવાનાં હથિયાર લઈ લેવાનો અધિકાર.

પ૩. આ કાયદા પ્રમાણે પકડનારો અમલદાર અથવા બીજો શખસ પકડેલા શખસની પાસે જે કાંઇ મારવાનાં હથિયારો હોય તે તેની પાસેથી લેવાને મુખત્યાર છે, અને પકડેલા શખસને આ કાયદા પ્રમાણે જે કોર્ટની અથવા અમલદારની આગળ પકડનારા અમલદારે અથવા શખસે રજુ કરવો જોઇયે તે કોર્ટને અથવા અમલદારને ઉપર લખ્યા પ્રમાણે લીધેલા સઘળાં હથિયારો તેણે સ્વાધીન કરવાં.

## બ.—વગર વારંટે પકડવા બાબત.

વગર વારંટે પકડવાને પોલીસ ક્યારે મુખત્યાર છે.

પંજ. (૧) કોઈપણ પોલીસ-અમલદાર માજિસ્ટ્રેટના હુકમ વગર તથા વગર વારંટે હેઠળ લખેલા શખસોને પકડવાને મુખત્યાર છે—

પહેલું—જે શખસ હરકોઇ કાગ્નિઝેબલ ગુન્હામાં સામિલ થયો છે અથવા જે શખસની ઉપર સદરહુ પ્રમાણે સામિલ થયો છે એવી વાજબી ફરિયાદ કરવામાં આવી હોય અથવા ખાત્રી લાયક ખબર મળી હોય અથવા વાજબી શક રેહેતો હોય તે શખસને;

બીજું—જે શખસના કબજામાં ઘર ફોડવાનું કાંઇ ઓજાર કાયદેસર કારણવગર હોય તે શખસને; કાયદેસર કારણ સાબિત કરવાનો બોજો તે શખસને માથે છે એમ સમજવું;

ત્રીજું—જે શખસને આ કાયદાપ્રમાણે અથવા સ્થાનિક સરકારના હુકમથી ઢંઢેરો કાહાડીને ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કર્યો હોય તે શખસને;

ચોથું—આ ચોરીની મિલકત છે એવો વાજબી રીતે શક હોય તેવી કાંઈપણ વસ્તુ જે શખસના કબજામાં જડે અથવા જેણે સદરહુ વસ્તુના સંબંધમાં કાંઈ ગુન્હો કર્યો છે એવો વાજબી રીતે શક હોય તે શખસને;

પાંચમું—કોઈ પોલીસ-અમલદારને પોતાનું કામ કરવામાં જે શખસ હરકત કરે તે શખસને, અથવા જે શખસ કાયદાસર પેહેરામાંથી નાહાસી ગયો હોય, અથવા નાહાસી જવાની કોશિસ કરતો હોય તે શખસને;

છઠું—મલિકા માઆઝમાની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંથી ફલાણો શખસ નાહાસી ગયો છે એવો અથવા મલિકા માઆઝમાની ઇન્ડીયન મરીન સર્વિસમાં હોય અને તે સર્વિસમાંથી ગેરકાયદેસર રીતે ગેરહાજર રહેલો છે એવો, વાજબી રીતે શક હોય તે શખસને;

સાતમું—બ્રિટિશ હિંદુસ્તાનની બહારની કોઇપણ જગાએ કરેલું જે કોઇપણ કૃત્ય બ્રિટિશ હિંદુસ્તાનમાં કરવામાં આવ્યું હોત તો તે બદલ એક ગુન્હા તરીકે સિક્ષા કરી શકાત અને જે બદલ હેઠળ લખેલો શખસ ગુન્હેગારોને સ્વાધીન કરવા બાબતના કોઈપણ કાયદા મુજબ અથવા સન ૧૮૮૧ ના ફ્યુજીટીવ ઑફેન્ડર્સ (નાહાસી ગયેલા ગુન્હેગારો બાબતના)

આકટ મુજબ અથવા બીજી રીતે બ્રિટિશ હિંદુસ્તાનમાં પકડાવાને અથવા અટકાયતમાં રહેવાને પાત્ર થતો હોય તે કૃત્યમાં જે કોઇ શખસ સામિલ થયો છે અથવા જે સખસની ઉપર, સદરહુ પ્રમાણે સામિલ થયોછે એવી વાજબી ફરિયાદ કરવામાં આવી હોય અથવા ખાત્રી લાયક ખબર મળી હોય અથવા વાજબી શક રેહેતો હોય તે સખસને;

આઠમું—કલમ ૫૬૫ ની પેટાકલમ (૩) ની રૂએ કરેલી કોઇપણ કાનુનનો ભંગ જે કોઇપણ છુટી ગયેલો ગુન્હેગાર કરશે તેને.

(૨) આ કલમ કલકત્તા તથા મુંબઇ એ શેહેરોમાંની પોલીસને પણ લાગુ છે.

બટકનારાઓ તથા અપહરણ કરવાની ટેવ હોય તેવા શખસો વિગેરેને પકડવા બાબત.

૫૫. (૧) તેમજ જેના હવાલામાં કોઇ પોલીસ–થાણું હોય તેવો હરકોઈ અમલદાર હેઠળ લખેલા શખસોને પકડવાને અથવા પકડાવવાને મુખત્યાર છે, એટલે—

(અ) સદરહુ થાણાની હદમાં કોઇપણ શખસ પોતે નજરે ન પડે એવો પૂર્વોપાય કરતો માલુમ પડે અને તે શખસ કાંઇ કાગ્નિઝેબલ ગુન્હો કરવાના હેતુથી સદરહુ પૂર્વોપાય કરે છે એવું માનવાનું કારણ પ્રસંગ ઉપરથી દેખાતું હોય તો તે શખસને; અથવા

(બ) સદરહુ થાણાની હદમાં જે શખસની પાસે પોતાના ગુજરાનને માટે કાંઈ દેખીતું સાધન જણાતું નહિ હોય, અથવા જે પોતાને વિશે ખુલાસા ભરેલા જવાબ આપી શકતો નહિ હોય તે શખસને; અથવા

(ક) જે શખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની અથવા ચોરી કરવાની અથવા ફલાણી મિલકત ચોરીની છે એમ જાણીને તે ચોરીની મિલકત લેવાની ટેવ છે એવી રીતે મશહૂર હોય તે શખસને, અથવા જેને જબરીથી કઢ-

ડાવવાની ટેવ છે અથવા જબરીથી કહ્ડાવવાનાં કારણ સારૂ કોઇ શખસોને હાની કરવાનો ભય દેખાડવાની અથવા હાની કરવાનો ભય દેખાડવાની કોશિસ કરવાની ટેવ છે એવી રીતે મશહૂર હોય તે શખસને.

(૨) આ કલમ કલકત્તા અને મુંબઇ એ શેહેરોમાંની પોલીસને લાગુ છે

પોલીસ-અમલદાર વગર વારંટે પકડવા સારૂ પોતાનાં તાબા માંહેના અમલદારને મોકલે ત્યારે કેમ કરવું.

૫૬. (૧) જેના હવાલામાં કોઇ પોલીસ-થાણું હોય એવો હરકોઈ અંમલદાર જે શખસને વગર વારંટે પકડવાનો કાયદેસર અધિકાર હોય તે શખસને (પોતાની સમક્ષ નહિ પણ બીજી રીતે) વગર વારંટે પકડવાનું પોતાનાં તાબામાંહેના કોઇપણ અમલદારને ફરમાવે, ત્યારે તે શખસને પકડવાનું જે અમલદારને પોતે ફરમાવે તે અમલદારને તેણે એક હુકમ લખીને આપવો, અને તે હુકમ મધ્યે કયા શખસને પકડવો છે તે, તથા કયા ગુન્હાને માટે અથવા બીજા કયા કારણસર તેને પકડવો છે તે લખવું.

(૨) આ કલમ કલકત્તા અને મુંબઇ એ શેહેરોમાંની પોલીસને પણ લાગુ છે.

નામ તથા રેહેવાનું ઠેકાણું આપવાને ના પાડવા બાબત.

૫૭. (૧) કોઇ પોલીસ-અમલદારની સમક્ષ કોઇપણ શખસ કાંઈ નાન્-કાગ્નિઝેબલ ગુન્હો કરે અથવા એવો ગુન્હો કરવાનું તેના ઉપર તોહોમત મુકવામાં આવે, અને કોઈ પોલીસ-અમલદારના કહ્યા ઉપરથી તે શખસ પોતાનું નામ તથા રેહેવાનું ઠેકાણું આપવાને ના પાડે, અથવા એવું નામ અથવા રેહેવાનું ઠેકાણું આપે કે જે ખોટું છે એમ સદરહુ અમલદારને માનવાનું કારણ હોય, ત્યારે તેનું નામ અથવા રેહેવાનું ઠેકાણું શું છે તે ખોલી કાહાડવા માટે સદરહુ અમલદાર તે શખસને પકડવાને મુખત્યાર છે.

(૨) એવા શખસનું ખરૂં નામ તથા રેહેવાનું ઠેકાણું જાણવામાં

આવે ત્યારે, માજિસ્ટ્રેટ આગળ હાજર થવાનું ફરમાવવામાં આવે તો તેની રૂબરૂ હાજર રહેવા બદલ તે, જામીન સહિતનું અથવા જામીનો વગરનું ખત લખી આપે એટલે તેને છુટો કરવો:

પણ એવું ઠરાવ્યું છે કે એવો શખસ બ્રિટિશ હિંદુસ્તાનમાં રહેનારો ન હોય તો તે ખતના તારણ દાખલ બ્રિટિશ હિંદુસ્તાનમાં રહેનારા એક અથવા વધારે શખસો જામીનો હોવા જોઇયે.

(૩) તેનું ખરૂં નામ તથા રેહેવાનું ઠેકાણું તેને પકડયા પછી ચોવીસ કલાકમાં જાણવામાં ન આવે તો, અથવા તે ખત ન લખી આપે તો, અથવા તેને પુરતા જામીન આપવાનું ફરમાવવામાં આવેથી જામીન ન આપે તો, તેને હકુમત હોય એવા પાસેમાં પાસેના માજિસ્ટ્રેટ પાસે તાબડતોબ મોકલી દેવો જોઇયે.

બીજી હકુમતમાં ગુન્હેગારોની પાછળ જવાબાબત.

૫૮. જે શખસને આ બાબ પ્રમાણે પકડવાનો અધિકાર કોઇ પોલીસ–અમલદારને હોય તે શખસને વગર વારંટે પકડવાનાં કારણસારૂ તે પોલીસ–અમલદાર બ્રિટિશ હિંદુસ્તાનમાંની હરકોઈ જગામાં સદરહુ શખસની પાછળ જવાને મુખત્યાર છે.

ખાનગી શખસોએ પકડવા બાબત.

૫૯. (૧) કોઇ શખસ જામીન નહિ લઈ શકાય તેવો અને કાગ્નિઝેબલ ગુન્હો કોઇ ખાનગી શખસના દેખતાં કરે તો તે ખાનગી શખસ તેને પકડવાને મુખત્યાર છે; અથવા કોઇ શખસ ગુન્હેગાર છે એવો ઢંઢેરો કાહાડયો હોય તો તેને પકડવાને કોઇપણ ખાનગી શખસ મુખત્યાર છે;

સદરહુ પ્રમાણે પકડયા પછી શું કરવું.

અને સદરહુ પ્રમાણે પકડેલા શખસને તેણે નકામી ઢીલ કર્યા વગર કોઇ પોલીસ–અમલદારને સ્વાધીન કરવો; અથવા પોલીસ–અમલદારની ગેરહાજરીમાં, સદરહુ શખસને પાસેમાં પાસેના પોલીસ–થાણામાં લઇ જવો.

(૨) સદરહુ શખસને ૫૪ મી કલમના ઠરાવો લાગુ પડે છે એમ માનવાનું કારણ હોય, તો તેને કોઇ પોલીસ-અમલદારે ફરીથી પકડવો.

(૩) તેણે કાંઇ નાન્-કોગ્નિઝેબલ ગુન્હો કર્યો છે એમ માનવાનું કારણ હોય, અને કોઈ પોલીસ-અમલદારના કહ્યા ઉપરથી તે પોતાનું નામ અથવા રેહેવાનું ઠેકાણું આપવાને ના પાડે, અથવા એવું નામ અથવા રેહેવાનું ઠેકાણું આપે કે જે ખોટું છે એમ માનવાનું સદરહુ અમલદારને કારણ હોય, તો તેની તજવીજ ૫૭ મી કલમના ઠરાવો પ્રમાણે કરવી. તેણે કાંઇ ગુન્હો કર્યો છે એમ માનવાનું કાંઇ પુરતું કારણ ન હોય, તો તેને એકદમ છોડી મુકવો.

પકડેલા શખસને માજિસ્ટ્રેટની આગળ અથવા જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તેની આગળ લઈ જવો.

૬૦. વગર વારંટે પકડનાર પોલીસ-અમલદારે પકડેલા શખસને તે કામમાં હકુમતવાળા માજિસ્ટ્રેટના આગળ, અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ-થાણું હોય તેની આગળ, નકામી ઢીલ કર્યા વગર અને જામીન સંબંધી આ કાયદા માંહેના ઠરાવોને અનુસરીને, લઇ જવો અથવા મોકલવો.

પકડેલા શખસને ચોવીસ કલાકથી વધારે વાર અટકાવી રાખવો નહિ.

૬૧. વગર વારંટે પકડેલા શખસને કોઇપણ પોલીસ-અમલદારે તે કામની સઘળી હકીકત જોતાં યોગ્ય હોય તે કરતાં વધારે મુદતસુધી પેહેરામાં અટકાવી રાખવો નહિ, અને ૧૬૭ મી કલમ પ્રમાણે કોઇ માજીસ્ટ્રેટનો ખાસ હુકમ નહિ થયો હોય તો સદરહુ મુદત ચોવીસ કલાકથી વધારે ન હોવી જોઇયે, પણ જે જગાએ તે શખસને પકડયો હોય ત્યાંથી માજીસ્ટ્રેટની કોર્ટ સુધી જતાં જેટલો વખત લાગે તેટલો વખત સદરહુ મુદતમાં ગણવો નહિ.

પકડયા વિશે પોલીસે રિપોર્ટ કરવો.

૬૨. જે અમલદારોના હવાલામાં પોલીસનાં થાણાં હોય તેમણે પોતપોતાનાં થાણાઓની હદોમાં વગર વારંટે પકડેલા સઘળા શખસો વિશે જિલ્લા માજિસ્ટ્રેટને અથવા જિલ્લા માજિસ્ટ્રેટ ફરમાવે તો પેટા વિ-

કડી માજિસ્ત્રેટને રિપોર્ટ કરવો, પછી સદરહુ શખસોના જામીન લીધા હોય કે નહિ તોપણ.

૬૩. જે શખસને પોલીસ-અમલદારે પકડયો હોય તેનું પોતાનું ખત લીધા વગર અથવા તેના જામીન લીધા વગર અથવા કોઇ માજિસ્ટ્રેટના ખાસ હુકમ વગર તેને છોડી મુકવો નહિ.

પકડેલા શખસને છોડી મુકવા બાબત.

૬૪. જ્યારે કોઇ ગુન્હો કોઇ માજિસ્ટ્રેટની હકુમતની સ્થાનિક હદમાં તે માજિસ્ટ્રેટની સમક્ષ કરવામાં આવે, ત્યારે ગુન્હેગારને પોતે જાતે પકડવાને અથવા પકડવાનો કોઈપણ શખસને હુકમ કરવાને અને ત્યારપછી, જામીન લેવા સંબંધી આ કાયદા માંહેના ઠરાવોને અનુસરીને, તે ગુન્હેગારને કેદ કરવાને તે માજિસ્ટ્રેટ મુખત્યાર છે.

માજિસ્ટ્રેટની સમક્ષ કરેલો ગુન્હો.

૬૫. જે વખતે તથા જે પ્રસંગે કોઈ શખસને પકડવાનું વારંટ કાહાડવાનો અધિકાર કોઇ માજિસ્ટ્રેટને હશે તે વખતે તથા તે પ્રસંગે તે શખસને પોતાની હકુમતની સ્થાનિક હદ માંહે પોતાની સમક્ષ પકડવાને અથવા પકડવાનો હુકમ કરવાને તે માજિસ્ટ્રેટ મુખત્યાર છે.

માજિસ્ટ્રેટે અથવા માજિસ્ટ્રેટની સમક્ષ પકડવા બાબત.

૬૬. જે શખસ કાયદાસર કેદમાં હોય તે શખસ નાહાસી જાય અથવા તેને છોડવવામાં આવે, તો જે શખસના પેહેરામાંથી તે નાહાસી ગયો હોય અથવા તેને છોડવ્યો હોય તે શખસ તુરત તેની પાછળ જઇને બ્રિટિશ હિંદુસ્તાનમાં હરકોઇ જગાએ તેને પકડવાને મુખત્યાર છે.

નાહાસી જવા ઉપરથી પાછળ જવાનો તથા ફરીથી પકડવાનો અધિકાર.

૬૭. ૬૬ મી કલમ પ્રમાણે પકડનારો શખસ વારંટની રૂએ ચાલતો ન હોય અને તે શખસ પકડવાના અખત્યારવાળો પોલીસ-અમલદાર ન હોય તોપણ, સદરહુ કલમ પ્રમાણે પકડવાની બાબતોને ૪૭ મી તથા ૪૮ મી તથા ૪૯ મી કલમોના ઠરાવો લાગુ પડશે.

૪૭ મી તથા ૪૮ મી તથા ૪૯ મી કલમોના ઠરાવો ૬૬ મી કલમ મુજબ પકડવાની બાબતોને લાગુ પાડવા બાબત.

## બાબ ૧૩ મો.

## અટકાવ કરવા બાબત પોલીસનું કામ.

૧૪૯. કોઇપણ કાગ્નિઝેબલ ગુન્હો થતો અટકાવવાનાં કારણ સારૂ દરેક પોલીસ-અમલદાર વચ્ચે પડવાને મુખત્યાર છે, અને તેણે બનતો પ્રયત્ન કરીને સદરહુ ગુન્હો થતો અટકાવવો જોઇયે.

કાગ્નિઝેબલ ગુન્હાનો અટકાવ પોલીસે કરવો.

૧૫૦. કોઇપણ કાગ્નિઝેબલ ગુન્હો કરવાની ધારણા વિશે જે પોલીસ અમલદારને ખબર પડે તે પોલીસ અમલદારે તે ખબર જે પોલીસ-અમલદારના તાબામાં પોતે હોય તે પોલીસ અમલદારને, તથા તે ગુન્હો થતો અટકાવવાનું અથવા તે સાંભળવાનું બીજા જે અમલદારનું કામ હોય તે અમલદારને આપવી.

સદરહુ ગુન્હા કરવાની ધારણા બાબત ખબર.

૧૫૧. કોઇપણ કાગ્નિઝેબલ ગુન્હો કરવાની ધારણા જે પોલીસ-અમલદારના જાણવામાં હોય તે પોલીસ અમલદારને જો એમ જણાય કે તે ગુન્હો થતો બીજી રીતે અટકાવી શકાશે નહિ તો કોઇ માજિસ્ટ્રેટના હુકમ શિવાય અને વગર વારંટે તેવી ધારણા કરનાર શખસને પકડવાને તે અમલદાર મુખત્યાર છે.

સદરહુ ગુન્હા અટકાવવાસારૂ પકડવા બાબત.

૧૫૨. કોઇ પોલીસ અમલદારના દેખતાં કાંઇ સાર્વજનિક સ્થાવર અથવા જંગમ મિલ્કતને જે નુકસાન કરવાની કોશિસ કરવામાં આવે તે નુકસાન થતું અટકાવવા સારૂ, અથવા કાંઇ સાર્વજનિક ભૂમિચિન્હ અથવા બોયું અથવા વાહાણુ ચલાવવાના કામમાં વપરાતી હોય એવી બીજી કોઇ નિશાની કાહાડી નખાતી અથવા તેને નુકસાન થતું અટકાવવા સારૂ પોતાનાજ અખત્યારથી વચ્ચે પડવાને તે પોલીસ-અમલદાર મુખ્તાર છે.

સાર્વજનિક મિલકતને નુકસાન થતું અટકાવવા બાબત.

૧૫૩. (૧) કોઈ પોલીસ-થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને જ્યારે એમ માનવાનું કારણ હોય કે પોતાનાં થાણાની હદમાંહેની કૂલાણી જગામાં કાંઇ ખોટાં કાટલાં અથવા માપ અથવા તોળવાનાં યંત્ર છે ત્યારે તે જગામાં વપરાતાં અથવા રાખેલાં કાટલાં અથવા માપ અથવા તોળવાનાં યંત્ર તપાસવાને અથવા તેનો શોધ કરવાને વગર વારંટે તે જગામાં પેસવાને તે અમલદાર મુખત્યાર છે.

કાટલાં તથા માપ જોવા બાબત.

(૨) જો તે અમલદારને તે જગામાં કાંઇ ખોટાં કાટલાં, માપ અથવા તોલવાનાં યંત્રો જડે, તો તે પકડવાને પોતે મુખત્યાર છે, અને હકુમતવાળા માજિસ્ટ્રેટને તેણે તે પકડ્યાની તુરત ખબર આપવી.

---

*નોટ—પોલીસ તપાસ કરવાના સંબંધમાં વધારે સમજવા માટે ક્રીમીનલ પ્રોશેજરનો બાબ ૧૪ મો જોવાથી અને વાંચી મનન કરવાથી સેહેલાઇથી પોલીસ અમલદારનાં હમેસનાં કરતવ્ય કામો જે કરવા તેઓને આ કાએદો અધીકાર આપે છે તે જાણવામાં આવશે.

# ( APPENDIX No. II. )

## ( સાહીત્ય નંબર ૨. )

### સન ૧૮૬૭ નો આકટ ૮ મો.

મુંબઈ ઇલાકાના ગામની પોલીસ બાબત નીયમ ઠરાવવા બાબતનો આકટ.

૧. "પોલીસ કમીસનર" તથા "પોલીસ ડીસ્ટ્રીકટ સુપ્રીન્ટેન્ડેન્ટ" તથા 'પોલીસનો આસીસ્ટંટ સુપ્રીન્ટેન્ડેન્ટ" તથા "પોલીસ અમલદાર" તથા "જીલ્લાની પોલીસ" આ શબ્દો આ આકટમાં જ્યાં લખ્યા છે ત્યાંહાં તે શબ્દો ઉપરથી "સન ૧૮૫૭ ના મુંબઈના ડીસ્ટ્રીકટ પોલીસ આકટ" પ્રમાણે નીમેલાં તે અમલદારો સમજવા.

૨. આ કલમ સન ૧૮૭૩ ના આકટ ૧૨ માથી રદ થઇ છે.

૩. દરએક જીલ્લાના ગામની પોલીસના બંદોબસ્તનું કામ પોલીસ કમીસનરના નીબંધ તથા હુકમ પ્રમાણે જીલ્લાના માજીસ્ત્રેટે કરવું આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર પ્રમાણે જે ફુલપાવર માજીસ્ત્રેટને તાબે મુલકી કામ હોય તે માજીસ્ત્રેટને ગામની પોલીસનો બંદોબસ્ત કરવાના કામનો હરકોઇ ભાગ પોલીસ કમીસનરની મંજુરી લઇને આપવાનો જીલ્લા માજીસ્ત્રેટને અખીકાર છે.

૪. પોલીસના કારણ સારૂ ગામના હરકોઇ પોલીસ અમલદાર ઉપર જે અખત્યાર ચલાવવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે તે અખત્યાર પોલીસ કમીસનરની મંજુરી લેઇને ડીસ્ટ્રીકટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને આપવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

રકમ. ૧ લી—પોલીસ કમીસનરની મંજુરી લઇને જીલ્લાનો માજીસ્ટ્રેટ લખીને જે માણસને પોલીસ પટેલ નીમસે તેને સ્વાધીન દર એક ગામની પોલીસ રહેસે. અને જે માણસ મુલકી પટેલનુ કામ ચલાવતો હોય તેજ માણસને જીલ્લાના માજીસ્ટ્રેટે પોલીસ પટેલ નીમવો. પણ ગામ મોટું હોય તે સબબથી અથવા બીજા કાંઈ વાજબી સબબથી જુદી જુદી નીમણુકો કરવી યોગ્ય છે એવું પોલીસ કમીસનરની નજરમાં આવે તો મુલકી પટેલને પોલીસ પટેલ નીમવો નહી.

રકમ ૨ જી—નીમણુ કરતી વખતે સદરહુ માજીસ્ટ્રેટે "મુંબઇ પ્રેસીડેન્સીના તાબા માંહેલા દેસમાંના વતનના અમલદારોએ પોતાનો અમલ શી રીતે ચલાવવો તે રીત ઠરાવવા બાબત" સન ૧૮૪૩ નો ૧૧ મો આકટ છે તેના ઠરાવ ઉપર અને વંસપરંપરાના અમલદારોની (એટલે વતનદારોના) ચાકરી બાબત નીયમ ઠરાવવા વીશે બીજો કોઇ આકટ ચાલુ હોય તેના ઠરાવ લાગુ હોય તે પ્રમાણે તે ઠરાવ ઉપર બરાબર નજર રાખીને નીમણુક કરવી. પણ મુલકી પટેલનેજ પોલીસ પટેલ નીમ્યો નહી હોય અને તે કામ વારા ફરતી અથવા બીજી રીતે કરવા બાબત એક કરતાં વત્તા જણા દાવો કરે ત્યારે તેઓમાંથી જે વધારે લાયક હોય તેને નીમવા જીલ્લાના માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

રકમ ૩ જી—કોઇ શેહેરમાં અથવા જગાએ (ગામની પોલીસનું) કામ એક પોલીસ પટેલથી બરાબર રીતે ચલાવાતુ નહી હોય ત્યારે પોલીસ કમીશનરનું અનુમત લઇને તે શેહેરની અથવા જગાની જુદી જુદી તુકડી સારૂ જરૂર હોય તેટલા પોલીસ પટેલ નીમવાનો જીલ્લાના માજીસ્ટ્રેટને અધીકાર છે.

૯. પોલીસ પટેલ ઉપર જીલ્લાના માજીસ્ટ્રેટની હકુમત ચાલે છે તે શીવાય વળી જે માજીસ્ટ્રેટની હકુમતની હદની અંદર તેનું ગામ હોય તે માજીસ્ટ્રેટના હુકમ પ્રમાણે તેણે કામ કરવું અને તે માજીસ્ટ્રેટ જે પત્રકો અથવા ખબર માગે તે તેને તેણે આપવી અને ગુના બાબત તથા ગામની પોલીસને લગતાં સઘળાં કામ બાબત અને પોતાના ગામના લોકોની આરોગ્યતા તથા તેઓની સામાન્ય સ્થીતી કેવી છે તે બાબત હમેશાં ખ-

ખર આપ્યા કરવી. પોલીસ અમલદારો પોતાનું કામ કરવા સારૂ મદદ માગે તો પોલીસ પટેલે જેટલી થાય તેટલી મદત તેઓને કરવી. માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર પોલીસ પટેલની ઉપર જે હુકમ તથા વારંટ મોકલે તે હુકમ તથા વારંટ તાબડતોબ માથે ચઢાવીને અમલમાં લાવવા અને સુલેહ બાબત ખબર કાહાડીને ડીસ્ટરીક્ટ પોલીસને જાહેર કરવી. અને પોતાના ગામની હદમાં ગુના તથા લોકાપકારક કૃત્ય થતા અટકાવવાનો બંદોબસ્ત રાખવો અને ગુનેગારોને પકડી કાહાડી તેઓનો ઇનસાફ થવા સારૂ તેઓને મોકલવા.

૭. ગામના ચાકરનું ઘણું કરીને ગમે તે કામ હોય તોપણ સર્વની પાસે પોતાના કામમાં મદદ માગવાનો પોલીસ પટેલને અખીકાર છે અને પોલીસ પટેલને સઘળાં પત્રકો તથા પ્રોસીડીંગ લખીને તૈયાર કરી આપવાનું કામ ગામના વંશપરંપરાના અથવા નીમણુકી તલાટીનું છે એવું સમજવું.

૮. ચોરી નહી થાય તથા સુલેહનો ભંગ નહી થાય તથા સઘળા લોકોને તથા ગામના લોકોને ઈજા થાય તેવાં કામો નહી થાય તેવો બને તેટલો બંદોબસ્ત રાખવા સારૂ ગામના ચાકર લોકોની વ્યવસ્થા પોલીસ પટેલે કરવી અને તે ચાકર લોકોમાંથી કોઇ માણસ ગેર રીતે ચાલે અથવા બપરવાઇ કરે તો તે સઘળી વાત પોલીસ પટેલ જે માજીસ્ત્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ત્રેટને તેણે જાહેર કરવી.

૯. પોલીસ પટેલ અથવા પોલીસનું કામ પડે ત્યારે ગામના ચાકરોમાંથી જે માણસને તે કામ કરવું પડે તે માણસ પોલીસનું કામ કરવામાં ગફલત અથવા આળસ કરશે તો ફુલપાવર માજીસ્ત્રેટના હુકમથી તે માણસ પોતાના ત્રણ મહીનાના પગારની સરાસરી જેટલા રૂપીયા સુધી દંડને લાયક થશે. વલી શીક્ષા કરવા લાયક કાંઇ કામ પોતે જે રીતે ચાલવુ જોઇએ તેથી ઉલટી રીતે ચાલીને પોલીસ પટેલ કરશે અથવા કાનુન તોડશે અથવા બીજે પ્રકારે ગેરરીતે ચાલશે અથવા ગુનો કરશે તો તેને બરતરફ કરવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે અથવા હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે સરકારી નોકરની પેઠે તેની ઉપર કામ ચલાવીને તેને

શીક્ષા કરી શકાશે અને ગુનો સાબીત થશે ત્યારે તે અગતરદ થવાને લાયક થશે પણ એવું ઠરાવ્યું છે કે પટેલના દરજાબના કોઈ માણસને પોલીસ કમીસનરની મંજુરી વગર આ કલમ પ્રમાણે બરતરફ કરવો નહી.

૧૦. ગામની હદમાં ગુનો કરીને ગુનેગાર નાશી ગયો હોય અથવા માલમ પડતો નહીં હોય તો પોલીસ પટેલે પોતાનુ ગામ જે ડીસ્ટરીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણાના અમલદારને તાબડતોબ ખબર મોકલવી. અને પોતાની જાતે ચોકશી કરવા માંડવી અને તે બાબત જે પુરાવો મળે તે લેઈને સદરહુ અમલદારની પાસે તેણે મોકલવો.

૧૧. રકમ ૧ લી—ગામની હદમાં કોઈ માણુસ કમોતે અથવા આકસ્માત મરણ પામે અથવા કોઇનુ મુડદુ જડે તો પોલીસ પટેલે તે ગામના અથવા આસપાસના બે અથવા વત્તા હુશીયાર માણસોને પંચાતનામુ કરવા સારૂ તાબડતોબ બોલાવીને એકઠા કરવા પછી તે માણસોએ મરણના કારણની તથા તેને લગતી સઘળી હકીકતની ચોકશી કરીને લખેલો રીપોર્ટ કરવો. તે રીપોર્ટ પોલીસ પટેલે તે ગામ જે ડીસ્ટરીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણુ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને તુરત પોચતો કરવો.

રકમ ૨ જી—પોલીસ પટેલ કોઇ માણસને સદરહુ પ્રકારની પંચાતમાં બેસવાનુ કહે તે માણસ વ્યાજબી કારણ વગર પંચાતમાં બેસવાની ના કહેશે અથવા ગફલત કરશે તો તે ગુનો તેની ઉપર માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી તે ઘણામાં ઘણા પચાસ રૂપીયા સુધી દંડને અથવા દંડ નહી આપશે તો એક મહીના સુધી કેદની સજાને લાયક થશે.

રકમ ૩ જી—કાયદા વીરૂદ્ધ રીતે મરણ થયુ છે એવું પંચાતનામાની હકીકત ઉપરથી જણાય તો પોતાનુ ગામ જે ડીસ્ટરીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણુ જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને પોલીસ પટેલે તાબડતોબ સુચના કરવી. અને મોકલતાં રસ્તામાં મુડદુ કોહી જવાની ધાસ્તી નહી હોય તો પાસેના સીવાલ સરજનની પાસે અથવા એવે પ્રસંગે મુડદાં તપાસવાને વૈદક ખાતાના જે અમલદારને સ-

રકારે નીમ્યો હોય તેની પાસે તે મુડદુ તુરત મોકલી દેવું. પછી તે સીવીલ સરજને અથવા વૈદકખાતાના બીજા અમલદારે મરણનું કારણ શોધી કાહાડવાનો પ્રયત્ન કરવો મુડદુ મોકલશુ તો તે કોહી જશે અને તેની તપાસ કરવાથી કાંઈ ફાયદો થશે નહી અને ભિજાટો ધોકો પોહોચશે એવા સબબથી પોલીસ પટેલથી મુડદુ મોકલી શકાતુ નહી હોય ત્યારે જે ડીસ્ટરીકટ પોલીસ થાણાની હદમાં પોતાનું ગામ હોય તે થાણુ જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે અમલદાર અને તેણે પોતાના તાબામાંના અમલદારોમાંથી કોઇ અમલદારને મોકલ્યો હોય તે અમલદાર અથવા માજીસ્ટ્રેટ તે મુડદુ બાળવાનો અથવા દાટવાનો હુકમ આપે ત્યાંહાં સુધી પોલીસ પટેલે તે મુડદુ બાળવાની અથવા દાટવાની રજા આપવી નહી.

૧૨. રકમ ૧ લી—પોતાના ગામના ફલાણા માણસે મોહોટો ગુન્હો કરયો છે એવુ માનવાનો સબબ હોય તો તેને પોલીસ પટેલે પકડવો અને પુરાવાના કામમાં આવે તેવી જે જણસો હોય તે જણસો સુધાં તે માણસને પોતાનુ ગામ જે પોલીસ થાણાની હદમાં હોય તે થાણુ જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે પોલીસ અમલદારની પાસે મોકલવો.

રકમ ૨ જી—ઉપર કહ્યા પ્રમાણે પકડેલા માણસને ૨૪ કલાકની અંદર જે ડીસ્ટરીકટ પોલીસ થાણાની હદમાં પોતાનુ ગામ હોય તે થાણામાં મોકલવુ.

૧૩. રકમ ૧ લી—જે મુકદમામાં સીક્ષા કરવાનો પોતાને અધીકાર નહી હોય તે મુકદમાની પોતાના કામના સબબથી પોલીસ પટેલને ચોકસી કરવી પડે તે કરતી વખતે સાહેદીને બોલાવીને તેઓને પુછવાનો તથા તેઓની પાસે સત્ય સ્મરણ પુર્વક પ્રતીજ્ઞા કરાવીને તેઓની જુબાની લેવાનો અધીકાર અને સંતાડેલી જણસોને માટે ઝાડો લેવાનો અધીકાર પોલીસ પટેલને છે. પણ રહેવાનો ઘરનો ઝાડો ઘણીજ અગત્ય નહી હોયં તો પોલીસ પટેલે સુરજ આથમે ત્યારથી તે સુરજ ઉગે ત્યાંહાં સુધી લેવો નહીં.

રકમ ૨ જી—ઝાડો લેવા સારૂ અથવા ફલાણુ માણુસ ગુન્હેગાર છે એવુ લાગતુ હોય તે માણુસનો પીછો લેવા સારૂ બીજા ગામની હદમાં

જાઇને કામ કરવાનો પણ અધીકાર પોલીસ પટેલને છે પણ તે બાબત તેણે તે ગામના પોલીસને તાબડતોબ ખબર કરવી. અને તે ગામના પટેલે થાય તેટલી તેને મદદ કરવી અને ઝાડા લેવાનુ અથવા પાછળ દોડવાનુ કામ ચલાવવાનો જોખમ તે બીજા ગામના પટેલને માથે છે.

૧૪. પોતાના ગામની હદમાં હલકી મારામારી અથવા ગાળાગાળી કરવાનું કોઇ માણુસ ઉપર તોહોમત આવ્યું હોય તો તેનો ઇનસાફ કરવાનો અને ગુન્હો સાબીત થાય તો તેને ઘણામાં ઘણા ૨૪ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો પોલીસ પંટેલને અખત્યાર છે. પણ ગુન્હો થયા પછી આઠ દીવસમાં ફરીયાદ થવી જોઇએ.

૧૫. જે ગામના તમે પોલીસ પટેલ છો તે ગામની હદમાં હેઠળ લખેલા ગુન્હાઓમાંથી હરકંઈ ગુન્હાનુ એટલે ચોરીના માલની આંકેલી કીંમત બે રૂપીયા ઉપર નહીં હોય તેવી હલકી ચોરીનુ અથવા અપક્રીયાથી થયેલુ નુકશાન બે રૂપીયા કરતાં વત્તા રૂપીયાનુ નહી હોય તેવી અપક્રીયા કીધાનુ અથવા તમે પોતાની જાતે કાયદાસર હુકમ આપ્યો હોય તે હુકમને હરકત કરવાનુ અથવા તે હુકમ માનવાની ના કહેવાનુ તોહોમત કોઇ માણુસ ઉપર આવે તો તેનો ઇનસાફ તમોએ કરવો એવી સનંદ પોલીસ પટેલનુ કામ કરનારા માણુસને આપવાનો અધીકાર હુકમ લખીને જીલ્લાના માજીસ્ટ્રેટને આપવાને પોલીસ કમીસનર મુખત્યાર છે.

રકમ ૨ જી—અને ઉપર કહેલા કામોમાંનુ હરકંઇ કામ કરવાનું સાબીતી પોતાની આગળ જે માણુસ ઉપર થશે તેને પાંચ રૂપીયા સુધી દંડ કરવો અથવા ઘણામાં ઘણા અડતાળીસ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો અધીકાર સદરહુ પ્રમાણે જે પોલીસ પટેલને અખત્યાર મળ્યો હોય તે પટેલને છે. કાયદાસર હુકમને હરકત કરી હોય અથવા તે પ્રમાણે ચાલવાને ના કહી હોય તે પ્રસંગે દંડ નહી આપે તોજ કેદ કરવો.

૧૬. પોલીસ પટેલને ૧૫ મી કલમની ૧ લી રકમ પ્રમાણે અખત્યાર આપવામાં આવશે ત્યારે અને જ્યાંહાં સુધી તેને તે અખત્યાર હશે ત્યાંહાં સુધી તેને હેઠળ લખેલો અધીકાર પણ છે એવુ સમજવુ. એટલે હેઠળ લખેલુ હરકંઈ બેઅદાપકારક કૃત્ય અથવા બેઢંગુ કામ કોઈ માણુસ

કરશે તો તેને એક રૂપીઆ સુધી દંડ કરવાનો અથવા દંડ નહી આપશે તો ગામને ચોરે ઘણામાં ઘણા બાર કલાક સુધી કેદ રાખવાનો અધીકાર અને સદરહુ લોકાપકારક કૃત્ય અથવા બેઢંગુ કામ કરવાનુ જારી રાખવાની અથવા ફરીથી કરવાની મના કરવાનો પોલીસ પટેલને અધીકાર છે એવુ સમજવુ

૧. કોઈ માણુસ કોઈ જનાવરને મનમાં આવે તેમ અતીચારથી અથવા નિર્દયપણે બાળશે અથવા તેનો ગેરઉપયોગ કરશે અથવા તેનો ઉપર જુલમ કરશે તે.

૨. સર્વજનીક કુવો અથવા તળાવ અથવા હોદ જે કામ સારૂ નીમ્યો હોય તે તે કામમાં ઓછો ઉપયોગી પડે તેવી રીતે તેમાં કોઇ માણસ નહાસે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે અથવા ખરાબ કરાવશે તે.

૩. કોઇ માણસ મના કરેલી જગોએ કચરો અથવા એજવાડ કે પુંજો મુકશે તે.

૪. કોઈ માણસ હરકોઇ સાર્વજનીક રસ્તામાં અથવા મોહોલ્લામાં અથવા મારગમાં અથવા રાહદારીની જગોએ ઝાડો પીશાબ કરીને ગંદકી કરશે અથવા દારૂ વીગેરે પીને તોફાન અથવા મસ્તી કરશે અથવા પોતાનાથી પોતાની સંભાળ નહી થાય તેવો થઇ જશે તે.

૫. પાસે રહેનારાઓને અથવા આવનારજનાર લોકોને કંટાળો આવે તે રીતે ટાંકીમાં ઉકરડામાં અથવા તેવાજ બીજા કશામાં કોઇ માણસ ગોજો પદાર્થ પાકા કારણ વગર જાણી જોઇને એકઠો થવા દેશે અથવા કોઇ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા તબેલામાંથી અથવા સંડાસમાંથી અથવા તેવા બીજા કશામાંથી લોકોને આવવા જવાની જગોએ ગોજો પદાર્થ પાકા કારણ વગર જાણી જોઇને વેહેવા દેશે અથવા જે તળાવ અથવા હોદ પાણી પીવા સારૂ નાંખ્યો હોય તેમાં ચોમાસામાં જે વેળાએ પાણી આવતુ હોય તે વેળામાં મુવેલુ જાનવર નાખ્યાથી લોકોને ઉપદ્રવ થાય તે જગોએ નાખશે તે.

૧૭. (આ આક્ટની) ૧૪ મી ૧૫ મી અને ૧૬ મી કલમ પ્રમાણે કામ ચલાવવુ હોય તે પક્ષકારોના દેખતાં મોહોડે ચલાવવુ અને ગુન્હો સાબીત થવાનુ દફતરમાં લખ્યા પેહેલાં ગમે તે વખતે ફરીઆદ કાહાડી નંખાવવાનો અધીકાર ફરીઆદ કરનારને છે પક્ષકારોના નામો તથા પોતાનો અભીપ્રાય તથા શીક્ષાનો ઠરાવ અથવા હુકમ અથવા ફરીઆદ કાહાડો નંખાવવાની વાત તથા કામ ચલાવ્યાની તારીખ પોલીસ પટેલે દફતરમાં લખવી અને જીલ્લાનો માજીસ્ટ્રેટ ફરમાવે તે નમુના પ્રમાણે તથા તે રસ્તે તથા તે વખતે દફતર (પોલીસ) પટેલ જે માજીસ્ટ્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માજીસ્ટ્રેટને તેને મોકલવુ.

૧૮. આ આકટની ૧૫ મી કલમ પ્રમાણે સનંદ આપી હેય તે સનંદ પોલીસ કમીશનરની મંજુરી લેઇને પછી હુકમ લખીને સઘળી અથવા થોડી ઘણી રદ કરવાને જીલ્લાનો માજીસ્ટ્રેટ મુખત્યાર છે.

૧૯. પોતાના ગામમાં જે બે વારશી માલ જડયો હોય તે સઘળો માલ અથવા સન ૧૮૬૭ ના મુંબાઇના ડીસ્ટરીકટ પોલીસ આકટના ઠરાવ પ્રમાણે પોતાને જે માલ આપ્યો હોય તે સઘળો માલ પોલીસ પટેલે પોતાને સ્વાધીન રાખવો અને પોલીસ પટેલ જે માજીસ્ટ્રેટના તાબામાં હોય તે માજીસ્ટ્રેટને રીપોર્ટ કરવો અને સદરહુ માજીસ્ટ્રેટ હુકમ કરે તે પ્રમાણે કરવુ પણ "ઢોરના અતીક્રમણ બાબત" સન ૧૮૫૭ નો ૩ જો આકટ છે તેમાં કહેલા પ્રકારનો જે માલ હોય તો તે આકટમાં કહ્યા પ્રમાણે પોલીસ પટેલે ચાલવું.

૨૦. આ આકટમાં જે ગુન્હા બાબત શીક્ષા ઠરાવી છે તે ગુન્હા બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આકટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરીઆદ કરવાની મના છે એવો આ આકટના કોઈ ઠરાવનો અર્થ કરવો નહી અથવા તેવા ગુન્હા બાબત આ આકટમાં શીક્ષા ઠરાવી છે તેથી બીજી કાંઇ જુદી અથવા વત્તી શીક્ષા બીજા કોઈ કાયદા ઉપરથી અથવા આ આકટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અર્થ કરવો નહી પણ એવું ઠરાવ્યું છે કે એકના એક ગુન્હા બાબત કોઇ માણસને બે વાર શીક્ષા થશે નહીં.

૨૧. પોલીસ પટેલ જરૂરીના કામને લીધે ગામમાંથી ગેરહાજર હોય તે સબબથી અથવા એકાએક માંદો પડયાથી અથવા બીજા કંઇ સબબથી તેનાથી પોતાનુ કામ નહી થાય ત્યારે તેણે પોતાનુ કામ પોતાનો કોઇ કુટંબી લાયક હોય તેને સોંપવું અથવા કોઇ કુટંબી લાયક નહી હોયતો બીજા કોઇ લાયક માણસને સોંપવું. અને પોતે જે માજીસ્ટ્રેટના પ્રત્યક્ષ તાબામાં હોય તે માણસને તે બાબત તાબડતોબ રીપોર્ટ કરવો અને જે માણસને કામ સોંપ્યું હોય તે માણસે પોલીસ પટેલનું કામ કરવું નહી એવો માજીસ્ટ્રેટને ત્યાંહાથી હુકમ આવે ત્યાંહાસુધી તેણે ગુન્હેગારનો ઇનસાફ કરીને શીક્ષા કરવાના કામ શીવાય પોલીસ પટેલનું સઘળું કામ કામ કરવું.

૨૨. આ આકટમાં "ડીસ્ટરીકટ પોલીસ થાણુ" આ શબ્દો લખ્યા છે તેમાં જે પોલીસ અમલદારને સ્વાધીન થાણુ હોય તે પોલીસ અમલદારના મુલકની હદમાંના ગામનો અથવા જગાનો સમાસ થાય છે એવું સમજવું.

૨૩. આ આકટ અથવા આ આકટનો કોઇ ભાગ જાહેરનામું છપાવીને સીંદ પ્રાંતને લાગુ કરવાને સરકાર મુખત્યાર છે. અને આકટ અથવા તેનો હરકોઇ ભાગ સદરહુ પ્રાંતને લાગુ કીધો હોય તે વખતે વખતે લાગુ નથી એવુ તેજ રીતે ઠરાવાને પણ સરકાર મુખત્યાર છે.

૨૪. આ આકટને "સન ૧૮૬૭ નો મુંબઇનો ગામની પોલીસનો આકટ" કહેવો.

# Act No. I of 1876.

## મુંબઇ ગવરનર ઇન કૌંસિલનો હેઠળ લખેલો આકટ સન ૧૮૭૬ ના જાન્યુઆરી મહિનાની ૧૨ મી તારીખે ગવરનર સાહેબે મંજુર કર્યો તથા સન ૧૮૭૬ ના માર્ચ મહિનાની ૧ લી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવાસારૂ છાપીને પ્રસિદ્ધ કર્યોછે.

### સન ૧૮૭૬ નો મુંબઇનો આકટ ૧ લો.

### સન ૧૮૬૭નો મુંબઇનો ૮મો આકટ સુધારવા બાબતનો આકટ.

ગેરચાલ ચાલવાનું કહેતા હોય તે બાબત ચોકશી ચાલતી હશે તે મુદ્દતમાં અથવા ગેરચાલ ચાલ્યા બદ્દલ શિક્ષા દાખલ પોલીસ પટેલને અથવા ગામની પોલીસના બીજા ચાકરને હુદ્દા ઉપરથી કાયદાસરરીતે સસ્પેન્ડ કરવાનો અધિકાર છે કે નહીં એ બાબત શક ઉત્પન્ન થયાછે, અને તે શક દૂર કરવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકું નામ.

૧. આ આકટને "મુંબઇનો ગામની પોલીસનો આકટ સુધારવા બાબતનો સન ૧૮૭૬ નો આકટ" કહેવો.

સન ૧૮૬૭ના મુંબઇના ૮મા આકટની ૯મી કલમને બદલે નવી કલમ દાખલ કરી.

૨. સન ૧૮૬૭ ના મુંબઇના ગામની પોલીસના આકટની નવમી કલમને બદલે હેઠળ લખેલી કલમ દાખલ કરવી. એટલે :—

"પોલીસ પટેલ અથવા ગામના ચાકરોમાંથી જે માણસ પોલીસનું કામ કરવા સારૂ બોલાવવાને પાત્ર હોય તે માણસ પોલીસનું કામ કરવામાં દુર્લક્ષ અથવા ગફલત કરશે તો પેહેલા વર્ગના હરકોઇ માજિસ્ટ્રેટના હુકમ ઉપરથી તેના હુદ્દાનાં વાર્ષિક વેતનનાં ઘણામાં ઘણા ચતુર્થાંશ જેટલી રકમ સુધી દંડને તે પાત્ર થશે.

કામની ગફલત વગેરે બાબત શિક્ષા.

સદરહૂ પ્રકારના માજિસ્ટ્રેટનાં મત્ત પ્રમાણે વત્તી શિક્ષા કરવા લાયક હોય એવી કર્તવ્યકર્મ વિરૂધ્ધ ચાલ ચાલ્યાનું અથવા કાનુન તોડયાનું. અથવા બીજી ગેરચાલ ચાલ્યાનું તોહમત તેની ઉપર (પોલીસપટેલ ઉપર અથવા ગામના ચાકરોમાંથી કોઇ માણુસ ઉપર) આવ્યું હશે તો તે તોહમતની ચોકશી ચાલતી હશે તે મુદ્દતમાં તેને હુદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અધિકાર તે માજિસ્ટ્રેટને છે. અને સદરહુ પ્રકારની ચોકસી પુરી થયા પછી હેઠળ લખેલી શિક્ષા કરવા લાયક ગેરચાલનો તે તકશીરવાર છે એવું સદરહુ માજિસ્ટ્રેટને લાગે તો ઘણામાં ઘણા છ મહિનાની બીજી મુદ્દત સુધી તેને હુદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા તેને બરતર્ફ કરવાનો અધિકાર તે માજિસ્ટ્રેટને છે. પણ એવું ઠરાવ્યું છે કે પટેલના દરજ્જાના કોઇ માણુસને પોલીસ કમિશનરની મંજુરી વગર આ કલમ પ્રમાણે બરતર્ફ કરવો નહીં."

મ્હોટી ગેરચાલ બાબત શિક્ષા.

સન ૧૮૬૭ના મુંબઇના ૮ મા આકટની ૯ મી કલમની આગલ નવી કલમ વધારવા બાબત.

ક. સદરહુ આકટની નવમી કલમની આગલ હેઠળ લખેલી કલમ દાખલ કરવી.

૯. અ. કોઇ પોલીસ પટેલ ઉપર અથવા ગામના ચાકરોમાંથી જે બીજા માણુસ ઉપર કાંઇ ગુન્હાનું તોહોમત આવ્યું હશે તે બાબત તેની ઉપર ફોજદારીમાં કામ ચાલવાની તેની પાત્રતાને ઉપરની છેલ્લી કલમમાંના કોઈ ઠરાવ ઉપરથી બાધ આવે છે એવું સમજવું નહીં.

ફોજદારીમાં કામ ચાલવાની પાત્રતાને બાધ આવતો નથી.

| | |
|---|---|
| ઇનસાફ ચાલતો હશે તે મુદતમાં તોહોમતદારને સસ્પેન્ડ કરવાનો અધિકાર છે. | "સદરહુ પ્રકારના જે કોઇ માણસ ઉપર સદરહુ પ્રકારનું હરકોઇ કામ ચાલતું હશે તેની ચોકશી તથા ઇનસાફ થતાં સુધી તેને સસ્પેન્ડ કરવાનો અધિકાર ૧ લા વર્ગના હરકોઇ માજિસ્ટ્રેટને છે." |

(True translation)

VENAYEK WASSOODEW,

Oriental Translator to Government.

# ( APPENDIX No. III. )

## ( સાહીત્ય નંબર ૩. )

## Bombay Act No. IV of 1887.

*( As modified up to 1902. )*

---

મુંબઇના ગવર્નર ઇન કૌંસિલ્લનો હેઠળ લખેલો આક્ટ સન ૧૮૮૭ના અકટોબર મહિનાની ૨૬ મી તારીખે ગવર્નર સાહેબે મંજુર કર્યો તથા સન ૧૮૮૭ના ડિસેંબર મહિનાની ૨૦ મી તારીખે ગવર્નર જનરલ સાહેબે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવાસારૂ છાપીને પ્રસિદ્ધ કર્યો છે:—

---

### સન ૧૮૮૭નો મુંબઇનો આક્ટ ૪ થો.

[ સન ૧૯૦૨ ના જુલાઈ મહિનાની ૧ લી તારીખ સુધી સુધાર્યો. ]

**મુંબઇ ઇલાકામાં જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો એકત્ર કરી સુધારવા બાબતનો આક્ટ.**

( આ આક્ટને હિંદુસ્તાનના ગવર્નર જનરલ સાહેબે આપેલી મંજુરી મુંબઇના ગવર્નર સાહેબે તારીખ ૫ મી જાનેવારી સન ૧૮૮૮ ને રોજ પ્રથમ પ્રસિધ્ધ કરી હતી. )

જે અર્થે મુંબઇ ઇલાકામાં જુગાર રમવાની મના કરવાં બાબતનો કાયદો એકત્ર કરી સુધારવો યોગ્ય છે, તે અર્થે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યુંછે:—

ટુંકું નામ. ૧. આ આક્ટને સને ૧૮૮૭ નો મુંબઇનો જુગાર રમવાની મના કરવા બાબતનો આક્ટ કહેવો.

તે મુંબઇ શહેરને, સાષ્ટીના ટાપુને, તથા સદર્હૂ શહેર તથા ટાપુ બહારના રેલવે સ્ટેશનનાં સઘળાં ઘરોને તથા સદર્હૂ પ્રકારનાં સ્ટેશનનાં ઘરોના કોઇપણ ભાગથી ત્રણ માઇલ કરતાં વધારે છેટે નહિ હશે એવી સઘળી જગાઓને લાગુ છે, અને મુંબઇ ઇલાકામાંની કોઇપણ સ્થાનિક હદને સદર્હૂ આકટના સઘળા અથવા કોઇપણ ઠરાવો, મુંબઇ સરકારી ગેઝીટમાં એકાદો હુકમ પ્રસિધ્ધ કરીને વખતે વખતે લાગુ પાડવાનો ગવર્નર ઇન્ કૌંસિલને અખત્યાર છે.

વ્યાપ્તિ.

ઉપર કહ્યા પ્રમાણે એકાદો હુકમ પ્રસિધ્ધ કરીને ગવર્નર ઇન્ કૌંસિલને આ કલમની રૂયે પોતે કરેલો કોઇપણ હુકમ વખતે વખતે રદ્દ કરવા અથવા ફેરવવાનો અધિકાર છે.

૨. સન ૧૮૯૫ના ૧૬મા આકટ ઉપરથી રદ્દ કરી.

"જુગાર રમવો" એમાં સટ્ટો કરવાનો સમાવેશ થાય છે.

૩. * આ આકટમાં "જુગાર રમવો" એ સંજ્ઞા જ્યારે જ્યારે આવતી હોય ત્યારે ત્યારે તેમાં સટ્ટો કરવો એ શબ્દોનો સમાવેશ થાયછે.

"જુગાર રમવાનાં સાધનો" ની વ્યાખ્યા.

* આ આકટમાં "જુગાર રમવાનાં સાધનો" એ સંજ્ઞામાં "જુગાર રમવાના વિષય" અથવા સાહિત્ય તરીકે વપરાતી કોઇપણ વસ્તુનો સમાવેશ થાયછે.

"જુગારના અખાડાની" વ્યાખ્યા.

જે કોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો જે માણસ ધણી હોય અથવા જે તેનો વહિવટ કરતો હોય અથવા જે તે વાપરતો હોય અથવા જેણે તે રાખી હોય તે માણસના ફાયદા સારૂ અથવા નફા સારૂ તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગાર રમવાના પાનાં અથવા પાસા અથવા મેજો અથવા બીજાં સાધનો રાખ્યાં હોય, અ-

---

* આ વ્યાખ્યા સન ૧૮૯૦ના ૧ લા આકટ ઉપરથી દાખલ કરી.

જેવાં જુગાર રમવાનાં પાનાં અથવા પાસા અથવા બેજે અથવા બીજાં સાધનો વપરાતાં હોય, તે ઘર અથવા ઓરડી અથવા જગા એવો અર્થ "જુગારનો અખાડો" એ શબ્દોનો આ આકટમાં થાય છે એમ સમજવું; પછી તે ફાયદો અથવા નફો તેને તે જુગારનાં સાધનો અથવા ઘર અથવા ઓરડી અથવા જગા વાપરવા બાબત ભાડા દાખલ મળતો હોય કે બીજી રીતે મળતો હોય તે વાતની ચિંતા નથી.

જુગારનો અખાડો રાખવા બાબત.

૪. (અ) કોઇપણ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી, અથવા તેનો વહિવટ કરનારો, અથવા તે વાપરનારો જુંગારના અખાડાના કામસારૂ તે કાહાડશે, અથવા રાખશે, અથવા, વાપરશે તેને,

(બ) સદહૂ પ્રકારનાં હરકોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો ધણી અથવા તેનો વહિવટ કરનારો ઉપર કહેલાં કારણસારૂ બીજા કોઇ માણસને તે ઘર અથવા ઓરડી અથવા જગા જાણીબુઝીને અથવા જાણીજોઇને કાહાડવા દેશે, અથવા તેનો વહિવટ કરવા દેશે અથવા તે રાખવા દેશે, અથવા તેનો ઉપયોગ કરવા દેશે તેને,

(ક) સદહૂ કારણસાર કહાડેલાં, વહિવટમાં લીધેલાં, રાખેલાં અથવા ઉપયોગમાં લીધેલાં સદરહુ પ્રકારનાં હરકોઇ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારના કામની સંભાળ અથવા વ્યવસ્થા જે રાખતો હશે અથવા તે કામ ચલાવવામાં કોઇ રીતે જે મદદ કરતો હશે તેને,

(ડ) સદહૂ પ્રકારનાં હરકોઇ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં આવજાવ કરનાર માણસો સાથે જુગાર રમવાસારૂ પૈસા જે માણસ ધીરશે અથવા પુરા પાડશે તેને,

પાંચશેં રૂપિયાસુધીના દંડની શિક્ષા થશે, અથવા ત્રણ મહિનાસુધીની કેદની શિક્ષા થશે.

જુગારના અખાડામાં જુગાર રમવા બાબત.

૫. પાને અથવા પાસે અથવા બોંદે અથવા જુગાર રમવાનાં બીજે સાધને કોઇપણ જુગારના અખાડામાં કોઈ માણસ રમતાં અથવા જુગાર રમતાં પકડાશે, અથવા કંઇપણ પૈસા સારૂ અથવા સરત સારૂ

અથવા વળતી સારૂ અથવા બીજી રીતે જુગાર રમવા સારૂ ત્યાંહાં હાજર હોઇને પકડાશે તો તેને બસેં રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અથવા એક મહિના સુધીની કેદની શિક્ષા થશે.

કોઇપણ જુગારનાં અખાડામાં જુગાર અથવા દાવ ચાલતો હશે તે વખતે ત્યાંહાં કોઇપણ માણસ પકડાશે તો, વિરૂદ્ધ સાબિતી થાય ત્યાંહાં સુધી તે જુગાર રમવા સારૂ ગયો હતો એવું અનુમાન કરવામાં આવશે.

જુગારના અખાડામાં પોલીસના અમલદારને પેસવાનો અધિકાર આપવાની સત્તા.

૬. મુંબઈ શેહેરમાં પોલીસ કમિશનરની આગળ અને બીજી જગાએ કોઇપણ ફર્સ્ટ ક્લાસ માજિસ્ટ્રેટની આગળ, અથવા જિલ્હાના પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની આગળ અથવા જે આસિસ્ટેન્ટ સુપ્રીન્ટેન્ડેન્ટને આ અર્થે સરકારથી અધિકાર મળ્યો હોય તે આસિસ્ટન્ટ સુપ્રીન્ટેન્ડેન્ટની આગળ ફલાણું ઘર અથવા ઓરડી અથવા જગા જુગારના અખાડા સારૂ વાપરવામાં આવે છે એવું માનવાનો સબબ છે એ રીતે કસમ ઉપર ફરિયાદ થયા ઉપરથી જે ચોકશી કરવાની જરૂર હોય તે ચોકશી કર્યા પછી તેવો શક આવવાનો વાજબી સબબ છે એવી તે પોલીસ કમિશનરની અથવા માજિસ્ટ્રેટની અથવા પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની અથવા આસિસ્ટન્ટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની ખાતરી થયા પછી હરકોઇ ઈનસ્પેક્ટરને અથવા ચીફ કાનસ્ટેબલથી ઉતરતો દરજ્જો જેનો ન હોય એવા પોલીસના બીજા વડા અમલદારને પોતાની નજરમાં આવશે ત્યારે પોતાની સહીનું વિશેષ વારંટ આપીને નીચે લખ્યા પ્રમાણે એટલે :—

(અ) સદરહૂ પ્રકારના કોઇપણ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જરૂર પડે તેટલા માણસોની મદદ લઇને રાત્રે અથવા દહાડે, અને જરૂર હોય તો જબરદસ્તીથી પેસવાનો, અને

(બ) ત્યાંહાં જે માણસો મળે તે, તે વખતે ખરેખર જુગાર રમતાં હોય કે નહિ હોય તોપણ તે સર્વને કેદ કરીને કોઈ માજિસ્ટ્રેટની આગળ લઇ જવાનો, અને

(ક) જે જુગાર રમવાનાં સાધનો, તથા પૈસા, તથા પૈસા બાબતનાં તારણ, તથા કીંમતી જનસો ત્યાંહાં જડે અને જેમનો જુગાર રમવા સારૂ ઉપયોગ કર્યો છે એવો અથવા તેવો ઉપયોગ કરવાનો ઇરાદો હતો એવો સંશય લાવવાનું વાજબી કારણ હોય તે સર્વે પકડવાનો, અને

અને જુગાર રમવાનાં સાધનો પકડવાનો અધિકાર આપવાની સત્તા.

(ડ) પોતે જે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં સદહૂ પ્રમાણે પેઠો હોય તેમાં જુગાર રમવાનાં સાધનો સંતાડયાં છે એવું માનવાનો સબબ હોય ત્યારે તે ઘરના અથવા ઓરડીના અથવા જગાના સઘળા ભાગોનો તથા તેમાં સદહૂ મુજબ પકડેલાં અથવા કેદ કરેલાં માણસોનો ઝાડો લેવાનો અને સદહૂ પ્રકારનો ઝાડો લેતાં જુગાર રમવાનાં સાધનો જડે તે સર્વ પકડીને કબજામાં લેવાનો,

અખત્યાર આપવાને સદહૂ કમીશનર અથવા માજિસ્ટ્રેટ અથવા આસિસ્ટંટ પોલીસ સુપરઇનટેંડેંટ મુખત્યાર છે.

૭. છેલી કલમના ઠરાવોની રૂયે વારંટ આપ્યું હોય તે ઉપરથી જે કોઇપણ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં પ્રવેશ કર્યો હોય તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં, અથવા તેમાં જે માણસો પકડાયા હોય તેમાંના કોઈપણ પાસે, કુશળતાની રમત વગરની બીજી કોઇપણ રમતમાં વપરાતાં હોય તેવાં કોઇપણ પાનાં અથવા પાસા અથવા જુગાર રમવાનો મેજ અથવા બોંદ અથવા પટ અથવા પાટિયું અથવા જુગાર રમવાનાં બીજાં સાધનો જડે ત્યારે માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદાર અથવા તે બંનેમાંના કોઇએ પણ આપેલી સત્તાની રૂયે વર્તનારે કોઇપણ માણસના દેખતાં ખરેખાત દાવ ચાલ્યો નહિ હોય તે પણ ઉલટું સાબિત નહિં થાય ત્યાંસુધી તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારનો અખાડો છે, અને તેમાં પકડાયલાં માણસો જુગાર રમવા સારૂ હાજર હતાં એવો પૂરાવો થાય છે એવું સમજવું.

જુગારનો અખાડો રાખવાનો અથવા જુગારના અખાડામાં જુગાર રમવાનો પુરાવો.

૮. જુગારનો અખાડો કાહાડવાનો, રાખવાનો અથવા વાપરવાનો ગુન્હો, અથવા તેમાં રમવાનો અથવા જુગાર રમવાનો ગુન્હો, અથવા જુગાર રમવા સારૂ તેમાં હાજર રેહેવાનો ગુન્હો કોઇ માણસ ઉપર સાબિત થાય એટલે તે ઘરમાં, અથવા તે ઘરમાં જે માણસો પકડાયા હોય તેઓની પાસે, જુગાર રમવાનાં સાધનો જડયાં હોય તે સર્વનો તાબડતોબ નાશ કરી નાખવાનો હુકમ કરવાનો અધિકાર ગુન્હો સાબિત કરનારા માજિસ્ટ્રેટને છે.

જુગારનો અખાડો રાખવાની અથવા જુગારના અખાડામાં જુગાર રમવાની સાબિતી થાય એટલે જુગાર રમવાનાં સાધનોનો નાશ કરી નાખવાનો અધિકાર છે.

અને વળી જુગાર રમવાનાં સાધન ન હોય તેવાં પકડેલાં પૈસા બાબતનાં તારણ બધાં અથવા તેમાંનાં કોઇપણ તથા પકડેલી બીજી જણસો બધી અથવા તેમાંની કોઇપણ વેચવી અને તેમાંથી ઉપજેલાં નાણાં, તેમાં પકડેલા સઘળા પૈસા સુધાંત સરકાર દાખલ કરવાં એવો હુકમ કરવાનો સદહૂ માજીસ્ટ્રેટને અધિકાર છે; અથવા, તેની નજરમાં આવે તો સદહૂ પ્રકારના ઉપજેલાં નાણાંનો તથા બીજા પૈસામાંનો કોઇપણ ભાગ તે ઉપર જે માણસનો હક જણાતો હોય તે માણસને અપાવવાનો હુકમ કરવાનો તેને અધિકાર છે.

૯. ૪ થી અને ૫ મી કલમોના ઠરાવોમાંના કોઇપણ ઠરાવ વિરૂદ્ધ કોઇપણ ગુન્હો કોઇ માણસ ઉપર ઠરાવવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે સાબિત કરવાની જરૂર નથી, એટલે, ગમે તે દાવ રમતાં કોઇ પણ માણસ પકડાય તે પૈસા સારૂ અથવા સરત સારૂ અથવા વળતી સારૂ રમતો હતો એવું સાબિત કરવાની જરૂર નથી.

ગુન્હો સાબિત કરવાનો પૈસા સારૂ રમવાનો પુરાવો કરવાની જરૂર નથી.

૧૦. આ આકટ વિરૂદ્ધ જુગાર રમવામાં જે માણસ સામેલ હોય તેની જુબાની સદહૂ પ્રમાણે જુગાર રમવા બાબત સાહેદની જુબાની પ્રમાણે માજિસ્ટ્રેટ જુગારના અખાડાના ધણીની ઉપરનાં અથવા રાખનારની ઉપરનાં અથવા તેના વહિવટનારની ઉપરનાં અથવા તે જુગારના અખાડાની

સામેલ હોય એવા માણસોને સાહેદી તરીકે તપાસવામાં આવે તેમના બચાવ બાબત.

સંભાળ અથવા બ્યવસ્થા જે રાખતો હોય તેની ઉપરનાં તોહોમતનો ઇનસાફ કરતી વખતે લેશે, અથવા માજીસ્ટ્રેટની રૂબરૂ લેવામાં આવશે; અને જુબાની આપતી વખતે તેને જે વાત પુછે તે સઘળી વાત તે માણસ પોતાની માહિતગારી પ્રમાણે ખરેખરી અને જેવી હકીકત બની હોય તેવી જાહેર કરશે અને તે ઉપરથી તેને માજિસ્ટ્રેટની પાસેથી તે વાત જાહેર કર્યા બાબતનો લખેલો દાખલો મળશે તો તે માણસે તે વખત પેહેલાં તે જુગાર સંબંધી જે કંઇ કર્યું હશે તે બાબત તેની ઉપર આ આક્ટ ઉપરથી કંઇ ફરિયાદ ચાલશે નહીં.

દંડનો ભાગ ખબર આપનારને આપવા બાબત.

૧૧. ૪ થી અથવા ૫ મી કલમ પ્રમાણે જે દંડ વસુલ થાય તેના ચતુર્થાંશ સુધી તેનો ગમે તે ભાગ અથવા ૮ મી કલમની રૂએ પકડેલી જણસોનાં જે ઉપજેલાં નાણાં અથવા પકડેલા પૈસા સરકાર દાખલ થવાનો હુકમ થયેલો હોય તેનો કોઇપણ ભાગ ખબર આપનારને આપવાનો હુકમ કરવાનો અખત્યાર સદરહૂ ૪ થી અને ૫ મી કલમના ઠરાવ પ્રમાણે હરકોઇ મુકદમાનો ઇનસાફ કરનારા માજિસ્ટ્રેટને છે.

રાજમાર્ગમાં જુગાર રમવા બાબત તથા પક્ષી અને જનાવરો લડાવવા બાબત વારંટ શિવાય પકડવાની સત્તા.

૧૨. પોલીસ અમલદારને નિચે પ્રમાણે કરવાનો અધિકાર છે એટલે;

(અ) હરકોઈ રાજમાર્ગમાં અથવા જગામાં અથવા રાહદારીનાં ઠેકાણાંમાં કોઇપણ માણસ કુશળતાની રમત વગરની બીજી કોઈપણ રમતમાં વપરાતાં હોય તેવે પાને અથવા પાસે અથવા બોંદે અથવા જુગાર રમવાનાં બીજાં સાધને પૈસા સારૂ અથવા બીજી કીમતદાર વસ્તુ સારૂ જુગાર રમતા પકડાશે તેને;

(બ) હરકોઈ રાજમાર્ગમાં અથવા જગામાં અથવા રાહદારીનાં ઠેકાણાંમાં કોઇપણ પક્ષીઓ અથવા જનાવરો લડાવતાં કોઇપણ માણસ પકડાશે તેને;

(ક) સદરહૂ પ્રમાણે પક્ષીઓ તથા જનાવરો પ્રસિદ્ધપણે લડાવવામાં કોઇપણ માણસ હાજર રહીને મદદ અથવા સહાય કરતાં પકડાશે તેને;

વાંરંટ વગર પકડવાનો અધિકાર છે.

ગુન્હો સાબિત થયે સદરહૂ પ્રકારના કોઈપણ માણસને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે, અથવા એક મહિના સુધીની કેદની શિક્ષા થશે.

સાધનો જડે તે પકડવા અને તેનો નાશ કરવા બાબત.

અને સદરહૂ પ્રકારના રાજમાર્ગમાં અથવા જગામાં અથવા રાહદારીનાં ઠેકાણામાં અથવા જે માણસને સદરહૂ પ્રકારનો પોલીસનો અમલદાર પકડશે તેની પાસે જે પક્ષીઓ તથા જનાવરો તથા જુગાર રમવાનાં સાધનો જડશે તે સઘળાં પકડવાને તે અમલદાર મુખત્યાર છે અને ગુન્હેગારની ઉપર ગુન્હો સાબિત થાય એટલે તે સાધનોનો તાબડતોબ નાશ કરવાનો તથા સદરહૂ પક્ષીઓ તથા જનાવરોને વેચીને તેનાં ઉપજેલાં નાણાં સરકાર દાખલ કરવાનો હુકમ કરવાને માજિસ્ટ્રેટ મુખત્યાર છે.

કેવળ કુશળતાની રમતને આ આકટ લાગુ નથી.

૧૩. હરકોઈ જગાએ ફક્ત કુશળતાનીજ રમત રમાતી હોય તેને આ આકટનો કોઈ ઠરાવ લાગુ છે એવું સમજવું નહીં.

## પરિશિષ્ટ.

[ રદ કરેલા કાયદા. ]

**સને ૧૮૯૫ ના ૫ મા આકટ ઉપરથી રદ કર્યું.**

(True translation.)

Y. M. KELKAR,

Oriental Translator to Government.

## (APPENDIX No. IV).

## ( સાહીત્ય નંબર ૪ ).

### Act No. XI of 1890*.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇનકૌન્સીલનો હેઠળ લખેલો આક્ટ નામદાર ગવર્નર જનરલે સન ૧૮૯૦ ના માર્ચ મહિનાની ૨૧ મી તારીખે મંજુર કર્યો તે સર્વ લોકોને જાહેર થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે.

### સન ૧૮૯૦ નો આક્ટ નંબર ૧૧.*

### જનાવર તરફ થતું ઘાતકીપણું અટકાવવા બાબતનો આક્ટ.

જે અર્થે જનાવર તરફ થતું ઘાતકીપણું અટકાવવા સારૂ વધારે ઠ-

*નોટ—આ કાએદો જે કે જનાવર ઉપર ઘાતકીપણું અટકાવવાં બાબતનો છે તે નામદાર હિન્દુસ્થાન સરકારે પસાર કરેલો છે અને આખા હિન્દુસ્થાનને લાગુ છે; પરંતુ આ કાએદો કાઠીઆવાડ એજન્સીમાં કોઇ પ્રસીદ્ધ થએલાં ધારા અથવા ઠરાવથી લાગુ કરેલો નથી. કાઠીઆવાડમાં સરવ સંસ્થાન તથા એજન્સી તાબાના તાલુકાઓમાં જાનવર ઉપરનું થતું ઘાતકીપણું અટકાવવા સરકારે મંજુર કરી ધારા પસંદ કરેલાં છે તે આ ગ્રંથના પાને ૬૩ થી છાપેલાં છે તે જોવા વાંચવાથી વાકેફગારી મળશે. આ કાએદો આ ગ્રંથમાં સામીલ રાખ્યો છે તેનો બોધ એટલોજ છે કે તે વાંચવાથી આ પ્રકરણ ઉપર ગામના મુખીને તથા પટેલને વધારે માહીતગારી મળશે માટે સરવને વીનંતી કરવામાં આવે છે તે એ છે કે આ કાએદો તમને લાગુ છે એમ ગણી અમલ કરવાનો નથી એટલું ધ્યાનમાં રાખવું.

ગાવ કરવાનું યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છે:—

ટુંકું નામ, વ્યાપ્તિ અને શરૂઆત, તથા બીજા કાયદા રદ કરવા બાબત.

૧. (૧) આ આકટને સન ૧૮૯૦નો જનાવર તરફ થતું ઘાતકીપણું અટકાવવા બાબતનો આકટ કહેવો.

(૨) આ કલમ આખા બ્રિટિશ હિન્દુસ્તાનને લાગુ છે; અને સ્થાનિક સરકાર પોતાને યોગ્ય લાગે તેવા કોઇપણ સ્થાનિક ક્ષેત્રને આ આકટનો બાકીનો સઘળો અથવા કાંઇ ભાગ સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખે તથા તારીખથી લાગુ કરવાને મુખત્યાર છે.

(૩) જ્યારે આ આકટનો કોઇપણ ભાગ પેટા કલમ (૨)ની રૂયે એકાદા સ્થાનિક ક્ષેત્રને લાગુ કરવામાં આવ્યો હોય ત્યારે, જનાવર તરફ થતું ઘાતકીપણું અટકાવવા બાબતનો બીજો જે કોઇપણ કાયદો સદરહૂ ક્ષેત્રમાં અમલમાં હોય તે આખા કાયદાનો અથવા તેના કાંઇ ભાગનો અમલ, કરેલાં કાંઇપણ કૃત્ય સંબંધી અથવા કરવામાં આવેલા કોઇપણ ગુન્હા સંબંધીઅથવા થયેલા કોઇપણ દંડ અથવા ગુન્હેગારી સંબંધી અથવા શરૂ કરેલાં કોઇપણ કામ સંબંધી હોય તે શિવાયને પ્રસંગે, સદરહૂ ક્ષેત્રમાં બંધ પડશે એવો હુકમ સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે, અને તે ઉપરથી એવા આખા કાયદાનો અથવા એવા કોઇપણ ભાગનો અમલ, તે સ્થાનિક સરકાર એવું બીજું જાહેરનામું પ્રસિદ્ધ કરીને વિરૂદ્ધ હુકમ કરે નહીં ત્યાંસુધી એવી રીતબંધ રેહેશે.

(૪) પેટા કલમ (૨) અથવા પેટા કલમ (૩) મુજબ પ્રસિધ્ધ કરેલું જાહેરનામું રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે.

વ્યાખ્યા.

૨. વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો, આ આકટમાં—

(૧) "જનાવર" એ શબ્દનો અર્થ પાળેલું અથવા પકડેલું કોઇપણ જનાવર એવો થાય છે; અને

(૨) "રસ્તો" એ શબ્દમાં લોકોને જવા આવવાની છુટ હોય એવા સહદારીના અથવા બીનસહદારીના કોઇપણ માર્ગનો, સડકનો, ગલીનો, ચોકનો, આંગણાનો, અલી (બાગ માંહેના રસ્તા)નો, વાટનો અથવા ઉઘાડી જગાનો, સમાસ થાય છે.

સાર્વજનિક જગામાં જનાવર તરફ ઘાતકીપણું ગુજારવા બદલ તથા વિનાકારણ ઘાતકીપણે મારી નાંખેલાં જનાવરોને એવી જગામાં વેચવા બદલ શિક્ષા.

૩. જો કોઇપણ શખસ, કોઇપણ રસ્તામાં અથવા લોકોને જવા આવવાની છુટ હોય એવી બીજી કોઇપણ ઉઘાડી અથવા બંધ કરેલી જગામાં, અથવા કોઇપણ રસ્તામાંના અથવા એવી બીજી કોઇપણ જગામાંના માણસની નજરે પડે એવે ઠેકાણે,—

(અ) કોઇપણ જનાવરને ઘાતકી રીતે અને વીનાકારણે મારે, ગજા ઉપરાંત હાંકે, ગજા ઉપરાંત બોજો લાધે અથવા બીજી રીતે દુ:ખ દે, અથવા

(બ) જનાવરને વીનાકારણ વેદના અથવા દુ:ખ થાય એવી રીતે અથવા એવી સ્થિતિમાં તેને બાંધે અથવા લઇ જાય, અથવા

(ક) અંગ છેદન થવાને લીધે, ભુખે મારવાને લીધે અથવા બીજી કોઇ ઘાતકી વર્તણુંકને લીધે પીડા પામનાર કોઈપણ જીવતા જનાવરને અથવા વીનાકારણ ઘાતકીપણે મારી નાંખેલું છે એમ માનવાને પોતાને કારણ હોય એવા કોઈપણ જનાવરને વેચવા માટે કાઢે, અથવા મુકે, અથવા પોતાના કબજામાં રાખે,

તો તે શખસને એકસો રૂપીયા સુધીના દંડની, અથવા ૩ મહિના સુધીની કેદની અથવા એ બન્નેની શિક્ષા થશે.

૪. જો કોઇપણ શખસ કોઇપણ ગાયઉપર ફુકા નામની ક્રિયા કરશે તો તે શખસને એકસો રૂપિયા સુધીના દંડની અથવા ૩ મહિના સુધીની કેદની અથવા એ બન્નેની શિક્ષા થશે.

ફુકા કરવા બદલ શિક્ષા.

૫. જો કોઇપણ શખસ કોઇપણ જનાવરને વીનાકારણ ઘાતકીપણે મારી નાંખશે તો તેને બસો રૂપીયા સુધીના દંડની, અથવા ૬ મહિના સુધીની કેદની, અથવા એ બન્નેની શિક્ષા થશે.

કોઇપણ ઠેકાણે વીનાકારણ ઘાતકીપણે જનાવર મારી નાંખવા બદલ શિક્ષા.

૬. (૧) કોઇપણ રોગને લીધે, અશકિતને લીધે, જખમને લીધે, ચાંદાને લીધે અથવા બીજાં કારણને લીધે કાંઇ પણ કામમાં અથવા મેહેનતમાં લગાડવાને અયોગ્ય હોય એવા કોઇપણ જનાવરને જે કોઇપણ શખસ એવા કામમાં અથવા મેહેનતમાં લગાડશે અથવા એવું જે કોઇપણ અયોગ્ય જનાવર પોતાના કબજામાં અથવા તાબામાં હોય તેને એવા કામમાં અથવા મેહેનતમાં લગાડવા દેશે તેને એકસો રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે.

મેહેનત કરવાને અયોગ્ય હોય એવાં જનાવરને કોઇપણ ઠેકાણે કામે લગાડવા બદલ શિક્ષા.

(૨) સ્થાનિક સરકાર, સામાન્ય અથવા વિશેષ હુકમથી, પેટા કલમ (૧) વિરૂધ્ધના ગુન્હા જે જે જનાવરના સંબંધમાં થયા હોય તે તે જનાવરને ઓષધોપચાર કરવા સારૂ તથા તેમની સંભાળ લેવા સારૂ અમુક જગા ઇસ્પીતાલ તરીકે નિમી આપવાને મુખત્યાર છે.

(૩) જે માજિસ્ટ્રેટની રૂબરૂ સદરહૂ પ્રકારના ગુન્હા બદલ ફોજદારીમાં કામ માંડયું હોય તે માજિસ્ટ્રેટને નિચે પ્રમાણે ફરમાવવાનો અધિકાર છે, એટલે જે જનાવરના સબંધમાં સદરહૂ ગુન્હો થયો છે એમ કહેવાતું હોય અથવા સાબિત થયું હોય તે જનાવરને ઓષધોપચાર કરવા સારૂ તથા તેની સંભાળ લેવા સારૂ એવી ઇસ્પીતાલમાં મોકલવું અને તે

જે કામમાં અથવા મેહેનતમાં હરહમેશ વપરાતું હોય તે કામ અથવા મેહેનતસારૂ હવે યોગ્ય થયું છે એમ પોતાના અથવા બીજા કોઇ માજિસ્ટ્રેટના અભિપ્રાયમાં આવે નહીં ત્યાંસુધી તેને ત્યાં રાખી મુકવું.

(૪) જનાવર ઇસ્પીતાલમાં હોય ત્યારે તેને ઔષધોપચાર કર્યાનો, ખવડાવ્યાનો અથવા પાણી પાયાનો ખરચ તે જનાવરના ધણીએ, જિલ્હા માજિસ્ટ્રેટ અથવા, ઇલાકાના મુખ્ય શેહેરમાંની એવી ઇસ્પીતાલની બાબતમાં, પોલીસ કમિશનર વખતે વખતે ઠરાવે તે દર આપવો જોઇએ.

(૫) જો સદહૂ ધણી સદહૂ ખરચ આપવાની અને માજિસ્ટ્રેટ ઠરાવે તે મુદતમાં સદરહુ જનાવરને લઇ જવાની ના૰ પાડે અથવા ગફલત કરે, તો સદરહુ માજીસ્ટ્રેટ તે જનાવરને વેચવાનું અને વેચાણનું ઉત્પન્ન સદરહુ ખરચની રકમ અદા કરવામાં કામે લગાડવાનું ફરમાવવાને મુખત્યાર છે.

(૬) સદહૂ વેચાણના ઉત્પન્નમાંથી કાંઈ બાકી રહે તો તે, વેચાણની તારીખથી બે મહિનાની અંદર સદરહુ ધણીએ અરજ કરેથી તેને આપવું, પણ તે ધણી વેચાણનાં ઉત્પન્ન કરતાં વધારે રકમ આપવાને પાત્ર થશે નહીં.

૭. જો કોઈપણ શખસ જે જનાવરનો પોતે ધણી હોય તે જનાવરને ચેપી અથવા સંસર્ગીક રોગ થયો હોય ત્યારે તેને કોઇપણ રસ્તામાં જાણીબુજીને રખડવા દે, અથવા જે કોઇપણ રોગી અથવા નિર્બળ જનાવરનો પોતે ધણી હોય તેને કોઈ પણ રસ્તામાં વાજબી કારણ શિવાય મરવાદે, તો તે શખસને સો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

*રોગવાળા જનાવરને સાર્વજનિક જગામાં રખડવા અથવા મરવા દેવા બદલ શિક્ષા.*

૮. (૧). જો કોઇ પેહેલા વર્ગના માજિસ્ટ્રેટને, પેટા-તુકડીના માજિસ્ટ્રેટને, પોલીસ કમિશનરને અથવા ડિસ્ટ્રિકટ સુપ્રાન્ટેન્ડન્ટ આફ પોલીસને લેખી ખબર મળ્યા ઉપરથી તથા તેની નજરમાં જરૂર

*ઝાડો લેવાનું વારંટ.*

જણાય તેની ચોકશી કર્યા પછી એવું માનવાનું કારણ હોય કે અમુક જગામાં ચોથી, પાંચમી અથવા છઠી કલમ વિરૂદ્ધ ગુન્હો થાય છે, થવાની તૈયારીમાં છે અથવા થયો છે, તો સદરહુ જગામાં પોતે જાતે દાખલ થઇને તેનો ઝાડો લેવાને અથવા પોતાના વારંટથી કાન્સ્ટેબલના કર્તા ઊંચા દરજ્જાના કોઇપણ પોલીસ અમલદારને સદરહુ જગામાં દાખલ થઇને તેનો ઝાડો લેવાનો અધિકાર આપવાને મુખત્યાર છે.

(૨) સન ૧૮૮૨ ના ક્રિમિનલ પ્રોસીજર કોડની રૂએ લેવાના ઝાડા સંબંધી તે કોડના ઠરાવો પેટા-કલમ (૧) મુજબ લેવાના ઝાડાના સંબંધમાં જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી તે ઠરાવો લાગુ પડશે.

ફોજદારીમાં કામ ચલાવવાની મુદત.

૯. આ આક્ટ વિરૂધ્ધના ગુન્હા બદલ ફોજદારીમાં ચલાવવાનું કામ, એવો ગુન્હો થયાની તારીખથી ત્રણ મહિના વિત્યા પછી, માંડવું નહીં.

પીડાતાં જનાવરનો નાશ કરવા બાબત.

૧૦. કોઇપણ માજિસ્ટ્રેટને, પોલીસ કમિશનરને અથવા ડિસ્ટ્રિકટ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ પોલીસને એમ માનવાનું કારણ હોય કે અમુક જનાવરના સંબંધમાં આ આક્ટ વિરૂધ્ધ કાંઈ ગુન્હો થયો છે ત્યારે તેને, સદરહુ જનાવરની પીડા એવા પ્રકારની હોય કે તેનો તાબડતોબ નાશ કરવા વિશે હુકમ ફરમાવવાનું પોતાના વિચાર પ્રમાણે યોગ્ય હોય તો, તે પ્રમાણે ફરમાવવાનો અધિકાર છે.

ધર્મ સંબંધી વિધિ તથા રીવાજ બાબત અપવાદ.

૧૧. કોઇપણ કામ, પંથ, જાત અથવા વર્ગના લોકોના ધર્મથી અથવા ધર્મ સંબંધી વિધિ તથા રીવાજથી ફરમાવેલી રીતે કોઇપણ જનાવરને મારી નાંખવાનું કૃત્ય આ આક્ટ મુજબ ગુન્હો થાય છે એમ આ આક્ટના કોઇપણ મજકુરથી સમજવું નહીં.

૧૨. ૧ લી કલમમાં ગમે તે ઠરાવ હોય તોપણ, ગુન્હા બાબતની આ આકટની કોઇપણ કલમ વિદ્યમાનકાળે જે સ્થાનિક ક્ષેત્રમાં અમલમાં હોય તો દરેક સ્થાનિક ક્ષેત્રને ૯ મી, ૧૦ મી તથા ૧૨ મી કલમો લાગુ પડશે.

આ આકટની વ્યાપ્તિ સંબંધી ૧ લી કલમનો પૂર્વણી ઠરાવ.

(True Translation.)

Y. M. KELKAR,

Oriental Translator to Government.

# (APPENDIX No. V.)

## (સાહીત્ય નંબર ૫).

### THE CATTLE TRESPASS ACT (I OF 1871)

*(As amended up to January 1905)*

### સન ૧૮૭૧ નો આકટ ૧ લો.*

### સન ૧૮૭૧ નો ઢોરોનાં અતિક્રમણ બાબતનો આકટ.

ઇંડિયાના ગવર્નર જનરલ ઇન્ કૌન્સિલનો હેઠળ લખેલો આકટ ગવર્નર જનરલ સાહેબે સન ૧૮૭૧ ના જાન્યુઆરી મહિનાની ૧૩ મી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે.

ઢોરોનાં અતિક્રમણ બાબત કાયદા છે તે એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

( આ આકટમાં સન ૧૮૫૧ નો ૧ લો આકટ સામેલ કર્યો છે. )

ઉદ્દેશ.

ઢોરોનાં અતિક્રમણ બાબત કાયદા છે તે એકઠા કરીને સુધારવા યોગ્ય છે; વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

* આ કાએદો આ કાઠીઆવાડ એજન્સી તાબાનાં થાણાં સરકલનાં ગામોમાં લાગુ કરવામાં આવ્યો નથી તોપણ આ ગ્રંથમાં સાહિત્ય રૂપે પોલીસ અમલદારો તથા પોલીસપટેલ તથા ગામના મુખીઓને વાંચી વાકેફ થવાનાં કારણસર દાખલ કરવામાં આવ્યો છે. આ સંબંધમાં ડબા દંડ વીગેરે લેવા તથા ખાદ્ય ખરચ વીગેરે વસુલ કરવા સંબંધીનાં ધારા આ એજન્સીએ સરવ સંસ્થાન તથા તાલુકા માટે પસંદ કરી મંજુર કર્યાં છે તે આ ચોપડીનાં પાને ૩૦ થી ૩૩ માં છાપેલાં છે તે જોવાં.

## ભાગ ૧ લો.

### પ્રથમ નિયમો.

૧. (૧) આ આકટને "સન ૧૮૭૧ નો ઢોરોનાં અતિક્રમણ બા-બતનો આકટ" કેહેવો, અને

ટુંકું નામ તથા શરૂઆત.

(૨) તે, ઇલાકાનાં મુખ્ય શેહેરો શિવાય તથા સ્થાનિક સર-કાર સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને જે સ્થાનિક પ્રદેશને તે લાગુ નથી એમ વખતે વખતે ઠરાવે તે પ્રદેશ શિવાય આખા બ્રિટિશ ઇંડિયાને લાગુ છે.

(૩) સ્થાનિક સરકાર સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, પેટાકલમ (૨) ની રૂયે પ્રસિદ્ધ કરવામાં આવેલું કોઈ જાહેરનામું ગમે તે વખતે રદ્દ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને મુખત્યાર છે.

૨. આ આકટને જોડેલા પરિશિષ્ટમાં આકટો લખ્યા છે તે રદ્દ કર્યા છે.

આકટો રદ્દ કર્યા તે.

સદરહુ આકટો પછી ઠરેલા આકટોમાં સદરહુ આકટોમાંના કોઇ આકટ ઉપર હવાલા આપ્યા હોય તે આકટ ઉપર આપ્યા છે એમ સમજવું.

રદ્દ કરેલા આકટ ઉપર હવાલા આપ્યા હોય તે.

ઢોરોનાં અતિક્રમણ બાબત સન ૧૮૫૭ નો ૩ જો આકટ છે તે આકટ ઉપરથી જે ડબા કર્યા હોય તથા ડબાવાળા નિમ્યા હોય અને ગામો ઠરાવ્યાં હોય તે ડબા તથા ડબાવાળા અને ગામો આ આકટ ઉપ-રથી કર્યા તથા નિમ્યાં અને ઠરાવ્યાં છે એવું સમજવું.

૩. આ આકટમાં:—

અર્થની કલમ.

"પોલીસનો અમલદાર" આ શબ્દો લખ્યા છે તેમાં ગામના રખવાળાનો પણ સમાસ થાય છે.

"ઢોર" આ શબ્દ લખ્યો છે તેમાં હાથીઓનો, તથા ઉંટોનો તથા ભેંસોનો તથા ઘોડાઓનો તથા ઘોડીઓનો તથા ખાંસી કરેલા ઘોડાઓનો તથા તટ્ટુઓનો તથા વછેરાઓનો તથા વછેરીઓનો તથા ખચરોનો તથા ગધેડાંઓનો તથા ડુકરોનો તથા ઘેટાઓનો તથા મેંઢાઓનો તથા મેંઢીઓનો તથા ઘેટાનાં બચ્ચાંઓનો તથા બકરાંઓનો અને બકરીનાં બચ્ચાંઓનો સમાસ થાય છે એવું સમજવું, અને

'સ્થાનિક અધિકારી' આ શબ્દોનો અર્થ કોઇ નિર્દિષ્ઠ સ્થાનિક ક્ષેત્રમાં કોઇપણ બાબતનો નિબંધ તથા કારભાર કાયદા ઉપરથી, વિધમાનકાળે, માણસોની જે કોઇ મંડળીને સ્વાધીન કરેલો હશે તે માણસોની મંડળી, અને

'લોકલ ફંડ' આ શબ્દોનો અર્થ સ્થાનિક અધિકારીઓના નિબંધમાં અથવા વહિવટમાં જે કંઇ ફંડ હશે તે.

---

## બાબ ૨ જો.

### ડબા અને ડબાવાળા.

*ડબા કરવાં.*

૪. સ્થાનિક સરકારના સામાન્ય નિબંધ પ્રમાણે ડિસ્ટ્રિક્ટનો માજીસ્ટ્રેટ જે જગાએ ડબા કરવાનું વખતે વખતે ફરમાવે તે જગાએ ડબા કરવા.

ક્યાં ક્યાં ગામોએ ક્યાં ક્યાં ડબાનો ઉપયોગ કરવો તે ડિસ્ટ્રિક્ટના માજિસ્ટ્રેટે ઠરાવવું.

*ડબા કોહોના તાબામાં રહેશે.*

*ડબામાં ગોંધેલાં ઢોરને ચારપુંજો નીરવાના ખરચના દર.*

૫. ડબા ડિસ્ટ્રિક્ટના માજિસ્ટ્રેટના નિબંધમાં રેહેશે, અને ડબામાં ગોંધેલાં ઢોરોને ચારપુંજો નીરવાના તથા પાણી પાવાના ખરચના દર તેણે ઠરાવવા, અને વખતે વખતે તે દરમાં ફેરફાર કરવાનો તેને અધિકાર છે.

૬. ડિસ્ટ્રિક્ટના માજિસ્ટ્રેટે દરએક ડબાસારૂ ડબાવાળો નિમવો:

ડબાવાળાની નીમણુંક.

પણ એવું ઠરાવ્યું છે કે, મદ્રાસ ઇલાકામાં ગામનાં મુખીઓએ અને મુંબઇ ઇલાકામાં પોલીસ પટેલોએ અથવા જ્યાં પોલીસ પટેલ નહિ હોય ત્યાં ગામના મુખીએ પોતાના હોદ્દાના સબબથી ગામના ડબાવાળાનું કામ કરવું.

મદ્રાસમાં તથા મુંબઇમાં હોદ્દાના સબબથી ડબાવાળા.

માજિસ્ટ્રેટે જેને ડબાવાળો નિમ્યો હોય તે દરએક જણને કામ ઉપરથી મોકુફ અથવા બરતર્ફ કરવાને તે માજિસ્ટ્રેટ મુખત્યાર છે.

ડબાવાળાની મોકુફી અને બરતરફી.

હરકોઇ ડબાવાળાને સરકારના તાબામાં બીજી હરકોઇ ચાકરી કરવાનો અધિકાર છે.

ડબાવાળાઓને બીજી ચાકરી કરવાનો અધિકારછે.

દરએક ડબાવાળો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના અર્થ પ્રમાણે સરકારી નોકર છે એવું સમજવું.

ડબાવાળા સરકારી નોકર છે.

## ડબાવાળાઓનું કામ.

૭. સ્થાનિક સરકાર વખતે વખતે ફરમાવે તેવાં રજિસ્ટરો (એટલે નોંધો) રાખવી અને પત્રકો મોકલવાં.

રજિસ્ટરો રાખવાં અને પત્રકો મોકલવાં.

૮. જ્યારે ઢોરો ડબામાં આણે ત્યારે, ડબાવાળાએ પોતાનાં રજિસ્ટરમાં હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલે,—

પકડેલા ઢોરો નોંધવાં.

(અ) જનાવરોની સંખ્યા તથા વર્ણન.

(ખ) તેઓને સદરહુ પ્રમાણે આણ્યાની તારીખ તથા વખત.

(ક) પકડી લાવનારનું નામ તથા રેહેવાનું ઠેકાણું, અને

(ડ) માલમ હોય તો ધણીનું નામ તથા રેહેવાનું ઠેકાણું; એણી રિગતે મજકુર દાખલ કરવો,

અને રજિસ્ટરમાં દાખલ કરેલા મજકુરની નકલ પકડનારને અથવા મુખત્યારને આપવી.

ઢોર સ્વાધીન લઇને ચારપુંજો નિરવો.

૯. ડબાવાળાએ ઢોર પોતાને સ્વાધીન લઇને આ આકટમાં આગળ કહ્યું છે તે પ્રમાણે તેઓની વ્યવસ્થા થાય ત્યાંહાંસુધી તેમને ઘાસ પુંજો વગેરે નાખવો અને પાણી પાવું.

---

## બાબ ૩ જો.

### ઢોરોને ડબામાં ઘાલવાં.

જમીનનો બિગાડ કરનાર ઢોરો.

૧૦. હરકાંઇ જમીન ખેડનારો અથવા તેનો વહિવટ કરનારો.

અથવા હરકાંઇ જમીનના પાકનું અથવા ઉપજનું વાવેતર કરવા સારૂ જે માણસે નાણું ધીર્યું હોય તે માણસ, . .

અથવા સદરહુ પાક અથવા ઉપજ અથવા તેનો હરકાંઇ ભાગ વેચાતો લેનારો અથવા ઘરેણે રાખનારો,

સદરહુ પ્રકારની જમીનઉપર અતિક્રમણ કરીને તે જમીનનો અથવા તેના પાકનો અથવા ઉપજનો બિગાડ કરનારાં ઢોરને પકડવાને અથવા પકડાવવાને, અને જે ગામની તે જમીન હોય તે ગામને સારૂ કરેલા ડબામાં તે ઢોરોને ચોવીસ કલાકની અંદર મોકલવાને અથવા મોકલાવવાને મુખત્યાર છે.

ઢોરોને સદરહુ પ્રમાણે પકડવાની (અ) હરકત નહિ થવા બાબત

પકડવામાં પોલીસે મદદ કરવી.

અને ઢોરોને સદરહુ પ્રમાણે પકડનારાં માણસોની પાસેથી ઢોરો (બ) નહિ છોડાવવા બાબત મદદ માગે તો પોલીસના સઘળા અમલદારોએ મદદ કરવી.

૧૧. સાર્વજનિક રસ્તા તથા રમવાની જગા તથા વાડીઓ તથા નેહેરો તથા મોરીના કામો તથા બાંધો અને તેવાંજ બીજાં કામો જે માણુસોને સ્વાધીન હોય તે માણુસોને તથા પોલીસના અમલદારોને સદરહુ રસ્તા તથા જગા તથા વાડીઓ તથા નેહેરો તથા મોરીનાં કામો તથા બાંધો અને તેવાંજ બીજાં કામો અથવા સદરહુ રસ્તાની અથવા નેહેરની અથવા મોરીના કામની અથવા બાંધની બાજુ અથવા બાજુના ઢોળાવ બગાડનારાં ઢોરોને અથવા તે ઉપર અતિક્રમણ કરનારાં ઢોરોને પકડવાનો અથવા પકડાવવાનો અધિકાર છે,

સાર્વજનિક રસ્તાનું તથા નેહેરોનું તથા બાંધોનું નુકસાન કરનારાં ઢોરો.

અને તે ઢોરોને ચોવીસ કલાકની અંદર છેક પાસેના ડબામાં તેઓએ મોકલવાં જોઇયે અથવા મોકલાવવાં જોઇયે.

૧૨. ઉપર કહ્યા પ્રમાણે ડબામાં ગોંધેલાં દરએક ઢોરબાબત ડબાવાળાએ હેઠળ લખેલા પરિમાણુ પ્રમાણે દંડ લેવોઃ—

ડબામાં ગોંધેલાં ઢોરો બાબત દંડ.

હાથી.................................................બે રૂપિયા.

ઊંટ અથવા ભેંસ.............................આઠ આના.

ઘોડો અથવા ઘોડી અથવા ખાંસી કરેલો ઘોડો અથવા તટ્ટુ અથવા વછેરો અથવા વછેરી અથવા ખચર અથવા બળદ અથવા ગોધો (સાહાંડ) અથવા ગાય અથવા કલોડી.........ચાર „

વાછડો અથવા વાછડી અથવા ગધેડું અથવા ડુકર...બે „

ઘેટો અથવા મેંઢી અથવા મેંઢો અથવા ઘેટાનું
બચ્ચું અથવા બકરૂં અથવા બકરીનું બચ્ચું...એક ,,

પણ એવું ઠરાવ્યું છે કે, કોઇપણ ડિસ્ટ્રિક્ટના માજિસ્ટ્રેટના રીપોર્ટ ઉપરથી, અથવા કોઇ સ્થાનિક અધિકારીના લખાણ ઉપરથી સ્થાનિક સરકારને જ્યારે એવું માલુમ પડે કે, તે માજિસ્ટ્રેટની અથવા અધિકારીની હકુમત હેઠળના અથવા તેના તાબામાંના કોઇપણ સ્થાનિક ક્ષેત્રમાં ઢોરોને જમીન ઉપર અતિક્રમણ કરવા દઇ તેની અંદરના પાકને અથવા બીજાં ઉત્પન્નને તેઓની પાસે નુકસાન કરાવવું એ વાત સાધારણ થઇ પડીછે, ત્યારે તે સ્થાનિક સરકારને સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી એમ ફરમાવવાનો અધિકાર છે કે ફલાણી જાતનું જે જે ઢોર સદરહુ સ્થાનિક ક્ષેત્રની અંદર પકડીને ગોંધવામાં આવે તે તે ઢોરબદલ ડબાવાળાએ આટલો દંડ લેવો; માત્ર તે દંડ ઉપર આપેલા પરિમાણના બમણા કરતાં વધારે હોવો નહિ જોઈયે.

સદરહુ પ્રમાણે જે દંડ લીધો હોય તે સઘળો દંડ સ્થાનિક સરકાર વખતે વખતે ફરમાવે તે અમલદારની મારફતે ડિસ્ટ્રિક્ટના માજિસ્ટ્રેટ પાસે મોકલવો.

દંડની અને ઢોરોને ચારપુંજો નિરવાના તથા પાણી પાવાના ખરચના દરની યાદી દરએક ડબાઉપર અથવા ડબાં પાસે લોકોની નજરે સેહેજ પડે તેવે ઠેકાણે મારવી.

દંડની તથા ચારપુંજો નિરવાના ખરચની યાદી.

આ કલમના ૧ લા પારેગ્રાફના વિશેષ ઠરાવની રૂયે પ્રસિદ્ધ કરેલું કોઇ જાહેરનામું, સરકારી ગેઝીટમાં બીજું જાહેરનામું પ્રસિદ્ધ કરીને ગમે તે વખતે રદ્દ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો સ્થાનિક સરકારને અધિકાર છે.

## ભાગ ૪ થો.

### ઢોરો સ્વાધીન કરવાં અથવા તેઓનું લિલાંમ કરવું.

ધણી ઢોર બાબત દાવો કરે અને દંડ તથા ખરચ આપે તો કેમ કરવું.

૧૩. ડબામાં ઘાલેલાં ઢોરનો ધણી અથવા તેઓનો મુખત્યાર હાજર થઇને ઢોર વિશે દાવો કરે અને તે તો ઢોર બાબતનો દંડ તથા થયેલો ખરચ આપે એ-ટલે ડબાવાળાએ તે ઢોર તેને સ્વાધીન કરવાં.

ધણીએ અથવા તેના મુખત્યારે ઢોર પાછાં લેતી વખત તે બા-બત ડબાવાળાનાં રજિસ્ટરમાં પોંહોચ ઉપર સહી કરવી.

એક અઠવાડિયામાં ઢોર બાબત કોઇ દાવો ન કરે તો કેમ કરવું.

૧૪. ઢોર ડબામાં ઘાલ્યાની તારીખથી સાત દિવસની અંદર ઢોર બાબત કોઈ દાવા ન કરે તો ડબાવાળાએ છેક પાસેના પોલીસ થાણાના અમલદારને તે બાબત રિપોર્ટ કરવો અથવા તે કામ સારૂ ડિસ્ટ્રિકટના માજિસ્ટ્રેટે જે બીજો અમલદાર નીમ્યો હોય તેને રિપોર્ટ કરવો.

પછી તે અમલદારે પોતાની કચેરીનો જે ભાગ લોકોની દૃષ્ટીએ સેહેજ પડતો હોય તે ભાગમાં એક નોટીસ (એટલે સુચના) મારવી. તે નોટીસમાં હેઠળ લખેલો મજકુર લખવો એટલે—

(અ) ઢોરોની સંખ્યા તથા વર્ણન,

(બ) જે ઠેકાણે તે પકડયાં હોય તે ઠેકાણું,

(ક) જે ઠેકાણે તેઓને ગોંધ્યાં હોય તે ઠેકાણું એની વી-ગતે મજકુર લખવો.

અને ઢોરો પકડવાની જગા પાસે જે ગામ તથા બજાર હોય તે ગામમાં તથા બજારમાં ઢોંડી પીટાવવી.

નોટીસની તારીખથી સાત દિવસની અંદર ઢોર બાબત કોઇએ

દાવો ન કીધો તો ડિસ્ટ્રિક્ટના માજીસ્ટ્રેટે વખતે વખતે સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને જે જગા તથા વખત અને સરત ઠરાવી હોય તે જગાએ તે વખતે અને તે સરત પ્રમાણે તે અમલદારે તે ઢોર જાહેર લિલામ કરીને વેચવાં: અથવા એ કામ સારૂ, તે અમલદારની કચેરીમાંથી કામદાર મોકલ્યો હોય તેણે જાહેર લિલામ કરીને વેચવાં.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારનાં ઢોર ઉપર કહ્યા પ્રમાણે વેચતાં વાજબી કીંમત ઉપજે તેવું નથી એવો ડિસ્ટ્રિક્ટ માજિસ્ટ્રેટનો અભિપ્રાય હોય તો યોગ્ય જણાય તે રીતે તેણે તે ઢોરની વ્યવસ્થા કરવી.

ઢોરો કાયદાસર રીતે પકડયા બાબત ધણી તકરાર કરશે પણ અવેજ અનામત મુકશે તો ઢોરો તેને સ્વાધીન કરવાં.

૧૫. ધણી અથવા તેનો મુખત્યાર હાજર થશે અને ઢોરો પકડયાં તે વાત કાયદા વિરૂદ્ધ છે અને ૨૦ મી કલમ પ્રમાણે ધણી ફરિયાદ કરનાર છે, એવા સબબથી દંડ તથા ખરચ આપવાની ના કેહેશે તો ઢોરો બાબત થયલો દંડ તથા ખરચ તે અનામત મુકે એટલે ઢોર તેને સ્વાધીન કરવાં.

ધણી દંડ તથા ખરચ આપવાની ના કેહે અથવા નહિ આપે તો કેમ કરવું.

૧૬. ધણી અથવા તેનો મુખત્યાર હાજર થઇને સદરહુ દંડ તથા ખરચ આપવાની ના કેહે અથવા નહિ આપે અથવા ૧૫ મી કલમમાં કહેલ પ્રસંગે અનામત નહિ મુકે તો તે ઢોરો અથવા તેમાંથી જેટલાંની જરૂર હોય તેટલાં ૧૪ મી કલમમાં કહેલી જગાએ તથા વખતે અને સરત પ્રમાણે સદરહુ અમલદારે જાહેર લિલામ કરીને વેચવાં.

દંડ તથા ખરચ બાદ કરવો.

દંડ લેવો હોય તે તથા ઢોરોને ચારપુંજો નિરવાનો અને પાણી પાવાનો ખરચ અને વેચવાનો કાંઈ ખરચ થયો હોય તો તે ખરચ, વેચાણની ઉપજમાંથી બાદ કરવો.

બાકીનાં ઢોર તથા વેચાંણના અવેજમાંથી કાંઇ બાકી રહ્યું હોય તો તે તથા હેઠળ લખ્યા પ્રમાણે હિસાબ ધણીને અથવા તેના મુખત્યારને આપવો એટલે—

(અ) ઢોર કેટલાં પકડયાં તેનો,

(બ) કેટલી મુદ્દત સુધી તે ગોંધી મુક્યાં હતાં તે મુદ્દતનો,
(ક) દંડ અને ખરચ મળીને કેટલા રૂપિયા લેવા તેનો,
(ડ) કેટલાં ઢોરો વેચ્યાં તેનો,
(ઇ) લિલામની ઉપજનો, અને
(ફ) તે ઉપજની વ્યવસ્થા શી રીતે કરી તેનો હિસાબ આપવો.

સદરહુ પ્રકારનાં હિસાબ પ્રમાણે પોતાને સ્વાધીન ઢોર થાય તથા

પોહોંચ.

વેચાણના અવેજમાંથી કાંઇ અવેજ બાકી રહ્યો હોય અને પોતાને મળે તે બાબત ધણીએ અથવા તેના મુખત્યારે પોહોંચ આપવી.

દંડની તથા ખરચની અને વેચાણની ફાજલ ઉપજની વ્યવસ્થા.

૧૭. સદરહુ પ્રમાણે કાપી લીધેલો દંડ જે અમલદારે લિલામ કીધું હોય તે અમલદારે ડિસ્ટ્રિકટના માજિસ્ટ્રેટની પાસે મોકલવો.

ચારપુંજો નિરવાનો તથા પાણી પાવાનો ખરચ ૧૬ મી કલમ પ્રમાણે કાપી લીધો હોય તે ડબાવાળાને આપવો. ૧૩ મી કલમ પ્રમાણે સદરહુ પ્રકારના ખરચ બાબત જે રકમો ડબાવાળાને પોહોંચે તે સઘળી રકમો તેણે પોતાની પાસે રાખીને ખરચ કરવો.

ઢોરનાં લિલામની ફાજલ ઉપજ બાબત દાવો કર્યો નહિ હોય તે ડિસ્ટ્રિક્ટ માજિસ્ટ્રેટની પાસે મોકલવી. માજિસ્ટ્રેટે તે અવેજ ત્રણ મહિના સુધી અનામત રાખવો; અને તે મુદ્દતમાં તે અવેજ બાબત કોઈ દાવો કરીને સાબિત નહિ કરે તો મુદત પુરી થયા પછી આ આકટમાં આગળ કહ્યું છે તે પ્રમાણે માજિસ્ટ્રેટે તે અવેજની વ્યવસ્થા કરવી.

દંડ તથા વેચાણની જે ઉપજ બાબત દાવો કીધો નહિ હોય તે શામાં વાપરવી.

૧૮. દંડની તથા ઢોરનાં વેચાણની ઉપજ બાબત દાવો કર્યો નહિ હોય તે ઉપજના અવેજની રકમો આવે તેમાંથી—

(અ) સ્થાનિક સરકારના હુકમથી ડબાવાળાનો પગાર ઠરાવ્યો હોય તે આપવો.

(બ) ડબા બાંધવાનો તથા તેઓને ઠીકઠાક રાખવાનો ખરચ થાય તે અથવા આ આકટ અમલમાં લાવવા સંબંધી બીજાં કાંઇ કામ બાબત ખરચ થાય તે આપવો.

અને કાંઇ અવેજ ફાજલ રેહે તો તે સ્થાનિક સરકારના હુકમ પ્રમાણે રસ્તા તથા પુલો બાંધવામાં તથા તેઓની મરામત કરવામાં અને લોકોપયોગી બીજાં કામમાં ખરચવો.

આ આકટ પ્રમાણે લિલામ થાય તેમાંથી પોલીસ અમલદારે તથા ડબાવાળાએ ઢોર ખરીદ કરવાં નહિ.

૧૮. આ આકટ પ્રમાણે ઢોરનું લિલામ થાય ત્યારે પોલીસ અમલદારે અથવા આ આકટ પ્રમાણે નિમેલા બીજાં અમલદારે અથવા ડબાવાળાએ હસ્તે અથવા પરહસ્તે ઢોર ખરીદ કરવાં નહિ.

ડબામાં ઘાલેલું ઢોર ડબાવાળાએ ક્યારે છોડી મુકવું નહિ.

ડબામાં ઘાલેલું ઢોર છોડી મુકવાનો અથવા સ્વાધીન કરવાનો માજિસ્ટ્રેટે અથવા દિવાની કોર્ટે હુકમ કીધો નહિ હોય તો કોઇ ડબાવાળાએ તે ઢોર આ બાબના પેહેલાં ભાગમાં જે રીત કહી છે તે રીત શિવાય બીજી રીતે છોડી મુકવું નહિ.

અથવા સ્વાધીન કરવું નહિ.

---

## બાબ ૫ મો.

## ઢોરોને કાયદા વિરૂદ્ધ પકડયા બાબતની અથવા અટકાવી રાખ્યા બાબતની ફરિયાદ.

ફરિયાદ કરવાનો અધિકાર.

૨૦. જે કોઇપણ માણસનાં ઢોરો આ આકટની રૂએ પકડયાં હોય, અથવા એ પ્રમાણે પકડીને આ આકટની વિરૂધ્ધ અટકાવી રાખ્યાં હોય તે માણસને તે ઢોર પકડવા બાબત, પકડયાની તારીખથી દસ દિવસની અંદર ગમે તે વખતે ડિસ્ટ્રિકટના માજિસ્ટ્રેટને ત્યાં અથવા ડિસ્ટ્રિકટ માજિસ્ટ્રેટને ત્યાંથી ફરિયાદ આવ્યા વગર ફરિયાદ લઇને ઇનસાફ કરવાનો અધિકાર જે માજિસ્ટ્રેટને આપ્યો હોય તે માજિસ્ટ્રેટને ત્યાં ફરિયાદ કરવાનો અધિકાર છે.

૨૧. ફરિયાદ કરવી તે ફરિયાદ કરનારે પોતાની જાતે કરવી અથવા તે બાબતની હકીકતથી પોતાની જાતે વાકેફ-ગાર હોય એવા મુખત્યારે કરવી. તે મરજીમાં આવે તો લખીને કરવી, અથવા મુખજુબાનીએ કરવી. મુખજુબાનીએ ફરિયાદ થાય ત્યારે તે ફરિયાદની મતલબ માજિસ્ટ્રેટે લખી લેવી.

ફરિયાદ આવ્યા પછી કામ ચલાવવાની રીત.

ફરિયાદ કરનારની અથવા તેના મુખત્યારની જુબાની લીધા પછી ફરિયાદ વાજબી છે એવું માનવાનું, માજિસ્ટ્રેટને કારણ દેખાય તો જે માણસ ઉપર ફરિયાદ કરી હોય તેને તેણે સમન કરવો; અને મુકદ્દમાની ચોકશી કરવી.

૨૨. ઢોર પકડયાં કે અટકાવી રાખ્યાં તે વાત કાયદા વિરૂદ્ધ છે એવું ઠરે તો, તેઓને પકડયા બાબત કે અ-ટકાવી રાખ્યા બાબત ફરિયાદ કરનારને જે નુકસાન થયું હોય તે બદલ માજિસ્ટ્રેટને યોગ્ય જણાય તે પ્રમાણે તેણે ઢોર પકડનાર કે અ-ટકાવી રાખનાર પાસેથી ફરિયાદ કરનારને સો રૂપિયા સુધી નુકસાનીનો બદલો અપાવવો; અને ઢોર છોડાવવાનો ફરિયાદ કરનારને જે ખરચ થયો હોય તે સઘળો ખરચ અને તેણે જે દંડ ભર્યો હોય તે સઘળો દંડ પણ અપાવવો.

કાયદા વિરૂદ્ધ ઢોરો પ-કડયાં બાબતની અથવા અ-ટકાવી રાખ્યાં બાબતની નુ-કસાનીનો બદલો.

અને ઢોર છોડી મુકયાં નહિ હોય તો આવો નુકસાનીનો બદલો આપવાનો હુકમ કરીને વળી તે માજિસ્ટ્રેટે તે ઢોર છોડી મુકવાનો અને આ આકટ પ્રમાણે લેવાનો દંડ તથા ખરચ તે ઢોર પકડી લાવ-નારે અથવા અટકાવી રાખનારે આપવો એવો હુકમ કરવો.

ઢોર છોડી મુકવાં.

૨૩. ૨૨ મી કલમમાં કહેલો નુકસાનીનો બદલો તથા દંડ અને ખરચ માજિસ્ટ્રેટે દંડ કર્યો હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધિકાર છે.

નુકસાનીનો બદલો શી રીતે વસુલ કરવો.

## આક્ટ ૬ ઠ્ઠો.

### શિક્ષા.

ઢોર પકડવાનાં કામમાં જબરીથી હરકત કરશે, અથવા છોડાવશે તો શિક્ષા થશે.

૨૪. આ આક્ટ પ્રમાણે પકડવા લાયક જે ઢોરો હોય તે ઢોરો પકડવાનાં કામમાં કોઇ માણસ જબરીથી હરકત કરશે,

અથવા તે પકડયા પછી તેઓને ડબામાંથી અથવા જે માણસ તેઓને ડબામાં લઇ જતો હોય અથવા લઇજનાર હોય તે માણસની પાસેથી તે માણસ પાસે હોય ત્યારે અને આ આક્ટ ઉપરથી આપેલા અધિકાર પ્રમાણે કામ કરતો હોય ત્યારે છોડાવશે,

તેની ઉપર તે વાત માજિસ્ટ્રેટની આગળ સાબિત થશે તો ઘણામાં ઘણું ૭ મહિના સુધી કેદની સજા કરવી, અથવા પાંચસેં રૂપિયા સુધી દંડ કરવો અથવા એ બેઉ શિક્ષા કરવી.

ઢોરોની પાસે અતિક્રમણ કરાવીને બગાડ કરે તે બાબત દંડ વસુલ કરવો.

૨૫. આ પછીની એટલે ૨૬ મી કલમ મુજબ દંડ થયો હોય અથવા જમીન ઉપર ઢોરોની પાસે અતિક્રમણ કરાવીને બીગાડ કરવાના ગુન્હા બાબત દંડ થયો હોય તે દંડ જે ઢોરોએ અતિક્રમણ કર્યું હોય તે ઢોરો અથવા તેમાંના કેટલાંએક વેંચીને વસુલ કરી લેવાનો અધિકાર છે. પછી તે ઢોરો અતિક્રમણ કરતાં પકડાયાં હોય અથવા ન હોય તોપણ તે વાતની ચિંતા નથી. અને જે માણસ ઉપર ગુન્હો સાબિત થયો હોય તેનાં તે ઢોર હોય અથવા અતિક્રમણ થયુ ત્યારે તે ઢોર ફક્ત તેને સ્વાધીનજ હોય તોપણ તે વેંચવાનો અધિકાર છે.

જમીનનો અથવા પાકનો અથવા સાર્વજનિક રસ્તાનો ડુકર બિગાડ કરે તે બાબત શિક્ષા.

૨૬. કોઈ માણસ ડુકરનો ધણી અથવા રાખનારો હોય તો ગફલતથી અથવા બીજી રીતે કોઇ જમીન ઉપર અથવા પાક ઉપર અથવા જમીનની ઉપજ ઉપર અથવા હરકોઇ સાર્વજનિક રસ્તા ઉપર ડુકરોને અતિક્રમણ કરવા દઇને જમીનનો અથવા પાકનો અથવા જમીનની ઉપજનો અથવા સાર્વ-

જનિક રસ્તાનો બિગાડ કરશે, અથવા કરાવશે અથવા કરવા દેશે, તો તે વાત માજિસ્ટ્રેટની આગળ સાબિત થાય એટલે તેને દશ રૂપિયા સુધી દંડ કરવો.

સ્થાનિક સરકારને સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેમાં નિર્દિષ્ટ કરેલા કોઈપણ સ્થાનિક ક્ષેત્ર સંબંધી વખતે વખતે એવું ફરમાવવાનો અધિકાર છે કે આ કલમનો આગલો ભાગ કેવળ ડુક્કરોનેજ નહિ પણ સાધારણ રીતે સર્વ ઢોરોને અથવા સદરહુ જાહેરનામામાં લખેલા ફલાણી જાતના ઢોરોને જાણે લાગુ પડતો હોય એ પ્રમાણે અથવા તેમાનાં "દશ રૂપિયા" એ શબ્દોને બદલે જાણે "પચ્ચાસ રૂપિયા" આ શબ્દો દાખલ કર્યા હોય એ પ્રમાણે અથવાં તેમાં જાણે આ બન્ને ફેરફાર કર્યા હોય એ પ્રમાણે તે ભાગનો અર્થ કરવો.

સ્થાનિક સરકાર સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને આ કલમની રૂયે પ્રસિધ્ધ કરવામાં આવેલું કોઇ જાહેરનામું, ગમે તે વખતે રદ્દ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને મુખત્યાર છે.

ડબાવાળો પોતાનું કામ કરવાને ચુકશે તો તે બાબત શિક્ષા થશે.

૨૭. કોઇ ડબાવાળો ૧૯ મી કલમના ઠરાવ વિરૂધ્ધ ઢોર છોડી મુકશે અથવા ખરીદ કરશે અથવા બીજાને સ્વાધીન કરશે અથવા ડબામાં ઘાલેલાં ઢોરને જોઇએ તેટલો ચારપુંજો નાખશે નહિ અને પાણી પાશે નહિ અથવા જે કામો કરવાનું તેને આકટમાં કહ્યું છે તેમાંનું કાંઇ કામ કરવાને ચૂકશે તો તે બીજી કાંઇ શિક્ષાને લાયક હશે તે શિક્ષા શિવાય વળી તેને માજિસ્ટ્રેટની આગળ તેની ઉપર તે ગુન્હો સાબિત થાય તો પચાસ રૂપિયા સુધી દંડ કરવો.

ઉપર કહેલો દંડ ડબાવાળાના પગારમાંથી કાપી લેવાનો અધિકારછે.

૨૫ મી અથવા ૨૬ મી અથવા ૨૭ મી કલમ પ્રમાણે કરેલો દંડ શામાં વાપરવો.

૨૮. ૨૫ મી અથવા ૨૬ મી અથવા ૨૭ મી કલમ પ્રમાણે જે દંડ વસુલ થયો હોય તે સઘળો દંડ અને તેનો કાંઈ ભાગ ગુન્હો ઠરાવનારા માજિસ્ટ્રેટની ખાત્રી થાય તે રીતે સાબિત કરેલા તોટાનો અથવા નુકસાનનો બદલો આપવામાં વાપરવાનો અધિકાર છે.

## બાબ ૭ મો.

## નુકસાની ભરી લેવા બાબતની ફરિયાદો.

નુકસાની ભરી લેવાસારૂ દાવો કરવાનો હક કાયમ રાખ્યો છે.

૨૯. ઢોરે અતિક્રમણ કર્યાથી જે માણસની જમીનના પાકનો અથવા બીજી ઉપજનો બિગાડ થયો હોય તે માણસને હરકોઈ મુખત્યાર કોર્ટમાં નુકસાની ભરી લેવાસારૂ ફરિયાદ કરવાની આ આકટ માંહેના કોઇ ઠરાવ ઉપરથી મનાઇ છે એવું સમજવું નહિ.

મજરે આપવું.

૩૦. ગુન્હો ઠરાવનારા માજિસ્ટ્રેટના હુકમથી સદરહુ પ્રકારનાં કોઇ માણસને આ આકટ પ્રમાણે બદલો આપ્યો હોય તે સદરહુ પ્રકારના મુકદમામાં જેટલાં રૂપિયાનો દાવો કર્યો હોય અથવા જે રકમ તેને નુકસાનીના બદલામાં આપવાને ઠરાવી હોય તેમાં મજરે લઇને કાપી લેવો.

---

## બાબ ૮ મો.

## પુરવણી.

કેટલાંક કામ સ્થાનિક અધિકારીઓને આપવાનો અને ફાજલ ઉપજ લોકલફંડ ખાતે જમે કરવાનું ફરમાવવાને સ્થાનિક સરકારનો અધિકાર.

૩૧. સ્થાનિક સરકાર, સરકારી ગેઝીટમાં જાહેરનામાં પ્રસિધ્ધ કરીને વખતે વખતે હેઠળ લખ્યા પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે :—

(અ) તેઓ જે મુલકનો રાજ્યકારભાર ચલાવતા હશે તે મુલકના જે કોઇ ભાગમાં આ આકટ ચાલુ હશે તે ભાગના કોઇપણ સ્થાનિક અધિકારીને, તેની હુકમતને પાત્ર હોય તેવાં સ્થાનિક ક્ષેત્રમાં, આ આકટ મુજબનાં સ્થાનિક સરકારનાં અથવા જિલ્લા માજિસ્ટ્રેટનાં સઘળાં કામ અથવા તેઓ પૈકી કાંઇપણ કામ, આપવાને; અથવા

(બ) આ આક્ટની ૧૮ મી કલમ પ્રમાણે કોઇપણ જિલ્લામાં ફાજલ ઉપજ રહે તે સઘળી ઉપજ અથવા તેનો કંઇપણ ભાગ તે જિલ્લાનાં જે એક અથવા વધારે સ્થાનિક ક્ષેત્રો હોય તે અથવા તેઓ સારૂ જે લોકલ ફંડ અથવા લોકલ ફંડો ઉભા કરવામાં આવે તેને અથવા તેઓને ખાતે જમે કરવી એવું ફરમાવવાને,

મુખત્યાર છે.

અને સદરહુ સ્થાનિક સરકાર આ કલમની રૂયે પ્રસિધ્ધ કરેલું કોઇ જાહેરનામું, સરકારી ગેઝીટમાં બીજું જાહેરનામું પ્રસિધ્ધ કરીને ગમે તે વખતે રદ્દ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને મુખત્યાર છે.

## પરિશિષ્ટ.

( ૨ જી કલમ જુઓ. )

| નંબર અને વર્ષ. | આક્ટનું મથાળું. |
|---|---|
| સન ૧૮૫૭ નો આક્ટ ૩ જો. | ઢોરોનાં અતિક્રમણ બાબતનો આક્ટ. |
| સન ૧૮૬૦ નો આક્ટ ૫ મો. | ઢોરોનાં અતિક્રમણ બાબત સન ૧૮૫૭ નો ૩ જો આક્ટ છે તે સુધારવા બાબતનો આક્ટ. |
| સન ૧૮૬૧ નો આક્ટ ૨૨ મો. | ઢોરોનાં અતિક્રમણ બાબત સન ૧૮૫૭ નો ૩ જો આક્ટ છે તે સુધારવા બાબતનો આક્ટ. |

(True Translation.)

M. A. BAIG,

Oriental Translator to Government.

# ( APPENDIX No. VII. )

## (સાહીત્ય નંબર. ૭ મું.)

સને ૧૮૯૮ નો આકટ ૮ મો; ક્રીમીનલ પ્રોશીજર અથવા ફોઝ-
દારી કામ ચલાવવાની રીતના કાએદામાં જે ૨ જુ પરિ-
સિષ્ટ આપ્યું છે તેમાંથી પોલીસ અમલદારો જે જે
ગુન્હા વગર વારંટે પકડી શકે (કોગ્નીઝેબલ
ગુન્હા) તે ગુન્હાની હીન્દુસ્તાનનાં પીનલ-
કોડની કલમો તથા ગુન્હાનો પ્રકાર
દરસાવનારૂ નીચે પ્રમાણે
ટેબલઃ—

### બાબ ૫ મો—મદદગારી બાબત.

પીનલકોડની
કલમો.

કલમ ૧૦૯—કોઈ ગુન્હાની મદદગારી, જો તે મદદગારીપરથી મદદગારી કરેલું કામ કરવામાં આવે, અને તેવી મદદગારી માટે સાફ શિક્ષા નહિ ઠરાવી હોય તો. જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય, નહિતો નહિ.

---

કલમ ૧૧૦—કોઇ ગુન્હાની મદદગારી, જો મદદગારી કરેલો શખસ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઇરાદાથી કરે તો. જામીન બાબત કલમ ૧૦૯ પ્રમાણે.

કલમ ૧૧૨—કોઇ ગુન્હાની મદદગારી, જ્યારે એક કામમાં મદદગારી કરી હોય અને જુદુંજ કામ બને ત્યારે; સરવને પાત્ર. જામીન બાબત કલમ ૧૦૯ પ્રમાણે.

---

કલમ ૧૧૩—કોઇ ગુન્હાની મદદગારી, જ્યારે મદદગારી કરેલા કામથી મદદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય ત્યારે. જામીન બાબત કલમ ૧૦૯ પ્રમાણે.

---

કલમ ૧૧૪—કોઇ ગુન્હાની મદદગારી, જો ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો. જામીન બાબત કલમ ૧૦૯ પ્રમાણે.

---

કલમ ૧૧૫—મોતની અથવા જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવી, જો તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહિ થાય તો. જામીન નહિ લઇ શકાય.
જેથી વ્યથા થાય એવું કાંઇ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૧૧૬—કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવી, જો તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહિ થાય તો. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.
જો તે મદદગાર અથવા મદદગારી કરેલો શખસ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુન્હો અટકાવવાની હોય તો. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.

---

કલમ ૧૧૭—લોકો અથવા દશથી વધારે માણસો કાંઇ ગુન્હો કરે તેમાં મદદગારી કરવી. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.

---

કલમ ૧૧૮—મોતની અથવા જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, જો તે ગુન્હો થાય તો. જામીન નહિ લઇ શકાય.

જો તે ગુન્હો નહિ થાય તો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૧૧૯—જે ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એવો કોઇ ગુન્હો કરવાની ધારણા કોઈ સરકારી નોકરે છુપાવવી, જો તે ગુન્હો થાય તો. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.

જો તે ગુન્હો મોત અથવા સમુદ્રપારની શિક્ષા જોગ હોય તો. જામીન નહિ લઈ શકાય.

જો ગુન્હો નહિ થાય તો. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.

---

કલમ ૧૨૦—કેદની શિક્ષા થઇ શકે એવો કોઈ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, જો તે ગુન્હો થાય તો. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.

જો ગુન્હો નહીં થાય તો. જામીન બાબત કલમ ૧૦૯ મુજબ.

---

## બાબ ૭ મો. જમીન ઉપરની તથા દરીઆઇ ફોજ સંબંધી ગુન્હા.

કલમ ૧૩૧—બંડમાં મદદગારી કરવી, અથવા કોઇ ઑફીસરને, સોલજરને અથવા ખલાસીને પોતાના પ્રજાધર્મથી અથવા સેવાધર્મથી ભ્રષ્ટ કરવાની કોશિસ કરવી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૧૩૨—બંડ કરવામાં મદદગારી કરવી, જો તેથી બંડ થાય તો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૧૩૩—કોઈ ઉપરી અમલદાર પોતાનો હોદ્દો ચલાવતો હોય તે દરમિયાનમાં તેની ઉપર કોઇ ઑફીસરે, સોલજરે અથવા ખલાસીએ હુમલો કરવામાં મદદગારી કરવી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૧૩૪—આવા હુમલામાં મદદગારી કરવી, જો હુમલો થાય તો. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૧૩૫—કોઈ ઑફીસર, સોલજર અથવા ખલાસીને નાસી જવામાં મદદગારી કરવી. જામીન લઇ શકાય.

---

કલમ ૧૩૬—નાસી આવેલા સદરહુ પ્રકારના કોઇ ઑફીસર, સોલજર અથવા ખલાસીને ઘરમાં રાખવો, જામીન લઇ શકાય.

---

કલમ ૧૩૮—કોઇ ઑફિસર, સોલજર અથવા ખલાસીને નાફરમાનીનું કાંઈ કામ કરવામાં મદદગારી કરવી, જો તેથી તે ગુન્હો થાય તો. જામીન લઇ શકાય.

---

કલમ ૧૪૦—સોલજરમાં ખપવાના ઇરાદાથી સોલજરનો પોશાક પેહેરવો, અથવા સોલજરનું કાંઇ ચિન્હ ધારણ કરવું. જામીન લઇ શકાય.

## બાબ ૮ મો. લોકોની સમાધાની વીરૂદ્ધ ગુન્હા.

કલમ ૧૪૩—કાયદાવિરૂદ્ધ મંડળીના અંગભૂત હોવું. જામીન લઈ શકાય.

કલમ ૧૪૪—જીવ લે એવું કાંઇ હથિયાર પાસે રાખીને કોઇ કાયદાવિરૂદ્ધ મંડળીમાં સામિલ થવું. જામીન લઇ શકાય.

---

કલમ ૧૪૫—કોઇ કાયદાવિરૂદ્ધ મંડળીને વિખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં સામિલ થવું અથવા જારી રેહેવું. જામીન લઇ શકાય.

---

કલમ ૧૪૭—હંગામો કરવો. જામીન લઇ શકાય.

કલમ ૧૪૮—જીવ લે એવું હથિયાર પાસે રાખીને હંગામો કરવો. જામીન લઈ શકાય.

---

કલમ ૧૪૯—એકાદી કાયદા વિરુદ્ધ મંડળીનો કોઇ અંગભૂત કાંઈ ગુન્હો કરે, તો તે મંડળીના બીજા પ્રત્યેક અંગભૂતને તે ગુન્હાનો તકસીરવાર સમજવો. તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહીં તો નહીં.

કલમ ૧૫૦—કોઇ કાયદાવિરુદ્ધ મંડળીમાં સામિલ થવાને કોઇ શખસોને ભાડે રાખવા, રોકવા અથવા કામે લગાડવા. જામીન બાબત કલમ ૧૪૯ મુજબ.

કલમ ૧૫૧—પાંચ અથવા વધારે શખસોની કોઇ મંડળીને વિખરાઇ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાં સામિલ થવું અથવા જારી રેહેવું. જામીન લઇ શકાય.

કલમ ૧૫૨—હંગામો બંધ પાડવા વગેરેનું કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી. જામીન લઇ શકાય.

---

કલમ ૧૫૩—હંગામો કરાવવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો, જો હંગામો થાય તો જામીન લઇ શકાય.

---

કલમ ૧૫૭—કોઇ કાયદાવિરુદ્ધ મંડળીને સારૂ ભાડે રાખેલા શખસોને ઘરમાં રાખવા. જામીન લઇ શકાય.

---

કલમ ૧૫૮—કોઈ કાયદાવિરુદ્ધ મંડળીમાં અથવા હંગામોમાં સામિલ થવા સારૂ પૈસા લેવા કરીને રેહેવું. જામીન લઇ શકાય.

---

કલમ ૧૫૯—અથવા હથિયારબંદ થઇને ફરવું. જામીન લઇ શકાય.

## બાબ ૯ મો. સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હા.

કલમ ૧૭૦—કોઈ સરકારી નોકરનો વેશ લેવો. જામીન લઈ શકાય.

કલમ ૧૭૧—કોઇ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નિશાણીસાથે રાખતો હોય, તેવો પોશાક અથવા તેવી નિશાણી દગલબાજીના ધરાદાથી પેહેરવો અથવા સાથે રાખવી. જામીન લઇ શકાય.

## બાબ ૧૧ મો. ખોટા પુરાવા તથા સરકારી ઇનસાફ વીરૂદ્ધ ગુન્હા.

કલમ ૨૧૨—કોઇ ગુન્હેગારને ઘરમાં રાખવો, તે ગુન્હો જો દેહાંત શિક્ષા જોગ હોય તો. જામીન લઈ શકાય.

તે ગુન્હો જો જીવતાંસુધી સમુદ્રપારની, અથવા ૧૦ વર્ષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો. જામીન લઈ શકાય.

તે ગુન્હો ૧૦ વર્ષસુધી નહીં પણ ૧ વર્ષસુધી કેદની શિક્ષા જોગ હોય તો. જામીન લઇ શકાય.

કલમ ૨૧૬—જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય, અથવા જેને પકડવાનો હુકમ થયો હોય, તે ગુન્હેગારને ઘરમાં રાખવો, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો. જામીન લઈ શકાય.

જીવતાં સુધી સમુદ્રપારની, અથવા ૧૦ વર્ષસુધી કેદની શિક્ષા જોગ હોય તો. જામીન લઇ શકાય.

જો ૧૦ વર્ષ સુધી નહીં પણ ૧ વર્ષસુધી કેદની શિક્ષા જોગ હોય તો. જામીન લઇ શકાય.

કલમ ૨૧૬ અ—અપહરણ અથવા ડેકોઇટી કરનારાઓને ઘરમાં રાખવા. જામીન લઈ શકાય.

કલમ ૨૨૪—કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું અથવા હરકત કરવી. જામીન લઈ શકાય.

કલમ ૨૨૫—કોઇ શખસને કાયદામુજબ પકડતા હોય તેમાં કોઇ બીજા શખસે સામા થવું અથવા હરકત કરવી, અથવા કાયદેસર કેદમાંથી તેને છોડાવવો. જામીન લઇ શકાય.

તેની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વર્ષસુધી કેદની શિક્ષા થઈ શકે એવા ગુન્હાનું તોહોમત હોય તો. જામીન નહીં લઇ શકાય.

દેહાંત શિક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત હોય તો. જામીન નહીં લઇ શકાય.

તે શખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાનો, અથવા ૧૦ વર્ષ કે વેથી વધારે મુદત સુધી સમુદ્રપાર, શાસનિક દાસત્વ, અથવા કેદની શિક્ષાનો હુકમ થયો હોય તો. જામીન નહીં લઇ શકાય.

મોતની શિક્ષાનો હુકમ થયો હોય તો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૨૫ બ—બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવા પ્રસંગોમાં કાયદાસર પકડવાની સામા થવું, અથવા હરકત કરવી, અથવા નાસી જવું અથવા છોડવવું. જામીન લઇ શકાય.

---

કલમ ૨૨૬—સમુદ્રપારથી કાયદા વિરૂદ્ધ પાછું આવવું. જામીન નહીં લઇ શકાય.

## બાબ ૧૨ મો—સીકકા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુન્હા.

કલમ ૨૩૧—સિકકો ખોટો બનાવવો, અથવા સિકકો ખોટા બનાવવાની ક્રિયાનો કાંઇપણ ભાગ કરવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૩૨—રાણીનો સિકકો ખોટો બનાવવો, અથવા તે ખોટો બનાવવાની ક્રિયાનો કાંઇપણ ભાગ કરવો. જામીન નહી લઈ શકાય.

કલમ ૨૩૩—સિક્કો ખોટો બનાવવાના કારણુસર હથિયાર બનાવવું, ખરીદવું, અથવા વેચવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૩૪—રાણીનો સિક્કો ખોટો બનાવવાના કારણુસર હથિયાર બનાવવું, ખરીદવું, અથવા વેચવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૩૫—સિક્કો ખોટો બનાવવાના કારણુસર કાંઇ હથિયાર અથવા સામન પાસે રાખવો. જામીન નહીં લઇ શકાય.

રાણીનો સિક્કો બનાવવાના કારણુસર હોય તો જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૩૬—બ્રિટિશ હિંદુસ્તાનમાં રહીને બ્રિટિશ હિંદુસ્તાનની બહાર કોઈ સિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૩૭—સિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને તે આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઇ જવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૩૮—રાણીનો સિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને તે આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઇ જવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૩૯—કોઇ સિક્કો ખોટો છે એમ તે લેતી વખત જાણીને રાખવો, તથા તે બીજાને આપવો, વગેરે. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૨૪૦—રાણીના કોઇ સિક્કા બાબત તેમ કરવું. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૪૧—કોઇ માણસની પાસે કોઇ સિક્કો પેહેલાં આવે તે વખતે તે એમ જાણતો નહીં હોય કે આ સિક્કો ખોટો છે, તે સિક્કો તે માણસે કોઇને જાણી બુઝીને ખરા દાખલ આપવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૪૨—કોઇ સિક્કો કોઇ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ સિક્કો ખોટો છે, તે શખસે તે ખોટો સિક્કો પાસે રાખવો. જામીન નહી લઇ શકાય.

---

કલમ ૨૪૩—રાણીનો કોઇ સિક્કો કોઈ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે તે સિક્કો ખોટો છે, તે શખસે તે ખોટો સિક્કો પાસે રાખવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૪૪—ટંકશાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવા મેળવણીથી જુદા વજન અથવા મેળવણીનો સિક્કો બનાવવો. જામીન નહીં લઈ શકાય.

કલમ ૨૪૫—સિક્કા પાડવાનું કાંઇ હથિયાર કોઈ ટંકશાળમાંથી કાયદા વિરૂધ્ધ લઇ જવું. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૪૬—દગલબાજીથી કોઇ સિક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૪૭—દગલબાજીથી રાણીના સિક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો. જામીન નહીં લઇ શકાય.

---

બાબ ૧૨ મો—સિક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુન્હાં-સમાસ.

કલમ ૨૪૮—કોઇ સિક્કો બીજા સિક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે સિક્કાનું રૂપ બદલવું. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૪૯—રાણીનો કોઇ સિક્કો બીજા સિક્કાને ઠેકાણે ચાલે એવા ઈરાદાથી તે સિક્કાનું રૂપ બદલવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૫૦—અમુક સિક્કામાં ફેરફાર થયલો છે એમ જાણીને તે પાસે રાખીને બીજાને આપવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૫૧—અમુક રાણીના સિક્કામાં ફેરફાર થયલો છે એમ જાણીને તે પાસે રાખીને બીજાને આપવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૫૨—કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થયલો સિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થયલો છે એમ તેણે જાણ્યાં છતાં તે પાસે રાખવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૫૩—કોઈ શખસની પાસે કાંઇ ફેરફાર થયેલો રાણીનો સિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યાં છતાં તે પાસે રાખવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૫૪—જે સિક્કો કોઇ માણસની પાસે પેહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યું નહીં હોય તે સિક્કો તેણે બીજાને ખરા સિક્કા દાખલ આપવો. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૨૫૫—સરકારી સ્ટાંપ ખોટા બનાવવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૫૬—કોઇ સરકારી સ્ટાંપ ખોટા બનાવવાના કારણસર કાંઇ હથિયાર અથવા સામન પાસે રાખવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૫૭—કોઈ સરકારી સ્ટાંપ ખોટા બનાવવાના કારણસર હથિયાર બનાવવું, ખરીદવું, અથવા વેચવું. જામીન નહીં લઇ શકાય.

કલમ ૨૫૮—સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો વેચવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૫૯—સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાસે રાખવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૬૦—કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યાં છતાં તે ખરા દાખલ વાપરવો. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૨૬૧—સરકારને હાનિ કરવાના ઇરાદાથી જેપર સરકારી સ્ટાંપ હોય એવા કોઇ પદાર્થ ઉપરથી કાંઇ લખાણ ચેહેરી નાંખવું અથવા કોઇ લેખને માટે જે સ્ટાંપ વાપર્યો હોય તે તો લેખ ઉપરથી કાહાડી નાંખવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૬૨—કોઇ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યાં છતાં તે પાછો વાપરવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૬૩—સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઇ નિશાણી છોલી નાંખવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૨૬૩ અ—બનાવટી સ્ટાંપ. જામીન નહીં લઇ શકાય

---

## બાબ ૧૪ મો.—લોકના તંદુરસ્તી, સલામતી, અનુકૂળતા, લજજા તથા નીતિસંબંધી ગુન્હા.

કલમ ૨૬૯—જીંદગીને જોખમ પોહોંચે એવા રોગનો ચેપ જેથી પસરવાનો સંભવ છે એમ માલમ હોય એવું કોઇ કૃત્ય ગફલતથી કરવું. જામીન લઈ શકાય.

---

કલમ ૨૭૦—જીંદગીને જોખમ પોંહોંચે એવા રોગનો ચેપ પસરવાનો

સંભવ છે એમ માલમ હોય એવું કાંઈ ફસલ દ્વેષબુદ્ધિથી કરવું. જામીન લઇ શકાય.

કલમ ૨૭૭—સાર્વજનિક ઝરા અથવા જલાશયનું પાણી મેલું કરવું. જામીન લઈ શકાય.

કલમ ૨૭૯—સરિયામ રસ્તાપર બેફિકરાઇ અથવા ગફલત ભરેલી રીતે હાંકવું અથવા સ્વારી કરવી, એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, વગેરે. જામીન લઇ શકાય.

---

કલમ ૨૮૦—બેફિકરાઇ અથવા ગફલત ભરેલી રીતે વાહાણ ચલાવવું, એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, વગેરે. જામીન લઇ શકાય.

---

કલમ ૨૮૧—ખોટું અજવાળું, નિશાની અથવા બોયું દેખાડવું. જામીન લઇ શકાય.

---

કલમ ૨૮૨—ઘણો ભાર ભરેલાં અથવા દેહરાતવાળાં વાહાણમાં ભાડું કરીને કોઇ શખસને જળમાર્ગે લઇ જવો, જેથી તેની જીંદગી જોખમમાં આવે. જામીન લઈ શકાય.

કલમ ૨૮૩—સરિયામ રસ્તામાં અથવા વહાણના રસ્તામાં ભય અથવા અડચણ અથવા નુકસાન કરવું. જામીન લઇ શકાય.

કલમ ૨૮૫—અગ્નિ અથવા શીઘ્ર જવાળાગ્રાહી પદાર્થથી એવું કામ કરવું, કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, વગેરે. જામીન લઇ શકાય.

કલમ ૨૮૬—કોઈપણ બારી પદાર્થથી એવું કામ કરવું. જામીન લઈ શકાય.

કલમ ૨૮૯—કોઇ શખસના કબજામાં કોઇ જાનવર હોય તે જાનવરથી માણસની જીંદગીને કાંઇ નુકસાન થાય નહીં, અથવા તેથી કોઇને મહાવ્યથા થાય નહીં એવો બંદોબસ્ત રાખવામાં તે શખસ કસુર કરે તો. જામીન લઇ શકાય.

---

કલમ ૨૯૧—બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખવું. જામીન લઈ શકાય.

કલમ ૨૯૨—બીભસ્ત પુસ્તકો વગેરેનું વેચાણ, વગેરે. જામીન લઈ શકાય.

કલમ ૨૯૩—વેચવા અથવા દેખાડવાસારૂ બીભત્સ પુસ્તક વગેરે કબજામાં રાખવું. જામીન લઈ શકાય.

કલમ ૨૯૪—બીભત્સ ગીતો. જામીન લઈ શકાય.

## બાબ ૧૫ મો.—ધર્મસંબંધી ગુન્હા.

કલમ ૨૯૫—કોઇપણ જાતિના લોકોના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી કોઇ પુજાના ઠેકાણાનો અથવા પવિત્ર વસ્તુનો નાશ કરવો, અથવા તેને નુકસાન કરવું અથવા તેને ભ્રષ્ટ કરવી. જામીન લઈ શકાય.

કલમ ૨૯૬—કોઈ ધર્મસંબંધી મંડળી પુજાના કામમાં છતાં તેને અડચણ કરવી. જામીન લઇ શકાય.

---

કલમ ૨૯૭—પૂજાની જગા અથવા કબરસ્તાનમાં વગર રજાએ જવું, અથવા કોઇ શખસનાં મનને દુઃખ કરવાના અથવા તેના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી પ્રેત સંસ્કાર થતાં હોય ત્યાં ગડબડ કરવી, અથવા કોઈ પ્રેતનું અપમાન કરવું. જામીન લઇ શકાય.

## બાબ ૧૬ મો.—માણસના શરીર સંબંધી ગુન્હા.

### જીંદગી સંબંધી ગુન્હા બાબત.

કલમ ૩૦૨—ખૂન. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૦૩—જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષાના ગુન્હેગારે કરેલું ખૂન. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૦૪—ખૂનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ, જો જે કામથી મોત થયું હોય તે, મોત આણવાના ઇરાદાથી કર્યું હોય, તો. જામીન નહીં લઇ શકાય.

જો તે કામ મોત આણવાના ઇરાદાથી નહીં, પણ તેથી મોત થવાનો સંભવ છે એમ જાણીને, કર્યું હોય તો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૦૪અ—અવિચારનું અથવા ગફલત ભરેલું કામ કરીને મોત આણવું. જામીન લઇ શકાય.

---

કલમ ૩૦૫—કોઇ બાળક અથવા દિવાનો અથવા ચળેલો અથવા જન્મથી ગાંડો અથવા કેફવાળો શખ્સ આત્મઘાત કરે તેમાં મદદગારી કરવી. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૦૬—આત્મઘાત કરવામાં મદદગારી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૦૭—ખૂનની કોશિસ. જામીન નહીં લઇ શકાય.

જો તે કામથી કોઇ શખ્સને વ્યથા થાય તો. જામીન નહીં લઇ શકાય.

જન્મટેપના ગુન્હેગારે ખુનની કોશિસ કરવી, જો તેથી વ્યથા થાય તો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૦૮—શિક્ષણીય મનુષ્યવધ કરવાની કોશિસ. જામીન લઇ શકાય. જો તે કામથી કોઈ શખ્સને વ્યથા થાય તો. જામીન લઇ શકાય.

---

કલમ ૩૦૯—આત્મઘાત કરવાની કોશિસ. જામીન લઈ શકાય.

કલમ ૩૧૧—ઠગ હોવું. જામીન નહીં લઇ શકાય.

---

## ગર્ભપાત કરવા બાબત; નહીં જન્મેલાં બચ્ચાંઓને નુકસાન બાબત; બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત; તથા જન્મ છુપાવવા બાબત.

કલમ ૩૧૭—કોઇ ૧૨ વર્ષથી ઓછી ઉમરના બચ્ચાંને તેના માબાપે અથવા જે શખસના હવાલામાં તે બચ્ચું હોય તે શખસે તેને બિલકુલ તજી દેવાનાં ઇરાદાથી ખુલ્લું મુકવું. જામીન લઈ શકાય.

---

કલમ ૩૧૮—મુડદું છાની રીતે વગે કરી દઇને જન્મ છુપાવવો. જામીન લઇ શકાય.

## વ્યથા બાબત.

કલમ ૩૨૩—બુદ્ધિપૂર્વક વ્યથા કરવી. જામીન લઈ શકાય.

---

કલમ ૩૨૪—ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિપૂર્વક વ્યથા કરવી. જામીન લઇ શકાય.

કલમ ૩૨૫—બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી. જામીન લઇ શકાય.

કલમ ૩૨૬—ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુધ્ધિપૂર્વક મહાવ્યથા કરવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૨૭—જબરાઇથી કાંઇ મિલ્કત અથવા કિંમતી દસ્તાવેજ કઢાવવાસારૂ, અથવા કાંઇ કાયદા વિરૂધ્ધ કામ અથવા જે કામથી ગુન્હો કરવો સેહેલ થાય એવું કામ કરાવવાસારૂ બુધ્ધિપૂર્વક વ્યથા કરવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૨૮—વ્યથા કરવાના ઇરાદાથી બેહોશ કરે એવી કાંઇ વસ્તુ ખવડાવવી વિગેરે. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૨૯—જબરજસ્તીથી કાંઈ મિલ્કત અથવા કીંમતી દસ્તાવેજ કઢાવવા, અથવા કાંઇ કાયદા વિરૂધ્ધ કામ અથવા જે કામથી ગુન્હો કરવો સેહેલ થાય એવું કામ કરાવવા સારૂ બુધ્ધિપૂર્વક મહાવ્યથા કરવી. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૩૦—જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ ખબર મેળવવા કે મિલકત પાછી અપાવવાસારૂ બુધ્ધિપૂર્વક વ્યથા કરવી, વગેરે. જામીન લઇ શકાય.

---

કલમ ૩૩૧—જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ ખબર મેળવવા, કે મિલકત પાછી અપાવવાસારૂ બુધ્ધિપૂર્વક મહાવ્યથા કરવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૩૨—કોઇ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને બુદ્ધિપૂર્વક વ્યથા કરવી. જામીન લઇ શકાય.

---

કલમ ૩૩૩—કોઇ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને બુધ્ધિપૂર્વક મહાવ્યથા કરવી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૩૫—ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થયેથી ક્રોધ ઉત્પન્ન કરનાર શિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહીં છતાં મહાવ્યથા કરવી. જામીન લઇ શકાય.

કલમ ૩૩૬—જે કામથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવે તે કામ કરવું. જામીન લઇ શકાય.

---

કલમ ૩૩૭—માણસની જીંદગી વગેરે જોખમમાં આવે એવું કામ કરીને વ્યથા કરવી. જામીન લઇ શકાય.

---

કલમ ૩૩૮—માણસની જીંદગી વગેરે જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવી. જામીન લઇ શકાય.

## ગેરવાજબી અટકાવ તથા ગેરવાજબી કેદ.

કલમ ૩૪૧—કોઇને ગેરવાજબી અટકાવ કરવો. જામીન લઇ શકાય.

કલમ ૩૪૨—કોઇને ગેરવાજબી કેદ કરવો. જામીન લઇ શકાય.

કલમ ૩૪૩—ત્રણ અથવા વધારે દિવસ ગેરવાજબી કેદ. જામીન લઈ શકાય.

કલમ ૩૪૪—દશ અથવા વધારે દિવસ ગેરવાજબી કેદ. જામીન લઈ શકાય.

કલમ ૩૪૬—છાની ગેરવાજબી કેદ. જામીન લઈ શકાય.

કલમ ૩૪૭—જબરજસ્તીથી કાંઇ મિલકત કઢાવવાનાં અથવા કાંઇ કાયદા વિરૂધ્ધ કામ કરાવવા વગેરેનાં કારણસર ગેરવાજબી કેદ. જામીન લઇ શકાય.

કલમ ૩૪૮—જબરજસ્તીથી કબૂલાત કરાવવાનાં અથવા ખબર મેળવવાનાં અથવા કાંઇ મિલકત પાછી અપાવવા વગેરેનાં કારણસર ગેરવાજબી કેદ. જામીન લઇ શકાય.

---

કલમ ૩૫૩—કોઇ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું. જામીન લઇ શકાય.

---

કલમ ૩૫૪—કોઈ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો અથવા સાપરાધ બળ. જામીન લઇ શકાય.

કલમ ૩૫૬—કોઇ શખસે કાંઇ વસ્તુ પેહેરી હોય અથવા લઈ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશિસ કરવામાં હુમલો અથવા સાપરાધ બળ. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૫૭—કોઇ શખસને ગેરવાજબી કેદ કરવાની કોશિસમાં હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું. જામીન લઈ શકાય.

મનુષ્ય હરણ, મનુષ્યનયન, ગુલામી તથા વેઠ બાબત.

કલમ ૩૬૩—મનુષ્યહરણ. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૬૪—ખૂન કરવા માટે મનુષ્યહરણ અથવા મનુષ્ય નયન. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૬૫—કોઇ શખસને છાની અને ગેરવાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી તેનું હરણ અથવા નયન કરવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૬૬—કોઇ સ્ત્રીનાં જુલમથી લગ્ન કરાવવાં અથવા તેની ઉપર જુલમ કરાવવો વગેરે કારણસારૂ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૬૭—કોઈ શખસને મહાવ્યથા થાય, તેને ગુલામ કરવામાં આવે, વગેરે કારણસર તેનું હરણ અથવા નયન કરવું. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૬૮—હરણ થયલા શખસને સંતાડવો અથવા કેદમાં રાખવો. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૬૯—કોઇ બચ્ચાંના શરીરપરથી કાંઇ મિલકત ચોરવાના ઇરાદાથી તે બચ્ચાંનું હરણ અથવા નયન કરવું. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૭૧—નિત્ય ગુલામનો વેપાર કરવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૭૨—જારકર્મનેમાટે કોઈ બાળકને વેચવું અથવા ભાડે આપવું વગેરે. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૭૩—તેવાંજ કામમાટે કોઈ બાળકને ખરીદ કરવું અથવા કબ-
જામાં લેવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૭૪—કાયદા વિરૂધ્ધ જબરાઇથી મજૂરી કરાવવી જામીન લઇ
શકાય.

## બાબ ૧૬ મો.—માણુસના શરીર સંબંધી ગુન્હા.

### બળાત્કાર સંભોગ બાબત.

કલમ ૩૭૬—બળાત્કાર સંભોગ—
જો કોઈ મનુષ્યે પોતાની સ્ત્રી સાથે સંભોગ કર્યો હોય તો
જામીન લઇ શકાય.
બીજે કોઇપણ પ્રસંગે. જામીન નહીં લઇ શકાય.

## બાબ ૧૭ મો.—મિલકત વિરૂધ્ધ ગુન્હા.

### ચોરી બાબત.

કલમ ૩૭૯—ચોરી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૮૦—કોઇ ઇમારત, તંબુ અથવા વહાણુમાં ચોરી. જામીન નહીં
લઇ શકાય.

---

કલમ ૩૮૧—શેઠ અથવા રાખનારના કબજા માંહેલી મિલકતની મેહેતા
અથવા ચાકરે ચોરી કરવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૮૨—ચોરી કરવાસારૂ, અથવા ચોરી કર્યાપછી નાસી જવાસારૂ,
અથવા ચોરીથી મળેલી મિલકત પાસે રાખવાસારૂ, મોત,
અથવા વ્યથા અથવા અટકાવ કરવાની અથવા મોત, અ-
થવા વ્યથા, કે અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી
કરીને પછી ચોરી કરવી. જામીન નહીં લઇ શકાય.

## બાબ ૧૭ મો.—મિલકત વિરૂદ્ધ ગુન્હા.

### અપહરણુ તથા ઉઠાંઇગીરી બાબત.

કલમ ૩૯૨—અપહરણુ. જામીન નહીં લઇ શકાય.
જો સુરજ આથમ્યા પછી તથા સુરજ ઉગ્યા પેહેલાં કોઇ
ધોરી રસ્તાપર કર્યું હોય તો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૯૩—અપહરણ કરવાની કોશિસ. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૯૪—અપહરણ કરવામાં અથવા કરવાની કોશિસમાં બુદ્ધિપૂર્વક વ્યથા કરવી, અથવા બીજા કોઈ શખસે આવું અપહરણ કરવામાં સામિલ રેહેવું. જામીન નહીં લઈ શકાય.

કલમ ૩૯૫—ડેકોઇટી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૯૬—ડેકૉઇટીમાં ખૂન. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૩૯૭—ખૂન અથવા મહાવ્યથા કરવાની કોશિસની સાથે અપહરણ અથવા ડેકૉઇટી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૩૯૮—કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કર્યું હોય તે વખતે અપહરણ અથવા ડેકૉઈટી કરવાની કોશિસ. જામીન નહીં લઇ શકાય.

કલમ ૩૯૯—ડેકૉઇટી કરવાની તૈયારી કરવી. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૪૦૦—નિત્ય ડેકૉઈટી કરવાના કારણસર એકઠા મળેલા શખસોની ટોળીમાં હોવું. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૪૦૧—નિત્ય ચોરી કરવાના કારણસર એકઠા મળેલા શખસોની ભટકતી ટોળીમાં હોવું. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૪૦૨—ડેકૉઈટી કરવાના કારણસર એકઠા થયલા પાંચ અથવા વધારે શખસોમાંના એક હોવું. જામીન નહીં લઇ શકાય.

## સાપરાધ વિશ્વાસઘાત બાબત.

કલમ ૪૦૬—સાપરાધ વિશ્વાસઘાત. જામીન નહીં લઈ શકાય.

---

કલમ ૪૦૭—ભારવાહક, ડક્કાવાળા વગેરેએ સાપરાધ વિશ્વાસઘાત કરવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૪૦૮—કોઇ મેહેતા અથવા ચાકરે સાપરાધ વિશ્વાસઘાત કરવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૪૦૯—કોઈ સરકારી નોકરે અથવા શરાફે, વેપારીએ આડતિયાએ સાપરાધ વિશ્વાસઘાત કરવો, વગેરે. જામીન નહીં લઇ શકાય.

### ચોરીની મિલકત લેવા બાબત.

કલમ ૪૧૧—ચોરીની મિલકત ચોરીની જાણીને બદદાનતથી લેવી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૪૧૨—ચોરીની મિલકત, ડૅકાઇટી કરતાં મળેલી મિલકત છે એમ જાણીને તે બદદાનતથી લેવી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૪૧૩—નિત્ય ચોરીની મિલકતનો ધંધો કરવો. જામીન નહીં લઇશકાય.

કલમ ૪૧૪—ચોરીની મિલકત જાણીને તે સંતાડવામાં અથવા વગે કરવામાં મદદ કરવી. જામીન નહીં લઇ શકાય.

કલમ ૪૧૯—વેષ લઇને ઠગાઇ કરવી. જામીન લઈ શકાય.

કલમ ૪૨૦—ઠગાઇ કરીને બદદાનતથી કોઇ મિલકત અપાવવી, અથવા કાંઇ કિંમતી દસ્તાવેજ કરાવવો, ફેરવાવવો અથવા તેનો નાશ કરાવવો. જામીન લઇ શકાય.

### બાબ ૧૭ મો.—મિલકત સંબંધી ગુન્હા.

### બિગાડ બાબત.

કલમ ૪૨૭—બિગાડ કરીને ૫૦ રૂપિયાની અથવા વધારે નુકસાની કરવી. જામીન લઇ શકાય.

---

કલમ ૪૨૮—૧૦ રૂપિયાની કે તેથી વધારે કિંમતના કોઇ જાનવરને મારી નાંખીને, ઝેર દઇને અથવા લંગડું લૂલું કરીને કે નિરૂપયોગી કરીને બિગાડ કરવો. જામીન લઇ શકાય.

---

કલમ ૪૨૯—કોઇપણ કિંમતના હાથી, ઉંટ, ઘોડા વગેરેને અથવા ૫૦ કે વધારે રૂપિયાની કિંમતનાં કોઇ બીજાં જાનવરને મારી નાંખીને અથવા ઝેર દઇને અથવા લંગડું લૂલું કરીને કે નિરૂપયોગી કરીને બિગાડ કરવો. જામીન લઇ શકાય.

---

કલમ ૪૩૦—ખેતીનાં કામોને પાણીનું પોહોંચવું ઓછું કરીને બિગાડ કરવો, વગેરે. જામીન લઇ શકાય.

કલમ ૪૩૧—મુસાફરી કરનારને અથવા માલ લઇ જનારને અગમ્ય થાય અથવા ઓછો સહીસલામત થાય એમ કોઇ સારવાર ર-રતાને, પુલને, નૌકાગમ્ય નદીને અથવા નૌકાગમ્ય નેહરને નુકસાન કરીને બિગાડ કરવો. જામીન લઇ શકાય.

---

કલમ ૪૩૨—નુકસાની થાય એવી રીતે કોઇ સરિયામ ગટરને રેલાવીને અથવા બંધ કરીને બિગાડ કરવો. જામીન લઇ શકાય.

કલમ ૪૩૩—કોઇ દાંડીનો દીવો અથવા દરિયાઇ નિશાની હોય તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને અથવા ઓછી ઉપયોગી કરીને, અથવા ખોટી રોશની બતાવીને બિગાડ કરવો. જામીન લઇ શકાય.

---

કલમ ૪૩૫—૧૦૦ અથવા વધારે રૂપિયાની નુકસાની અથવા ખેતીના ઉત્પન્નની બાબતમાં ૧૦ અથવા વધારે રૂપિયાની નુકસાની કરવાના ઇરાદાથી અગ્નિવડે અથવા બારી પદાર્થ વડે બિગાડ કરવો. જામીન લઇ શકાય.

---

કલમ ૪૩૬—કોઇ ઘર વગેરેનો નાશ કરવાના ઇરાદાથી અગ્નિવડે અથવા બારી પદાર્થવડે બિગાડ કરવો. જામીન નહીં લઇ શકાય.

કલમ ૪૩૭—તુતકવાળા વાહાણુનો અથવા ૨૦ ટનના ભારના વાહાણુનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેવા વાહાણુને જોખમ ભરેલું કરવાના ઇરાદાથી બિગાડ કરવો. જામીન નહીં લઇ શકાય.

---

કલમ ૪૩૮—છેલ્લી કલમમાં બ્યાન કરેલો બિગાડ અગ્નિવડે અથવા કોઇ બારી પદાર્થવડે કર્યો હોય તો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૩૯—ચોરી વગેરે કરવાના ઇરાદાથી વાહાણુને કિનારાપર ચહડાવી દેવું. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૪૦—મોત અથવા વ્યથા કરવાની તૈયારી કરીને બિગાડ કરવો, વગેરે. જામીન નહિ લઇ શકાય.

## સાપરાધ પ્રવેશ બાબત.

કલમ ૪૪૭—સાપરાધ પ્રવેશ. જામીન લઇ શકાય.
કલમ ૪૪૮—ગૃહ પ્રવેશ. જામીન લઇ શકાય.
કલમ ૪૪૯—મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાસારૂ ગૃહ પ્રવેશ કરવો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૫૦—જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાસારૂ ગૃહ પ્રવેશ કરવો. જામીન નહિ લઈ શકાય.

---

કલમ ૪૫૧—કેદની શિક્ષા થઇ શકે એવો કોઈ ગુન્હો કરવા સારૂ ગૃહ પ્રવેશ કરવો. જામીન લઈ શકાય.
જો તે ગુન્હો ચોરીનો હોય તો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૫૨—વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તૈયારી કર્યા પછી ગૃહ પ્રવેશ કરવો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૫૩—ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું. જામીન નહિ લઇ શકાય.
કલમ ૪૫૪—કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાસારૂ ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું. જામીન નહિ લઈ શકાય.
જો તે ગુન્હો ચોરીનો હોય તો જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૫૫—વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તૈયારી કરીને ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું. જામીન નહિ લઈ શકાય.
કલમ ૪૫૬—રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૫૭—કેદની શિક્ષા થઇ શકે એવો ગુન્હો કરવા સારૂ રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું. જામીન નહિ લઇ શકાય.
કલમ ૪૫૭ ચાલુ—જો તે ગુન્હો ચોરીનો હોય તો. જામીન નહિ લઇ શકાય.

કલમ ૪૫૮—વ્યથા વગેરે કરવાની તૈયારી કરીને રાત્રે ગુપ્ત ગૃહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું. જામીન નહિ લઇ શકાય.

કલમ ૪૫૯—ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઇને મહાવ્યથા કરવી. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૬૦—ઘણા શખસો રાત્રે ઘર ફોડવા વગેરેમાં સામીલ હોય, અને તેઓમાંનો કોઇએક મોત અથવા મહાવ્યથા કરે તો. જામીન નહિ લઇ શકાય.

---

કલમ ૪૬૧—કાંઇ બંધ કરેલા નિધાનમાં કાંઇ મિલકત હોય, અથવા કાંઇ મિલકત છે એમ ધરાયું હોય, તે નિધાનને બદદાનતથી ફોડીને અથવા બીજી રીતે ઉઘાડવું. જામીન લઈ શકાય.

---

કલમ ૪૬૨—જે નિધાનમાં કાંઇ મિલકત હોય અથવા કાંઇ મિલકત છે એમ ધરાયું હોય તે નિધાન જે માણસને સોંપ્યું હોય તે માણસ કપટથી તે નિધાન ઉઘાડે ત્યારે. જામીન લઇ શકાય.

---

## બાબ ૧૮ મો—લેખ સંબંધી તથા વેપારની અથવા મિલકતની નિશાણીઓ સંબંધી ગુન્હા.

કલમ ૪૭૧—બનાવટનો લેખ ખોટો બનાવેલો છે એમ જાણીને ખરા દાખલ વાપરવો. જામીન લઇ શકાય.

## બાબ ૨૩ મો.—ગુન્હા કરવાની કોશિસો બાબત.

કલમ ૫૧૧—જે ગુન્હાઓને માટે સમુદ્રપાર અથવા કેદની શિક્ષા ઠરાવી છે તે ગુન્હા કરવાની કોશિસો કરવી તથા તે કોશિસો કરવામાં તે ગુન્હો કરવા તરફ કાંઈ કામ કરવું. જે ગુન્હાનો તકસીરવાને વિચાર કર્યો હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઈ શકાય, નહિ તો નહિ.